ધી ડાઇંગ ક્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનીયન સુરત કે જે સુરત મહાનગર પાલીકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વિસ્તારમાં આવેલ ટેક્ષ ટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનુ પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે તેના મંત્રીશ્રી એ તા. ૧૭-૭-૬૧ ના રોજ નારાયણ સીલ્ક મીલ્સમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૬૦ ૬૧ ના વર્ષનુ બોનસ આપવા માટેની નોટીસ નોટીસ ઓફ ચેઈન્જ ફોર્મ એક માં આપી હતી બંને પક્ષકારો વચ્ચે સમા ધાન ન થતા ઉપરોકત મંડળ તરફથી ઝઘડાનો રીપોર્ટ એન માં તા ૨૬-૭ ૬૧ના રોજ સમાધાનકારશ્રી બી આઈ આર એકટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા સુરતને મોકલી આપવામા આવ્યો હતો તેને જરુરી તપાસ બાદ ૭-૮-૬૧ ના રોજ નોંધની રજીસ્ટરમા નોધવામા આવ્યો હતો ત્યારબાદ ઉપરોકત કેસની વીચારણા કરવા બન્ને પક્ષકારોને તા ૨૬-૮-૧૯૬૧ થી તા ૨૮-૧૧-૧૯૬૧ ના રોજ સુધી બોલાવવા આવ્યા હતા જેમા આજરોજ બન્ને પક્ષકારો વચ્ચે બી આઇ આર એકટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયુ છે.

સમાધાનની શરતો

(૧) ફેકટરીમા અને ૧૯૬૦-૬૧ ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહુ હીસાબી વર્ષ દરમ્યાન ચુકવવામા આવેલ કુલ પગાર ઉપરાંત ચાલું પગારની રજાઓના પગાર સહીતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા ફેકટરી મેનેજમેન્ટ બોનસ ચુકવશે

INDEX

(૨) ફેક્ટરીમા કામ કરતા કામદારોને સદરહુ હીસાબી વર્ષનુ બોનસ ૨૪-૧૦-૬૧ રોજ અગર તો તે પહેલા ચુકવવામા આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હીસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દીવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કામદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહી.

(૪) મુજબવડની રજા પર ગયેલી બધી કામદારોને આપવામા આવેલુ મેટરનીટી બેનીફીટ તેમના કુલ પગારમા ઉમેરવામા આવશે.

(૫) બોનસ મેળવવા જે કામદારો હકદાર હશે પરંતુ હાલમા તેવા કામદારો મીલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદારોને પ્રતીનીધી યુનીયન ધી કાપડ કલીયર્સ એન્ડ ફીનીશીંગ વર્કસ યુનીયન અમદાવાદ સેવાલક્ષ સ્ટેશન સામે સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટને મળ્યા બાદ એક મહીનામા બોનસ ચુકવવામાં આવશે.

(કે એ શાહ)
સહાયક શ્રમ નિયામક
મુંબઇ ઔદ્યોગિક સબંધ અધીનીયમ ૧૯૪૭
અમદાવાદ

તા. ૨૪-૧-૬૨

સને ૧૯૪૭ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના નિર્ણયક દ્વારા

ક્રમાંક એ સમક્ષ ૨૮૩૨૬ આર યુ સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગીક સબંધ અધીનિયમની કલમ ૭૮ ૧ અને સને ૧૯૧૧ ના મુંબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૧૫ થી અને આપવામાં આવેલી સતાની રુએ હું મે, નારાયણ પ્રોસેસર્સ સુરત અને ધી મર્ચન્ટ એલીવેટર એન્ડ ફીનીસીંગ વર્કસ સુરત સમાધાન અધીકારીશ્રી એચ ડી મામીતની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની મતાવટની સને ૧૯૬૨ ના જાન્યુઆરી માસના ૨૪ મા દીને આથી નોંધ કરુ છુ.

રા નં ૪૭૨૬
તા ૨૭-૮-૧૯૬૧
હા જાની કનકજી
લા [નં ૪-૮૬

જીતેન્દ્ર ચોટાલાલ વખારીયા
ઠે. ઉમરા સુરત
કહી જાની કનકજી

હરીલ વી મેવાવાલા
એ એલોક નકુમ બીલ્ડીંગ
નાનપુરા સુરતના સ્ટાફ વેલ્ફર
સહી હરીલ વી મેવાવાલા

એનસ સને ૧૯૬૦ ૬૧

બી.આઇ આર એકટ કેસ નંબર ૨૪-૬૧
સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ પક્ષકારોના નામ

મીલીકના પ્રતીનીધિ શ્રી

મેસર્સ નારાયણ મીલ્સ મીલ પ્રોસેસર્સ
ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ૧૪૨ ૧૨ સી રોડ
સુરત.

કામદારોના પ્રતીનીધિ શ્રી

નેગોશીએટર્સ ભુપતરાય દેસાઇ

INDEX

મંત્રીથી ઇંડિયન ટ્રેલીગ્રાફ એન્ડ ફ્રીનીસીંગ
વર્કર્સ યુનિયન.
શ્રમજીવી સેવાલય,
સ્ટેશન સામે સુરત-૧
૫ રા.

પાંચ રૂપિયા ઇન્ડીયા જાબ્રરૂપિયા
सत्यमेव जयते

ફાઈવ રૂપીઝ ભારત ફાબરૂપીઝ

રા નં ૪૭૨૭
તા ૨૭ ૮ સને ૧૯૬૧
હા જ્ઞની કનાજી
લા નં ૪-૮૩
ફ્રીટ ની મેવાવાલા
એન્ડ્રેસ જહુમાળી બીલ્ડીંગ
નાનપુરા સુરતના સ્ટામ્પ વેન્ડર
સહી ફ્રીટ ની મેવાવાલા

જીતેન્દ્ર પોપટલાલ વખારીયા
રે ઉમરા સુરત
સહી જ્ઞની કમાજી

કેસની ટુંકી વીગત

ધી ઇંડિયન ટ્રેલીગ્રાફ એન્ડ ફ્રીનીસીંગ વર્કર્સ યુનીયન સુરત કે જે મુન્ત મહાદયર પત્રી ૧ ૬૮ અને ચોર્યાંસી તાલુકા ૬૮ (અઠ્ઠાવનમાં આવેલ ટેક્ષ ટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે તેના મંત્રીશ્રી એ તા. ૧૭-૭-૬૧ ના રોજ મેસર્સ નારાયણ પ્રોસેસર્સમા કામ કરતા તમામ કામદારોને સને ૧૯૬૦-૬૧ ના વર્ષનું બોનસ આપવા મટેની નોટીસ એઢ ચેઈન્જ ફોર્મ એસ માં આપી હતી અને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી જપકોનો રીપોર્ટ ફોર્મ એન માં તા ૨૬-૭-૧૯૬૧ ના રોજ સમાધાનકારશ્રી બીઆઇઆર એકટ જહુમાળી મકાન ૪,ચો

આળ એ બ્લેક નાનપુરા મુ'તને મોકલી આપવામાં આ યેા હતેા તેને જરૂરીતપાસ બાદ તા ૭ ૮-૧૯૬૧ ના રેાજ નોંધની રજીસ્ટરમાં નોંધવામા આવ્યેા હતેા તયાર બાદ ઉપરેાક્ત કેસની વીચારણા કરવા બન્ને પક્ષકારેા ને તા ૨૬-૮-૧૯૬૧ થી તા ૨૮-૧૧ ૧૯૬૧ ના રેાજ સુધી બેાલાવવા આવ્યા હતા જેમાં આજ રેાજ બન્ને પક્ષકારેા વચ્ચે બીઆઈ આર એકટ ની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતેા

(૧) ફેકટરીમાં સને ૧૯૬૦-૬૧ ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારેાને સદરહુ હીસાબી વર્ષ દરમીયાન ચુકવવામાં આવેલકુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહીતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) % ફેકટરી મેનેજમેન્ટ બેાનસ ચુકવશે

(૨) ફેકટરીમાં કામ કરતાં કામદારેા ને સદરહુ હીસાબી વર્ષનું બેાનસ તા. ૨૪-૧૦-૧૯૬૧ રેાજ અગર તેા તે પહેલા ચુકવવામાં આવશે

(૩) ફેકટરીમાં સદરહુ હીસાબી વર્ષમાંજે કામદારનીહાજરી ૩૦દીવસેા કરતાં ઓછી હશે તેવા કામદારા બેાનસ કાયદા મુજબ બેાનસ મેળવવા હકદાર રહેશેનહી

(૪) સુઝાવડથી રજા પર ગયેલી બી કામદારેાને આપવામાં આવેલુ મેટરનીટી બેનીફીટ્સ તેમનાકુલ પગારમાં ઉમેરવામાંઆવશે

(૫) બેાનસ મેળવવા માટે જે કામદારેા હકદાર હશે પરંતુ હાલમાં તેવાકામદારેા મીલની નોકરીમાં ચાલુ હેાય તેવા કામદારેાનેપ્રતીનીધી યુનિયન ધીડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન અમળીવી સેવાલય સ્ટેશન સામેસુરત મારફત અરજ કરેથી અરજી

INDEX

ફેક્ટરી મેનેજરે હને મજવાબાદ ઑફ મહીનામાં બોનસ ચાપવામાં આવશે.

(કે ઓ. શાહ)
સહાયક શ્રમ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સબંધ અધીનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૧-૬૨

સને ૧૯૪૬ ના ઔદ્યોગિક સબંધ અધીનિયમ અન્વયેનો સદર સબંધ નિબંધક દ્વારા.

ક્રમાંક બ સુરત ૨૮૩૨૧ આજ સન ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગિક સબંધ અધીનિયમની કલમ ૭૮ ૧ અને સન ૧૯૬૨ ના મુબઈ ઔદ્યોગિક સબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૪ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું સુરત ઇલેકટ્રીસીટી કું. લી સુરત અને સુરત ઇલેકટ્રીસીટી કું. સ્ટાફ યુનિયન સમાધાન અધીકારી શ્રી એસ આર બોડાતની દરમ્યાનગીરીથી. થયેલ નીચે મુજબની પતાવટની સન૧૯૬૨ ના જાન્યુઆરી માસના ૨૪ દીને આથી નોંધ કરૂ છુ

(Settlement under the provisions of Section 58 (1) of Bombay Industrial Relations Act, read with Rule 64)

Representing the Employer — Mr. V D Desai
Manager & Chief Executive The Surat Electricity Co. Ltd,
Mr B D Shah
Personnel Manager
The Surat Electricity Co Ltd

Representing the Employees — Mr Muljibhai Waghibhai Vice President The Surat Electricity Co's, Staff Union

Mr M K Babaria
General Secretary
The Surat Electricity Co.'s Staff Union
Mr V N Shenmare
Secretary

The Surat Electricity Co.'s Staff Union

Short Recital

The Surat Electricity Company's Staff Union is an Approved and a Representative Union for the industry engaged in generation and/or supply and/or distribution of electrical energy in the local area of Surat Municipality (Borough) General Secretary of the Union had sent the Notice of Change Form 'L' dated 7th August 1991 along with the Schedule for making permanent such of the Casual Workmen who had worked for 240 days during the year or are likely to work for 240 days during the year and to extend them (Casual employees) benefits which are given to other regular and permanent employees. Both the parties could not arrive at the

Settlement Therefore, Union had sent the Form 'N' dt 20 8-91 (20th August 91) to the Office of the Assistant Commissioner of Labour & Conciliator, Multistoreyed Building Nanpura, Surat The said dispute is registered by the Conciliator Assistant Commissioner of the Labour Office on 21st August 91 bearing Reg No MMk/B R-166/91 After admitting in conciliation parties discussed during the course of conciliation proceedings and arrived at the settlement before the Conciliator on the following terms and conditions under the provisions of Section 38 (1) of B I R Act

Terms And Conditions Of The Settlement

1 This Scheme of engaging the Casual employees in the Company shall come in force effective from 1st January 92

2 Two categories of employees Workmen shall be employed by the Management

(a) Casual Mazdoor

(b) Attendant

The above referred Casual employees shall be paid wages as mentioned below

(a) Casual Mazdoor During first year Rs 26 per working day

INDEX

During second year Rs 28 per working day

During third year Rs 30 per working day

During fourth year Rs 32 per working day

(b) Casual Attendant — During first year Rs 27-50 per working day

During second year Rs 29-50 per working day

During third year Rs 31-50 per working day

During fourth year Rs 33-50 per working day

3 The employees engaged by the Management as per above referred categories shall not be entitled for any benefits given to the regular employees by the Management

4 The Casual employees Workmen will be provided work as per requirement of the Management It will be provided work as the sole discretion of the Management to give them work and for that they will be required

INDEX

to report daily to the Establishment at the appointed time and place of the work as specified and directed by the Management

5 If there is no sufficient work, Casual employee Workmen will be sent back by the concerned Supervisor Departmental Head or Company's Officials For that no Compensation or wages shall be paid to the casual employees

6 It is also agreed by and between the parties that any time Management mao not employ casual Mazdoors more than 125 and casual Attendants more than 40

7 casual employee may remain absent from work after taking written permission of the Management upto 10 days However if he fails to report for work or present himself for duty without permission of the Management for consecutive seven days such of the employees shall be treated as having left the service of the company and he will be not considered for regular employment.

If there is a vecancy it shall be Managements discretion to offer him employment as casual employes Workmen as a fresh employee

INDEX

8 casual Workmen shall be entitled for Weekly Off as per the Statutory provisions applicable to the establishment

9 casual Workmen shall be entitled to earn the leave effective from 1st January 1992 as follows

Eligibility 240 days or more during the calendar

No. of days worked during the year 20
= No of days to be considered for the earned leave
(Maximum 15 days)

A Workmen whose service commences otherwise than on the 1st day of January shall be entitled to earn the leave as per the formula laid down here in above provided he had worked two-third (3/2)
of the total number of days in the remaining part of the calendar year.

10 Casual Workmen shall not be entitled to avail the Sick Leave, Casual leave festival holidays etc. and other benefits given to the regular employees in the Company.

11 It is agreed by and between the parties that on completion of 4 (four) years continuous

INDEX

services as Casual Mazdoor Casual Attendant, employees shall be given preference of employment as a regular employee. Initially, he will be placed on Probation. During probationary period, his performance of work attendance, behaviour etc. shall be observed by the Management. If he is found suitable then he will be confirmedif he is not found satisfactory suitable he will be discharged

12 This Scheme shall apply to those of the Casual Mazdoors who are at present in the employment and shall also cover the employees who shall be engaged herein after under the Scheme

13 Thisagreement shall come in forcefer the period of five years i. e from 1st January 92 to 31st December 96 It shall thereafter continue and operate till it is terminated byeither of the party in accordance with the provisins of the Bombay Industrial Relations Act.

14 It is agreed by and between the parties that during the operation period of this Agreement Union shall not raise any demand or dispute individually or collectively o any nature concerning the Casual Mazdoors Workmen against the company

INDEX

This settlement is signed t day on 20th Daeuahe 91 in presence of l r S R Boady the Conciliator of Surat.

(ફ્રે ઓ. શાહ)
સહાયક સંધ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સબંધ અધીનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૧-૯૨

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ નિબંધક દવારા

ક્રમાંક ખ શમક ૨૮૪૧૧ આર યુ સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામા આવેલી સતાની રૂએ હુ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને શ્રી સીદ્વર કોટન મીલ્સ લી અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૨ ના ફેબ્રુઆરી માસના ૨૮ મા દીને આથી નોંધ કરૂ છુ.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજય અમદાવાદ
શ્રી બી એમ ભટ્ટ મુખ્ય રૂબરૂ
રેફરન્સ (આઇડી) ન ૯૫/૮૮
ટેક્ષટાઇલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ
અને
સીદ્વર કોટન મીલ્સ અમદાવાદ — બીજા પક્ષકાર

INDEX

મીલ કંપની તેની કાયમી જગ્યાએ નિવુતી વયે કે રાજીનામુ આપવાથી છુટા થયેલા કામદારની જગ્યાએ નાબુદી કરવા માગે છે વી. અંગે

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧ હાલનો આ રેફરન્સ બીજા પક્ષકાર યુનીયને પ્રથમ પક્ષકાર મીલ કંપની તેની કાયમી જગ્યાએ નિવુતી વયે કે રાજીનામુ આપનાર કામદારની જગ્યાએ નાબુદ કરવા માગે છે વી. અંગે મીલ કંપની યુનીયનને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અદરો અદર કોઈ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે

૨ આ કામની ચાલુ સુનાવણીએ મીલ કંપની તરફે આંક ૧૮ નુ પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપની નોટીસ ઓફ ચેન્જમાં કરેલ માંગણી આગળ ચલાવવા માગતું નથી અને તે માગણીના હકકોને બાધ ન આવે તે રીતે હાલમાં આ નોટીસ ઓફ ચેન્જ પાછી ખેચી લે છે અને મીલ કંપની સદર નોટીસ ઓફ ચેન્જ પાછી ખેચી લેવાથી યુનીયને આંક ૧૯ નુ પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછી ખેચી લેતી હોવાથી આ રેફ, આંગળ ચલાવવા માંગતા નથી તે પાછી ખેચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશુ વાંધાજનક જણાતુ નથી આથી હુ નીચે મુજબ હુકમ કરુ છુ

હુકમ

૩ યુનીયનને રેફરન્સ પાછો ખેચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને બાબતમાં કોઇ હુકમ કરવામા આવતો નથી

(કે એ શાહ)
સહાયક શ્રમ નિબંધક
મુબઇ ઔદ્યોગિક સબધ અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૨૮-૨-૯૨

સને ૧૯૪૭ ના મુબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયેના સહાયક
શ્રમ કમીશ્નર દ્વારા

ક્રમાંક એ ઇમક ૨૯૪૧૨ આથી સને ૧૯૪૭ ના મુબઈ ઔદ્યોગીક સબધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુબઈ ઔદ્યોગીક સંબધક ગુજરાત નિયમોના નીયમ ૭૦થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને રામપુર મેન્યુ કો. લી અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબ ના નિવડાની સને ૧૯૬૨ના ફેબ્રુઆરી માસના ૨૯ આ દીને આથી નોંધ કરૂ છુ

ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી આર એસ શુકલ સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈસી)ન૰ ૭૦-૬૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
અમદાવાદ

વીરૂદ્ધ

રામપુર મેન્યુ કો. લી — બીજા પક્ષકાર
અમદાવાદ

ઈજનેર ઓકેનીક ખાતામાં એકજ જગાએ કાયમી કામ કરતાં શ્રી ડાહ્યાભાઈ બેચરભાઈ તથા બીજા પાંચને તેમના હોદા સાથે કાયમી પગલ આપવા અંગે

ઉદ્યોગ કાયદા ટેક્ષટાઈલ

ચુ કા દે।

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ્સ કંપનીને મીલના ઇજનેર ઓકેનીક ખાતામાં એકજ જગાએ કાયમી કામ કરતાશ્રી ડાહ્યાભાઈ બેચરભાઈ તથા

INDEX

બીજાપાયને તેમના દેાદામાંથે કાયમીપાસ આપવા બાબતમા ફેરફારની નોટીસઆપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે

૨ સદરહુ રેફરન્સની સુનાવણીનાદીવસે પ્રથમપક્ષકાર યુનિયનનેા ગેરકારકરતા પ્રથમ પક્ષકાર યુનિયન કે તેમના પ્રતીનીધી હાજર નહેતા આમ પ્રથમ પક્ષકાર યુનિયનની ગેરહાજરીને કા ણે સદરહુ રેફરન્સ કાઢી નાખવેા જોઈએ આથી અતમાંહુ નીચે મુજનેા હુકમ કરૂ છું

હુ કમ

૩ પ્રથમપક્ષકાર યુનિયનની ગેરહાજરીને સદરહુ રેફરન્સ આથીકાઢી નાખવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે ખર્ચ સબધીકાઇ હુકમ કરવામાં આવતેા નથી.

(કે. એ. શાહ)
સહાયક સરકાર નિબંધક
મુબઇ ઔદ્યોગીક સબધક અધીનિયમ ૬૪૬
અમદાવાદ.

અમદાવાદ તા ૨૮-૨-૬૮

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયેના સરકાર નીબંધક દવારા

કમાંક બ કમક ૨૮૧૧૩ આર યુ સને ૧૯૪૬ના મુબઇ ઔદ્યોગીક સંબધક અધીનીયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ મુબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમેાના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાના રૂએ હુ રેક્ષટાઇલ લેબર એસેાસીએસન અમદાવાદ અને ન્યુ રવદેશી મીલસ અમદાવાદના વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના તારેાની સને ૧૯૬૮ ના ફેબ્રુઆરી માસના ૨૮ માં દીને આથી નોંધ કરૂ છુ,

ઔધોગીક અદાલતગુજરાત અમદાવાદ

શ્રી એન એ ચોહાણ સભ્ય રજીસ્ટર

રેફરન્સ (આઈસી) નં ૧૧૪૬૧

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ - પ્રથમ પક્ષકાર

વિરુધ્ધ

મેસર્સ સ્વદેશી મીલ્સ કંપની લી. અમદાવાદ - બીજા પક્ષકાર

મીલના શાળા ખાતામા રીસીવરની જગ્યાની સુંખ્યાબળ જાળવી રાખવા અને કરાર કરી આપવા બાબતે

ચુકાદો

૧ કોર્ટનો રેફરન્સ મુંબઇ ઔધોગીક સબંધક અધીનિયમ ૧૯૪૭ જેને હવે પછીથી ૧૯૪૭ ના અધીનીયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (૪) મુજબ પ્રથમ પક્ષકાર સર્વે મીલ કંપનીને કલમ ૪૨ (૨) મુજબની ફેરરચની સુચના તા ૧૯ ૧૧ ૬૯ ના રોજ આપેલી જે અંગે પક્ષકારો વચ્ચે કોઇ સમજુતી સમાધાન કરાવી શકેલ નહી જેથી તેમની પાસેથી નિષ્ફળતાનુ પ્રમાણપત્ર મેળવીને કોર્ટનો રેફરન્સ સંધે કરેલ છે

૨ આ રેફરન્સમા ત્યારબાદ બંને પક્ષકારોએ આજ પ ની પુરસીસ આપી સમાધાનની શરતો રજુ કરી જણાવેલ છે કે પક્ષકારો વચ્ચે તેમા જણાવેલ શરતો મુજબ સમાધાન થયેલ હોઈ તે મુજબ એવોર્ડ કરવા વીનંતી છે સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમા લેતા અમોને પણ ન્યાયી અને વાજબી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔધોગીક શાંતી જળવાઇ રહે તેમ છે પરીણામે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે

INDEX

હુકમ

૩ આ રેફરન્સમાં પક્ષકારોએ અંક ૫ ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે અને અને અંક-૫ ની પુરસીસને આ ચુકાદાનો ભાગ ગણવાનો રહેશે.

અર્થે અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

(કે ઓ શાહ)
સહાયક શ્રમ નિયંત્રક
મુબઈ ઔદ્યોગિક સમાધાન અધિનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૨૮-૨-૯૨

નામદાર ઔદ્યોગીક અદાલત અમદાવાદ
રેફરન્સ આઇસી નં ૧૧૪-૯૧

પ્રથમ પક્ષકાર - ટેક્ષટાઇલ લેબર એસોસીએશન
ગાંધી મજુર સેવાલય
ભદ્ર અમદાવાદ

અને

દ્વીતીય પક્ષકાર - ન્યુ રવદેસી મીલ્સ કો લી
એ યુનીટ ઓફ જીએસટીસી
અમદાવાદ

માનનીય અદાલત

અમો પક્ષકારો નીચે મુજબ સમાધાન કરીએ છીએ તો તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે

મીલના પ્રિન્ટીંગ ખાતામાં ફરજ બજાવતા કાયમી કામદાર શ્રી સંતરામ હોસલા પ્રસાદ હેડ્ડો આસી પ્રીન્ટરને તા ૨૮-૧-૯૦ ના રોજ દરમીયાન અકસ્માત થવાથી જમ્મે આંખોની દૃષ્ટિ સંપૂર્ણપણે ગુમાવેલ છે જે અંગેની તેમની વિનંતી

INDEX

અંગેને ધ્યાનમાં રાખીને તથા જી એસ ટી સી લી ની જરૂરી મંજુરી મેળવી મીલ્સ કંપની અને મજુર મહાજન સંઘ વચ્ચે શ્રી સંતરામ હોસલા પ્રસાદ ના બદલામા તેમની પતની નામે પુષ્પાદેવી સંતરામપ્રસાદને કામ ઉપર રાખવા અંગે બંને પક્ષકારો પરસ્પર સમતીથી નીચે મુજબની સમજુતી થવા પામી છે

સમજુતીની શરતો

(૧) સંતરામ હોસલા પ્રસાદે તેમનુ સ્વેચ્છિક રાજીનામુ મજુર મહાજન સંઘ દ્વારા મીલને મોકલી આપશે

(૨) શ્રી સતરામ હોસલા પ્રસાદ ના પતની નામે પુષ્પા દેવી સતરામ પ્રસાદ ઉમર વર્ષે હીન્દુને મજુર મહાજન સંઘ સાથે નકકી કર્યા મુજબ કાયમી ધોરણે કામ આપવામાં આવશે અને હોદા સાથેના કાયમી પાસ આપવામાં આવશે

(૩) ઉપરોકત કલમ (૧) અને ૨ ના ફેરફાર થયા પ્રીવીંજ ખાતામાં એક જગ્યાનો કાયમી ધોરણે ઘટાડો થશે અને તે જગ્યાએ ફેરફાર બદલી વાળાને રાખવામાં આવશે નહી

(૪) સંતરરામ હોસલા પ્રસાદને તેમના રાજી નામાથી છુટણી વળતર ચુકવવામા આવશે નહી પરંતું તેમના કાયદેસર ના નીકળતા લેણા ગ્રેજયુઈટી વિગેરે ચુકવવામાં આવશે

(૫) આ સમજુતીથી શ્રી સતરામ હોસલા પ્રસાદની પ્રીવીજ ખાતામાં એક જગ્યા ઓછી થશે અને તેના બદલામા સ્પેશ્યલ કેસ તરીકે તેમની પતનીને જી એસ ટી સી લી ના તા. ૨૮.૪.૯૧ ના પત્ર નં ૧૪૧ મુજબ મળેલ મજુરી પત્ર મુજબ જે તે ખાતામાં વધારા ના તરીકે રાખવામાં આવશે અને આ વધારાની જગ્યા માં કોઈ બદલી વાળા ને તેમની રજા કે ગેર હાજરીમાં રાખવામાં આવશે નહી

પુરૂસોતમ પરમાર
મંત્રીશ્રી
મજુર મહાજન સંઘ
અમદાવાદ

અમદાવાદ તા. ૨૧-૯૨

સને ૧૯૪૧ ના મુંબઇ ઔદ્યોગીક સંબધક અધીનીયમ અન્વયેના સહાયકક્ષ

ક્રમાંક ખ શમક ૨૪૪ આજ સને ૧૯૪૧ ના મુંબઈ ઔદ્યોગીક સબધક અધીનિયમના કલમ ૭૪ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગીક સબધક ગુજરાત નીયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રુ એ હુ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી સીલ્વર કોટન મીલ્સ લી અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નાચે મુજબના નીવેડાની સને ૧૯૭૨ ના ફેબ્રુઆરી માસ ના ૨૮ માં દીને આથી નોધકરૂ છુ

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ
શ્રી બી એમ ભટ્ટ સભ્ય રુબરૂ
રેફરન્સ (આઈસી) નં ૧૬૧/૭૬

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન - પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ

અને

ધી સીલ્વર કોટન મીલ્સ લી. - બીજા પક્ષકાર
અમદાવાદ

યુનિયનની માંગણી મીલ કંપનીના વેરહ ખાતામા આઠ કાયમી કારીગર અને એક મુકરદમ છે તેમા બે કારીગરોને વધારો કરી આપી અને ૧૧ નુ કાયમા સ્ટેન્થ કરવા અગે

યુનિયન તરફે શ્રી એસ એમ જોશી
મીલ કંપની તરફે કુ મીનાબેન શાહ
ઉદ્યોગ કોટન ટેક્ષટાઇલ

૧ હાલનો આ રેફરન્સ ટેક્ષટાઇલ લેબર એસોસીએશન જેને હવે પછી યુનીયન તરીકે ઓળખવામાં આવશે તેણે બીજા પક્ષકાર મીલ કંપની જેને હવે પછી

INDEX

મીલ તરીકે ઓળખવામા આવશે તેમના વાટુધ્ધ કરેલ છે તા ૨૫-૭-૮૬ ના રોજ ફેમ-ઓલ માં નોટીસ ઓફ ચેન્જ વેસ્ટ ખાતામાં વધારાના કારીગરો અને એક જોબર આપવા માટે માગણી કરવામા આવેલ અને સમાધાન કાર્યવાહી નિષ્ફળતામા પરીણમતા તે અંગેનુ પ્રમાણપત્ર આંક ૨ થી રજુ કરેલ છે

૨ યુનીયને પોતાના માગણીના નિવેદન આંક-૫ થી રજુ કરી જણાવેલ છે કે મીલ કંપનીના વેસ્ટ ખાતામા ૬ કારીગરો અને એક મુકાદમ આ રીતે ૭ કારીગરોની સંખ્યા છે મીલ કંપની નો વહીવટ જી એસ ટી સી એ સંભાળ્યા બાદ કામગીરીમાં ફેરફાર થવાથી કામબોજ વધારે થયેલ છે અને તેથી યુનીયને માગણી કરેલ છે કે વેસ્ટ ખાતામાં કામગીરીમાં ફેરફાર થવાથી અને કારીગરોના કામબોજમા વધારો થવાથી બે કારીગરોની સંખ્યા વધારવા માટે માગણી કરેલ છે.

અને તેમા જણાવ્યા મુજબ મીલ કંપનીમા વેસ્ટ ખાતામાં ૬ કારીગરો અને એક મુકાદમ એમ કુલ ૭ ની સંખ્યા છે જી એસ ટી સી એ કબજો લીધો તે અગાઉ વેસ્ટ ખાતામાં ૮ કારીગરો અને એક મુકાદમ હતા અને ત્યારબાદ મીલ કંપનીએ એક કારીગરનો વધારો કરી આપેલ છે.

મીલ કંપનીના જણાવ્યા મુજબ વેસ્ટ ખાતાનો આધાર સ્પીનીંગ ખાતા ઉપર છે અને સ્પીનીંગ ખાતાના આધારે વેસ્ટ ખાતાનો લોડ નકકી થતો હોય છે જી એસ ટી સી એ મીલ કંપનીનો કબજો લીધો ત્યારે મીલ કંપનીમાં ૩૬૮૮૦ સ્પીન્ડલો ચાલુ હતી અને જયારે સને ૧૯૮૬ માં સ્પીંડલોમાં ઘટાડો કરવામા આવેલ અને હાલ સ્પીંડલોની સંખ્યા ૩૨૮૬૧ છે તેથી સ્પીંડલોમા ઘટાડો થવાને કારણે વેસ્ટ ખાતાની કામગીરી ઘટેલ છે અને જરૂરત કરતાં બે માણસોની સંખ્યા વધારે છે તેથી બે કારીગરોની સંખ્યા વધારવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી મીલ કંપનીએ વધુમાં જણાવેલ છે કે વેસ્ટ ખાતાની કામગીરીમાં કોઇ વધારો કે ફેરફાર કરવામાં આવેલ નથી અને જે કામગીરી છે તે જ કામગીરી રહેલ છે અને હકીકતમાં સ્પીંડલો ઘટવા ને કારણે કામગીરીમાં ઘટાડો થયેલ છે.

તેથી રેફરન્સ ચાલી શકે તેમ નથી મીલ કંપનીએ વધુમાં એવી રજુઆત કરેલ છે કે જી એસ ટી સી નુ બીજુ યુનીટ કે જે સહયોગ ટેક્ષટાઇલના નામે ચાલે છે તેના મશીનોની સંખ્યા મીલ કંપનીના મશીનોની સંખ્યા જેટલી જ છે અને

INDEX

ત્યાં ફક્ત ચાર કામદારો અને એક મુકરદમથી કામ ચલાવવામા આવે છે આથી વધુ રહેઠ આપવા ના પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તે સબબે મા રેકારન્સ રદ થવા ને પાત્ર છે.

૪ યુનિયન તરફે કર્મચારીને આંક ૧૩ થી તપાસેલા છે તેમના જણાવ્યા મુજબ તેઓ સીલ્વર કોટન મીલમા વેસ્ટ બાંતામાં ૬૦ થી ૬૫ વરસથી કામ કરે છે પહેલા તેમની મીલ કંપની બાનગી માલીક ચલાવતા હતા સને ૧૯૪૪ માં મીલ કંપની હાલમા બંધ થઇ ગયેલ છે અને સને ૧૯૮૬ મા જી એલ ટી સી એ વહીવટ સંભાળેલો અત્યારે મીલ કંપનીમાં કામદારો

કામ કરે છે તેણીના જણાવ્યા મુજબ તેમને બાતામાં રેસ ફીણવાના રૂ વિણવાનુ ચુકવ્યુ રૂ અને ચોખ્ખા રેસ જુદા પાડવાના અને થેલા ભરવાના કેય છે તેણીના જણાવ્યા મુજબ બાનગી વહિવટ હતો અને ત્યારે આવા બે ત્રણ થેલા ભરવા પડતા હતા અને અત્યારે ૨૦ થેલા ભરવા પડે છે તે ઉપરાંત સ્પીનીંગ બાતામાંથી કોટીંગ આવે છે તેને પણ થેલા ભરવા પડે છે બાનગી વહીવટ હતો તયારે મીલ માં ફક્ત ૩૪ વપરાતુ હતુ અને જયારે ભરકારે વહીવટ લીધા પછી ફીકસમેન્ટ અને રીસ્ટ્રોક્ચર્ન કરવામાં આવે છે.

અને તે પણ સાફ કરવાનુ અને થેલા ભરવામા આવે છે ગઠ્ઠાવાળા રૂ ના ત્રણ થેલા આવે છે અને તેને પણ સાફ કરીને પાછા ભરવ પડે છે અને કાંકરા રેસ પણ સાફ કરવ પડે છે તદ ઉપરાંત સ્પીનીંગ બાતામાં નીચે પડેલ રૂ ના વળા નેમજ બગડેલ રૂ ણીને સાફ કરવાનુ હોય છે તેના પણ બે ત્રણ થેલા ભરવા પડે છે તેણીના જણાવ્યા મુજબ આ રીતે બધા કામદારોએ રોજના ૨૦ થી ૨૫ થેલા ભરવા પડે છે તદ ઉપરાંત મીલમાં આવેલ એ,સીસમાં ઝાડુ મારવાનુ અને પોતા કરવાનુ કામ પણ કરવુ પડે છે અને તેથી કામગીરી વધેલ હોવાથી ૨ કારીમરોની વાંધણી કરેલ છે ઉલટ તપાસમાં તેણીએ કબુલ કરેલ છે કે આ બધા કામ મીલમા દાખલ થયા તયારથી કરે છે અને આજે પણ તે મુજબ કરે છે બાનગી વહીવટના મીલ હતા તે વખતે પણ મીલમાં ૧૦ કામદારો હતા અનેઆજે પણ મીલમાં ૧૦ કામદારો છે

તેણીએ એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફીકસમેન્ટ અને રીસ્ટ્રોક્ચર્ન ના બદલામાં વપરાયે છે પણ તેણીના જણાવ્યા મુજબ બધા નુ વપરાય છે

તેણીએ ઉલટ તપાસમા એ હકીકત સ્વીકૃત કરેલ છે કે પહેલા કરતા મીલમા ૪૦૦૦ રપીન્ડલ એ છા થયેલ છે સહયેગ મીલમાં કેટલા કામદારો રાખેલ છે તે ખબર નથી મીલ કંપની તરફે ગીરધરભાઈ પરીખ આંક ૧૬ થી તપાસે છે તેમના જણાવ્યા મુજબ સને ૧૯૮૪ મા આશરે ૬૬૦૦૦ રપીનડલ હોય છે. અને જી એસ ટી સી એ હરી થી મીલ સને ૧૯૮૬ મા થ કરી અને અત્યારે ૬૦૦૦ રપીનડલ છે. એક મુકરદમ અને ૬ કારીગ થાર્નમાં પોલીસ્ટર વીસ્કોઝ યાર્ન આવે છે ૬ કારીગરોએ રપીનીંગ અને વીવી ખાતામાંથી ૩ ના વેસ્ટ અને સુતર વેસ્ટ શોર્ટ કરીને જુદા પાડવાના હોય છે અ તે મુજબ તેના થેલા ભરીને ગોડાઉનના થપ્પી કરવા ની હોય છે માટીનુ ૩ કારીગરો કારીગરોએ સાફ કરવાનુ હોતુ નથી અને તેનુ વેચાણ માટી સાથે જ થાય છે હકીકતનો ઈન્કાર કરેલ છે કે સને ૧૯૮૬ પછી કારીગરો પાસે કામના રેસ્ટ કરવાનુ વધારાનુ કામ લેવામા આવે છે દીવસ દરમ્યાન રુ વેસ્ટ અને સુતર વેસ્ટ ૨૦ થી ૨૫ થેલા થાય અને તે કામ બધા જ કામદારો વચ્ચે વહેચાયેલ છે ઉ તપાસમા તેમણે જણાવેલ છે કે મેનમેઈડ ફાઈબરમાનુ કામકાજ છેલ્લા બે વરસ ચાલુ કર્યું હશે

જી એસ ટી સી એ સને ૧૯૮૬ માં વહીવટ સંભાળ્યો તે વખતે ૬૦ રપીન્ડલો ચાલતા હતા કે કેમ તેની ખબર નથી આંચ. બંધ કરવા માટે અગર રપીન્ડલ ઓછા ચલાવવા માટે યુનીયન સાથે કોઈ કરાર કરેલ છે કે કેમ તેના ખબર નથી કોમ્બર વેસ્ટમાં ૮ થી ૧૦ થેલા આવે છે જ્યારે કાર્ડ વેસ્ટમાંથ થી ૨ થેલા આવે છે ફલય વેસ્ટ શોર્ટ કરી સોફ્ટ અને ખરાબ રુ જુદુ પાડવાનુ છે તેમણે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે મેન મેઇડ ફાઈબર આવવાથી કામદા કામગીરીમા વધારો થયેલ છે

૫ યુનિયને આંક ૫ થી જે માગણીનુ નીવેદન રજુ કરેલ છે તેમા એટલી જ હકીકત જણાવેલ છે કે જી એસ ટી સી એ વહીવટ સંભાળયો મીલની કામગીરીમાં ફેરફાર થવાથી કારીગરોના સ્ટ્રમ્થોજમાં વધારો થયેલ છે અને તેથી વેસ્ટ ખાતામાં બે કારીગરોના વધારાની માંગણી કરેલ છે આંક આ માગણીના નીવેદનના સંદર્ભમા કામકાજમાં કઈ રીતે અથવા કઈ કામ સ્ટ્રમ્થોજમાં વધ્યો છે તેની કોઈ વિગત જણાવી નથી મત્ર સ્ટ્રમ્થોજ વ

INDEX

તેટલી જ હકીકત જણાવેલ છે કોરીગર કાળીબેન તેમની જુબાનીમા પણ આવી કોઇ રજૂઆત કરી નથી કે કઇ રીતે કામગીરીમાં વધારો થયેલ છે

કાળીબેન આંક ૧૩ ની જુબાનીની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે મા મીલમાં દાખલ થયા ત્યારથી જ કરે છે અને તેમની પાળી ૭ થી ૩ ૩૦ ની છે અને આજે પણ તે મુજબ કામ કરેછે આનગી વહીવટ હતો તયારે પણ મીલમાં ૧૦ કામદારો હતા અને આજે પણ ૧૦ કામદારો છે અને તેમણે કબુલ કરેલ છેમીલમાં અગાઉ કરતાં ૪૦૦૦ સ્પીન્ડલ ઓછા થયેલ છે મીલ કંપનીએ પોતાના જવાબમાં રજૂઆત કરેલ છે કે વેસ્ટ ખાતાનો આધાર સ્પીનીંગ ખાતાઉપર રહેતો હોય છે

એટલે કે સ્પીનીંગ ખાતાની આધારે વેસ્ટ ખાતનો લોડ નકકી થતો હોય છે જીએમટીસીએ મીલનો કબજો લીધો તેવખતે આશરે ૩૬૮૮૦ સ્પીન્ડલો ચાલુ હતી અને સને ૧૯૮૬ માં સ્પીનડલ ઘટાડો કરવામાં આવેલ છે અને સ્પીન્ડલોનીસ ખ્યા ૩૨૮૬૬ ની છે મીલ કંપનીએ જવાબમા લખેલ આ હકીકત પીરૂભા યુનિયન તરફે આ આંકડા ખોટાછે તેની કોઇ હકીકત રજુ કરેલ નથીએ રીતે જોતા અનેકાળીબેન પોતાની જુબાનીમાં ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે પહેલા કરતા મીલમાં ૪૦૦૦ સ્પીન્ડલ ઓછા થયેલ છે તેથી સ્પીન્ડલની સંખ્યા ઓછી થતા વેસ્ટ ખાતામાં કામગીરીમાં લોડ વધ્યો છે

તેમ માની શકાય નહી ઉલટાનુ સ્પીન્ડલ ઘટવા ને કારણે વેસ્ટ ખાતામાં ઘટાડો અને કઈ કામગીરીમાં કેવી રીતે ક્રમશોજ વધ્યો છે એ હકીકત યુનિયન તરફે સાબીત થતી નથી આનગી વહીવટના મીલ હતી તે વખતે પણ તેમાં ૧૦ કામદારો હતા અને આજે પણ તેમાં ૧૦ કામદારો છે અને સ્પીન્ડલની સંખ્યાઘટી છે તેથી યુનિયને ક્રમશોજ વધ્યો છે એ હકીકત સાબીત કરી શકેલ નથી આ સંજોગોમાં આ રેફરન્સ રદ થવાને પાત્ર છે

આથી હુ નીચે મુજબ હુકમ કરૂ છુ

હુ કમ

૧ રેફરન્સ રદ કરવામાં આવેછેપરંતુ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતોનથી

(કે એ શાહ)
સહાયક સંધ નિબંધક
મુબઇ ઔધોગીક સબંધ અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૨૮ ૨ ૯૨

સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગીક સંબધક અધીનિયમ જન્વયેના સહાયક
શ્રમ નિબંધક દવારા

કર્મક (મ) શ્રમક ૯૨૪૧૫ આર. યુ મને ૧૯૪૬ ના મુબઈ ઔદ્યોગીક સબંધક અધીનીયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૧૧ ના મુબઈ ઔદ્યોગીક સબંધક મુજરાત નિયમોના નીયમ ૭૦ ને આધવામાં આવેલી સતાની રૂએ હુ ટેક્ષ ટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને કેલીકો મીલ્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમા ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૬૨ ના ફેબ્રુઆરી માસના ૨૮મી દીને આથા નોધ કરૂ છુ.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી બી એમ ભટ્ટ સક્ષમ કામદ

રેફરન્સ (આઇસી) નં ૪૧૧-૮૪

ટેક્ષટાઇલ લેબર એશોસીએશન — પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ

અને

કેલીકો મીલ્સ, — બીજા પક્ષકાર
અમદાવાદ

રોલર પ્રીન્ટીગ ખાતામાં સેન્ટર લેચીંગ મશીનનુ સમાધાન કે કરાર કરવા બાબત.

ઉદ્યોગ કોહન ટેક્ષટાઇલ

૧ કાલના આ રેફરન્સ પ્રથમ પક્ષકારે યુનીયનને બીજા પક્ષકાર મીલ કંપની ખાં રોલર પ્રીનટીગ ખાતામાં સેન્ટર લેચીંગ મશીનનુ સમાધાન કે કરાર કરવાસબધી ફેર ફીરની નોટીસ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે

૨ આ રેફરન્સના કામે વખતોવખત સુનાવણી રાખી અને સબંધીતકામદારો તરફે તેમની માગણીના સમર્થનમાં વધુ પુરાવાઓ રજુ કરવા અનેક તક આપવામાં આવેલ છે તેમ છતાં સબધીત કામદારો તરફે કોઈ હાજર થયેલ નથી આસજોગોમાં કામદારોના ગેર હાજરીના કારણે તથા વધુ પુરાવવાના અભાવે રેફરન્સ રદ કરવો જોઇએ આથી હુનીચે મુજબ હુકમ કરુ છું

હુ ક મ

૩ કામદારોની ગેરહાજરીના કારણે તથાપુરાવ ના અભાવે રેફરન્સરદ કરવામાં આવે છે ખર્ચ બાબતમા કોઇ હુકમ કરવામાં આવતોનથી

(આર કે પરમાર)
સહાયક સચ નિબંધક
મુંબઇ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ તા. ૨૮ ૨-૯૨

મુંબઇ ૧૯૪૭ ના મુંબઇ ઔધોગિક સબંધક અધીનિયમ અન્વયેના નિબંધક દવારા

ક્રમાંક એ શાસક ૨૮૪૨૬ આર યુ સને ૧૯૪૬ ના મુબઇ ઔધોગીક સબંધ અધીનિયમની કલમ ૭૮ ૧ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔધોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૧૫ થી મને આપવામાં આવેલી સતાની રુએ હુ મે જનરલ વર્કસ યુનિયન અમદાવાદ અનેશ્રી બજાજ સી ફેમપ્રા લી અમદાવાદની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિર્ણયની સને ૧૯૬૨ નાફેબ્રુઆરી માસના ૨૮ મા દીને આથી નોંધ કરુ છુ.

ઔધોગીક અદાલત ગુજરાત રાજય અમદાવાદ
શ્રી વી એચ કેકેર

સભ્ય રૂબરૂ

રેફરન્સ (ઔદ્યોસી નં° ૪૫ ૬૧

જનરલ વર્કર્સ યુનિયન, – પ્રથમ પક્ષકાર
અમદાવાદ.

અને

શ્રી બજાજ સીનકેમ પ્રા. – બીજા પક્ષકાર
લી અમદાવાદ
સને ૧૯૮૯ ૯૯-૯૦ ના વરસના બોનસ અંગે
ઉદ્યોગ પ્રોસેસીંગ

૧ હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકાર સંસ્થામાંકામ કરતાં કામદારોને સને ૧૯૮૯ ૯૯ ૯૦ વરસનુ બોનસ ચુકવી આપવા બાબતમા યુનિયને સંસ્થાને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન નથયાં તે ઉપરિયત થયેલ છે

૨ ચાલુ રેફરન્સે યુનિયન તરફે આંક ૬૬ પુરસીસ આપી જણાવેલ છે કે રેફરન્સની બાબતમાં પક્ષકારો વચ્ચે અદાલત બહાર અંદરો અંદર સમાધાન થયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી અને તે પાછો ખેચી લેવાની પરવાનગી માગે છે જે પરવા ગી આપવામા કશુ વાધાજનક જણાતુ નથી આથી હુ નીચે મુજબ હુકમ કરૂ છુ.

હુકમ

૩ યુનિયનને રેફરન્સ પાછો ખેચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અર્ચ બાબત કોઇ હુકમ કરવામાં આવતો નથી

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિમંધક
મુળજ ઔધોગીક સબંધ અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૨૮-૨-૯૨

INDEX

સને ૧૯૪૭ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના
નિબંધક દ્વારા

ક્રમાંક ખ રામક ૨૮૪૧૭ આર યુ સને ૧૯૪૭ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૧૧ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોનાં નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂ એ હુ ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઇલ મીલ નં ૨ અમદાવાદ સુરત સમાધાન અધીકારીશ્રી એચ.ડી ગામીત ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબ ની પતાવટ સને ૧૯૯૨ના ફેબ્રુઆરી માસના ૨૮ મા દીને આથી નોંધ કરૂ છુ

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજય અમદાવાદ
શ્રી બી એમ ભટ્ટ ન્યાયમુર્તિ
રેફરન્સ (આઇટી) ન ૭૭/૯૦

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ
અને

રાજનગર ટેક્ષટાઇલ મીલ્સ — બીજા પક્ષકાર
નં ૨ અમદાવાદ

યુનિ. ની માગણી રપીનીંગ ખાતામા ફીટર તરીકે કામ કરતા શ્રી ઝહીરૂદીન યાસીનખાનને તા ૧-૧૧-૮૦ થી રૂા ૪૦૭-૪ ૧૦ ૪૭૦ નો પગાર આપવા અંગે

ઉપરોક્ત ટ્રીબ્યુનલ

૧ હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનને બીજા પક્ષકાર મીલ કંપનીમાં રપીનીંગ ખાતામા ફીટર તરીકે કામ કરતા શ્રી ઝહીરૂદીન યાસીનખાનને ૧-૧૧-૮૦ થી રૂા ૪૦૭ ૪-૧૦ ૪૭૦ નો પગાર આપવા બાબતમાં બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતા તે ઉપસ્થિત થયેલ છે

INDEX

૨ ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૧ નુ સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેમાની સમાધાનની શરતો જોતા તે યોગ્ય જણાયથી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔધોગીક શાંતી જળવાય રહે તેમ લાગે છે આથી હુ નીચે મુજબ હુકમ કરુ છુ

હુકમ

૩ પક્ષકારોએ આંક ૧૬ ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવુ આંક ૧૬નો સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી બંધ બાબતે કોઇ હુકમ કરવામા આવતો નથી

(કે. એ. શાહ)
સહાયક સંધ નિબંધક
મુંબઈ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭

અમદાવાદ તા. ૨૮-૨-૬૨ અમદાવાદ

શ્રી પી. એચ. ઠાકોર
મુજરાતની ઔધોગિક અદાલત સમક્ષ
અરજી ન ૭૬-૬૦

અરજદાર — ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
પ્રથમ પક્ષકાર — અને
બીજા પક્ષકાર — રાજનગર ટેક્ષટાઇલ મીલ
મહેરબાન સાહેબ

ઉપરોકત કામમા અમો પ્રથમ પક્ષકાર વતી શ્રી કબીરુદીન યસીનખાન પઠાણ તથા બીજા પક્ષકાર વચ્ચે સમાધાન થતા અમો પ્રથમ પક્ષકાર આ અરજી આપી અમારો દાવો પાછો ખેચીએ છીએ તો આપ નામદાર સાહેબ આ અરજી રેકોર્ડ પર લઈ તે મુજબ હુકમ કરવા વિનંતી

સમાધાનની શરતો

(૧) આથી બીજા પક્ષકાર શ્રી મહીરૂદીન વાસીનખાન પઠાણને પ્રથમ પક્ષકાર વતી તા ૧-૧ ૯૧ થી ગેટરના ગેડમાં બેજીક રૂા ૪૨૨-૫૦ આપવા સમત થાય છે

(૨) આ સમાધાનના પરીણામે બીજા પક્ષકાર આ કેટમાં તેમજ અન્ય કોઇ કેર્ટમા જે કોઈ કેસ કરેલા હશે તે પાછા ખેચવા સંમત થાય છે

(૩) આ સમાધાનથી આ દાવાના આખરી અને સંપુર્ણ નિકાલ થાય છે

સને ૧૯૪૧ ના મુંબઇ ઔધોગિક સબધક અધીનિયમ અન્વયેના
નિમંધક દવારા

ક્રમાંક ખ ક્રમક ૨૮૪૧૮ આર યુ સને ૧૯૪૧ ના મુંબઇ ઔધોગિક સંબધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુબઇ ઔધોગીક સબધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હુ મજૂર ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને ધી ન્યુ જહગીર મીલ્સ ભાવનગરની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિરેડાની સને ૧૯૬૨ ના ફેબ્રુઆરી માસના ૨૮ મા દીને આથી નોંધ કરુ છું.

શ્રી એચ વી ઉદેશી સબધશ્રી
ઔધોગિક અદાલત ભાવનગર સમક્ષ
રેફરન્સ (આઈસી) ભાવનગર નવો નંબર ૪૩ ૬૧
રાજકોટ જુનો નંબર ૨૨-૮૭

પ્રથમ પક્ષકાર - ટેક્ષટાઈલ લેબર યુનિયન
મજુર મહાજન (વડવા)
ભાવનગર

INDEX

વિરુધ્ધ

બીજા પક્ષકાર – ધ ન્યુ જહાંગીર વકીલ
મીલ સ યુનીટ ઓફ ગુજ.
ટેક્ષટાઈલ કે પોરેશન લી
ભાવનગર

હુકમ (એવોર્ડ)

૧ ટેક્ષટાઇલ લેબર યુનીયન મજુર મહાજન ભાવનગરે મુ.અંધ ઔધોગીક સબંધ અધીનીયમ ૧૯૪૭ ની કલમ ૭૮ એ અન્વયે આ ઔધોગીક વીવાદ ઉપસ્થીત કરી મીલના કર્મચારીઓને માટે મકાનની સગવડ અથવા ઘરભાડા વગેરેની બાબતોઓ સાથે આ ઔધોગીક વીવાદ ઉપસ્થીત કરવામા આવેલ શરૂઆતમાં આ વીવાદ શ્રીયુત ઔધોગીક અદાલત રાજકોટમાં દાખલ કરવામાં આવેલ અને ત્યથી આ વીવાદ અત્રેની કોર્ટને લગતો હોય અત્રે તબદીલ કરવામાં આવેલ છે અને આ વીવાદ થયા બાદ બન્ને પક્ષકારોને નોટીસ કાઢવામાં આવતા બન્ને પક્ષકારો આ કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે એમ જણાય છેશ્રીયુત ઔધોગીક અદાલત રાજકોટમા જ બન્ને પક્ષે આ ઔધોગીક વીવાદ બાબતે સમાધાન રજુ કરેલ

જે સમાધાન અંક ૨ પર આ રેકર્ડ૨ન્સની ફાઇલમાં છે પરંતુ એમ જણાયેલ છે કે તે સમાધાન હેઠળ મા ન્ની ઔધોગીક અદાલત રાજકોટ તરફથી કોઇ હુકમ કરવામા અવેલ નથી અને ત હીતે તે સમાધાન હુકમ કર્યા વગરનુ આંક ૨ પર પડેલુ છે તે બાબતે યુનીયન વતી તેમના મંત્રીશ્રી કરશનભાઈ બી કરમટીયા તથા મીલ પક્ષે ફેક્ટરી મેનેજર શ્રી પટેલ બન્ને મારી રૂબરૂ હાજર થઈ આંક ૩ વળી અરજી આપી તેઓ જણાવે છે કે આંક ૨ વાળુ સમાધાન પક્ષકારો વચ્ચે તા. ૩૧-૧૨-૮૮ ના રોજ થયેલ છે.

જે સમાધાન નામ શ્રી ઔધોગીક અદાલત ૨ જકોટની કોર્ટમા ૨૬-૧૨-૮૯ના રોજ રજુ કરવામા આવેલ અને તે સમાધાન પક્ષકારોએ રાજીખુશીથી કરેલ છે તે સમાધાન બન્ને પક્ષોને કબુલ મંજુર છે પરતુ તે સમાધાનનો હુકમ થવાનો બાકી રહેલ છે તે આંક ૨ ના સમાધાન મુજબ તે સમાધાનને રેકોર્ડ કરી તે સમાધાન

INDEX

મુજબ એવોર્ડ કરી આપવા બંને પક્ષે આ કામે મારી સમક્ષ અપેલી છે જીલ્લ પક્ષે તેના ફેક્ટરી મેનેજર શ્રી પટેલ અને કર્મચારી યુનીયનના મંત્રીશ્રી કરમટીયા જણ આ આર્બ્ટ્રેશન કામે રજુ થયા હતા અને બંને પક્ષોએ તે સમાધાન મુજબ વર્તવા મારી ઈજાજત કબુલ કરેલ છે તે રીતે પક્ષકારોએ રાજીખુશીથી આર્બ્ટ્રેશન કરેલ હોય તેમ જણાય છે અને તે બાબત કર્મ. પરભાડા આપણે તે સમાધાનમાં નક્કી કરેલ હોય તેમ જણાય છે તે રીતે પક્ષકારો એ કરેલ સમાધાન વ્યાજબી અને યોગ્ય હોય તેમ જણાય છે

અને તે આર્બ્ટ્રેશન કામે થયેલા સમાધાનને આર્બ્ટ્રેટથી આર્બ્ટ્રેશન કેસ તારીખ ૭-૧૨-૬૧ ના હુકમ થી રેકર્ડ કરવામાં આવે છે અને તેરીતે આર્બ્ટ્રેશન કામે થયેલા સમાધાન પ્રમાણે એવોર્ડ કરવો ન્યાયી અને યોગ્ય જણાય છે

૨ વીશેષમાં એમ જણાય છે કે તે રીતે પક્ષકારોએ આ કામે પક્ષકારોનો પુરાવો લેવાય તે પહેલા સમાધાન કરેલ છે કોઈ પક્ષે બીજા પક્ષ ને ખર્ચ આપવો તેવો સમાધાનમાં કયાય ઉલ્લેખ નથી અને આ કામે પુરાવો લેવાય તે પહેલા જ સમાધાન થઈ ગયુ છે એટલે યુનિયનને ખર્ચ અપાવવા બાબતે વિચારી શકાયતેવો કોઇ પુરાવો નથી

યુનિયનના સેક્રેટરી શ્રી કરમટીયા ખર્ચ માટે કરી છે પરંતુ જ્યાં પુરાવો શરૂ થાય તે પહેલા સમાધાન થયુછે અને જ્યા સમાધાનમાં ખર્ચ આપવા બાબતે સમજુતી થયેલ નથી ત્યાં યુનિયનને ખર્ચ અપાવવો મને યોગ્ય લાગતુ નથી તે પ્રમાણે નીચે છેવટનો હુકમ કરવામાં આવે છે

હુ કમ

આર્બ્ટ્રેશન કામે થયેલા સમાધાન પત્ર અનવયે આ કામે એવોર્ડ કરી આપવા હુકમ કરવામાં આવે છે આર્બ્ટ્રેશન કામે થયેલા સમાધાનને આ એવોર્ડનો અતરગત ભાગ ગણવો આ રેફરન્સનો ખર્ચ પક્ષકારોએ પોતે પોતાનો ભોગવવો

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિયામક
મુબઈ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭

અમદાવાદ તા. ૮ ૨ ૬૨ અમદાવાદ

માનનીય ઔદ્યોગીક અદાલત

રાજકોટ

રેફરન્સ આઇસી ન. ૨૨ ૮૭
ટેક્ષટાઈલ લેબર યુનિયન
મજુર મહાજન
વડવા ભાવનગર

અને

ન્યુ જહાંગીર વકીલ મીલ્સ
એ યુનિટ ઓફ ગુજરાત સ્ટેટ ટેક્ષટાઇલ કોર્પોરેશન લીમીટેડ
પેલેસરોડ ભાવનગર

માનનીય સાહેબશ્રી

માનનીય ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને નમ્રતા પુર્વક વિનંતી કરવાની કે

(૧) મજુર મહાજન ભાવનગર મ્યુનીસીપલ વિસ્તારમાં આવેલ કાપડ સુતરના ઉદ્યોગમાં કામ કરતા કામદારોનુ બીનાઇ ગાર એકટ નીચે પ્રતીનીધીત્વ ધરાવતું અન્ય યુનિયન છે જેને હવેથી યુનિયન તરીકે સંબોધવામાં આવશે

(૨) ન્યુ જહાંગીર વકીલ મીલ્સ ભાવનગર એ ગુજરાત સ્ટેટ ટેક્ષટાઇલ કોર્પોરેશન લીમીટેડનુ રજીસ્ટરીયકુલ થયેલુ એક એમ છે જેને હવેથી "મીલ કંપની તરીકે સંબોધવામાં આવશે તે ભાવનગર વિસ્તારમાં આવેલ કાપડ સુતર ઉદ્યોગનુ મીલ છે

(૩) પરસ્પરની અરજી આઇસી ૬૧-૮૧ તા. ૨૭-૪-૮૧ ના રોજ થયેલ એવોર્ડ બાદ યુનિયન તરફથી અમદાવાદના મીલના કામદારોને મળતુ બરાબર મેળવવા માટે માંગણી કરી. આવેલઆ રીતે મીલ કંપનીઅને યુનિયન વચ્ચે ઘરભાડાનીરાઝ મીલના કામદારોને મુકવા માટે નીચે મુજબ સમાધાન થવા પામેલ છે

સમાધાનની શરતો

INDEX

(૧) મીલ કંપનીમાં કામ કરતા તમામ કાયમી કામદારોને સેમી કારકુનો જે કારકુનોને ટેકનીશીયનોને તા ૨૮ ૧૧-૧૯૮૧ ના રોજ યુનાઇટેડ સ્ટીવલ કેમીકલ્સ લીમીટેડના અમદાવાદ ની મીલોને ઘરભાડા અંગે આપેલ એવોર્ડ મુજબ તારીખ ૦૧ ૧૧-૧૯૮૮ થી ઘરભાડુ મીલ કંપની ચુકવી આપશે.

૨ ઘરભાડાની ગણતરી નીચે મુજબ રહેશે

ગ્રુપ	તા ૧-૧૧-૮૮ થી આગળ મળવા પાત્ર ઘરભાડુ
અ	રૂા ૩૧-૦૦
બ	રૂા ૪૫-૦૦
ક	રૂા ૬૫-૦૦

(અ) રૂા ૬૫૦ સુધીનો પગાર મેળવતા કામદારો

(બ) રૂા ૬૫૧ ૦૦ થી રૂા ૧૦૦૦-૦૦ નો પગાર મેળવતા કામદારો

(ક) રૂા ૧૦૦૦-૦૦ થી વધુ પગાર મેળવતા કામદારો ઉપરોક્ત ફકરા નં ૧ ના રેંજવેલ કેટેગરીને ઉપરોક્ત ગ્રુપ પ્રમાણે ઘરભાડુ મેળવવાને હકદાર રહેશે.

૪ ગ્રુપ નક્કી કરવા માટે વર્ષ ૧૯૮૮ માટે ઓક્ટોબર-૧૯૮૬ ના અને વર્ષ ૧૯૮૯ થી ડીસેમ્બરના પગાર અને કામના દીવસો ગણતરીમાં લઈ નક્કી કરવામા આવશે

૫ પીસરેટેડ કામદારો માટે બેઝીક ઉપરાંત બેરીએબલ ડી એ અને અમદાવાદ ખાતેની પન્યુરણ અરજી નંબર આઈ સી ન' ૨ ૬૭૪ અને રેફ આઈ સી નં ૬૭ ૭૪ અન્વયેના એવોર્ડ મુજબ ગણતરી કરવાની રહેશે પીસરેટેડ કામદારોને સ્ટાન્ડર્ડ વેજીસ ગણતરી કરતી

INDEX

વખતે ફોલબેક આપવામા આવેલ હશે તે ગણતરીમા લેવાશે અને રા દીવસના વર્ષની ગણતરી રહેશે

૫ બોધવારી ભરવાની ગણતરીમાં રૂા ૪૧-૦૨ ના તથા રૂા ૭૦ ૦૦ને બેડહેડ વધારો ગણતરીમાં લેવામાં આવશે

૬ બદલી કામદારોએ તારીખ ૧-૧૧-૧૯૮૮ એ કે ત્યારબાદ જે તારીખ થી પાચ વર્ષ પુરા કર્યા હશે તેમને કાયમી કામદાર કાર્ડ ની માંગ જે ગ્રુપમા આવતા હશે તે ગ્રુપ અનુસાર જે તારીખથી ઉપર રોકત ઘરભાડા માટે હકદાર રહેશે.

ગ્રુપ નક્કી કરવા માટે વર્ષ ૧૯૮૯ માટે ઓકટોબર ૧૯૮૮ ના અને વર્ષ ૧૯૯૯ થી ગ્રુપ નક્કી કરવા માટે ડીસેમ્બરનો બેઝ લેવામાં આવશે

૭ હાલમા ઘરભાડુ મેળવતા હોય તમને ગ્રુપમા મળવા પાત્ર ઘરભાડા કરતા વધુ હશે તો તે ચાલુ રાખવામા આવશે પરંતુ જે કામદારોને મીલ તરફથી મકાનની સગવડ આપવામા આવેલ છે તેમને આ સવા-ધાનથી ઘરભાડુ મેળવવાને પાત્ર રહેશે નહી

ઝરણાદાસ બી કરમટીયા
મંત્રી
રેક્ષટાઈલ લેબર યુનિયન
(મજુર મહાજન)
ભાવનગર

ભાવનગર તા. ૩૧-૧૨-૧૯૮૯

સને ૧૯૪૭ ના ઔદ્યોગીક સબંધ અધીનિયમ અન્વયેનો સદ્ભાવક સંધ
નિબંધક દ્વારા

ક્રમાંક બ શબક ૨૮૪૬૯ આરયુ સને ૧૯૪ ના મુબઈ ઔદ્યોગીક સબંધ અધીનિયમની કલમ ૭૪ ૨ અને સન ૧૯૬૧ ના મુબઈ ઔદ્યોગીક સબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત ની ૩ એ હુ ટેક્ષટાઇલ લેબર એસોશીએશન અમદાવાદ અને જયુપીટર ટેક્ષટાઇલ મીલ્સ અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમા ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેદાની સને ૧૯૬૨ના ફેબ્રુઆરી માસના ૨૮ દીને આથી નોંધ કરૂ છુ

ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ
શ્રી એનએ ચોકસી
સભ્ય સમક્ષ
રેફરન્સ આઈસી નં ૧૪૪-૬૨

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
અમદાવાદ

વીરૂધ્ધ

જયુપીટર ટેક્ષ ટાઈલ મીલ્સ — બીજા પક્ષકાર
અમદાવાદ
ઉદ્યોગ કેટલ ટેક્ષટાઇલ

મીલના થોડાસ ખાતાનાં તેલવાળા અને ટીવાળા કામદારોની સંખ્યા વધારી આપવા વગેરે અંગે

પ્રથમ પક્ષકાર તરફે પ્રતીનધી શ્રી સુરેન્દ્ર જોશી

બીજા „ વકીલશ્રી ભાગવત જોશી

ચુકા દેા

૧ કલની રેફરંશ મુબઇ ઔદ્યોગીક સબંધક અધીનિયમ ૧૯૪૭ જેને હવે

INDEX

પછીથી ૧૯૪૭ ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ૭૮ હ મુજબ ફરીયાદ સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનુ પ્રતીનીધીત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમણે દાખલ કરેલ છે

૨ કામની હકીકત એ મુજબની છે કે પ્રથમ પક્ષકાર સંઘે ૧૯૪૭ ના અધી-નિયમની કલમ ૪૨ (૨) મુજબની તા. ૧૦ ૩ ૮૧ ના રોજ બીજા પક્ષકાર મીલ કંપનીને એક ફેરની સુચના આપીને જણાવેલ હતુ કે તેમના રચીનીગ વીભાગમાં દરેક પાળીમાં એક એક તેલવાળાની એક એક વધારાની જગ્યા વધારવાની જરૂરી છે આ માગણી અંગે બીજા પક્ષકાર મીલ સમત થયેલ નહી તેમજ ૧૯૪૭ ના અધીનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે તે બાબતમાં સમજુતી કરાવી શકેલા નહી માટે તેઓએ તા ૧૫-૪ ૮૧ ના રોજ નિષ્ફળતાનુ પ્રમાણપત્ર આપેલ જે પ થી સદરહુ માગણી અન્વેની વ્યાપ નિર્ણય મેળવવા માટે પ્રથમ પક્ષકાર સંઘે હાલની રેફરન્સ કરેલ છે

૩ પ્રથમ પક્ષકાર સંઘે માગણીનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે મીલ કંપનીના રીલસલ ખાતામા પહેલી અને બીજી પાળીમાં તેલવાળાઓ અને ત્રીજી પાળી માં ૪ તેલવાળાઓ કામ કરે છે આ તેલવાળાઓની પાસેથી તેલ પુરવાની પટી સાંધ સાંધવાનુ રેલના રબર ચઢાવવાનુ તથા ટોપલાવાળાનુ વધારાનુ કામકાજ લેવામાં આવેલ છે.

મીલ કંપનીમાં સ્પીન્ડલ્સ છે જે પરથી પહેલા સુપરવાઈઝર કાપડ તયાર કરા-વામાં આવતું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી મીલ કંપનીએ ફેરફાર કરીને ૩૨ નંબરનુ સુતર તયાર કરવાનુ કામ શરૂ કરેલ હોવાથી તેલવાળાઓની કામગીરીમા વધારો થયેલ છે માટે દરેક પાળીમાં એક તેલવાળાની જગ્યા વધારવાની જરૂર છે તેમજ એક એક પટી સાંધવાવાળાની જગ્યા જે રાખવામાં આવેલ નથી તે ચાલુ કરવાની જરૂર છે.

અને જ્યાં સુધી આ જગ્યા ચાલુ ન કરવામા આવે ત્યાં સુધી તેલવાળાઓને યોગ્ય રકમ ચુકવી આપવા જણાવે છે

૪ બીજા પક્ષકાર મીલ કંપનીએ આજ ૫ તો લેખીત જવાબ રજુ કરીને

INDEX

જણાવેલ છે કે તેલવાળાઓને કોઇ ખાસ કામગીરી કરવાની હોતી નથી તેમજ તેમની પાસેથી જે કામગીરી લેવામા આવે છે તે તેમની જ કામગીરી છે અને તેઓ ઘણા વરસોથી તે પ્રમાણેની કામગીરી કરતાં આવેલા છે.

પટા સાંધવાનુ કામ મુળથી જ તેલવાળાઓ કરે છે અને તે બદલ તેઓને દર મહીને રૂા ૭-૫૦ વધારી આપવામા આવે છે તેલવાળાઓને તેઓ કેટલા સ્પીન્ડલસ સંભાળે છે તે પર નકકી કરવામા આવેલ છે તેથી તેમની પાસેથી વધુ કામગીરી કરાવાને વધુ શ્રમભોજ લેવામા આવે છે એવી જે રજુઆત કરેલી છે તેમા કઇ તથ્ય નથી માટે કોઇ જગ્યા વધારવાની જરૂર નથી.

૫ પ્રથમ પક્ષકાર તરફે પોતાની રજુઆતના સમર્થનમા એક કર્મચારીશ્રી બાલાભાઇ ને આક-૧૪ થી તપાસવામા આવેલા છે જયારે બીજા પક્ષકાર મીલે કોઇ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કારણ કે તેઓ એ સ્પીનીંગ માસ્તર શ્રી મહેશભાઇ ની સરતપાસ લઇલેલ હતી અને ઉલટ તપાસ માટે રજુ કરવાના હતા પરતુ તેઓને રજુ કરેલા નથી તેમની ઉલટ તપાસ કરવા માટે તેમને હાજર રાખવા ઘણો સમય આપેલો હતો.

તેમ છતાં મીલ કંપનીએ રજુ નહેલા નથી માટે તેમની સરત ાસ લક્ષમાં લઇ શકાય નહી પરતુ બીજા પક્ષકાર મીલે પ્રથમ પક્ષકાર સંઘ સાથે તા ૨૧-૮-૮૬ ના રોજ એક કરાર થયો છે તે કરાર આંક ૨૧ ની યાદી સાથે રજુ કરેલો છે.

૬ મીલ તરફે શ્રી ભાર્ગવ જોશીની રજુઆત એવી છે કે તા ૨૧-૮-૮૬ના રોજ પ્રથમ પક્ષકાર સંઘ સાથે મીલને કરાર થયેલો છે અને તે કરાર મુજબ થોડલક ખાતામા તેલવાળાઓની જે કુલ ૧૧ જગ્યા હતી તેમથી એક જગ્યા કમી કરવાનુ થયેલ છે અને તે મુજબ નોંધ પાળીમા જે ૪ તેલવાળા હતા તેના બદલે ૩ તેલવાળા રાખવાનું નકકી થયેલ છે.

તદ ઉપરાંત લહરહુ કારથી બીજા કેટલાક હોદ્દાઓની જગ્યા ઓ કમી કરવાનુ નકકી થયેલ છે પ્રથમ પક્ષકાર તરફે શ્રી જોશી સમત થાય છે કે તે મુજબનો કરાર થયેલો તેમની રજુઆત એવી છે કે તેલવાળાઓ અને પટી સાંધના ારની નવી જગ્યા ઉભી કરવા માટેની માગણી અંગે હવે તેઓ આગ્રહ રાખતા નથી પરતુ તેઓની

રજુઆત એવી છે કે આ કરાર થયો ત્યાં સુધી જે તેલવાળાઓ પાસેથી વધારાનું બીજું કામ લેવામા આવેલ છે તે બદલ તેઓને યોગ્ય રકમ મહેનતાણા તરીકે મળવી જોઇએ પરિણામે પ્રશ્ન એ નકકી કરવાનો રહે છે કે તેલવાળાઓ પાસેથી મીલ તરફથી કેટલી વીશેષ કામગીરી લેવામા આવેલ છે જે બદલ તેઓ વધુ રકમ મહેનતાણા તરીકે મેળવવા હકદાર છે કે કેમ જે પુરાવો રજુ થયો છે તે પરથી કામ ઓજ વધ્યાની જે રજુઆત કરવામા આવી છે તેમા કઇ તથ્ય દેખાતુ નથી વીશેષ રકમ આપવાની જે માગણી કરવામા આવેલ છે તે વાજબી જણાતી નથી સદરહુ નિર્ણય અંગેના કારણો સક્ષિપ્તમાં નીચે મુજબના છે.

૭ બળાભાઇ આંક ૧૪ કબુલ કરે છે તેઓ ૧૯૧૧ થી તેલવાળાં તરીકે કામ કરે છે અને ત્યારથી પહેલી અને બીજી પાળીમાં ચાર તેલવાળાઓ કામ કરે છે અને ત્રીજી પાળીમાં ૩ તેલવાળાઓ કામ કરે છે અને ત્યારથી કોઇ પટી સાંધનારને રાખવામા આવેલા નથી.

મીલ કંપની પણ કબુલ કરે છે કે કોઈ પટી સાંધવાવાળાને રાખવામાં આવેલ નથી પરતુ પટી સાંધવાના કામગીરી તેલવાળાઓની પાસેથી લેવામા આવે છે અને તે બદલ તેમને માસીક રૂ ૧૫ લેખે વધારાની રકમ ચુકવી આપવામા આવે છે શ્રી ભલાભાઇ સંમત થાય છે કે તેઓને તે રકમ વધારાની ચુકવવામા આવે છે પરતુ આ જોશીની રજુઆત એવી છે કે પહેલા ૬૬ સાંચા હતા તેમાથી સાચની સખ્યા હાલમા વધારીને ૧૦૮ કરવામાં આવેલ છે માટે તેલવાળાઓનો શ્રમભોજ વધ્યો છે શ્રી સુરેન્દ્ર જોશીના વશેષમાં રજુઆત એવિ છે કે સુપર ૪ સુપર કરવામાં આવે છે ત્યારે ઓછા ટોપલા લાવવા પડતા પણ હાલમા કાઉન્ટરમા ફેરફાર કરી શુતર તયાર કરવાનું હોવાથી વીશેષ ટોપલા ઉચકવા પડે છે.

શ્રી ભાર્ગવ જોશી સંમત થાય છે કે સાંચાઓની સખ્યા થોડીક વધી છે પરંતુ તેમની રજુઆત એવી છે કે જેટલા સ્પીન્ડલસ તેલવાળાઓ સંભાળે તે મુજબ તેમને વેતન ચુકવવામા આવે છે આ રજુઆત સાથે શ્રી જોશી સંમત થાય છે શ્રી ભાર્ગવ જોશી સમત થાય છે કે હવે સુપર ફાઇનને બદલે કે સ' હાઉટ કાઢવામાં આવે છે જેથી તેલવાળાઓને થોડાક ટોપલા વીશેષ ઉચકવા પડે

પરંતુ આ જાતની કામગીરી વધવાથી તેમના શ્રમભોજમાં વધારો થયેલ છે

એમ કહી શકાય નહી તેઓએ તે જેટલા સમયમાં કામ કરવાનુ છે તે જ કરવાનુ છે પરંતુ પટી બાંધવાવાળાની જગ્યા રદ્દ કરવામાં આવેલી નથી તેથી તેઓને પટી બાંધવા બદલ છે તે બાબતમાં તેઓને રૂા. ૭-૫૦ પૈસા દર મહીને વળતર ચુકવી આપવામાં આવે છે અને તેમાં ફેરફાર કરવાની જરૂર છે કે સુધારો કરવાનો હાલમાં આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ છે જેના કારણે અમદાવાદની ઘણી મીલો બંધ પડેલી છે અને તે બંધ થયેલ મીલોમાંથી કેટલીક મીલોને કેન્દ્ર સરકાર નેશનલ ટેક્ષટાઇલ કોર્પોરેશનની રચના કરીને ચલાવે છે જ્યારે કેટલીક બંધ મીલોને રાજ્ય સરકાર પોતાનુ સ્ટેટ ટેક્ષટાઇલ કોર્પોરેશન રચીને ચલાવે અને આ બધી મીલો જે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કોર્પોરેશનની હસ્તક છે તેમાંથી મોટા ભાગની મીલો ખોટ કરે છે

આ પરિસ્થતી લક્ષમાં લઈને આટલી થોડીક કામગીરી વધેલી છે તેના કામદારોના શ્રમઐજમા લક્ષમાં લઈ શકાય તેવો વધારો થયેલ છે એમ કહી શકાય નહી અને નોંધ લેવાની જરૂર છે કે પ્રથમ પક્ષકાર સંઘેજ મીલ કંપની સાથે મોરલ્ય આતા કામદારોની સંખ્યા ઘટાડવા અંગેની કરાર કરેલી છે અને તે કરાર કરતી વખતે જો તેમને વાજબી લાગ્યુ હોત કે તેલ વાળાઓનો શ્રમ ઓજ ઘણો વધુ છે.

તો તેઓએ તેલવાળાઓની જગ્યા કમી કરવા માટે સમત થયા હોત નહી આ બંધા સંજોગો લક્ષમાં લેતાં કામદારોને વિશેષ મહેનતાણુ વળતર તરીકે ચુકવી આ વાની જે માગણી કરવામાં આવેલી છે તેમાં કોઈ તથ્ય જણાતુ નથી. પરીણામે સંઘની માગણી લક્ષમાં લઈ શકાય તેમ નહી હોવાથી તે માન્ય રાખવામા આવતી નથી.

પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

૮ પક્ષકારોએ તા ૨૧-૮-૮૬ ના રોજ થેલેલ બાતામાં કામદારોની સંખ્યા ઘટાડવા અંગેનો કરાર કરેલો છે તે લક્ષમા લેતા થેલલ બાતમા તેલવાળાઓની અને પટીવાળાઓની નવી જગ્યા વધારવાની માગણી અસ્તુત બને છે તે માટે ગ્રાહ્ય

રાખવામાં આવતી નથી તદ ઉપરાંત તેવાળાઓને વીશેષ રકમ વળતર તરીકે મળવી જોઇએ એવી જે માગણી કરેલ છે તેમા પણ કઇ તથ્ય જણાતુ નથી ખાસ સંજોગો લક્ષમાં લેતા ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(આર કે પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુબઇ ઔધોગીક સબધક અધીનિયમ૧૯૪૧
અમદાવાદ

અમદાવાદ તા ૨૮-૨-૯૧

સને ૧૯૪૧ ના મુબઇ ઔધોગીક સંબધક અધીનિયમ અન્વયેના સહાયક સઘ નિબંધક દવારા

કમાંક (ખ) શમક ૨૮૪૨૦ આર, યુ સને ૧૯૪૧ ના મુબઇ ઔધોગીક સબંધક અધીનીયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૧૧ ના મુબઇ ઔધોગીક સબંધક ગુજરાત નિયમોના નીયમ ૭૦થી ૪ને આપવામાં આવેલી સતાની રૂએ હુ ટેક્ષ ટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને અરવીંદ મીલ્સ અમદાવાદની વચ્ચે ઔધોગીક વીવાદમા ઔધોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીચેડાની સને ૧૯૬૨ ના ફેબ્રુઆરી માસના ૨૮મા દીને આથી નોધ કરૂ છુ.

ઔધોગિક અદાલત ગુજરાત રાજય અમદાવાદ
શ્રી બી એમ ભટ્ટ સભ્ય રુબરૂ
રેફરન્સ (આઈસી) ન ૭૫/૧૯૬૦
ટેક્ષટાઇલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ
અને
અરવીંદ મીલ્સ અમદાવાદ — બીજા

INDEX

યુનીયનની માંગણી મીલ કંપનીના ઓટો શાળ ખાતામા આસી ટેકલરોને વર્ષમાં બે જોડી કપડા અને વોશીંગ એલાઉન્સ આપવા બાબત

ઉદ્યોગ કાઢન ટેક્ષટાઇલ

૧ ડાહ્યાનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને અન્ય પક્ષકાર મીલ કંપની માં ઓટો શાળ ખાતામાં કામ કરતા આસી ટેકલરોને વર્ષમા બે જોડી કપડા તથા વોશીંગ એલાઉન્સ આપવા અંગે ફેરદારની નોટીસ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતા તે રેફરન્સ ઉપસ્થિત થયેલ છે

૨ ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનીયને આ૬ ૧૫ નું પુરસીસ આપી જણા વેલ છે કે રેફરન્સ (આઇસી) નં ૧૧૮ ૮૫ માં શ્રી એન એ ચોહાણ સબય ઔધોગીક અદાલતે એવોડ કરી અને ટેકલરોને યુનીયન આપવાનો હુકમ કરેલ છે આ સંજોગોમા તેઓ આ રેફરન્સ ચાલુ રાખવા માગતા નથી અને પાછો ખેચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશુ વાંધાજનક જણાતું નથી અથી હુ નીચે મુજબ હુકમ કરુ છું

હુકમ

૩ યુનીયનને રેફરન્સ પાછો ખેચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને બાબતમાં કોઇ હુકમ કરવામા આવતો નથી

(આર કે પરમાર)
સહાયક સચિવ નિર્ણાયક
મુંબઇ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૨૮-૨-૯૨

સને ૧૯૪૭ના મુબઇ ઔદ્યોગીક સબધ અધીનિયમ અન્વયેનો સહાયક સંધ નિર્ણયક દ્વારા

ક્રમાંક ખ શમક ૨૮૪૨૧ આરયુ સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગીક સબધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૧૧ ના મુબઈ ઔદ્યોગીક સબધ ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું ટેક્ષટાઇલ લેબર એસોશીએશન અમદાવાદ અને ધી ન્યુ રાજપુર મીલ્સ કું લી અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમા ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિરેડાની સને ૧૯૬૨ના ફેબ્રુઆરી માસના ૨૮ દીને આથી નોંધ કરૂ છુ

ઔદ્યોગીક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી બી એમ ભટ્ટ

સભ્ય રજીસ્ટ્રાર

રેફરન્સ આઈસી નં ૧૨૩ ૬૨

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન - પ્રથમ પક્ષકાર
અમદાવાદ

અને

ન્યુ રાજપુર મીલ્સ કંપની લી. - બીજા પક્ષકાર
અમદાવાદ

મીલ કંપની રીગ ફ્રેમ ખાતામાંથી બે સફાઈ વાળાની જગ્યા કમી કરવા માંગે છે, વી અંગે

ઉદ્યોગ કાદાન ટેક્ષટાઇલ

૧ હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકાર મીલ કંપની તેના રીગ ફ્રેમ ખાતામાંથી બે સફાઇવાળાની જગ્યા કમી કરવા માગેછે વી અંગેમીલ કંપનીને યુનિયનને ફેર કારની નોટીસ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અદર કોઇ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨ ચલુ રેફરન્સે મીલ કંપનીએ આંક ૬ ની પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપની તેની ફેરફાર નોટીસ પાછી ખેચી લે છે જ્યારે યુનિયને આંક ૮ ની પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછુ ખેચી લેતુ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવાં માંગતુ નથી અને તે પાછુ ખેચી લેવાની પરવાનગી માંગે છે

જે પરવાનગી આપવામા કાયદા વાંધ જણાતુ નથી આથી હુ નીચે મુજબ હુકમ કરુ છુ

હુકમ

૩ યુનિયનને રેફરન્સ પાછો ખેચી લેવાની પરવાનગી આપવામા આવે છે અર્થ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિયંધક
મુબઇ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૨૮-૨-૬૨

સને ૧૯૪૭ ના મુંબઇ ઔધોગિક સબધક અધીનિયમ અન્વયેના સહાયક સંધ નિયંધક દ્વારા

ક્રમાંક બ શ્રમક ૨ ૪૨૨ આરૂધ સને ૧૯૪૬ ના મુંબઇ ઔધોગીક સબધક અધીનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૧૧ ના મુંબઇ ઔધોગીક સબધક ગુજરાત નીયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રુ એ હુ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ નાં કોટન મીલ અમદાવાદી વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયલયે અપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૫૨ ના ફેબ્રુઆરી માસ ના ૨૮ માં દીને આથી નોંધ કરૂ છુ

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

આ બી એમ ભટ્ટ સભ્ય કુબર

રેફરન્સ (આઇસી) નં. ૬૪ ૮૯

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ

અને

અમદાવાદ કોટન મીલ — બીજા પક્ષકાર
(જી એસ ટી, સી)
અમદાવાદ

મીલ કંપની કાયમી જગ્યાઓમાંથી તે જે જગ્યા નિવૃતી વયે અથવા રાજી નામા આપી છુટા થયેલા કામદારોની જગ્યાઓ નાબુદ કરવા માંગે છે વિ. અંગે

ઉદ્યોગ કોટન ટેક્ષટાઇલ

૧ હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપની તેની કાયમી જગ્યાઓ નિવૃત અથવા તો રાજીનામા આપી છુટા થયેલા કામદારો ની જગ્યાઓ નાબુદ કરવા માંગે છે વિ. અંગે મીલ કંપની ને યુનિયન ને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતા તે ઉપસ્થિત થયેલ છે

૨ આલુ રેફરન્સે મીલ કંપનીએ આંક ૨૦ નુ પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપની તેની નોટીસ ઓફ ચેન્જમાં જણાવેલ માગણી અમલ ચલાવવા માંગતી અને આ સંજોગોમાં યુનિયને આંક ૨૧ નુ પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપની તેની નોટીસ ઓફ ચેન્જ પાછી ખેચી લેતા હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તે પાછો ખેચી લેવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં કશુ વાંધા જનક જણાતું નથી આથી હું નીચે મુજબ હુકમ કરું છું

હુકમ

૩ યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને બાબત કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(બી. એમ ભટ્ટ)
સભ્ય,
ઔદ્યોગીક અદાલત ગુજરાત
અમદાવાદ

અમદાવાદ તા. ૨૭-૧-૬૨

સને ૧૯૪૭ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયેના સન્દ્ધ નામંધક દ્વારા

ક્રમાંક ખ ઔમક ૨૮૪૨૪ આર યુ સને ૧૯૪૭ના મુબઇ ઔદ્યોગીક સંબધક અધીનીયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૧૧ મુબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાના રૂએ હુ રેફ્લટાઇલ લેબર એસોસીએસન અમદાવાદ અને ધી કોન્ટીનેન્ટલ રેફ્લટાઇલ મીલ્સ (ભારત વીજય મીલ્સ) વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબનો નીવેદાની સને ૧૯૬૨ ના ફેબ્રુઆરી માસના ૨૮ માં દીને આથી નોંધ કરૂ છુ,

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજય અમદાવાદ
શ્રી બી એમ ભટ સભ્ય રૂબરૂ
રેફરન્સ (આઇશી) ન ૧ ૪/૬૧

રેફ્લટાઇલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
ભદ્ર અમદાવાદ

અને

ધી કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ (ભા.ત વીજય મીલ્સ લીમીટેડ) - બીજા પક્ષકાર

યુનીયનની માંગણી સફાઈવાળાની જગ્યા ઉપર શ્રી વજાજી રણછોડજીને મુકવા બાબત

પ્રથમ પક્ષકાર યુનીયન તરફે શ્રી એસ એમ જોશી

મીલ કંપની તરફે કુ. મી ાબેન શાહ

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧ કામનો આ રેફરન્સ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન જેને હવે છી યુનીયન તરીકે ઓળખવામા આવશે તેણે બીજા પક્ષકાર મીલ કંપનીમા કામ કરતા વજાજી રણછોડજીને સફાઇવાળા તરીકે મીલ કંપની ચાલુ રાખે અને તેને જે આર્થીક નુકશાન થયુ હોય તે ભરપાઇ કરી આપે તેવી માંગણી કરી અને ઉપસ્થિત કરવામાં આવેલ છે

૨ યુનીયનને ફેરકારની નોટીસ આક ૧ ની આપેલ અને જેમા સમાધાન અધીકારીશ્રી રૂબરૂ સમાધાન થયેલ ન હોઈ તે અંગેનુ પ્રમાણપત્ર આંક ૨ થી રજુ કરવામાં આવેલ છે

આસી. કલરમેન	૦=૭૫	,,
હેલ્પર	૦-૭૫	,,

૩ આ સમાધાનથી એજેવીગમાં કામ કરતા કારીગરોને તેમના શ્રમ બોજના નીચે જણાવ્યા મુજબના પૈસા આપવામાં આવશે

એકસપોઝર	૧=૦૦	રોજના કામના દીવસના બેજીક પગારમાં
હેલ્પર	૦-૭૫	,,
હેલ્પર	૦-૭૫	,,

(આર કે પરમાર)
સહાયક સચ ીવશ્રી
ુ ંબઇ ઔદ્યોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૨૭-૬-૯૨

સને ૧૯૪૧ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ
નિબંધક દ્વારા

કમાંક અ સમક ૨.૫૮૨ આરપુ સને ૧૯૪૧ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૫૮ ૧ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નીયમોના નિયમ ૧૫ થી મને આપવામાં આવેલી સતાની રુ એ હુ ઇસ્તમ મીલ્સ એન્ડ ઇન્ડસ્ટીઝ અમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ સમાધાન અધીકારી શ્રીમતી અવનીબેન શાહ દરમ્યાન ગીરીથી થયેલ નીચે મુજબની પતાવટના સને ૧૯૬૨ના એપ્રીલ માસના તેરમા દીને આથી તોંધ કરૂ છુ

સમાધાન કાર શ્રીમતી અવનીબેન એસ. શાહ સમક્ષ
(મુબઇ ઔદ્યોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭)

સમાધાનનુ અલ પત્રક

પક્ષકારોના નામ

કેસ નબર બી. આર૦ સી. ૨૧૮/૬૧

૧) માલીકના પ્રતી નિધી

૧:- શ્રી એચ સી, દવે
ફેક્ટરી મેનેજર
ઇસ્તમ મીલ્સ એન્ડ
ઇન્ડસ્ટ્રીઝ દુધેશ્વર
રોડ અમદાવાદ

૨) કામદારોના પ્રતી નિધી

૧:- મત્રીવતી વીજયભાઇ
હાડીયોલ ધી ટેક્ષ-
ટાઇલ લેબર એસો-
સીએશન અમદઅમદાવાદ

કેસની ટુંકી વિગત

તારીખ ૨૬-૮-૬૧ના રોજ ઉપરોકત સંસ્થાનાં વ્યવસ્થાપકોએ નમુના કેસ્સો

સુત શ્રી કાપડ ઉદ્યોગ મજૂર મહાજન અમદાવાદ કહેરના સ્થાનીક વીસ્તારમાં પ્રતી નિધીત્વ
અને માન્યના ધરાવતા ઉપરોકત મંડળને મીલ્સ કંપનીના બ્લાચીંગ ફીનીશીંગ
ખાતામાંથી (આઠ કાયમી કામદારોની જગ્યાઓ રાજીનામાથી ટ્રાન્સફર કે ફેર
ગોઠવણી કે માણુ થવાથી વય મર્યાદાને લઈ કે અન્ય કોઈ કારણસર ખાલી પડેલી
જગ્યાઓ ઉપર ભરવા કરીને કમી કરવા અંગેની આંકણી રજુ કરતી ફેરફારની નોટીસ
આપી હતી સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહી થઈ શકવાથી સદરહુ
કારસ્થએ તારીખ ૪/૬/૬૧ના રોજ સમાધાનકારને નમુના એન માં અહેવાલ મોકલી
આપ્યો હતો જે તા ૨૪/૬/૬૧ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા ૨૪/૬
૬૧ના રોજ સમાધાનકારની ઓફીસમાં નોંધવામાં આવ્યો હતો સદરહુ બાબતમા
સમાધાનની કાર્યવાહી જેવખતો વખત અને પક્ષકારોની સમતીથી મુલતવી રાખવામા
આવી હતી તે તા ૪/૧૦/૬૧ થી તા ૨૭-૬-૬૨ સુધી ચાલી હતી જેમાની છેલ્લી
જગ્યાવેલીતારીખે અને પક્ષો વચ્ચે મુબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમ ૧૯૪૭ની
કલમ ૭૮(૧) મુજબ નીચે મુજબ સમાધાન થયુ છે.

સમાધાનની શરતો

આ સાથેના જોડેલ પરીશીષ્ટ મુજબ

(આર કે પરમાર)
સહાયક સક્ષ નિબંધક
મુબઈ ઔદ્યોગીક સબંધ અધીનીયમ ૧૯૪૭
અમદાવાદ.

અમદાવાદ તા ૧૬-૪-૬૨

કસ્તમ મીલ્સ લીમીટેડ લી અમદાવાદ

સમાધાનની શરતો

(૧) કસ્તમ મીલ્સ કંપનીના બ્લાચીંગ ફીનીશીંગ ખાતામાં કાયમી કામદારોની
કુલ ૬૫ જગ્યાઓમાંથી મીલ્સ કંપની ૮ કાયમી કામદારોની
જગ્યા કમી કરી શકશે કાયમી કામદારોની મશીન પાળીવાર વીગત
પરીશીષ્ટ અ માં સામેલ છે

INDEX

(૨) સદરહુ કાયમી કામદારોની જગ્યાઓ નીચે જણાવ્યા મુજબ કમી કરી શકશે

(અ) સદરહુ કાયમી જગ્યાઓ કમી કરવા માટે મજુર મંડળ અમદાવાદ મળેલા રાજીનામું સ્વીકારતા કમી કરી શકશે અથવા મરણ થવાથી વૃધ્ધાવસ્થાને લીધે કે અન્ય કોઇ કારણસર ખાલી પડેલી જગ્યાનો ઉપયોગ કરી કે કમી કરી શકાશે,

(બ) સદરહુ કમી થતી કાયમી જગ્યાના રાજીનામા પુરતા ન આવે તો વચગાળાના સમયમાં વધતા કારીગરોને તેજ ખાતામાં કે પ્રોસેસીંગના ખાતામાં વેઇટપીક કામ સોંપી શકાશે અને લાગતા વળગતા કારીગર કામ કરવાનુ રહેશે આ રીતે કામ આપતા જો તેમને મળતા પગારમાં ઘટ પડતા હશે તો તે તેમને તેમનુ અગત પગાર તરીકે આપવામા આવશે

(ક) સમાધાનથી તેજ ખાતામાં કે પ્રોસેસીંગના ડાઇગ ફિનીશ ખાતામાં કે બીજે ખાતામાં ટ્રાંસફરથી કે ફેર ગોઠવણીથી મુકવા છતાંપણ કારીગરો વધતા હશે અને તે કારીગરો છુટા થવા આંચના ન ઇચ્છે તો તેજ ખાતામાંથી પ્રોસેસીંગ ખાતામાંથી રાજીનામા આવશે.

તો તે ખાતામાં ટ્રાનસફર ફેરગોઠવણી કરી લાગતા વળગતા કારીગરોને મુકી કામ આપી શકશે તેમ છતાં પણ કારીગર વધે અને તા સુધીમાં ખાલી થયેલી જગ્યાના કારીગરના રાજીનામા ન આવે તો શું કરવુ તે બાબતે પક્ષકારોએ નક્કી કરવુ અને તે અંગે મીટીંગ કર્યેથી એક્ષ્ટેતમાં ઉદ્યોગીક અદાલતમાં માંગણી કરશે

(૩) ત્રણે પાળીમાં ઉત્પાદન જે વાર છેડા વાળે ત્યારે રોજના ૫૦ પૈસા પેઇજકમાં આપવા આ લાભ બદલી વાળાને પણ આપવામાં આવશે.

INDEX

(૪) આ સમાધાનથી હીનંશીંગ ખાતાના પ્રિમાટેક્ષ કામાટેક્ષ તથા આર્ટીસ મશીન ઉપર હાલમા પાળીવાર આર કારીગર કામ કરે છે તેના બદલે ત્રણ કારીગર કામ કરશે અને નાબુદ થતી જગ્યાનુ કામ ત્રણે કારીગરોએ સાથે મળી ને કરી લેવાનુ રહેશે અને તેને માટે રોજના કામના રૂા ૧–૫૰ તેમના મેજીક પગારમાં પગાર વધારો આપવામાં આવશે

(૫) છુટા થવા માંગતા કારીગરોના રાજીનામા આ સમાધાન હેઠળ સ્વીકારી ઈન્ડસ્ટીયલ ડીસ્પ્યુટસ એકટ મુજબ છટણી વળતર આપવામાં આવશે તથા ગેજ્યુઈટી એકટ મુજબ થતી ગેજ્યુ-ઈટી ની રકમ આપવામાં આવશે તથા વણ ભોગવેલ હકક રજા તથા ચાલુ વર્ષની પ્રોરેટા મુજબ થતી હકક રજા ની રકમ આપવામાં આવશે

પ્રોવીડંટ ફંડની બંને કાપાની રકમ પુરી તાત્કાલીક મળે તે માટે ભલામણ કરવામાં આવશે

(૬) આ સમાધાન હેઠળ સ્વેચ્છીક રીતે છુટા થતા કારીગરો ને ઔધોગીક વીવાદ ધારો ૧૯૪૭ ની કલમ ૨ ૦૦ એ મુજબ વળતરમાં આવરી લેવાયેલ ન હોવા છતાં બંને પક્ષકારોની સમતીથી વળતર આપવામાં આવશે

(૭) આ સમાધાનના અમલ માટે ભવીષ્યમાં કોઈ ઝઘડો કે મતભેદ ઉભો થશે તો બને પક્ષકારો સાથે મળી તેનો નીકાલ કરશે અને તે આખરી ગણાશે અને તે બાબતો વળગતા તમામને બધ્ધન કર્તા રહેશે

(૮) આ સમાધાનનો અમલ તાત્કાલીક કરવામાં આવશે

(શ્રીમતી અનસુયેન શાહ)
સમાધાનકાર
મુંબઇ ઔધોગીક સંબધ અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા ૨૭ ૩ ૬૨

પરીશીષ્ટ અ

ફ્રેન્ચમ મીલ્સ ઇન્ડસ્ટ્રીઝ લી, અમદાવાદ

બ્લીચીંગ ફીનીશીંગ ખાતાના કાર્ડ ઓરેાની મશીન પાળી વાર વિગત

અનું. નંબર	મશીન હેાદા	હાલની કાયમી જગ્યા			
		૧લી	૨જી	૩જી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧	સ્ટીચીંગ	૨	૨	—	૪
	કેાપીઝગીવરીંગ	૩	—	—	૩
	સીંજીંગ	૨	—	—	૨
	સુપર જીએા	૩	૩	—	૬
	કેમીક એાય	૧	—	—	૧
	બ્લીચીંગ	૩	૩	૩	૯
	કુલ	૧૪	૮	૩	૨૫
	ફીનીશીંગ				
	ડ્રોઇંગ રેન્જ	૩	૩	૩	૯
	અટેાસે	૪	૪	૪	૮
	કામાટેક્ષ	૩	૪	૪	૧૧
	પ્રીમાટેક્ષ	૪	૪	૪	૧૨
	મસંરાઇઝ	૪	૪	૧	૯
	કેાટીંગ રીકવરી	૧	૧	—	૨
	સેન્ફેારાઇઝ	૪	૪	૧	૯
	કેલેન્ડર	૨	૨	૧	૫
	હેંકપર	—	—	૪	૪
		૨૬	૨૬	૧૮	૭૦

INDEX

કમી થતી કાયમી જગ્યા

અનં	મશીન ટોટો	૧લી	૨જી	૩જી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧	સ્ટીચીંગ	—	—	—	—
	કાપીંગ એંગીયરીંગ	—	—	—	—
	સીંગીંગ	—	—	—	—
	સુપર વીવર	—	—	—	—
	ફ્રેમીંગ બોમ	—	—	—	—
	બ્લીચીંગ	—	—	—	—
	કુલ	—		—	—
	ગ્રીનીંગ	—	—	—	—
	ડોબ્બન રેજ	—	—	—	—
	બટોચે	૧	૧	—	૨
	ફ્રામાટેક્ષ	૧	૧	૧	૩
	પ્રીમાટેક્ષ	૧	૧	૧	૩
	મસુરાઇઝ	—	—	—	—
	ફોલ્ટીંગ રીકવરી	—	—	—	—
	સ-ફોરાર્ઠ	—	—	—	—
	કેલેન્ડર	—	—	—	—
	હેન્ડર	—	—	—	—
	કુલ	૩	૩	૩	૬

૬મી યજ્ઞા પછીની કાયમી જગ્યા

અનં.	મશીન હોદ્દા	૧લી	૨જી	૩જી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧	કટીંગ	૨	૨	—	૪
	કોપીહોગીયરીંગ	૩	—	—	૩
	સીંગ	૨	—	૦	૨
	સુપર ફીનીશ	૩	૩	—	૬
	કેમીકલ મોલ્ડ	૧	૦	૦	૧
	ગ્રાઈન્ડીંગ	૩	૩	૩	૯
	કુલ	૧૪	૯	૩	૨૫
	હોનીંગ	૩	૩	૩	૯
	ડ્રોઈંગ રેન્જ	૩	૩	—	૬
	ઓટોસેટ	૩	૩	૩	૯
	હાઈડ્રોલેક્ષ	૩	૩	૩	૯
	ન્યુમેટેક્ષ	૪	૪	૧	૯
	મસ્ટરમેક	૧	૧	૦	૨
	ફોરટીંગ રીકવરી	૪	૪	૧	૯
	સ્ક્રોરાઈક	૨	૨	૧	૫
	ક્લેન્ડર	૨	૨	૧	૫
	હેન્ડર	—	-	૪	૪
	કુલ	૨૩	૨૩	૧૬	૬૨

(આર ડે, પરમાર)
સહાયક સંચાલક
અમદાવાદ

અમદાવાદ તા. ૨૭-૩-૬૨

સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગીક સંબધક અધીનીયમ અન્વયેના સહાયકશ્રમ

ક્રમાંક ખ શ્રમક ૨૮૫૮૨ આર યુ સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબધક અધીનિયમની કલમ ૫૮ ૧ અને સને ૧૯૬૧ ના મુબઇ ઔદ્યોગીક સબધક ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સતાની રૂએ મે વાય એસ સિન્ટેક્ષ લી અમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ સમાધાન અધિકારી શ્રીમતી અવનીબેન શાહ દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૬૨ ના એપ્રીલ માસના તેરમા દીને આથી નોધ કરુ છુ

સમાધાનકાર

શ્રી અવનીબેન એસ શાહ સમક્ષ

મુબઇ ઔદ્યોગીક સંબધક અધિનિયમ ૧૯૪૬

સમાધાનનુ ખત પત્ર

કેસ નં બી આર સી ૧૪૬-૬૧

વક્ષકારોના નામ

બાલીકોના પ્રતીનીધી વાય એસ સિન્ટેક્ષ લી અમદાવાદ

મેનેજર શ્રી કે એમ આચાર્ય

કામદારોના પ્રતીનીધી ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ

મંત્રીવતી શ્રી ચુનીકમાન પટાણ.

કેસની ટુંકી વીગત

તા ૪-૬-૬૬ના રોજ ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકો એ નમુના કે મા

INDEX

સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમા પ્રતીનીધીત્વ અને માન્યતા ધરાવતા મંડળને મીલ્સ કુ કાર્ડ ખાતાની કાયમી સર્ટેન્ગથને તેમના ખાતામા ટ્રાનસફર કરી સાત દીવસ વર્કીંગ અને શીફટીંગ પ્રમાણે તણે પાળા નીયમીત દર મહીને ચલવવા માંગે છે વીગેરે અંગેની માગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી સદરહુ બાબતમા પક્ષકારો વચ્ચે કરાર નહી થઇ શકવાની સંસ્થાએ તા. ૧૪-૮-૬ ના રોજ સમાધાનકારને નમુના એન મા અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૨૭ ૮ ૬૧ના રોજ સમાધાનકાર ને મળ્યો હતો અને તા ૩-૬ ૬૧ ના રોજ સમાધાન કારના પત્રકો નોધવામા આવ્યો હતો સદરહુ બાબતમા સમાધાનની કાર્યવાહી તા ૧૩ ૬ ૬૧ થી તા ૨૭-૭-૬૨ સુધી ચાલી હતી જેમાની છેલ્લી જણાવેલ તારીખે અને પક્ષો વચ્ચે મુખ્ય ઔદ્યોગીક સંબધ અધીનીયમ ૬૪૬ ન કલમ ૫૮ ૧ મુજબ નીચે પ્રમાણે સમાધાન થયુ છે

સમાધાન

૧ વાય એસ સીનટેક્સ પ્રોજેક્ટ લી અમદાવાદ તેના સ્થાનીકસુતરાઉ કાપડ ઉદ્યોગમાં પ્રતીનીધીત્વ ધરાવતા યુનીયનને જુનુ શાળ ખાતુ તથા તેમે સલગ્ન ખાતાઓ બધ થવાથી હાલમાં રીગ્રફેમ ખાતા માં ૮૪ સાચાઓ ચલાવવામાં આવે છે જેથી તેને અનુરૂપ થઇને કાર્ડ ખાતુ ચલાવવામાં આવશે અને તેમા આ સાથેના પરીશીષ્ટ અ મુજબનુ કાયમી સ્ટેન્ગથ હપ્તાદાર કેટેગરીનુ રાખવામાં આવશે.

૨ મીલ્સ કુ માં હાલમા ૧૦૦ કાર્ડના મશીનો છે તેમાથી જુના તથા ઓછુ ઉતપાદન આપતા કાર્ડ મશીનો મીલ્સ કુ કાર્ડી શકશે અને બાકીના કાર્ડ નવી પધ્ધતીથી અને નવા ધોરણે ફેરફાર કરીને ૨૭ ૪૦ડીયા રોલના કાર્ડ તથા ૧૩ ટેનડમ કાર્ડ એમ કુલ ૪૦ સેમા હાઇ સ્પીડ કાર્ડ ચલાવશે અને ૨૦ સાદા મેટાલીક કાર્ડ એમ કુલ મળી ને ૬૦ કાર્ડ મીલ્સ કુ ચલાવશે

૩ મીલ્સ કુ.ના કલમ નં. (૨) માં દર્શાવેલ ફેર ફાર કરવા માટે કાડ઼ ખાતાના હકતાદાર કારીગરો માટેનીચે મુજબ વ્યવસ્થા કરશે :-

(અ) સ્ટીપર

મીલ્સ કુ.માં હાલમાં ત્રણેય પાળીમાં ૨+૨+૨ = ૬ સ્ટીપરની કાયમી જગ્યા છે જ્યા કરારથી મીલ્સ કુ કાયમ દીવસ પાળીમાં ૨ કાયમી સ્ટીપર રાખશે અને બીજી અને ત્રીજી પાળીમાથી સ્ટીપરની જગયા કમી કરી શકશે દીવસ પાળીના બને સ્ટીપરો એ ખાતામા ચાલતા કાડ઼ મશીનોનુ સરખે ભાગે વહેચીનેસ્ટીપીગ કરીને કાડ઼ ચાલુ કરાવશે

તેમજ રીસેસ પહેલા અને રીસેસ પછી નિયત સમય મુજબ લાઈન મેનને ૨૦ મીનીટની રીસેસ દરમ્યાન છોડાવશે અને કટલી ના થેલા ભરીને વેસ્ટ ગોડાઉન ઉપર મુકી આવશે આ ઉપરાંત હાલમા આ સીવાયની બીજી જે કોઈ કામગીરી તેઓ કરતા હશે તે ચાલુ રાખશે

આ અંગે દીવસ પાળી ના સ્ટીપર શ્રી ભગતસીહ લાલુભા અને શ્રી નાથાભાઈ દલાભાઈ ને તેમને હાલમા મળતા બેઝીક પગારમાં રૂા ૧૭-૫૦ ઉમેરી આપવામાં આવશે સ્ટીપીગ નો કામ ઉપરાત તેઓએ ઝાડુ વાળાની ફરજોનુ કામ પણ તેઓએ કરવાનુ રહેશે

(બ) લાઈનર

મીલ્સ કુ.માં કલમ નં ૨ મા જણાવ્યા પ્રમાણેનાં કાડ઼ ના મશીનો ચલાવવા માટે ત્રણે પાળીમા ૬+૫+૫ = ૧૬ લાઈનર રાખવામાં આવશે

ઈન્ડિયા રોલના ૨૭ તથા ટેન્ડમના ૧૩ મળી કુલ ૪૦ કાર્ડ઼ માટે ૪ લાઈનર રાખવામાં આવશે સદરહુ કાર્ડ઼ની રપીડ ૨૪

આર પી એમ થી વધારે રાખવામાં આવશે નહી આ દરેક લાઇનરને ૧૦ કાર્ડ ચલાવવાના રહેશે તેઓને આઠ કાર્ડ ચલાવવા માટે બેઝીક ૧૭૫૨ રૂા ૩૪૭ ૬૨ આપવામાં આવશે અને વધારાના દરેક એક કાર્ડ દીઠ બેઝીકમાંથી ૧૦ ઉમેરી આપવામાં આવશે બાકી રહેતા એક લાઇનર બંતામાં ચાલતા સાદામેદાલીક કાર્ડ ચલાવવાના રહેશે.

આ તમામ લાઇનરોને તેમને સોપેલા મશીનો પુરેપુરા સંભાળીને ચલાવવાનાં તેમજ પ્રોડકશન જાળવી રાખવાની જવાબદારી તેઓની રહેસે આઉપરાંત તેઓને સોપાયેલ મશીનોની વ્યવસ્થિત સફાઇ કરવાની રહેશે તેમજ સેકટ વેસ્ટ ઓછો પડે તે રીતે લેપ તથા રબાઇવનુ પીસીંગ કરવાનુ રહેશે આ ઉપરાંત હાલમાઅન્ય જે કાંઇ કામગીરી તેઓ કરતા હશે તે ચાલું રાખશે

(૬) લેપમેંન;

મીલ્સ કુાં માં આ કરારથી લેપમેનના હાલના કાયમીસ્ટેથન્ગમાં કોઇ જાતનો ફેરફાર કરવામાં આવતો નથી અને આ નવા કરારથી ત્રણે પાળીમાં ૩+૩+૨-૬ લેપમેન રાખવામા આવશેઅને તેઓને સોપાયેલ મશીનો ઉપર મીલીંગ મુજબના લેપ મુકવાના રહેશે તેમજ લાઇનમેનને ફાળવેલ રીસેશનાં સમય મુજબ બહાર છોડાવવાના રહેશે તથા લીકરીંગ ટ્રે પીંગ કાઢવાનુ રહેશે આ ઉપરાંત લેપના ટુકડા ભેગા કરી મીલીંગ મુજબનુ વજન કરાવી વલેા રૂમમા રુબરૂ આપી આવવા રહેશે તથા મુકરદમ અન્ય જે કોંઇ સુચના આપે તેનો અમલ કરી ને મુજબ કામ કરવુ રહેશે આ ઉપરાંત હાલમાં આ સીવાય જે કોઇ અન્ય કામગીરી તેઓ કરતા હશે તે ચાલું રહેશે

વેસ્ટના થેલાં લેપમેને વેસ્ટ ગોદામમાં મુકવાના રહેશે અને દરેક લેપવાળાને વધારાની કામગીરી પેટે હાલમાં મળતા રૂા ઉપરાંત રૂા ૫ બેઝીક પગારમાં વધારો આપવામા આવશે

INDEX

(૬) સફાઇવાળા

મીલ્સ કુાં માં હાલમાં દીવસ તથા બીજી પાળીમાં ૩+૩+કુલ ૬ સફાઇ વાળા છે જેના બદલે આ નવા કરારથી મીલ્સ કુાં ફકત દીવસ પાળીમાં ૫ (પાંચ) સફાઈ વાળારાખશે બીજી પાળીના સફાઇ વાળાઓને કાયમ દીવસ પાળીમાં ટ્રાન્સફર કરવામાંઆવસે અને એક સફાઇ વાળાની જગ્યા મીલ્સ કુા કમી કરી શકશે એક ફીટર સાથે બે સફાઇ વાળા રાખવામાં આવશે કુલ ૩ ફીટર સાથે ૨+૨+૧ એમ કુલ ૫ સફાઇ વાળા રાખવામાં આવશે અને તેઓએ ફીટરની સાથેરહિને તેઓને જે કામગીરી સોંપવામા આવેલી છે તે તેઓએ કરવાની રહેશે સફાઇ વાળાની એક જગ્યા કમી થતી હોવાથી બાકી રહેતા પાંચ સફાઈ વાળાઓને હાલમા મળતા બેઝીક પગારમાંરૂા. ૧૫ માસીક ઉમેરી આપવામાં આવશે.

(૪) ઝાડુવાળા (ફલાય એશ૨૨)

મીલ્સ કુાં માં હાલમા ત્રણેય પાળીમા થઇને ૩+૩+૨ એમ કુલ ૮ ઝાડુવાળા છે આ નવા કરારથી મીલ્સ દીવસ પાળીમાં એક અને બીજી ત્રીજી પાળીમાં ૨+૨ એમ કુલ ૫ ઝાડુવાળા રાખશે બાકી રહેતા ઝાડુવાળાને તેમને હાલમાં મળતા બેઝીક પગારમાં માસીક રૂા. ૧૮ અઢાર ઉમેરી આપવામાં આવશે દીવસ પાળીમા સ્ટીપર ઝાડુવાળાના કામમાં મદદ કરવાની રહેશે ઝાડુવાળાએ તેમની કામગીરી સંપુર્ણ ખાતાની સફાઈ કરવાની રહેશે, આ ઉપરાત લાયનમેનને ફોળવેલ સમય કરવાન રીસેસમાં અઢાર છોડાવવાના રહેશે તથા બાતામાં રહેતી ફાયરની ડોલો ભરીને રાખવાની રહેશે આ ઉપરાંત મુકરર:મની સુચનાનો અમલ કરશે આ ઉપરાંત હાલમાં તેઓ અન્ય જે કોઈ કામગીરી તેઓ કરતા હશે તે તેઓએ ચાલું રાખવાની રહેશે બીજી અને ત્રીજી પાળીમાં એક સ્ટીપરને ઝાડુવાળા તરીકે મુકવામાં આવશે અને જેસાંચો લપટાય તો તેઓએ સ્ટીપીંગ કરવાનુ રહેશે ત્રીજી

પાળીમાં કામ કરતા શ્રી બીહારી મુનેશ્વરને હાલમાં મળતા પગાર ઉપરાંત રૂા ૨૦ ૦૦ પગાર વધારો ભેઝીકમાં આપશે,

૪ આ સાથેના પરીશીષ્ટ બ મુજબ કાંડ ખાતાના હપતાદાર કેટેગરીના હાલમા કામ કરતા કાયમી કારીગરોનુ પાળીવાર લીસ્ટ આ સાથે સામેલ છે.

૫ ઉપર પ્રમાણેનો ફેરફાર કર્યા બાદ વધતા કામદારોને મીક્સ કુવા ૭ દીવસના ધોરણે વર્કીંગ કરવા માટે મજુરે નામશે ભવીષ્યમાં જ્યારે સાત દીવસ વર્કીંગ બંધ થશે ત્યારે વધતા કામદારોને કાડ ખાતામાં જ કામ આપવામાં આવશે જો મીક્સ કુવા કામ ન આપી શકે તો પુરો પગાર ભરી આપશે

૬ મીક્સ કુવા ખાતાની ગોઠવણી માટે કારીગરોને એક પાળીમાંથી બીજી પાંળીમાં અથવા એક કેટેગરીમાંથી બીજી કેટેગરીમાં જરૂરીયાત પ્રમાણે ફેરફાર કરી શકશે પરંતુ તેમના પગારમાં કોઈ બાધ કે ઘટાડો કરવામાં આવશે નહી

૭ કાડ ખાતામાં હપ્તાદાર કેટેગરીમાંથી ઓછી થયેલ જગ્યાઓ માંથી ૪ કામદારોને કાયદેસરની ગેન્યુઇટી તથા મજુર મહાજન સંઘ સાથે નક્કી થયેલ વળતર આપી છુટા કરવામાં આવશે અને બાકી વધતા કારીગરોને ખાતામાં અન્ય જગ્યાએ કામ આપવામાં આવશે

૮ છુટા થતા કામદારોએ મજુર મહાજન સંઘ મારફતે રાજીનામા મોકલવાના રહેશે

૯ આ કરારથી મજુર મહાજન સંઘ અને ખાતાને લગતા જે કોઇ કેસ લેબર કોર્ટ ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ કે કમીશ્નર ઓફ લેબર પાસે ચાલતા હશે તેવા કેસો કે ફરીયાદ મજુર મહાજન સંઘ પાછા ખેચશે

INDEX

૧૦ આ કરારથી આ બાબત અંગેના અગાઉના કરાર સમાધાન કે એવોર્ડમાં તેટલે જરી આપેા આપ સુધારો થયેલા ગણવામાં આવશે

૧૧ આ કરારનેા અમલ જેમ જેમ અધુનીકરણ થતું જશે તેમ તેમ કમે કમે કરવામાં આવશે

૧૨ આ કરારનાં અમલ માટે કોઈ મુશ્કેલી કે મતભેદ ઉભેા થશે તેા બંને પક્ષકારેા સાથે મળીને તેનેા નિકાલ કરશે અને તે તમામને બંધનકર્તા અને આખરી ગણાશે

૧૩ આ કરારની મુદત બંને પક્ષકારેાની સમજુતીથી લંબાવવામાં આવે છે.

પરીશીષ્ટ અ

વાય એસ સીન્ટેક્ષ પ્રેાજેક્ટસ લી અમદાવાદ.

કાર્ડ બાત.ના હપતાદાર કારીગરેાની જીગત

અનં	કેટેગરી	હાલની સ્ટેન્ડથ			
		પહેલી	બીજી	ત્રીજી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧	કાર્ડ સ્ટીપર	૨	૨	૨	૧
૨	,, લાઈનર	૬	૬	૬	૧૮
૩	,, લેપમેન	૩	૩	૨	૮
૪	,, સફાઇવાળા	૩	૩	૭	૬
૫	,, ઝાડુવાળા	૩	૩	૨	૮
	કુલ	૧૭	૧૭	૧૨	૪૬

INDEX

અનં	કેટેગરી	કામ કરવાની રેટન્ગ્થ			
		પહેલી	બીજી	ત્રીજી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧	હાઈ સ્ટીપર	–	૨	૨	૪
૨	,, લાઇનર	૧	૧	૧	૩
૩	,, લેપમેન	૭	૦	૦	–
૪	,, સફાઇવાળા	–	૧	–	૧
૫	,, ઝાડુવાળા	૨	૧	૦	૩
	કુલ	૦	૫	૩	૧૧

અનં	કેટેગરી	પ્રપોઝડ રેટન્ગ્થ			
		પહેલી	બીજી	ત્રીજી	કુલ
૧	૨	૩	૪	૫	૬
૧	હાઈ સ્ટીપર	૨	–	–	૨
૨	,, લાઇનર	૫	૫	૫	૧૫
૩	,, લેપમેન	૩	૩	૩	૯
૪	,, સફાઇવાળા	૫	–	–	૫
૫	,, ઝાડુવાળા	૧	૨	૨	૫
	કુલ	૧૬	૧૦	૧૦	૩૬

પરીશીષ્ટ ખ

ઝાડૂ હડતાલ,

INDEX

અનં	નામ	હોદ્દો
૧	૨	૩
૧	ભરતસીંગ લાલુભા	કાર્ડ સ્ટ્રીપર
૨	નાથા દલા	,,
૩	અર્જુનનાથ ભીમનાથ	કાર્ડ લાઈનર
૪	સુખાનસીંગ નથુસિંગ	,,
૫	ગીરીશ છગનલાલ	,,
૬	માધુસીંગ કેસરીસીંગ	,,
૭	દેવજી કુવા	,,
૮	કાંહયા ધનજી	,,
૯	શીવગંધી સુંદરમ	કાર્ડ સેનમેન
૧૦	ગયાપ્રસાદ રામદયાળ	,,
૧૧	ઈશ્વર મહાદેવ	,,
૧૨	નવલાભાઈ અમરાભાઈ	કાર્ડ સફાઈવાળા
૧૩	છનું ખરસાતી	,,
૧૪	જેઠાલાલ હરીલાલ	,,
૧૫	નારણ ખોડા	કાર્ડ ઝાડુવાળા
૧૬	રણછોડભાઈ કાહયાભાઈ	,,

INDEX

૧૭	ટીબ્બાજી ગણેશજી બીજી પાળી	,,
૧૮	ભગવાન ગોરધન	ઠાકર સ્ટીપર
૧૯	દુધનાથ રામઆશરે	,,
૨૦	નટવરસીહ ભુરસીહ	ઠાકર લાઈનર
૨૧	રમેશ નટવરલાલ અંબાલાલ	,,
૨૨	ચંદ્રકાન્ત મણીલાલ	,,
૨૩	રામઆશીષ સાહેબસીગ	,,
૨૪	અંબ્લાલ દવારકાદાસ	,,
૨૫	શંકરલાલ પ્રભાશંકર	,,
૨૬	કોઆ થાના	ઠાકર લેપમેન
૨૭	રમણીકલાલ છગનલાલ	,,
૨૮	ડુંગરનાથ મનનાથ	,,
૨૯	બબાજી મોહનલાલ	ઠાકર સુકાધવાળા
૩૦	બટુકજા જુવાનસીગ	,,
૩૧	ગીરીશ પાર્વતીશંકર	,,
૩૨	રમેશચંદ્ર રામધની	ઠાકર ઝાડુવાળા

INDEX

૩૩	અજીતરાય ઉજમસી	"
૩૪	ગંગાજી ગેમરજી નીજી પાણી	"
૩૫	અશોક કાળીદાસ	કાર્ડ રીપેર
૩૬	બીહારી મુનેશ્વર	"
૩૭	નાનજી ભાણજી	કાર્ડ લાયસન્સ
૩૮	હમીરસીંગ પહાડસીંગ	"
૩૯	કીરીટકુમાર મોહનલાલ	"
૪૦	રામલોટ છોટું	"
૪૧	હરજી કુલાજી	"
૪૨	અમનાજી ગંજી	"
૪૩	અફત માધાજી	" ક્લેયમેન્ટ
૪૪	અમર બહાદુર સતનારાયણ	"
૪૫	પરબતસીંગ આલાજી	" ઓડુવાળા
૪૬	દુધાભાઈ પાલાભાઈ	"

(આર. કે પરમાર)
સહાયક શ્રમ નિયંત્રક
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધીનયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૧૩-૪-૬૧

સને ૧૯૪૬ ના મુંબઇ ઔધોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સધ નિબંધક દવારા

ક્રમાંક બ શમક ૨૮૫૮૫ આર યુ સને ૧૯૪૬ ના મુંબઇ ઔધોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔધોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામા આવેલા સતાની રૂએ હુ ટેક્ષ ટાઈલ લેબર યુનીયન ભાવનગર અને મહા લક્ષ્મી ટેક્ષ ટાઈલ મીલ્સ ભાવનગરની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૨ ના માર્ચ માસના ૨૬ મા દીને આથી નોંધ કરૂ છુ

શ્રી એચ વી ઉદેશી સહાયશ્રી

ઔધોગીક અદાલત ભાવનગર સમક્ષ

(રેફરન્સ આઇ સી)

(બોમ્બ ઇન્ડસ્ટીઅલ રીલેશન એક્ટ ૧૯૪૬ કલમ ૭૮એ હેઠળ)

અમદાવાદનો જુનો નંબર	રાજકોટનો જુનો નમ્બર	ભાવનગરનો નવો નંબર
૪-૮૧	૧૧-૮૪	૧-૬૧
૦	૨૮-૮૫	૧૦-૬૧
૦	૨૬-૮૫	૧૧-૬૧
૦	૩૦-૮૫	૧૨-૬૧
૦	૩૧-૮૫	૧૩-૬૧
૦	૩૩-૮૫	૧૪-૬૧
૦	૩૪-૮૫	૧૫-૬૧

INDEX

–	૩૬-૮૫	૧૭-૬૧
–	૩૮-૮૫	૧૮-૬૧
–	૬-૮૬	૨૦-૬૧
–	૭-૮૬	૨૧-૬૧
–	૮-૮૬	૨૨-૬૧
–	૯-૮૬	૨૩-૬૧
–	૧૦-૮૬	૨૪-૬૧
–	૧૨-૮૬	૨૫-૬૧
–	૧૭-૮૬	૨૬-૬૧
–	૨૨-૮૬	૨૭-૬૧
–	૨૩-૮૬	૨૮-૬૧
–	૨૬-૮૬	૨૯-૬૧
–	૩૨-૮૬	૩૦-૬૧
–	૧-૮૭	૩૪-૬૧
–	૨-૮૭	૩૫ ૬૧
–	૩-૮૭	૩૬-૬૧
–	૪-૮૭	૩૭ ૬૧

પ્રથમ પક્ષકાર

ટ્રેક્ટાઇલ લેધર મુનિયન
(મજુર મહાજન, ભાવનગર)

વિરૂધ્ધ

બીજા પક્ષકાર

મહ.લક્ષ્મી ટ્રેક્ટાઇલ મીલ્સ
ભાવનગર
એન. ટી. સી. ગુજરાત લી. નુ યુનિ

પ્રતિનીધી - (૧) લેબર યુનિયનવતી
તેમનામંત્રીશ્રી કે.બી કરમટીયા
(૨) મીલવતી તેમના ફેક્ટરી
મેનેજર શ્રી પટેલ

વિષય મીલ તરફથી નોટીસ ઓફ ચેઈન્જ આપવામાં આવેલ તે બાબત કોન્સીલીએટર રૂબરૂ સમાધાન નીષ્ફળ જતાં આ ઔધોગીક વીવાદ છે કે

મીલ કંપની એન્જીનીયરીંગ વીભાગમા સુપરવાઈઝર તરીકે કામ કરતા સુપરવાઇઝરોની કામગીરીમા જરૂરી ફેરફાર કરી હાલમા જે સંખ્યા છે તેમાથી ૨ (બે) જગ્યા કમી કરવાનો ઇરાદો રાખે છે

મીલની સ્પીનીંગ બાતાના રીંગફ્રેમ વીભાગની ત્રીજી પાળી બંધ કરવા હોઇ તથા મીલની પહેલી પાળી તથા બીજી પાળીમાં પાળીવાઈઝ ઓછા મશીનો ચાલતા હોઇ તથા નાની સાઇઝની શાળ ઉપર ઉત્પાદન બંધ થતા મીલની સ્પીનીંગ બાતાની ત્રીજી પાળીના કાડ તથા કોંબર વીભાગમાંથી નીચે જણાવ્યા મુજબની જગ્યાએ કાયમી ધોરણે કમી કરવાનો ઇરાદો રાખે છે કાયમ લેબર ૧ જગા કાર્ડ સાઇડ રીંન વી ૪ કોંબર ૩ કુલ ૮ જગ્યા

એવોર્ડ

ઉપર (સાચા આંક) કરેલ નંબરવાળો આ ઔધોગીક વીવાદ આ અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે મુકવામાં આવેલ છે આ કામે પક્ષકારોનો પુરાવો હજુ નોંધવામાં આવેલો નથી તે તબક્કે રેક્ષટાઇલ લેબર યુનીયન વતી તેમના મંત્રીશ્રીએ આંક વાળી અરજી આપી પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઇ તેઓએ આ રેફરનસ પાછો એચેલ છે તે સમાધાનમાં જણાવ્યા મુજ છે મીલવતી ફેક્ટરીમેનેજર શ્રીએ પણ નોટીસ ઓફ ચેઇન્જ પાછી ખેચી લીધેલ છે તે રીતે આ રેફરનસ પાછો એચાંઇ જતાં અને તે રીતે ફેસલ થતાં તેમને કાઇલે કરવામાં આવે છે

આ રેફરનસનો ખર્ચ દરેક પક્ષકારે પોતે પોતાનો ભોગવવો

(આર કે પરમાર)
બેદાયક મંધ નિબંધક

અમદાવાદ તા. ૧૬-૪-૬૨

મુંબઈ ઔધોગીક સબંધક અધિનિયમ-૧૯૪૭
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક અ સમક ૨૮૫૮૬ આરયુ સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગીક સબધક અધીનિયમની કલમ ૭૪.૨ અને સને ૧૯૬૧ ના મુબઇ ઔદ્યોગીક સંબધક ગુજરાત નિયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું બેંક કામદાર સધ સુરત અને સુરત નાગરીક સહકારી બેંક લી સુરત ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેદાની સને ૧૯૬૨ ના એપ્રીલ માસના ૧૬ મા દીને આથી નોધ કરૂ છુ.

શ્રી ધી વુ જોષી સભ્ય

ઔદ્યોગિક અદાલત સુરત સમક્ષ

રેફરન્સ આઈસી ન' ૬૬-૮૭

બેંક કામદાર સધ — પ્રથમ પક્ષકાર
૦/૦ સુરત જીલ્લા કો ઓ.
બેંક લી. ચોટાપુલ
સુરત

વીરૂધ્ધ

મેનેજર શ્રી — બીજા પક્ષકાર
સુરત નાગરીક સહકારી
બેંક લીમીટેડ,
ગીતાંજલી સીનેમા પાછળ
વરાછા રોડ
સુરત.

હાજર રહયા શ્રી બી એમ દલાલ

" એસ એસ પઠાણ

„ વાય ટી દેસાઇ પ્રથમ પક્ષકાર તરફે
„ એમ એસ હાલારી
„ આર બી પંજી બીજા „

વીષય પગાર અને એલાઉન્સ બાબત

ચુ કા દે।
ભાગ ૨
(આખરી ચુકાદો)

૧ આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનના જનરલ સેક્રેટરીશ્રીએ પ્રતીનીધીત્વ ધરાવતા અન્ય યુનીયન તરીક મુબઇ ઔધોગીક સબધક અધીનિયમની કલમ ૭૪એ ની જોગવાઇઓ અન્વયે ઔધોગીક અદાલત સુરતને હવાલ માટે કરેલ પ્રથમપક્ષકાર સાથે ફોર્મ એલ મા તા ૧૪-૭-૮૭ ના રોજ બીજા પક્ષકારને ફેરહાર બાબત ની નોટીસ મોકલી પરિશીષ્ટ મુંજબની ઔધોગીક વીવાદ ઉપસ્થિત કરેલ અને બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઔધોગીક સમાધાનકારશ્રી મુબઇ ઔધોગીક સબધક અધીનિયમ સુરત સમક્ષ વીવાદ રજુ કરવામાં આવેલ

જયાં પણ સમાધાન શકય ન બનતાં તેઓશ્રીએ તેમના તા ૧૦-૮-૮૭ ના નિષ્ફળતાના પ્રમાણ પત્રથી સમાધાન શકય નથી તેવુ નીષ્ફળતાનુ પ્રમાણ પત્ર આપેલ જે અસલમાં અંક ૨ પર છે

આમ રેફરનસ સમયસરનો છે

૨ આ રેફરન્સના પ્રથમ પક્ષકારને તેમનુ માંગણાનુ નિવેદન નોંધાવવા અને બીજા પક્ષકારને તેમનું બચાવનામુ રજુ કરવા જરૂરી નોટીસો આપવામાં આવેલ અંક ૮ થી પ્રથમ પક્ષકારે તેમનુ માંગણીનુ નીવેદન રજુ કરેલ અને અંક ૧૪ થી બીજા પક્ષકારે તેમનો લેખીત જવાબ રજુ કરેલ.

હરી અંક ૧૫ થી પ્રથમ પક્ષકારે વચ્ચ ગાળાની રાહત માટેની માંગણી મુકેલ અદાલતે અંક ૨૧ થી રાહતની અરજી પર પાર્ટ ૧ ઓર્ડર કરેલ ત્યાર બાદ ઓર્ડર નો અમલ મુલતવી રાખવા બીજા પક્ષકારે અરજી કરેલ જે મારફત રાખવામાં આવેલ.

INDEX

આમ આ રેફરન્સની સુનાવણી મારી સમક્ષ જરી હતી તે દરમીયાન પક્ષકારોએ આર્ટ-૨૬ નુ સમાધાન અત રજુ કરી સમાધાન મુજબ એવોર્ડ આપવા વીનંતી કરેલ.

આર્ટ-૨૬ ની પુરસીસ ૫૨ (૧) પ્રમુખ સુરત નાગરિક સહકારી બેંક લી

(૨) મેનેજર ,, ,,

(૩) પ્રમુખ બૅંક કામદાર સંઘ સુરત

(૪) જનરલ સેક્રેટરી બેંક કામદાર સંઘ

(૫) કામદાર પ્રતીનીધી સુરત નાગરીક સહકારી બેંક લી સુરતે સહી કરેલ છે

૪ ઉપરોકત હાજર રહેલ પક્ષકારે એ સ્વેચ્છીક રીતે કરીકતો કબુલી છે તથા તેની સહીઓ ઓળખી બતાવેલ છે મુકેલ માગણીઓના સંદર્ભમાં સમાધાન યોગ્ય વાજબી તથા ન્યાયો જણાય છે.

તેથી સમાધાન આ એવોર્ડના ભાગ તરીકે ગણી સમાધાન અન્વયે આ રેફરન્સ સબબ હું ચુકાદો આપુ છુ

ખર્ચ બાબતે કોઇ હુકમ નથી

(આર કે પરજાર)
સહાયક સચ નીબંધક
મુંબઇ ઔદ્યોગિક સબંધ અધીનીયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૧૬-૪-૬૨

મહેરબાન ઔદ્યોગીક અદાલત સુરત

રેફરન્સ (આઇસી) ૬૩-૬૭

પ્રથમ પક્ષકાર — બેંક કામદાર સંઘ
% ધી સુરત ડી કો ઓ બેંક
લી કણપીઠ સુરત

વિરુદ્ધ

બીજા પક્ષકાર — ધી સુરત નાગરીક સહકારી
બેંક લીમીટેડ
વરાછા રોડ સુરત

આ કામના પક્ષકારો તરફે જાહેર કરવાનુ કે આ કામમા અમો પક્ષકારો વચ્ચે મેનેજમેન્ટ તથા કર્મચારીઓ વચ્ચેના સબંધો જળવાઇ રહે એ માટે નીચે મુજબ સમાધાન થયુ છે.

તે મુજબ એવોર્ડ કરવા નમ્ર અરજ છે

૧ પ્રથમ પક્ષકાર-બેંક કામદાર સંઘ કે જેને હવે પછી યુનીયન તરીકે સંબોધવામાં આવશે અને બીજા પક્ષકાર સુરત નાગરીક સહકારી બેંકલી હવે પછી બેંક તરીકે સંબોધવામા આવશે તેઓ વચ્ચે અગાઉ નક્કી થયેલ સમાધાનના કરારના અંત તા ૩૦-૬-૮૭ ના રોજ આવી ગયો હતો અને પ્રતીનીધી યુનીયને સને ૧૯૮૭ માં કર્મચારીઓના પગાર તથા અન્ય બાબતો સબંધમાં ચાર્ટર ઓફ ડીમાન્ડ રજુ કરેલ.

૨ અને તે સબંધમાં છેલ્લા ૪ (ચાર) વર્ષમાં વખતો વખત પક્ષ - વચ્ચે સમાધાનની વાતચીત થયેલી અને છેલ્લે તાજેતરમાં કર્મચારીઓની બાબતોની સમજુતી થતા અમો પક્ષકારોએ તા ૧-૭-૮૭ થી ૩૦-૬-૯૦ તથા ૧-૭-૯૦થી ૩૦-૬-૯૪ સુધી અમલમાં રહે એવા બેંકના જુદી જુદી કક્ષાના કર્મચારીઓના બેઝીક પગાર સ્કેલ નીચે મુજબ નક્કી કર્યા છે અને તે મુજબ બીજા પક્ષકાર બેંક કર્મચારીઓને જે તે સમય ગાળા દરમીયાન યુકથી આપવા સંમત થાય છે

INDEX

(અ) એકાઉન્ટન્ટ

તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૯૦ ના સમયગાળાનો સ્કેલ

૩૫૦ ૨૫-૫ ૪૭૫ ૩૫-૫

૭૫૦ ૫૦-૫ ૧૦૦૦ ૬૦-૪ ૧૨૪૦

તા. ૧-૭-૯૦ થી ૩૦-૬-૯૪ ના સમયગાળાનો સ્કેલ

૬૦૦ ૪૦-૫ ૭૫૦ ૪૦-૫

૯૫૦ ૫૫-૫ ૧૨૨૫ ૬૫ ૪ ૬૪૮૫

(બ) સીનીયર કારકુનો તથા સીનીયર કેશીયરો

૧ ૧-૭-૮૭ થી ૩૦-૬-૯૦ ના સમયગાળાનો સ્કેલ

૪૨૫ ૨૫-૫ ૫૫૦ ૩૫-૫ ૭૨૫

૪૫-૫ ૯૫૦ ૫૦-૪ ૧૧૬૦

૨ ૧-૭-૯૦ થી ૩૦-૬-૯૪ ના સમયગાળાનો સ્કેલ

૫૨૫ ૩૦-૫ ૬૭૫ ૪૦-૫

૮૭૫ ૫૦ ૫ ૧૧૨૫ ૫૫-૪ ૧૨૯૦

૪ જુનીયર કલાર્ક

૧ ૧-૭ ૯૦ થી જુનીયર કલાર્કનો સ્કેલ નીચે મુજબ રહેશે

૨૫ ૩૫ ૪૫

રૂા. ૪૦૦ - ૫૨૫ - ૭૦૦ - ૯૨૫

૫ ૫ ૫

૬ પટાવાળા

૧ ૧-૭-૮૭ થી તા. ૩૦-૬-૯૦ સુધીના સમયગાળાનીપગાર સ્કેલ

૨૫ ૨૦ ૨૫ ૩૦ ૩૫

રૂા. ૩૧૫- ૩૬૦ ૪૬૦ - ૬૧૫ - ૭૦૫ - ૮૪૫

૫ ૫ ૫ ૩ ૪

૨ ૧-૭-૯૦ થી તા. ૩૦-૬-૯૪ સુધીનાં સમય ગાળાનો

પગાર સ્કેલ

રૂા. ૪૬૫-૪૬૫ - ૫૬૦ - ૭૪૦ ૪૫

૬૦૦ - ૧૦૫૫

મોંઘવારી ભથ્થુ

ઉપર જણાવેલ અ બ અને ક ક્ષાનાં કર્મચારીઓને ઓલ ઇન્ડીયા વર્કિંગ ક્લાસ કન્ઝયુમર્સ પ્રાઈસ ઇનડેક્ષ જમરલનાં ૩૭૨ આંકની ઉપર દરેક ૪ પોઇન્ટનાં વધારા બદલ ઉપર જણાવેલ મુળ પગારનાં ૧ ટકા લેખે અને ક ક્ષાનાં કર્મચારીઓને ૧.૨ ટકા લેખે મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવશે

૩ અન્ય ભથ્થાઓ

ઉપર જણાવેલ મુળ પગાર તથા મોંઘવારી ભથ્થા ઉપરાંત નીચેપ્રમાણેના ભથ્થાઓ આપવા

૧ ઘરભાડું

દરેક કર્મચારીને માસીક મુળ પગારનાં ૧૦ ટકા લેખે તા.૧/૭/૮૭ થી ચુકવવામાં આવશે

૨ સીટી એલાવન્સ

દરેક કર્મચારીને માસીક મુળ પગારનાં ૫ ટકા લેખે તા ૧-૭-૮૭થી ચુકવવામાં આવશે

૩ કેશ એલાવન્સ

અ કેશ આતા માં કામ કરતા કર્મચારીઓ ને તા ૧ ૭-૧૯૮૭ થી તા ૩૦-૬-૯૦ સુધી માસીક રૂા ૫૦ લેખે કેશ એલાવનસ ચુકવવામાં આવશે તા ૧-૭ ૯૦ થી રૂા ૭૫ લેખે માસીક કેશ એલા. આપવામાં આવશે પરંતુ અત્યારપહેલાં ચુકવાયેલ કેશ એલા.તેમાંથી બાદ કરવાનુ રહેશે

૪ કલીજીંગ એલાવન્સ

૬૨ વર્ષે ડીસેમ્બરમાં અર્ધવાર્ષિક કલીજીંગ તથા જુનમાં વાર્ષિક કલીજીંગના કામ કાજ બદલ તમામ કર્મચારીઓને તા. ૧-૭-૬૭ થી તા. ૩૦-૬-૬૮ સુધી રૂા. ૨૦૦ ડીસેમ્બર આખરમાં રૂા. ૨૦૦ જુન આખરમાં તથા રૂા. ૪૦૦ ડીસેમ્બર આખરમાં તથા રૂા. ૪૦૦ જુન આખરમા બેક તા. ૧-૭-૬૮ થી ચુકવશે.

૫ મેડીકલ એલાવન્સ

તમામ કર્મચારીઓને બેક મેડીકલ એલાવન્સ તરીકે જુલાઈ થી ડીસેમ્બરના ૬ માસીક ગાળા માટે રૂા. ૨૨૫ થી જુન સુધીના ૬ માસીક ગાળા માટે રૂા. ૨૬૫ પગાર તથા મોંઘવારી ભથ્થા ઉપરાંતનુ રીઈમ્બર્સમેન્ટના ધોરણે તા. ૧-૭-૬૮ થી ચુકવશે.

૬ કલીથરીંગ એલાવન્સ

કલીથરીંગમાં કામ કરતા કર્મચારીને બેક માંથી કલીથરીંગ હાઉસમાં જવા માટે જવા આવવાનુ રીક્ષા ભાડુ ચુકવશે.

૭ ટી એલાઉન્સ

આ માંગણી બાબત બેક સહાનુભૂતી પુર્વક વીચારણા કરશે.

૮ ચેકીંગ એલાવન્સ

કારકુન કક્ષામાં કામ કરતા કર્મચારી કે ચેકીંગનુ જે કામ કરતા હોય તેવા તમામ કર્મચારીઓને તા. ૧-૭-૬૮ થી ચેકીંગ એલાઉન્સ તરીકે રૂા. ૫૦ માસીક ચુકવવામાં આવશે.

૯ કા એલાવન્સની માંગણી હાલ પડતી મુકવામાં આવે છે.

૧૦ સાયકલ એલાવન્સની માંગણીમાં હાલની પ્રથા ચાલુ રાખવામાં આવે છે.

INDEX

૧૧ વોશીંગ એલાવન્સ

તમામ પટાવાળાને માસીક રૂા. ૨૫ લેખે એલાવન્સ તા. ૧-૭-૬૦ થી આપવામાં આવશે,

૧૨ ડ્રેસ (યુનીફોર્મ)

તમામ પટાવાળાઓને દર વર્ષે ૨ (બે) જોડી ટેરીકોટન પેન્ટ તથા બુશ શર્ટ જે કુલ પુરા પાડશે,

૪ રજાઓ

અ કેઝયુઅલ લીવ (આકસ્મિક રજા)

દરેક કર્મચારીઓને તા. ૧-૭-૬૦ થી દરવર્ષે ૧૫ કેઝયુંઅલ રજા આપવામા આવશે જે પૈકી ૧૦ રજા ફરજીયાત ભોગવવાની રહેશે તથા વધુમાં વધે ૫ રજાનુ રોકડમાં રૂપાંતર કરી શકાશે. ૧૯૬૦-૬૧માં કર્મચારીઓએ કેઝયુંઅલ રજા ભોગવેલ હોય તે વર્ષ માટે રજાનો વધારાનો પગાર આપવાનો રહેશે નહી અને તેનો એરખરો અમલ તા. ૧-૭-૬૧ થી ગણાશે,

બ હક રજા

તમામ કર્મચારીઓને તા. ૧-૭-૬૦ થી ૩૦ દીવસની હક રજા આપવામાં આવશે આ રીતે વધુમાં વધુ ૧૨૦ દીવસની રજા એકત્ર થઇ શકશે પરંતુ ૧૨૦ દીવસની રજા એકત્ર કર્યા બાદ તેટલી રજા એકત્ર રાખીને તે વરસમાં કમમા કમ ૧૫ દીવસની રજા ભોગવવાની રહેશે અને વધુમા વધુ ૧૫ દીવસની રજાનુ રોકડ માં રૂપાંતર થઇ શકશે તેવા કીસ્સામાં ૩ દીવસ પેઠી ૧૫ દીવસની રજા ફરજીયાત ભોગવવાની રહેશે અને બાકીના ૧૫ દીવસની રજાનુ રોકડમાં રૂપાંતર થશે

ક સીકલીવ
(માંદગીની રજા)

INDEX

તમામ કર્મચારીઓને દર વરસ ૧ માસ માંદગીની રજા કમલ રજા ઉધારી આપવામાં આવશે

૬ મેટરનીટી લીવ
(પ્રસુતીની રજા)

મહીલા કર્મચારીઓને નોકરીના સમય દરમીયાન પ્રસુતી આવે તો ૨ વખત મળી વધુમાં વધુ ૭ માસની મેટરનીટી લીવ આપવામાં આવશે મહીલા કર્મચારી નોકરીના સમય દરમીયાન બે પ્રસુતીથી વધુ પ્રસુતીના સમય માટે આવી રજાને હકદાર થશે નહી

૫ લીવ ફેર કન્સેશન
યુનીયન આ માગણી હાલ પડતી મુકે છે

૬ બોનસ

(૧) સને ૧૯૮૭-૮૮ તથા ૧૯૮૮-૮૯ તથા ૧૯૮૯-૯૦ નાણાકીય વરસમાં કર્મચારીઓને બેઝ ૮.૩૩ ટકા લેખે બોનસ ચુકવી આપેલ છે પરંતુ સદર વરસો માટેની વધુ બોનસની માગણી યુનીયને બેઝ સમક્ષ રજુ કરેલ છે જે સંદર્ભમા એવુ નકકી કરવામાં આવે છે કે સને ૧૯૮૭ ૮૮ તથા ૧૯૮૮ ૮૯ તથા ૧૯૮૯ ૯૦ ના દરેક વરસ માટે ૮.૩૩ ટકા લેખે વધુ બોનસ બેંક તા ૧૫-૬-૯૧ સુધીમાં ચુકવી આપશે

(૨) સને ૧૯૯૦-૯૧ ના વરસ માટે બેંક તમામ કર્મચારીઓને તેમની વરસ દરમીયાનની કુલ કમાણીના ૧૭ ટકા લેખે બોનસ ચુકવી આપશે

૭ પ્રોવીડંડ ફંડ

બેંકની નોકરીમાં કાયમી થયેલા કર્મચારીઓ તા. ૧-૬-૮૭ થી સુધારેલા પગાર ધોરણ મુજબ તેમના મુળ પગાર તથા મોંઘવારી ભથ્થાના પ્રોવીડંટ ફંડ

ધારા હેઠળના દર પ્રમાણે પ્રોવીડંટ ફંડ કાપવામાં આવશે અને તેટલીજ રકમ બૅંક પોતાના હાળા તરીકે ઉમેરશે અને ૧૯૫૨ ના એસ્ટાબ્લીશમેન્ટ પ્રોવીડંટ ફંડના ધારા હેઠળની યોજના પ્રમાણે ચુકવણી કરવામાં આવશે.

૮ પ્રમોશન પોલીસી તથા રીકુટમેન્ટ પોલીસી

હાલ પુરતી આ બાબતે યુનીયન આગ્રહ રાખતુ નથી

૯ તથા ૧૦ હાઉસીંગ લોન તથા વાહન લોનની માંગણી અંગે બૅંકનીબોર્ડ ઓફ ડીરેક્ટર્સ સહાનુભુતી પુર્વક વીચારણા કરશે

૧૧ જીવન જરૂરીયાત લોન

કર્મચારીઓની જીવન જરૂરીયાત માટેની રૂા ૧૦૦૦૦ સુધીની લોન અરજી બૅંકની બોર્ડ ઓફ ડીરેક્ટર્સ નીયમ મુજબ વિચારણામાં લેશે

૧૨ ફીટમેન્ટ તથા એડજેસ્ટમેન્ટ

૧ બૅંકમાં હાલમાં કામ કરતા તમામ કરમચારીઓને તા ૩૦-૬-૮૭ની રોજ જે બેઝીક પગાર મેળવતા હશે તેઓના સૌ પ્રથમ ૧-૭-૮૭ ના રોજ ઉપર પેરા (૧)મા જણાવેલ ૧-૭-૮૭ થી તા ૩૦-૬-૯૦ દરમ્યાન તા ૧ ૭ ૯૦ થી તા ૩૬ ૬ ૯૪ દરમ્યાનના પગાર સ્કેલમાં સ્ટેજ સ્ટેજ ટુ સ્ટેજ ગોઠવી તેઓને તા ૧-૭-૮૭ના રોજ અગર તે પછી કયુ થતુ ઈન્ક્રીમેન્ટ આપવુ

આ કરારનો લાભ બૅંકમાં આકરારના સમયે નોકરીમાં ચાલુ હોયતે કરમચારીઓને જ મળશે

૨ જે કર્મચારીઓના પગારો સ્ટેજ ટુ સ્ટેજ ફીટ ન થતા હોય તો તેઓના નજીકના ઉપલા સ્ટેજ ઉપર ગોઠવી તે પ્રમાણે એડજેસ્ટમેન્ટ આપવું

૬ નામદાર ઔદ્યોગીક અદાલતના વચગાળાના ઓર્ડર (ભંગ-૧) તથા તેથી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં થયેલ સીવીલ રીવીઝન હેઠળ ગુજરાત હાઇકોર્ટના હુકમ અનુસાર બેંક તરફથી આપવામા આવેલી વચગાળાની રાહત રૂા ૭૫ લાખ બેંક જે તકાવતની રકમ ચુકવે તેમાં કર્મચારીઓએ મંજુરી આપવાના રહેશે

૧૪ કરારનો અમલ

આ કરાર દૈનિક પગાર તથા મોંઘવારી ભથ્થાના લાભે તા ૧ ૭-૮૬ થી આપવાના છે તે સમયગાળા દરમ્યાનની તફાવતની રકમ તા ૧૪-૬-૯૧ સુધીમાં ચુકવી આપશે.

૧૫ આ સમાધાનના અર્થઘટનમાં પક્ષકારો વચ્ચે જો કોઈ મતભેદ ઉભો થાય તો બેંકના ચેરમેન તથા યુનીયનના નકકી કરેલ હોદેદાર ભેગા મળીને તેનો ઉકેલ લાવવો.

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિયંત્રક
મુંબઇ ઔદ્યોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭

સુરત તા ૧૧૮૨ ૯૨ સુરત

INDEX

સને ૧૯૪૧ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયેના સહાયક શ્રમ
નિમંધક દ્વારા

ક્રમાંક (ખ) શમક ૧૮૫૮૭ આર. યુ સને ૧૯૪૧ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનીયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૧૧ ના મુંબઈ ઔદ્યોગીક સમંધક ગુજરાત નિયમોના નીયમ ૬૯થી ૬ને આપવામાં આવેલી સતાની રૂએ હું શ્રી મહેશકુમાર ખી પટેલ અમદાવાદ અને રજીસ્ટાર શ્રી મજુર કમીશનર શ્રીની કચેરી અમદાવાદ તથા અન્ય બે ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૬૨ ના એપ્રીલ માસના ૧૨માં દીને આથી નોંધ કરૂ છુ.

ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ
શ્રી વી ટી પરીખ સભ્ય કમ૩
અપીલ આપ સી નં ૬૪ ૬૨

શ્રી મહેશકુમાર ખી પટેલ — વીવાદી
અમદાવાદ.

વીરૂધ્ધ

૧ રજીસ્ટારશ્રી મજુર — —
કમીશનરશ્રીની કચેરી
અમદાવાદ

૨ ટેક્ષ્ટ હાઈલ લેબર — —
એસો. અમદાવાદ

૩ ધી અમદાવાદ એડવાન્સ, પ્રતી વીવાદી
મીલ્સ લી અમદાવાદ
મુંબઇ ઔદ્યોગીક
સબંધક અધીનિયમની

કલમ ૨૦ ૧૨ ૬
સાથે વાંચતા ૪૪ ૬
રજીસ્ટ્રારશ્રી બી આઇ
એન્ડ એક્ટ અમદાવાદ
તા તા ૫-૭-૬૧ ના
રજીસ્ટ્રેશન સામે અપીલ

વીવાદી તરફે એડવોકેટ આઇ બી બી ડેસીયા
પ્રતીવાદી નં ૧ તરફે પેતે હાજર
" ૨ " એડવોકેટશ્રી અમર બારોટ
" ૩ " એસ ઇ રામબાદા

ચુકાદો

૧ આ વીવાદ આ કામે વીવાદીએ પ્રતીવાદી નં ૧એ તા ૫-૭-૬૧ ના રોજ નોંધણી નં ૧૫૨-૬૧ થી પ્રતીવાદી નં ૨ અને ૩ વચ્ચે તા ૧-૫-૬૧ ના રોજ થયેલા કરારનો તોધણી કાયદા જે હુકમ કર્યો છે તેની સામે કરવામાં આવી છે

૨ જે વીગત ઉપરથી આ વીવાદ ઉપસ્થિત થયો છે તેની હકીકત એવી છે કે હાલના વીવાદી પ્રતીવાદો ન ૩ ની મીલ કંપનીમાં કારકુન તરીકે રીટલ શોપ કે જે મીલના કંપાઉન્ડમાં આવેલી છે તેમા નોકરી કરતા હતા તે રીટલ શોપ બરાબર ચાલતી નહી હોવાથી અને ખોટ કરતી હોવાથી તેમાં કુલ છ કર્મચારીઓ કામ કરતા તેઓને બીજે સમાવી લેવા અથવા છુટા થવાનુ હોય તો તેની વીકલ્પ આપી બંધકરવાનો નિર્ણય કરેલો

આ કેરારના અંગે પ્રતીવાદી નં ૩ તરફે કાયદા મુજબની કાર્યવાહીશરુ કરવામા આવેલી પ્રતીવાદી નં ૩ મીલ કંપનીએ તે માટે કે ફોર્મ નં. નોટીસ પ્રતીવાદી નં ૨ યુનિયને બજાવેલી એ પ્રમાણેની નોટીસ બજી જતા યુનિયન વાયે તા ૬-૫-૬૧ ના રોજ કરાર કરવામાં આવેલો એ કરાર પ્રતીવાદી નં ૧

INDEX

સામે નોંધણી કરવા માટે મીલ કંપની તરફથી અરજી કરવામા આવેલી અને આગે કાર્યવાહી શરૂ કરવા માટે ફેર ફારની નોટીસ તા.૧૬-૪-૬૧ના રોજ આપવામાં આવેલી

પરંતુ ત્યાર બાદ તા. ૧-૫-૬૧ના રોજ યુનીયન સાથેકરાર થતા તેની નોંધણી કરવવા માટે યુનીયને અરજી કરેલી તે અરજી અંગેની કાર્યવાહી રજીસ્ટાર એટલેક પ્રતીવીવાદી નં ૨ સમક્ષ ચાલુ હતી તે દરમીયાન હાલના વીવાદીએ તા.૬-૫-૬૧ ના રોજ એક પત્ર લખેલો અને તે પત્ર દ્વારા વીવાદી એ પ્રતી વીવાદી નં ૧ ને એમ જણાવેલ કે તેઓને ઉપરોકત કરાર સામે વાંધો છે તેથી તેઓને કે જે સબધીત કર્મચારી છે

તેઓને સાંભળવાની તક આપવામાં આવે એમ જણાય છે કે પ્રતી વીવાદી નં ૧ એ આ અંતમા કેટલીક તક વીવાદને આપી હતી પરંતુ કેટલીક વખત વીવાદી હાજર રહયા હતા અને કેટલીક વખત અવીને જતા રહયાહતા અને છેલ્લે એવી હકીકત જાહેર કરેલીકે તેઓને સાંભળયા સીવાય પ્રતી વીવાદી નં ૧એ કરાર નોંધવાનો હુકમ કર્યો છે

અને તેની જાણ વીવાદીને પત્રથી કરવામા આવેલી છે.

૪ ઉપરોકત કરાર નોંધણીનો જે હુકમ પ્રતીવીવાદી નં ૧એ કર્યો છે તેનાથી નારાજ થઈનેવીવાદીએ હાલના વીવાદ અરજી મુળમા ઔધોગીક સબધક અધીનીયમ કે જેને હવે પછી અધીનિયમ તરીકે વર્ણવવામા આવેલ છે તેની કલમ ૨૦ ૧ ૨ અને ૩ ની સાથે કલમ ૪૪ ખી વાચતા વીવાદ અરજી કરી છે વીવાદી એ એવી હકીકત જણાવી છે

કે જે કરાર કરવામા આવ્યો છે તે બદદાન તથા કરવામાં આવ્યો છે કે જેથી તેમનુ બદીદાન લેવાય અને પ્રતીવાદી નં ૩એ તેઓને રીટેલ શોપમાથી બહાર કઢીને બીજા ગોદામા મુકયા છેતેઓને હેરાન કરવા માટે કરવામા આવેલ છે તે હકીકત ધ્યાનમા લીધી નથી

એ પ્રમાણેનો ફેરફાર ઔરકાયદેસરનો છે અને તેઓને અસરકર્તા હોવા છતા તેમની સાથે કરાર કરવામા આવ્યો નથી પરંતુ યુનીયન સાથે કારોબાર કરાર કરવામા આવ્યો છે જે અયોગ્ય છે યુનિયને પણ તે બાબતમા તેઓને અસર થતી

હોવા છતાં તેની હકીકત ધ્યાનમાં લીધી નથી એટલે યુનીયન સાથેનો કરાર ગેર કાયદેસર અને બદદાનત ભરેલો હોવાથી તેની નોંધણી થઈ શકે નહિ નોંધણી કરવા માટે પ્રતીવાદી નં ૧ એ જે પધ્ધતી અપનાવી છે તે બરાબર નથી અને તે બાબતમાં કુદરતી ન્યાયના સીધ્ધાંત પ્રમાણે તેઓને અસર થતી હોવા છતા સાંભળવાની તક આપવામાં આવી નથી અને વાંધા રજુ કરવા માટે જણાવવા છતા તેઓને યોગ્ય તક આપવામાં આવી નથી.

તેમજ સાંભળયા સીવાય તેમની ગેરહાજરીમાં કરાર નોંધણીનો હુકમ કરવામા આ યો છે તે ગેરકાયદેસર અને અયોગ્ય છે વધુમાં એમ જણાવવામાં આવ્યુ છે કે જે કરાર કરવામાં આવ્યો છે તે પણ પ્રતી વીવાદી ન ૩ ને સગવડ આપવા માટે એક તરફી રીતે કરવામાં આવ્યો છે અને તેથી પણ કરાર વ્યાજબી અને યોગ્ય નથી અને તેથી તે કરારના નોંધણી રદ થવાને પાત્ર છે વધુમાં એમ જણાવવામાં આવ્યુ છે કે તેઓને રીટેલ શોપમાથી બીજા વીભાગમાં બદલવામાં આવ્યા છે ત્યા આગળ તેઓને વધારે કામ કરવુ પડે તેમ છે અને તે પ્રમાણે તેઓને પગાર આપવા માટેની કોઇ જોગવાઈ કરવામાં આવેલ નથી તે જોતાં કરાર ગેર વ્યાજબી છે અને આ બધી હકીકત પ્રતીવાદી નં ૧ એ ધ્યાનમાં લીધી નથી અને તેથી વીવાદ અરજી મંજુર કરી પ્રતી વીવાદી નં ૧ નો હુકમ રદ કરવો જોઇએ

૪ આ વીવાદ અરજી અંગે વિવાદી તરફે એડવોકેટ શ્રી બી બી ડેસીયાને સાંભળવામાં આવ્યા જ્યારે પ્રતીવાદી નં ૨ તરફે એડવોકેટ શ્રી અમર બારોટ અને પ્રતીવાદી નં ૩ તરફે શ્રી એસ જે રાવલને સાંભળવામાં આવ્યા પ્રતી વીવાદી નં ૧ જાતે હાજર રહયા છે પણ તેઓ તરફે કોઇ રજુઆત કરવામાં આવેલી નથી.

શ્રી ડેસીયાએ એવી દલીલ કરી છે કે રીટેલ શોપ બંધ કરી શકાય તેવા આક્ષેપથી વીવાદીને બીજા વીભાગમા બદલવામાં આવ્યા છે અને તે અંગે જે કરાર કરવામાં આવ્યો છે તે બદઆશયથી કરવામાં આવ્યો છે અને ઉપરાંત પ્રતીવાદી નં ૧ એ વીવાદી તરફે વાંધા નોંધાવવામાં આવ્યા હોવ છતા તેમને સાંભળવાની તક આપવામાં આવી નથી અને તેઓને સાંભળવાની ક. અં. વ.માં આવે તે માટે

INDEX

ડ્રેટલાવ કાગળો પ્રતી વીવાદી નં ૧ ને લખ્યા છે તેમ છતાં તેમની ગેરહાજરીમાં કામ ચલાવીને એકતરફી રાતે નિર્ણય લેવામાં આવ્યો છે અને તેથી પ્રતીવીવાદી નં' ના હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તે કારણે રદ કરવો જોઇએ એડવોકેટ શ્રી અમર પારેટ તરફે એવી દલીલ કરવામા આવી છે કે અધીનીયમની કલમ ૪૪-૩ મુજબ રજીસ્ટાર જ્યારે કરારની નોંધણી નામંજુર કરવાનો હુકમ કરે ત્યારે જ એ ઘોગીક અદાલત સમક્ષ વીવાદ અરજી થઇ શકે અને તેકેસનેકલમ ૨૦ ની જોગવાઇઓ લાગુ પડતી નથી.

અને તેથી વીવાદ અરજી ચલાવવાને પાત્ર છે વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે રજીસ્ટરે વખતો વખત પત્ર લખીને વીવાદીને હાજર રહેવા સુચના આપી છે તેમ છતા તેઓ કામ ચલાવવા માંગતા હતા તે આશયથી આવીને જતા રહેતા હતા અથવા ગેરહાજર રહેતા હતા અને યોગ્ય તકો આપવામાં આવી છે તેવા કરાર નોંધણીનો હુકમ યોગ્ય અને વ્યાજબી છે શ્રી રંગશાહીએ શ્રી અમર પારેટના જેવી જ દલીલો કરી છે.

૫ શું પ્રથમ તો વીવાદ અરજી ચાલી શકે કે નહી એવી કાયદાની જોગવાઇઓ તપાસવાની જરૂરીયાત રહે છે વીવાદી તરફે આ વીવાદ અરજી કલમ ૨૦ ૧ ૨ અને ૩ તેમજ કલમ ૪૪ ૩ મુજબ કરવામાં આવી છે કલમ ૨૦ અને કલમ ૪૪ બે જુદા જુદા પ્રકરણોમાં મુકવામાં આવી છે કલમ ૨૦ જે પ્રકરણમા મુકવામાં આવી છે તે પ્રકરણ ૩ નું મથાળુ યુનિયનની નોંધણી અગેનુ છે જ્યારે કલમ ૪૪ નો પ્રકરણ ૮ મા સમાવેશ થયેલો છે અને પ્રકરણ ૮ નુ મથાળુ ફેરફારો છે

આ બંને પ્રકરણો જુદા જુદા છે અને તે બાબતમાં અપીલ અગેની જુદી જુદી જોગવાઇઓ છે તે ધ્યાનમાં લેતા એમ કહી શકાય કે યુનીયનની નોંધણી અંગેની બાબત હોય તો રજીસ્ટારના હુકમ સામે કલમ ૨૦ મુજબ અરજી થઈ શકે જ્યારે ફેરફાર અંગેની બાબત હોય તો રજીસ્ટરના હુકમ સામે કલમ ૪૪ મુજબ અપીલ થઇ શકે કલમ ૪૪ ૩ મુજબ રજીસ્ટર જ્યારે કરાર નોધવાની ના પાડે તો જ વીવાદ અરજી થઇ શકે એ કારણના કીસ્સાને લાગુ પડતી બાબત છે આ કીસ્સામાં કરાર નોંધણીનો હુકમ કરવામાં આવ્યો છે એટલે કલમ ૪૪ ૩ ની

જોગવાઇઓ મુજબ વીવાદ અરજી થઇ શકે નહી આ કીસ્સાને કલમ ૨૯ લાગુ પડશે નહી એવુ નમ્ર મંતવ્ય છે અને તે સંજોગોમા વીવાદોની વીવાદ અરજી કાયદા મુજબ રદ થવાને પાત્ર થાય

૬ ઉપરાંત હકીકતની બાબત અંગે પણ વીવાદ અરજીમાં કાંઇ વજુદનથી એમ જણાય છે વીવાદ અરજી સામે હકીકતની બાબત અંગે મુખ્ય બે વાંધા લેવામાં આવ્યા છે એક તો એવો વાંધો છે કે તેઓને સાંભળવાની તક આપવામાં આવી નથી અને બીજો વાંધો એવો છે કે જે કરાર છે તે બદદાનત ભરેલો છે અને તેથી પણ રદ થવાને પાત્ર છે આ બે બાબત રજીસ્ટારે જે કાગળો રજુકરેલા છે તેના ઉપરથી નક્કી કરી શકાય તેમ છે પ્રતી વીવાદી મીલ કંપનીએ રીટેલ શોપ બંધ કરવા અંગે ફેરફારની નોટીસ આપેલી અને તે ફેરફારની નોટીસ તા.૬ ૪-૬૧ની છે તે નોટીસની નકલ યુનિયનને મોકલવામાં આવતા યુનિયન સાથે વાટાઘાટો થયેલી અને તેના પરીણામે તા ૬-૫ ૬૧ના રોજ કરાર કરવામાં આવેલો આ કરાર કરાર કલમ-૪૪ મુજબ નોંધવા માટે રજીસ્ટારને મોકલા આપેલા આ કરાર મીલ કંપનીએ અસલ તા ૨૧ ૫-૬૧ના રોજના પત્રથી રજીસ્ટારને મોકલેલેલ તે પત્ર રજીસ્ટારની ફાઇલમાં સી/૧ થી રજુ થયેલો છે તેની સાથે મોકલેલ કરાર અસલ સી ૩ થી ને ફાઇલમાં છે કરાર અમ યુનિયનના એડવોકેટ એમ જણાવે છે કે તે કરાર યોગ્ય વ્યાજબી અને કાયદેસરનો છે અને યુનિયનને તે પ્રમાણે કરાર કરવાનો હક્ક મળેલ છે વિવાદીને આ કરાર નોંધવા માટે મોકલ્યો છે તેની જાણ થતા તા ૨૩-૫-૬૧ના રોજ પત્રથી રજીસ્ટારને અરજ આપેલી કે તેઓને સાંભળવાની તક આપવી જોઇએ કરાર જે કરવામાં આવ્યે છે તેમાં એમ જણાવવામાં આવ્યુ છે કે રીટેલ શોપમાં છ કર્મચારીઓનો સ્ટાફ છે તેમાંથી એકને મીલ કંપની જે સ્પીનીંગ ખાતામાં દાખલ કર્યા છે વધુમા એમ જણાવવામાં આવ્યુ છે કે રીટેલ દુકાનનુ વેચાણ દુકાનના નિભાવણી ખર્ચ કરતા ઘણુ જ ઓછુ છે અને ૩કાન ખોટમા ચાલે છે ઉપરાંત કાપડ ઉદ્યોગની પરિસ્થતી જોતા છુટક દુકાન ચલાવવા હીતાવહ નથી અને તેથી મીલ કંપની તે બંધ કરતા માંગે છે અને યુનિયન તેને સંમતી આપે છે દુકાન બંધ થતા છ કર્મચારીઓને અસર થાય તેમ છે તેમાંથી જે સ્વેચ્છાએ છુટા થવા માંગતા હોય તેમનુ રાજીનામુ યુનિયન મારફતે મીલમાં આવે તો મંજુર કરી તેમને છુટા કરવામાં આવશે બાકીના કર્મચારીઓને મીલના કોઇ પણ ખાતામાં બદલી કરવામાં આવશે અને તેમને જે પાળીમાં મુકવામાં આવે તે

INDEX

પાળીમાં કામે આવવુ પડશે પગારમાં અને નોકરીની બીજી શરતોમાં કોઇ અવળી અસર થાય નહી તે જોવામાં આવશે યુનિયન મારફતે જે રાજીનામા આવશે તેને વળતરની કેવી રીતે ચુકવણી કરવામાં આવશે તે હકીકત કલમ ૪માં જણાવેલી છે ઉપરાંત મીલના કર્મચારી અથવા કારીગરોને રાહત ભાવેથી કાપડ આપવાની જે સગવડ છે તે ચાલુ રાખવા માટે મીલ કંપની વ્યવસ્થા કરશે આ રીતે કરારની શરતો જોતા યુનિયનેએ ખાસ ધ્યાનમાં રાખ્યુ છે કે કોઇને કરજીયાત છુટા કરવામાં આવશે નહી અને તેઓના પગાર કે નોકરીની શરતોમાં અવળી અસર થાય નહી અસર થાય નહી તેવી જોગવાઇ કરવામા આવેલી છે એટલે કઈ રીતે વીવાદને આ કરારથી અવળી અસર થાય છે તેવી કોઇ હકીકત બતાવવામા આવેલ નથી ઉપરાત જે યુનિટ ખોટમા ચાલતુ હોય તેને ચલાવીને ખોટ વધારવી તે યોગ્ય અને વ્યાજબી ગણાય નહી તેથી યુનિયને જે કરાર કર્યો છે તે વ્યવહારૂ વ્યાજબી અને કાયદેસર છે તેની સામે વાવદી તરફે બીજી કોઇ હકીકત જણાવી નથી અને ફકત એકજ વસ્તુ જણાવ્યા કરે છે કે તેઓએ જે બીન્ન પ્રકરણો થઇ કર્યા છે તેને અવળી અસર થાય છે પરંતુ જે કાયદેસર અને યોગ્ય છે તેમાં બાધ ઉભો કરી શકાય નહી અને જે વ્યવહારૂ અને વ્યાજબી માર્ગ અપનાવ્યો છે તે બરાબર છે એમ કહી શકાય.

૭ વીવાદીએ તા ૨-૫-૬૧ની જે અરજી રજીસ્ટારશ્રી સમક્ષ રજુ કરેલી તે સી ૬ થી રજીસ્ટારના કાગળોમાં છે તેમા તેઓને સબંધીત કર્મચારી તરીકે સાંભળવાની તક આપવી જોઇએ એમ જણાવવામાં આવ્યુ છે આ પત્ર રજીસટારના કચેરીમાં તા ૮-૫-૬૧ના રોજ મળેલ છે અને તેના ઉપર તા ૨૯-૫-૬૧ના રોજ એવો શેરો કરવામા આવ્યો છે કે તાત્કાલીક કાર્યવાહી કરશો આ પત્રોના જવાબમા રજીસ્ટારે વિવાદીને તા ૬-૫-૬૧ ની તારીખનો પત્ર લખ્યો એમ જણાવ્યુ છે કે રજુઆત માટે તા ૪-૬-૬૧ના રોજ ૪-૦૦ કલાકે હાજર રહીને રજુઆત કરવી અને હાજર નહી રહો તો એમ માની લેવામા આવશે કે તેઓને કોઇ રજુઆત કરવાની નથી આ પત્રની નકલ સી ૧૩ થી રજુ છે આ પત્ર રજી એ ડી થી મોકલવામા આવ્યો છે આ પત્ર કઇ તારીખે પહોચ્યો તે જણાવવા એકનોલજમેન્ટ રજુ કરેલ નથી પરંતુ રજીસ્ટાર સમક્ષ જે કાર્યવાહી કરવામા આવી તેની તારીખ ૪-૬-૬૧ ના રોજની નોધ જોતા એમ જણાય છે કે તેઓ હાજર ન હતા મીલ કંપનીના ફેક્ટરી મેનેજરશ્રી એસ એસ

ને હાજર હતા અને ફેર્ટરી મેનેજરે લેખીત હકીકત રજુ કરી છે આ લેખીત હકીકત એ તા. ૪-૧-૬૧ ના રોજના પત્રમા છે જે સી/૧૫ રજુ થયેલો છે આ પત્રમાં વધુમાં એમ જણાવવામાં આવેલ છે કે વિવાદી મહેશકુમાર પોતે પટેલ હાજર થયા નથી તેમની બદલી રોકવા માટે હાઇકોર્ટમાં ગયા છે જે હકીકતને કરાર સાથે કોઈ સબંધ નથી. ત્યાર બાદ છોકરી સુનાવણી માટેની તા. ૧૦-૧-૬૧ની રાખવામાં આવેલી અને તેની ખબર આપવાની નોંધ રોજનામામાં છે એ પ્રમાણે તા. ૫-૧-૬૧ ના રોજ પત્રવ્યવહારને પત્ર લખવામાં આવ્યો જેની નકલ અ સી ૧૬ થી રજુ છે આ પત્રમાં વધુમાં જણાવવામા આવ્યુ છે કે મીલ કંપની રજુ કરવામાં આવેલ રજુઆત પત્રની નકલ તેની સાથે સામેલ કરવામાં આવેલી છે આ રજુઆત પત્ર એટલે મીલ કંપનીએ તા. ૪-૧-૬૧ ના રોજ રજીસ્ટારને રૂબરૂમા જે લેખીત હકીકત રજુ કરી તે છે તા. ૫-૧-૬૧ નો પત્ર વિવાદીને રજી. એ ડી પોસ્ટથી મોકલવામાં આવ્યો છે અને રજી એ ડી ની એકનોલેજમેન્ટ સી ૨૧ થી રજુ થયેલ છે તે એકનોલેજમેન્ટ જોતાં તા. ૫-૧-૬૧ નો પત્ર વીવાદીને તા. ૬-૧-૬૧ ના રોજ મળેલ છે અને તે બાબતની સહી મહેશકુમાર વતી રેણુકાબેને એકનોલેજમેન્ટ ઉપર કરી છે આ રીતે બીજી તા ૧૦-૧-૬૧ ની રાખવામાં આવી છે તે હકીકતની જાણ વીવાદીને તા. ૬-૧-૬૧ ના રોજ થઈ છે એમ કહી શકાય તા. ૧૦-૧-૬૧ના રોજની રજીસ્ટાર સમક્ષની કાર્યવાહીની નોંધ જોતાં એમ જણાય છે કે વિવાદી બપોરના ૧-૧૫ કલાકે રજીસ્ટારની ચેમ્બરીમાં જાય હતા અને મુદતની બાબતે ઈન્વર્ડ કલાર્કને આપેલી અને કરારની નકલની માંગણી કરેલી કરારની નકલ કબજા ઉપરથી ઉતારી લેવી તથા સાંજના મુદતના સમયે રજુઆત માટે હાજર રહેવા જણાવેલ પરંતુ તેમણે તે બાબતનો ઇનકાર કરેલો અને તા. ૧૭-૧-૬૧ ના રોજની મુદત આપવા માટે વીનંતી કરતી તેઓએ જે અરજી આપેલી છે તે સી ૨૩થી રજુ થયેલી છે તેઓની માંગણી મુજબ ત્યાર પછીની તા. ૨૦-૧-૬૧ ની રાખવામાં આવેલી અને તેઓને રજી એ ડી પત્રથી તેની જાણ પત્ર કરવામાં આવેલી જે પત્રથી તેઓને જાણ કરી છે તે સી ૨૭ છે તે પત્રમાં જણાવ્યા મુજબ કરારની જેરોક્ષ નકલ તેઓને મોકલી આપવામાં આવેલ આ પત્રની એકનેલેજમેન્ટ સી ૩૧ થી રજુ થયેલી છે જે વીવાદી વતી રેણુકાબેને તા. ૧૨-૧-૬૧ ના રોજ રવીકારી છે તા. ૨૦-૧-૬૧ કાર્યવાહીની નોંધ જોતાં મહેશકુમાર પટેલ કચેરીમાં રૂબરૂ આવેલા અને મુદત

INDEX

અગેનો પત્ર આપેલો જે સી ૪૪ થી રજુ થયેલ છે આ પત્ર પટાવાળા મારફતે રૂબરૂ આપીને આપેલ પણ રજીસ્ટારને રૂબરૂ મળેલા નહી તેમ છતાં તેઓને વધુ તક આપવાના આશયથી પ્રકરણ તા ૨૯-૬-૯૧ ના રોજ ૪ ક૦ વાગ્યે રાખવમાં આવેલ પરંતુ તા ૧૯ ૬ ૯૧ ના રોજ વીવાદીએ એક પત્ર લખેલો જે રૂલી જૂલાઈએ રજીસ્ટારની કચેરીમાં પહોંચેલો છે તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે તા. ૨૦-૬-૯૧ના રોજના રૂબરૂમાં આપવામાં આવેલ પત્રનો જવાબ રજીસ્ટર ત કથી વીવાદીને આપવામાં આવેલ નથી અને તા ૨૦-૬-૯૧ ના રોજ તેઓ એ ફીસના કામે બહાર ગયા હતા અને તે દીવસે તેમને સાંભળ્યા સીવાય તા ૨૯-૬-૯૧ની મુદત આપવામાં આવેલી પરંતુ તેમને અનુકુળ નહી હોવાથી તે દીવસે તેઓ હાજર રહી શકે તેમ કથી એ બાબતનો પત્ર તેઓએ તા ૨૦-૬-૯૧ ના રોજ લખેલ છે ત. ૨૯-૬-૯૧ ની રજીસ્ટારશ્રી સમક્ષની કાર્યવાહીની નોંધ જોતાં એમ જણાય છે કે વીવાદી મહેશકુમાર બી પટેલ હાજર હતા તેમજ મીલ કંપનીના ફેકટરી મેનેજર અને પર્સોનલ મેનેજર હાજર છે તે વખતે વીવ દીએ તેઓએ મંગેલ દસ્તવેજો રજુ કરેલ નહી હોવાથી મુદતની માંગણી કરેલી તે અંગે એવી નોંધ છે કે કરારની નકલ તેઓને મોકલી આપવામાં આવી છે જેથી મુદત અંગેની માંગણી માન્ય રાખવામાં આવતી નથી આ કાર્યવાહીની નોંધ નીચે વીવાદીને સહી કરવાનું કહેવામાં આવતા ના પાડે છે એવી નોંધ છે તા ૨૦ ૬ ૯૧ ના રોજ તેઓ હાજર હતા તે બાબતની તેમની સહી તારીખ ૨૦ ૬-૯૧ ના રોજની કાર્યવાહીની નોંધ નીચે છે ત્યાર બદ તા ૨-૭-૯૧ ના રોજ ઔદ્યોગીક અદાલત અમદાવાદ તરફથી બહાર પાડવામાં આવેલ ચુકાદાની નકલની માંગણી કરતાં તેઓને આપવામાં આવેલી તા. ૪-૭ ૯૧ ના રોજની કાર્યવાહીની નોંધમાં કરાર કયા કારણોસર નોંધવામાં આવ્યો છે તેની વિગતવાર હકીકત જણાવેલી છે અને તેમાં એમ જણાવવામાં આવેલ છે કે કરાર રજીસ્ટરમાં નોંધવો એ પ્રમાણે તા ૫-૭-૯૧ ના રોજ રજીસ્ટરમાં નોંધવામાં આવેલો અને તેની જાણ તા ૫ ૭-૯૧ ના પત્રથી વીવાદીને કરવામાં આવેલ

આ રીતે દરેક મુદતની ખબર વીવાદીને આપવામાં આવી છે અને કેટલીક મુદતોએ તેઓ પણ હાજર રહયા છે અને તેઓએ જે કઈ અરજીઓ આપી હતી તે ધ્યાનમાં લેવામાં આવી છે આ બાબતમાં તેઓ તરફથી જે વાંધા લેવામાં આવ્યા છે કે તેઓને પુરતી તક આપવામાં આવી નથી તે કાગળો જોતા અસ્થાને જણાય છે.

INDEX

૮ મીલ કંપની તરફથી ખોટમાં ચાલતી દુકાન બંધ કરવા માટેનો ફેરફાર કરવાના પગલા લેવામાં આવે અને તેમા યુનીયન સંમતી આપે તે યોગ્ય અને વ્યાજબી છે ઉપરાંત વીવાદીને બીજી જગ્યાએ મીલમાં નોકરી આપવામા આવે છે પણ તેઓને આગ્રહ એવો છે કે છુટક દુકાન ખોટમાં ચાલતી હોય તો પણ ચલુ રાખવી અને તે દુકાનમાં જ તેમને રાખવા આ આ આગ્રહ તે દુરાગ્રહ કહી શકાય આ રીતે હકીકતની દષ્ટીએ તેમજ કાયદાની દષ્ટીએ સમગ્રપણે ખ્યાલ લેતા રજીસ્ટારે નોંધણી કરવાનો જે હુકમ કર્યો છે તે વ્યાજબી અને કાયદેસરનો છે આ સમગ્ર હકીકતમાં આ વીવાદ અરજીમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે

હુકમ

૯ વીવાદીની આ વીવાદ અરજી આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી

(આર કે પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭

અમદાવાદ તા ૧૧-૪ ૯૨ અમદાવાદ

સને ૧૯૪૭ ના મુંબઇ ઔધોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ નિબંધક દવારા

ક્રમાંક ખ શમક ૨૮૫૮૮ આર યુ સને ૧૯૪૭ ના મુંબઇ ઔધોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔધોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામા આવેલી સતાની રૂએ હુ મેં પી બી ટેક્ષટાઇલ લી અંકલેશ્વર તથા અન્ય બે અને વેણુ ગોપાલન મુ પો કોલમડી તા અંકલેશ્વરની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૨ ના એપ્રીલ માસના ૧૬ મા દીને આથી નોંધ કરૂ છુ

ગુજરાતના માનનીય સભ્યશ્રી

મ॰ એ ભોજણીની ઔદ્યોગીક અદાલત

વડોદરા સમક્ષ

રીવીઝન અરજી (આઈસી) નં॰ ૧૯૨

એ પી સી ટેક્ષટાઈલ લી. - અપેલન્ટ
પ્લોટ નં॰ ૧૩૨ બી જી
આઈ ડી સી અંકલેશ્વર
જી. ભરૂચ

વિરૂધ્ધ

(૧) વેણુ ગોપાલન - રીસપોન્ડન્ટ
મુ પો કોલમડી તા॰ અંકલેશ્વર
જી. ભરૂચ

(૨) મુકેશ આર મીસ્ત્રી
મુ પો અલાદર તા॰ અંકલેશ્વર
જી॰ ભરૂચ

(૩) ગોપાલભાઈ નાયક
મુ પો લીરમાડા એ॰ એન
જી સી વાળા મતુભાઈના
મકાનમાં તા॰ અંકલેશ્વર
જી ભરૂચ તથા અન્ય કામદારો

ચુ કા દો

૧ સુરત ખાતેની મજુર અદાલતના વીદ્વાન ન્યાયધીશશ્રી વ્યાસ સાહેબના

INDEX

બી આઇ આર અરજી નં ૧૪/૬૧ માં તા ૧૩-૧૨ ૬૧ ના રોજ આપેલ વચ ગાળાની રાહત નીચે કરેલ હુકમ સામેની આ રીવીજન અરજી છે આ અરજી બી આઇ આર એકટની કલમ ૮૫ મુજબ કરેલ છે આ અરજી ઉપરોકત અરજદાર કંપનીએ નોધાવેલ છે કંપનીના કહેવા મુજબ છેલ્લા કેટલાક વર્ષોથી સમગ્ર ભારતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગમાં મંદી પ્રવર્તે છે અને સદરહુ કંપની ટેક્ષટાઇલ ઉદ્યોગના વ્યવસાયમાં રોકાયેલ હોવાથી અને તેમા ૨૦ કરતા વધુ કર્મચારીઓ નોકરીમાં હોવાથી તેઓને બી આઇ આર એકટ લાગુ પડે છે તેઓએ સેટ-ડીમ ઓર્ડર પણ બનાવેલ છે.

કંપનીએ તા ૨૫-૨ ૬૧ થી વણાટ ખાતુ બંધ કરવા અગેની નોટીસ મુકેલી અને ત્યારબાદ સામાવાળાએ એકાએક ભરુચ ખાતેની મજુર અદાલતમા અરજી દાખલ કરેલ અને વચગાળાની રાહતની માગણી કરેલ અમે સદર વણાટ ખાતુ બંધ કરે નહી તેવી એકતરફી મનાઈ હુકમ૫ણ ગાંગેલ મનાઇ હુકમની સુનાવણી બાદ સુરતના મજુર ન્યાયધીશશ્રીએ મનાઇ હુકમ મા-ય રાખેલ તે હુકમથી નારાજ થઈ આ રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલ છે અને એવી માંગણી કરવામાં આવેલ છે કે સુરતના ન્યાયધીશએ આપેલ મનાઈ હુકમ રદ કરવો

૨ ત્યારબાદ આ કામનુ રેકર્ડ મંગાવવામાં આવેલ અને આજરોજ તા. ૧૬-૩-૬૨ ના રોજ પક્ષકારે આંક ૬ થી સમાધાન રજુ કરેલ છે અને તે સમાધાન આંક ૬ નીચે અમોએ નીચે મુજબ હુકમ કરેલ છે

ઉપરોકત કામમાં અમો નીચે સહી કરનાર રીસપોડન્ટ નામદાર ન્યાયપંચને સવીનય જણાવીએ છીએ કે અરજદાર સંસ્થાઓમાથી અમો રાજીખુશીથી રાજીનામુ આપી છુટા થયેલ છે અને સંસ્થા તરફથી અમોને અમારાં કાયદેસરના નીકળતા તમામ હકો મળી ગયેલ છે અમારે હવે અરજદારે કંપની સાથે માલીક નોકરના સબંધનો અંત આવેલ છે.

તેમજ અરજદાર કંપની સાથે અમો કોઇપણ કાયદાની જોગવાઈ હેઠળ કોઇપણ પ્રકારનુ લ્હેણુ બાકી રહેતુ નથી તેથી બીઆઇઆર અરજી નં ૧૪/૬૧ માં આપેલ વચગાળાનો હુકમ રદ કરવામાં આવે તો અમોને કોઇ વાંધો નથી તેમજ બી આઇ

આ૨ એકદની મુળ અરજી ૧૪.૬૧ અમો આજરોજ પાછી ખેચી લઇએ છીએઅને તે મુજબ હુકમ કરવા નામદા૨ અદાલતને વીનંતી કરીએ છીએ.

હુંકમ

પક્ષકા૨ોના વકીલશ્રીઓ હાજ૨ છે તેઓ ઉપરોકત લખાણ તથા સહીઓ કરેલ કરે છે સબબ આ રીપીજન અરજી નં ૧,૬૨ ફેસલ કરવામાં આવે છે ખર્ચ સબબે કોઇ હુંકમ કરવામાં આવતો નથી.

ભરૂચ મજુંર અદાલતમાં ચાલતી અરજી નં ૧૪.૬૧ પણ ફેસલ કરવામાં આવે છે ભરૂચ અદાલતને રેકર્ડ તથા આ સમાધાનની ખબર આપવી.

વડોદરા ખાતેના મહેરબાન ઓધોગીક અદાલત સમક્ષ

રીપીઝન (આઈ સી) ૧-૬૨

એ પી બી ટેક્ષટાઈલ લી

પ્લોટ નં ૧૬૨ બી જી આઈ ડી સી

અંકલેશ્વર જી. ભરૂચ એપેલેન્ટ

વિરુધ્ધ

(૧) વેણુ ઓપાલન મું પો કોલવડી તા અંકલેશ્વર જી ભરૂચ

(૨) મહેશ આર શ્રી મુ પો અલાદર તા અંકલેશ્વર „

(૩) ગોપાલભાઈ નાયક મુ પો ઓરભાઠા ઓ એન જી સી વાળા

અનુભાઈના મકાનમા તા અંકલેશ્વર જી ભરૂચ તથા અન્ય કામદારોરી રેપોન્ડન્ટ

ઉપરોક્ત કામમાં અમો નીચે સહી કરનાર રિસપોન્ડન્ટ નામદાર ન્યાય પંચને સવીનય જણાવીએ છીએ કે અરજદાર સંસ્થામાંથી અમો રાજીખુશીથી રાજીનામું આપી છુટા થયેલ છે અને સંસ્થા તરફથી અમોને અમારા ફાયદેસરના નિકળતા તમામ હકકો માફી થયેલ છે અમારે હવે અરજદાર કં ની સાથે માલીક નોકર ના સબંધનો અંત આવેલ છે તેમજ અરજદાર કંપની સાથે અમારે કોઈ પણ કામદાની કોઈ પણ જોગવાઈ હેઠળ કોઈ પણ પ્રકારનુ દહેણુ બાકી હેતુ નથીતેથી બી આઇ આર અરજી નં ૧૪-૬૧મા આપેલ વચગાળાનો હુકમ રદ કરવામાં આવે તો અમોને કોઇ વાંધો નથી તેમજ બી આઇ આર એકટની મુળ અરજી ૧૪/૬૧ અમો બાજરોજ પાછી ખેચી લઇએ છીએ અને તે મુજબ હુકમ કરવા નામદાર અદાલતને વીનંતી કરીએ છીએ,

ભરૂચની નામદાર મજુર અદાલત સમક્ષ
અરજી ૧૪-૬૧

(૧) વેણુ ગોપાલન મુ પો કોલવડી તા અંકલેશ્વર
જી. ભરૂચ

(૨) મહેશ આર મીસ્ત્રી મુ પો અલાદર તા અંકલેશ્વર
જી. ભરૂચ

(૩) ગોપાલકાર્ય નાયક મુ પો એરભાઠા ઑ ઓન જી સી વાળા
અનુબાદના મકાનમાં તા અંકલેશ્વર જી ભરૂચ તથા અન્ય કામદારો અરજદાર

વીરૂધ્ધ

બી બી ટેક્ષટાઇલ

પ્લોટ નં ૧૪૨ જી આઇ ડી સી

અંકલેશ્વર જી ભરૂચ સામાવાળા

અમો નીચે સહી કરનાર અરજદાર કામદારો નામદાર અદાલતને સવીનય જણાવીએ છીએ કે અમો સામાવાળા સંસ્થામાંથી રાજી ખુશીથી રાજીનામું આપી છુટા થયેલ છે અને સામાવાળા સંસ્થા તરફથી અમોને અમારા કાયદેસરના નીકળતા તમામ હકકોના નાણાં મળી ગયેલ છે સામાવાળા સંસ્થા સાથે અમારે બાકીનો સબંધનો અંત આવેલ છે અને તેથી હવે અમારે ઉપરોકત અરજી તેમજ વચગાળાની અરજી અંગે કાંઇ કરવાનુ બાકી રહેતું નથી તેથી ઉપરોકત અરજી પાછી ખેંચી લઈએ છીએ અને તે મુજબ હુકમ કરવા નામદાર અદાલતને વીનંતી કરીએ છીએ

ચરોતર જીલ્લાના મહેરબાન ઔદ્યોગીક અદાલત સમક્ષ
રીવીકા (આઇ સી) ૧-૯૨

એ પી બી ટેક્ષટાઇલ લી

પ્લેઇન્ટ નં ૧૬૨ બી આઇ ડી સી

અંકલેશ્વર જી ભરૂચ એપેલેન્ટ

વિરૂધ્ધ

(૧) વેજુગોપાલન મુ પો કોલાડી તા અંકલેશ્વર જી. ભરૂચ

(૨) મહેશ આર બી બી મુ પો અણદેર તા અંકલેશ્વર જી, ભરૂચ

(૩) ગોપાલભાઈ નાથજી મુ પો એરભાઠા એ એન જી સી વાળા મનુભાઈના મકાનમાં તા અંકલેશ્વર જી ભરૂચ તથા અન્ય કામદારો, રીસપોન્ડન્ટ

અરજી દેવીદ

હું નીચે સહી કરનાર એ એમ વેજુગોપાલન ઉ વ ૩૦ પુખ્ત વયના ધંધો

પુખ્ત વયના ધંધો નોકરી રહેવાસી

મારા ધર્મના સોગંદ પુર્વક જણાવુ છુ કે

૧ હું મેસર્સ પી બી ટેક્ષટાઇલ લી. માં કામ કરતો હતો.

૨ કંપનીએ તેનુ વણાટખાતુ બંધ કરવા તા. ૧૬ ૬ ૬૧ ના રોજ કાયદેસરની નોટીસ મુકેલી જે નોટીસ વીરૂધ્ધ એમાએ જરુચની નામદાર મજુર અદાલત સમક્ષ બી આઇ આર અરજી ૧૪/૬૧ કાઇલ કરેલ અને તેમાં ૧૧૬ ડી મુજબ અરજી આપી વચગાળા ના મનાઈ હુકમની માંગણી કરી

૩ સદરહુ બી આઇ આર અરજી ૧૪/૬૧ સુરતીન નામદાર મજુર અદાલત સમક્ષ ટ્રાન્સફર કરવામાં આવેલ

૪ સુરતીન નામદાર મજુર અદાલતે વચગાળાની મનાઇ અરજી મુજબ મનાઇ હુકમ આપેલ છે અને તેથી કંપનીએ ઉપરોકત રીવાઝન અરજી દાખલ કરેલ છે

૫ હુ મેસર્સ પી બી ટેક્ષટાઈલ કંપનીમાંથી તા ન રોજથી રાજીખુશીથી રાજીનામુ આપી છુટો થયેલ છુ અને કંપની તરફથી મને મારા કાયદેસરના નિકળતા તમામ હકકો મળી ગયેલ છે માટે હવે પી બી ટેક્ષટાઈલ પાસેથી કોઇપણ કાયદાની કોઈપણ જોગવાઇ હેઠળ કોઇ પણ પ્રકારનુ લેણુ બાકી રહેતું નથી અને કંપની સાથે માલીક નોકરના સબંધનો અંત આવે છે

૬ સુરતની નામદાર મજુર અદાલતે આપેલ વચગાળાનો મનાઇ હુકમ રદ કરવામાં આવે છે તે સામે મને કોઇપણ પ્રકારનો વાંધો નથી

૭ જરુચની નામદાર મજુર અદાલત સમક્ષ કરેલ બી આઇ આર અરજી ૧૪/૬૧ હુ પાછી ખેચી લઉ છું અને તે મુજબ હુકમ કરવા નામદાર ન્યાયમંડને વીનંતી કરૂ છુ.

૮ ઉપરોકત તમામ હકીકત મારી જાણ તથા માન્યતા મુજબ સાચી અને મને કબુલ મંજુર છે

INDEX

(વેતુ મોપાલન)
એસ. એ શાહ
તા. ૧૬-૩-૮૨

વડોદરા આતેના મહેરબાન એાથેાગીક અદાલત સમક્ષ

રીવીઝન (આઈ સી) ૧/૮૨

એ પી બી ટેક્ષટાઇલ લી.

પ્લેાટ નં ૧૭૨ બી આઈ ડી સી

અંકલેશ્વર જી ભરૂચ એપેલેન્ટ

વીરૂધ્ધ

(૧) વેણુગેાપાલન પુ પેા કૃષ્ણપડી તા અંકલેશ્વર
જી ભરૂચ

(૨) બહેચ આર મીસ્ત્રી પુ પેા બલાદર તા અંકલેશ્વર
જી ભરૂચ

(૩) મેાપાલભાઈ નાથક પુ પેા મેારભાઠા એા એન જી સી પા પ
મનુભાઇના મકાનમાં તા અંકલેશ્વર
જી ભરૂચ તથા અન્ય કાયદારા. રીસ્પેાન્ડન્ટ

એફીડેવીટ

હું નાચે સહી કરનાર બહેચ રમણભાઈ મીસ્ત્રી ઉ વ; ૨૧ વર્ષ
પુખ્ત વયના ધંધેા નેાકરી, રહેવાસી
બલાદ અંકલેશ્વર
આથી ધર્મના સેાગંદપુર્વક જણાવુ છુ કે

INDEX

૧ હું મેસર્સ પી બી ટેક્ષટાઈલ લી માં કામ કરતો હતો

૨ કંપનીએતેનુ વણાટખાતું બંધ કરવા તા ૧૬ ૬ ૬૧ ના રોજ કાયદેસરની નોટીસ મુકેલી જે નોટીસ વિરૂધ્ધ અમોએ ભરૂચની નામદાર મજુર અદાલત સમક્ષ બી આઇ આર અરજી ૧૪/૬૧ કરેલ અને તેમા ૧૧૯ ડી મુજબ અરજી આપી વચગાળાના મનાઈ હુકમની માંગણી કરી

૩ સદરહુ બી આઈ આર અરજી ૧૪/૬૧ સુરતની નામદાર મજુર અદાલત સમક્ષ ટ્રાન્સફર કરવામાં આવેલ

૪ સુરતની નામદાર મજુર અદાલતે વચગાળાની મનાઈ અરજી મુજબ મનાઈ હુકમ આપેલ છે અને તેથી કંપનીએ ઉપરોકત રીવીઝન અરજી દાખલ કરેલ છે.

૫ હું મેસર્સ પી બી ટેક્ષટાઇલ કંપનીમાંથી તા. ના રોજથી રાજીખુશીથી રાજીનામુ આપી છુટો થયેલ છુ અને કંપની તરફથી મને મારા કાયદેસરના નીકળતા તમામ હકો મળી ગયેલ છે મારે હવે પી બી ટેક્ષટાઇલ પાસેથી કોઈપણ કાયદાની કોઈપણ જોગવાઇ હકળ કોઇપણ પ્રકારનુ લેહેણુ બાકી રહેતુ નથી અને કંપની સાથે મારીઓ નોકરના સબંધનો અંત આવે છે

૬ સુરતની નામદાર મજુર અદાલતે આપેલ વચગાળાનો મનાઈ હુકમ રદ કરવામાં આવે તે સામે મને કોઇ પણ પ્રકારનો વાંધો નથી.

૭ ભરૂચની નામદાર મજુર અદાલત સમક્ષ કરેલ બી આઇ આર અરજી ૧૪/૬૧ હું પાછી ખેચી લઉ છુ અને તે મુજબ હુકમ કરવા નામદાર ન્યાયાધીશને વીનંતી કરૂ છુ

૮ ઉપરોકત તમામ હકીકત મારી જાણ તથા માન્યતા મુજબ સાચી છે અને મને કબુલ મંજુર છે

(આર કે પરમર)
સહાયક મંત્રી નિબંધક
અમદાવાદ તા. ૧૧-૬-૬૨ મુંબઈ ઔદ્યોગીક સબંધક અધિનિયમ-૧૯૪૭
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુબઇ ઔધોગીક સંબધક અધીનીયમ અન્વયેના
સહાયક સમ

(૧) ઔધોગીક અદાલત રાજકોટના રેફરન્સ આઇ સી નં ૧૬/૮૭માં મીલ કુ! માં અમુક જગાઓ બંધ કરવા મીલ કુાં તરફથી માંગણી કરવામાં આવેલી તે બાબત પક્ષકારો વચ્ચે સમાધાનથી એવોર્ડ તા ૧૬ ૧-૯૬નો થયેલો પણ એમ જણાય છે કે મીલ કંપનીના કહેવા પ્રમાણેતે સમાધાન એવોર્ડમાં નકકી કર્યા પ્રમાણે જુદી જુદી જગાઓ ઉધોગની ખરાબ પરીસ્થિતીના કારણે ચાલુ રાખી શકાય તેમ નથી તે કારણે મીલ કંપનીના કહેવા પ્રમાણે ફોલીંગ ખાતાની અમુક જગાઓ તેઓ નાબુદ કરવા માગે છે અને તે ખાતાના અમુક વધેલા કામદારોને બીજા ખાતામાં કામ આપવા માગે છે તે રીતે થયેલા સમાધાન એવોર્ડમાં ફેરફાર કરવા આ અરજી કરવામાં આવેલી છે.

(૨) આ અરજી ગુણ દોષ પર સુનવણી પર આવે તે પહેલા પક્ષકારોએ આંક ૨ થી સમાધાન પત્ર રજુ કર્યુ છે અને પક્ષે તે સમાધાનમાં સહી કર્યાનું અને તે રીતે સમાધાન એવોર્ડમાં ફેરફાર કરવા આંક ૨ માં માગણી કરી છે સમાધાનની શરતો વાંચતા વ્યાજબીઅને યોગ્ય જણાય છે તે કારણે આ કોર્ટ આંક ૨ હેઠળના હુકમ પ્રમાણે તે સમાધાન નોંધ્યુ છે તે કારણે નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

હુ ક મ

ઔધોગીક અદાલત રાજકોટ રેફરનસ આઈ સી ન ૧૬/૮૭ના તારીખ ૧૬ ૧-૯૬ વાળા સમાધાન એવોર્ડમાં આંક ૨ પ્રમાણે તેએવોર્ડમા ફેરફાર કરવામાં આવે છે આંક ૨ વાળા સમાધાનને ફેરફાર કરેલા એવોર્ડનો ભાગ ગણવો

આ અરજીનુ ખર્ચ દરેક પક્ષે પોતે પોતાનુ ભોગવવાનુ છે

(આર કે પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુબઇ ઔધોગીક સબંધ અધીનીયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૨૧-૫-૯૨

નામદાર ઔદ્યોગીક અદાલત ગુજરાત

ભાવનગર સમક્ષ

મીસીલેનીયસ અરજી આઇ સી નં -

રેફરન્સ આઇ સી નં ૧૬ ૧૯૮૭ માં
કરવામાં આવેલ એવોર્ડમા

જયુ જહાંગીર વકીલ મીલ્સ - અરજદાર
યુનિટ ઓફ જી એસ ટી
સી લી ભાવનગર

અને

ટેક્ષટાઈલ લેબર યુનિયન - સામાવાળા
મજુર મહાજન વડવા
ભાવનગર

કામદાની કલમ ૧૨૬ એ અનવયે

વીષય :-

રેફરન્સ આઈ સી નંબર ૧૬ ૮૭ ના તા. ૨૭-૧૧-૮૯ ના એવોર્ડમાં સુધારો કરવા બાબત

સમાધાનની શરતો

ઉદ્યોગની હાલની પરિસ્થિતી જોતા તથા કામચોરીને ખોટો ને બાવર લુમસ તથા પ્રોસેસીંગનું કામ કરતા નાના નાના એકમોની હરીફાઈ સામે ટકવુમુશ્કેલ હોવાથી આ એકમ કાર્યક્ષમ બનાવવા માટે પક્ષકારો એ મીલ કંપનીની માંગણી વીચારણા કરી હતી અને ૧૯૮૮ થી પ્રોસેસીંગ વીભાગનું કામ કાજ સદંતર બંધ રાખવુ રહ્યુ.

INDEX

અને જુદા જુદા મશીનો ઉપર કામ કરતા કામદારોને વગર કામે પગાર ચુકવવો પડતો હતો તે પરીસ્થિતી હાલ ના સંજોગોમાં લાંબા સમય માટે ચલાવવા માં આવે તો અન્ય ખાતામાં કામ કરતા કામદારોને નોકરીના સલામતી ભયમાંમુકાય તેથી જ મોટા ભાગના સ્પીનીંગ તથા શાળ ખાત માં કામ કરતા કામદારોના હીતમા પક્ષકારોએ નીચે મુજબ સમાધાન કર્યુ છે સમાધાન કરતા પહેલા મીલ્સ કર્તા એ જે કામદારો રાજીખુશીથી છુટા થવા માગતા હોય તેઓના રાજીનામા પ્રતીનીધીત્વ ધરાવતા યુનિયન મારફતે આવશે તો તેઓના રાજીનામા અંગે વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવામાં આવશે અને અન્ય ખાતામાં કામ કરતા કામદારોના રાજીનામા આવશે તો જે કામદારો આવી રીતે ખાલી પડનાર જગ્યા ઉપર કામ કરવા ઇચ્છતા હશે તેઓને કામ આપવામાં આવશે મીલ્સ કર્તા એ આ પ્રકારની જાહેરાત કરી જેના પરિણામે બે રાજીનામા આવ્યા છે જે રાજીનામાઓનો સ્વીકાર કરી તેઓને તેમની ગેચ્યુઈટીની રકમ બેકારી વળતરની રકમ તથા વધારાના પ્રોત્સાહીત વળતરની રકમ ચુકવી આપેલ છે

વધુમાં ઓલીચ-ફેલ્ટીંગ ખાતાની કામગીરી પ્રોસેસીંગની કામગીરી સાથે અવલંબીત છે સને ૧૯૮૮ ની સાલથી પ્રોસેસીંગની કામગીરી બંધ હોવાથી ઓલીચ ફાલ્ટીંગના કામદારોને કામગીરી સદંતર બંધ છે ઓલીચ ફેલ્ટીંગના કેટલાક કામદારોએ ઘણા સમય પહેલા જે ફેલ્ટીંગ ખાતામા કામગીરી સ્વીકારેલી છે હવે કોઇપણ પ્રકારની કામગીરી ન હોય તેવા કામદારોની સંખ્યા ૩૦ જેટલી છે તે અંગે પક્ષકારોએ નીચે પ્રમાણે સમાધાન કરેલ છે

(અ) પરીશીષ્ટમાં દર્શાવેલા ૩૦ ઓલીચ ફેલ્ટીંગના કામદારો પૈકી જે કામદારો પ્રતીનીધીત્વ ધરાવતા યુનિયન મારફતે રાજીનામુ આપશે તેઓના રાજીનામા મીલ્સ કર્તા સ્વીકારીને ૧૫ દીવસમાં તેઓને તેમની સર્વીસ પ્રમાણે નીકળતા ગેચ્યુઈટીની રકમ બેકારી વળતરની રકમ તથા પ્રોત્સાહીત વળતરની રકમ ચુકવી આપશે.

(બ) પરીશીષ્ટમાં દર્શાવેલા બાકીના કામદારોને જે ફેલ્ટીંગના કામદારો માંથી જ્યારે કોઇ છુટા થવા ઇચ્છતા હશે તો તે કામદારો

ને કલમ ૫ માં દર્શાવ્યા પ્રમાણેના હાલો ચુકવી ને તે જગ્યા એ બ્લીચ ફેાર્ડીંગના બાકીના કામદારો ને કામ આપવામાં આવસે

૬ બ્લીચ ફેા.ડીંગના બાકીના વધારાના કામદારોને મીલ્સ કુ ના અન્ય ખાતાઓમાં કામ આપવામાં આવશે જે ખાતામાં બ્લીચ ફેાર્ડીંગના કામદારોને મીલ્સ કુ કામ આપે તે ખાતાના કેાઈ પણ કામદાર નિવૃત્તી વય મર્યાદા કેાલા સ્વેચ્છાએ છુટા થવા માગતા હશે, તેા તેવા કામદાર ને ગેચ્યુઈટીની રકમ એમાં વળતરની રકમ તથા વધારાના પ્રેાત્સાહન વળતરની રકમ ચુકવ વામાં આવશે

અને તેટલા પ્રમાણમા બ્લીચ ફેાર્ડીંગ ના ખાતાની જગ્યાઓ નાબુદ થયેલી ગણાશે

૭ ઉપરોકત કલમ ૬ માં દર્શાવ્યા પ્રમાણે બ્લીચ ફેાર્ડીંગ નાં પરીશીષ્ટમાં દર્શાવેલા કામદારો પેકી જેઓને અન્ય ખાતામાં ટ્રાંસફર કરવામાં આવે તેમોને તે ખાતામાં તાલીમ આપવામાં આવશે.

પરંતુ તેઓને હાલ જે કેટેગરીનેા પગાર મળે છે તે કેટેગરી નેા પગાર અને જેઓને જે કેટેગરીમાં કામ સોપવામાં આવે તે કેટેગરીનેા પગાર પેકી જે પગાર વધારે હશે તે આપવામાં આવશે.

૮ બ્લીચ ફેાર્ડીંગ ના કામદારોને સેમી કલાર્ક તરીકેની રજાઓ તથા અન્ય જે લાભ મળે છે તે તેમના પર્સનલ લાભ તરીકે ગણાશે અને તેનેા ભરીસ્થમાં કાયમી પ્રેાસીડનટ તરીકે ગણવામા આવશે નહી

૯ બ્લીચ ફેાર્ડીંગ વિભાગની કામગીરી જયારે ચાલુ હતી તયારે

INDEX

કુલ ૪ બદલી કામદારો હતા તેઓને ગે ફે હડીગ ખાતામાકાયમી કામ આપ્યુ હોવાથી તેઓની બ્લીચ ફોહડીગની ૪ જગ્યા કાયમી ધોરણે નાબુદ થયેલી ગણવામાં આવશે

જ આ સમાધાન પ્રમાણે બેકારી વળતર તેમજ વધારાના પ્રોત્સાહીત વળ રની રકમ મથી જે રકમ આ વાતુ નકકી કરવામા આવ્યુછે તે રકમ જે તે કામદાર મીલના કવાર્ટસમાં રહેતા હશે તેકામદાર મીલના કવાર્ટરનો ખાલી કબજો મીલને સોપશે ત્યારે તે બેકારી વળતર તથા એક્ષ ગેસીયા વળતરની રકમનાં હકદાર બનશે અને ત્યાર પછીજ તેમનેતે રકમ ચુકવવામાં આવશે

ચ આ સમાધાનનો અમલ સમાધાન થયાની તારીખ થી ગયેલો ગણાશે

છ નામદાર અદાલતને નરમ અરજ કરવાની કે આ સમાધાન પ્રમાણે એવોર્ડ કરવા વિનતી છે

પરીશીષ્ટ –

બ્લીચ ફે હડીગ મનાં કામદારોને વૈકલ્પિક કામ કરવાના ખાતાની યાદી

ક્રમ	નામ	વૈકલ્પિક કામનુ ખાતુ
૧	૨	૩
૧	કેરીસીંહ ગેમલજભાઈ	રીંગફેમ એ
૨	શાંતીલાલ ભગવાનદાસ	ફેમ બી
૩	રમેશ મનુભાઇ	રીંગફેમ એ
૪	લાભશંકર [illegible]	ફેમ બી

INDEX

૫	જશવંત શાંતીલાલ	રીંગફ્રેમ એ
૬	લાભશંકર કેશવલાલ	ફ્રેમ બી
૭	બાબુભાઈ જુસબભાઈ	રીંગફ્રેમ એ
૮	બચુભાઈ હરજીવનદાસ	ફ્રેમ બી
૯	સુંદરમલ નેનામલ	રીંગફ્રેમ એ
૧૦	ચંદુમલ હેમનદાસ	ફ્રેમ બી
૧૧	હરીભાઈ મેરૂભાઈ	રીંગફ્રેમ એ
૧૨	વીનોદ લલ્લુભાઈ	ફ્રેમ બી
૧૩	લાભશંકર રામપ્રસાદ	રીંગફ્રેમ એ
૧૪	પોપટભાઈ હકાભાઈ	વાઈન્ડીંગ એ
૧૫	વસંત ખોડીદાસ	વાઈન્ડીંગ બી
૧૬	રોનાલ્ડ સાયમન	ફ્રેમ બી
૧૭	હીંમતલાલ કરશનદાસ	રીંગફ્રેમ એ
૧૮	ચંદ્રકાન્ત જટાશંકર	ફ્રેમ બી
૧૯	નર્મદાશંકર રેવાશંકર	સારણી એ
૨૦	શાંતીલાલ દુલભજી	ફ્રેમ એ
૨૧	રમેસભાઈ મધુભાઈ	—

INDEX

૨૨	હરગોવીંદ કેશુભાઈ	વાઈન્ડીંગ એ
૨૩	હરેશ છગનલાલ	રીટેઈલ શોપ
૨૪	ભરતસીંહ ભુરૂભા	ફ્રેમ એ
૨૫	જીતેન્દ્ર જેન્તીલાલ	વાઈન્ડીંગ બી
૨૬	તુંકારામ ગજાનન	વાઈન્ડીંગ એ
૨૭	અશોક નાથાલાલ	લાઈસ્ટીંગ બી
૨૮	ઘનશ્યામ વ્રજલાલ	લાઈસ્ટીંગ એ
૨૯	શાંતીલાલ નંદલાલ	વાઈન્ડીંગ એ
૩૦	સતીષ સોમચંદ	ફ્રેમ એ

બી કે બી કરમટીયા
મંત્રી શ્રી

પી આર શાહ
જનરલ મેનેજર

ભાવનગર તા ૨૩-૧-૬૨

ર વ ઉદેશી
એાધોગીક અદાલત

અમદાવાદ તા ૨૧-૫-૬૨

આર કે પરમાર
સહાયક સચ નિમંક

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ
નિબંધક દ્વારા

ક્રમાંક મ શમક ૨.૭૬૪ આજ્ઞુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નીયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રુ એ હૂ શ્રી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ ભાવનગર અને ટેક્ષટાઈલ લેબર યુનીયન ભાવનગર ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલનીચે મુજબના નીરેડાની સને ૧૯૬૨ ના મે માસના ૨ માં દીને આથી નોંધ કરૂ છુ.

ઔદ્યોગીક અદાલત ભાવનગર.

પર અરજી (આઇસી) નં /૬૨

શ્રી ન્યુ જહાંગીર વકીલ — અરજદાર
મીલ્સ યુનિટ ઓફ જી.
એસ ટી. સી, લી
ભાવનગર

વીરુધ્ધ

ટેક્ષટાઇલ લેબર યુનીયન — સામાવાળા
મજુર મહાજન વડવા
ભાવનગર.

બાબત :— ઔદ્યોગીક અદાલત રાજકોટ રેફરન્સ (આઇ સી) નંબર ૪૦/૬૧ના તા ૧૬-૧ ૬૯ નાં એવોર્ડમાં બી આઇ આર એક્ટની કલમ ૧૧૧ પ્રમાણે ફેરફાર કરવા બાબત.

INDEX

ફેરહાર કરેલો એવેર્ડ

(૧) ઔધોગીક અદાલત રાજકોટના રેફરન્સ અપ સી નં ૪૦/૮૬ માં મીલ કંપનીએ મીલમાં કામદારોની અમુક જગાઓ નાબુદ કરવા માંગણી કરેલ જે બાબત પક્ષકારો વચ્ચે સમાધાનથી તા. ૧૬-૧-૮૯ ના એવેર્ડ કરવામાં આવેલ પરંતુ ઉધોગની ખરાબ પરિસ્થતીના કારણે તે સમાધાનમાં નકકી કર્યા પ્રમાણેની અમુક જગાઓ ચાલુ રાખી શકાય તેમ નથી તે કારણે અમુક જગાઓ મીલ કંપની રદ કરવા માગે છે અને તે રીતે સમાધાન એવેાડ તા. ૧૬-૧-૮૬ માં ફેરહાર કરવા મીલ કંપનીએ આ અરજી કરી છે

(૨) આ અરજીમાં ગુણદોષ પર સુનવણી થાય તે પહેલા પક્ષકારોએ આંક ૨ થી સમાધાન પત્ર રજુ કરેલ છે બન્ને પક્ષોએ તે સમાધાન કબુલ કરતા આ કોર્ટે તે નોંધવા આંક ૩ હેઠળ હુકમ કર્યો છે અને તે સમાધાન પ્રમાણે થયેલ એવેાડ'માં ફેરહાર કરવા બન્ને પક્ષોની માંગણી છે સમાધાનની શરતો ધ્યાનમાં લઈ તથા યોગ્ય જણાય છે તે કારણે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે

હુકમ

ઔધોગીક અદાલત રાજકોટના રેફરન્સ આઇ સી નં ૪૦/૮૬ ના એવેર્ડ તા. ૧૬-૧-૮૬ માં આંક ૨ ના સમાધાન પ્રમાણે ફેરહાર કરવામાં આવે છે આંક ૨ ને ફેરહાર કરેલા અવેાડનેા ભાગ ગણવેા આ અરજીનુ ખર્ચ દરેક પક્ષે પોતે પોતાનુ ભોગવવું

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિયમક
મુંબઇ ઔધોગિક સબધ અધીનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ તા ૨૧-૫-૯૨

નામદાર ઔદ્યોગીક અદાલત, ગુજરાત

ભાવનગર સમક્ષ

મીસીલેનીયસ અરજી આઈસી ન ૪-૬૨

રેફરન્સ આઇ સી ન ૪૦ ૧૯૮૧ માં
કરવામાં આવેલ એવોર્ડમાં

અરજદાર – ન્યુ જહાંગીર વકીલ મીલ્સ
યુનિટ ઓફ જી એમ ટી
સી લી ભાવનગર

અને

સામાવાળા – ટેક્ષટાઈલ લેબર યુનિયન
મજુર મહાજન
વડવા ભાવનગર

કાયદાની કલમ ૧૧૬ એ અન્વયે

વિષય રેફરન્સ આઈ સી નંબર ૪૦ ૧૯૮૧ નો તા ૮-૨-૮૬ ના
એવોર્ડમાં સુધારો કરવા બાબત

સમાધાનની શરતો

ઔદ્યોગની હાલની પરિસ્થતી જોતા તથા કોમોડીટ મીલોને પાવર લુમ્સ તથા પ્રોસેસીંગનુ કામ કરતા નાના નાના એકમોની હરીફાઇ સામે ટકવુ મુશ્કેલ હોવાથી આ એકમ કાર્યક્ષમ બનાવવા માટે પક્ષકારોએ મીલ કપનીની માંગણી અંગે વીચારણા કરી હતી સને ૧૯૮૮ થી પ્રોસેસીંગ વીભાગનુ કામકાજ સદંતર બંધ રાખવુ પડેલુ અને જુદા જુદા મશીનો ઉપર કામ કરતા કામદારોને વગર કામે પગાર ચુકવવો પડતો હતો.

INDEX

તે પરિસ્થિતી હાલના સંજોગોમાં લાંબા સમય માટે ચલાવવામાં આવે તો અન્ય ખાતામા કામ કરતા કામદારોને નોકરીની સલામતી ભયમાં મુકાય તેથીજ મોટા ભાગના સ્પિનીંગ તથા શાલ ખાતામાં કામ કરતા કામદારોના હીતમા પક્ષકારોએ નીચે મુંજબ સમાધાન કર્યુ છે. સમાધાન કરતા પહેલા મીલ્સ કુા એ જે કામદારો રાજી ખુશીથી છુટા થવા માંગતા હોય તેઓના રાજીનામાં પ્રતી નીધીત્વ ધરાવતા યુનિયન મારફતે આવશે તો તેઓના રાજીનામાં અંગે વીચારણા કરી યોગ્ય નર્ણય કરવામાં આવશે અને અન્ય ખાતામાં કામ કરતા કામદારોના રાજીનામાં આવશે તો જે કામદારો આવી રીતે ખાલી પડનાર જગ્યા ઉપર કામ કરવા ઇચ્છતા હશે તેઓને કામ આપવામાં આવશે મીલ્સ કુાએ આ પ્રકારની જાહેરાત કરી જેના પરીણામે કુલ ૧૫ પ્રેસેસીંગ ખાતામાં કામ કરતા અને બાકીના અન્ય ખાતાના ૧૧ રાજીનામા આવ્યા છે

મીલ્સ કુાએ આ પૈકી ૬૫ પ્રોસેસીંગ ખાતાના કામદારોનો સ્વેચ્છિક રાજીનામાઓનો સ્વીકાર કરી તેઓને તેમની ગેચ્યુઇટીના રકમ બેકારી વળતરની રકમ તથા વધારાના પ્રોત્સાહીત વળતરની રકમ ચુકવી આપેલ છે જેના નામ આ સાથેના પરીશીષ્ટ અમાં દર્શાવવામાં આવેલ છે

તદ ઉપરાંત અન્ય ખાતામાંથી જેઓના સ્વેચ્છિક રાજીનામા આવ્યા છે અને તેઓને પણ ઉપર જણાવ્યા પ્રમાણે ગેચ્યુઇટીની રકમ બેકારી વળતરની રકમ તથા વધારાના પ્રોત્સાહીત વળતરની રકમ ચુકવી આપવામા આવેલ છે અને તેમની ખાલી પડેલી જગ્યાએ પ્રોસેસીંગ ખાતાના પરીશીષ્ટ બ મા દર્શાવેલ કામદારોને કામ આપવામા આવેલ છે વધુમાં પરીશીષ્ટ ક મા દર્શાવેલ પ્રોસેસીંગ ખાતાના કામદારોને અન્ય ખાતામા વૈકલ્પિક કામ આપવાનો આવેલ છે ને સંજોગો મા પક્ષકારોએ મીલ્સ કુા ની પ્રોસેસીંગ ખાતાની કાયમી જગ્યાઓની નાબુદી માટે જે માગણી કરી છે તેની ચેની થરતોએ સ્વીકારી છે અને તેનો અમલ આ સમાધાનની તારીખથી થયેલો ગણાશે

૧ પરિશીષ્ટ અ મા દર્શાવેલા પ્રોસેસીંગ વીભાગના કામદારોએ સ્વેચ્છિક નિવૃતી સ્વીકારી છે તેઓને તેઓની નોકરીના વર્ષ પ્રમાણે ગેચ્યુઇટીની રકમ બેકારી વળતરની રકમ વધારાના

પ્રોત્સાહીત વળતરની રકમ વિગેરે ચુકવી આપેલ છે તેથી તે જગ્યાઓ કાયમ માટે નાબુદ થયેલી ગણાશે.

૨ પરીશીષ્ટ બ માં દર્શાવેલ કામદારોએ અન્ય ખાતામાં કામ કરવાનો સ્વીકાર કર્યો છે અને તેઓને તેમના નામ સામે દર્શાવેલ ખાતામાં કામ આપવામાં આવેલ છે તેથી પ્રોસેસીંગ વીભાગના તેમની મુળ જગ્યા નાબુદ થયેલી ગણાશે કારણ કે પરીશીષ્ટ બ માં દર્શાવેલા કામદારોનું મીન્સ કુાં એ જે કામદારોની જગ્યાએ કામ આપ્યુ છે તે કામદારને પણ ગેરબુઇટીની રકમ બેકારી વળતરની રકમ તથા વધારાના પ્રોત્સાહીત વળતરની રકમ ચુકવી આપેલ છે

(૩) પરીશીષ્ટ ક માં દર્શાવેલા પ્રોસેસીંગ ખાતાના વધારાના કામદારોને તેમના નામ સામે દર્શાવેલ ખાતામાં કામ આપેલ છે તેથી તેઓની પ્રોસેસીંગ વીભાગની ખાલી પડેલી મુળ જગ્યા નાબુદ થયેલી ગણાશે

(૪) પરીશીષ્ટ બ તથા ક માં દર્શાવેલ કામદારોને જ્યારે તેઓ પ્રોસેસીંગ વીભાગમાં કામ કરતા ત્યારે તેઓને જે મુળ બેઝીક પગાર મળતો હતો તે અથવા તો તેઓને આ સમાધાનથી જે ખાતામાં જે કેટેગરીનુ કામ આપવામા આવ્યું છે તે કેટેગરીનો મુળ બેઝીક પગાર પૈકી બે માં જે વધારે હશે તે આપવામાં આવશે.

(૫) મીન્સ કુાં એ પ્રોસેસીંગ વીભાગની જગ્યાઓ નાબુદ કરવા માટે ઔધોગીક વીવાદ ધારાની કલમ ૨૫ ઓન પ્રમાણે જે વીધી કરવી જોઇએ તે વીધી કરેલ છે પરંતુ જે કામદારોની છટણી કરવાની માંગણી કરવાની હતી તે કામદારોએ સ્વેચ્છાએ નિવૃત થવાની ઈચ્છા વ્યકત કરી છે તથા પરીશીષ્ટ બ માં દર્શાવેલા કામદારોએ અન્ય ખાતામાં કામ કરવાની ઇચ્છા વ્યકત કરી છે

અને મીલ કુાં એ તે કામ આપેલ છે તથા પરીશીષ્ટ ક માં દર્શાવેલા કામદારોને મીલ્લ કુાં એ તેમના નામ સામે દર્શાવેલા ખાતામાં રોજી આપવામાં આવી ને તેથા ૨૫ એન ની કાર્ય વાહી પ્રમાણે પરીશીષ્ટ અ બ ક માં કામદારોની છટણી કરવાનો પ્રશ્ન રહેતો નથી

૪ આ સમાધાન પ્રમાણે બેકારી વળતર તેમજ વધારાનો પ્રોત્સાહીત વળતરની રકમ મળી જે રકમ આપવાનુ નકકી કરવામાં આવ્યુ છે તે રકમ જે તે મીલના કવાર્ટરમાં રહેતા હશે તે કામદાર મીલના કવાર્ટરનો ખાલી કબ્જો મીલને સોંપશે ત્યારે બેકારી વળતર તથા એક્ષગ્રેસીયા વળતરની રકમના હકકદાર બનશે અને ત્યાર પછી જ તેને તે રકમ ચુકવવામાં આવશે

૫ આ સમાધાનનો અમલ સમાધાન થયાની તારીખથી થયેલો ગણાશે.

૬ નામદાર અદાલતને નમ્ર વીનતી કરવાની કે આ સમાધાન પ્રમાણે એવોર્ડ કરવા વિનંતી છે.

પરિશીષ્ટ અ

સ્વેચ્છીક રાજીનામાની યાદી

ક્રમ	નામ
	બ્રહ્મીરીત
૧	નારાયણ ઢોંઢીબા
૨	બ્રહ્મદેવ શીવનુ
૩	મેરુભા દપુભા
૪	નારાયણ હરી

INDEX

૫	રામચદ્ર પીઠલ
૬	લાલસીગ પ્રથુસીગ
૭	શાંતીલાલ મગનલાલ
૮	રાણા જસા
૯	લક્ષમણ પાંડુરંગ
૧૦	જગન્નાથ રામચદ્ર
૧૧	લાભશંકર રતીલાલ
૧૨	લલ્લું નનકુ
૧૩	યશવત પાંડુરંગ
૧૪	જગનન શંકર
૧૫	નિરબુતી ગણપત
૧૬	લક્ષમણ હીનજુ
૧૭	કેશવ નાના
૧૮	ઈસ્માઇલ અબુબકર
૧૯	જગન્નાથ જીકુભાઈ
૨૦	લક્ષમણ રામચદ્ર
૨૧	દાદુ ચંદુ
૨૨	શંકર મારૂતી

INDEX

ફીનીશીંગ

૨૩	વીનોદરામ ભગવાનદાસ
૨૪	તુલસી ખોડા
૨૫	મેઘજી વજરામ
૨૬	અરજણ રૂખડ
૨૭	મંગળદાસ મગનલાલ
૨૮	ભીખા નરશી
૨૯	દામજી વાલજી
૩૦	ચતુરસીહ દાદભા
૩૧	બચુ કરશન
૩૨	વીનાયક રતીલાલ
૩૩	અરજણ ભાણુ
૩૪	જયશુખ રતીલાલ
૩૫	સુમેરસીહ જુરેસીહ
૩૬	કીરીટસીહ જોરૂભા
૩૭	પ્રહલાદ ભજનસીહ
૩૮	મગળસીહ વખતસીહ
૩૯	બચુ ભગવાન

INDEX

પ્રિનટીગ

૪૦ મગન જીવા

૪૧ તખુભા કનુભા

૪૨ અભરામ મહંમદ

૪૩ જટાશકર મગનલાલ

૪૪ જયંતી ભગવાન

૪૫ મેરૂ જીવણ

૪૬ હુસેન રહેમાન

૪૭ બળવતસીસ રતનસીહ

૪૮ કનુભા હઠીસીંહ

૪૯ ભુપત પરશોતમ

૫૦ મગન ભગવાન

૫૧ કાસમ જીવા

૫૨ મહંમદ બની

૫૩ કરશન દયાળ

કાર્પેન્ટર

૫૪ જીભુભા ખેચરજી

૫૫ મોહનલાલ રીજુમલ

INDEX

૫૬	સમસ્ત દાહન
૫૭	અરવીંદ કુંવરજી
૫૮	સુરેશ વલ્લભ
૫૯	ભાવજી મોતી ચીઝડાઇઝ

કેલેનડર

૬૦	રવીશકર જેશંકર
૬૧	ભીમા દયુ
૬૨	કીશોર રણછોડ
૬૩	શાંતી નાગજી
૬૪	ચપલાલ ચંદુલાલ
૬૫	કલ્યાણ હકા

પરિશિષ્ટ બ

છટણી વળતરથી બાકી પડેલ કામગર ૫૨ ગેરહવણી

ક્રમ	કામદારનુ નામ	ડીપાર્ટમેન્ટ વીભાગ	ગેરહવણીનુ બાકુ
૧	૨	૩	૪
૧	રમેશ કાનજી	ઇલેક્ટ્રીશીયન	શાળ-બી
૨	રામલાલ સુર્યકુમાર	"	ફેમ બી

INDEX

૩	કાળુ પીઠા	,,	શીંગફેમ બી
૪	રામકીશન દુર્ગાદીન	,,	વેચ એન્ડ વેઠ
૫	નાગજી ધુધજી	ચીઝ ડાઈંગ	વાઇન્ડીંગ બી
૬	વીનુ ગોવીંદ	પ્રિન્ટીંગ	ફેમ એ
૭	બાબુ વાલા	,,	,,
૮	કરીમ અબ્દુલ	,,	,, બી
૯	આદમ એહમદ	,,	,,
૧૦	પ્રમોદ ઉમીયાશંકર	,,	વેચ એન્ડ વેઠ
૧૧	ડામજી લટકુ	ફીનીશીંગ	વેઠબોય એ
૧૨	આશારામ ગુરૂપ્રસાદ	,,	વેચ એન્ડ વેઠ
૧૩	અરજુણ વીરસીંગ	,,	,,
૧૪	ગોપીસીંહ જોરાવરસીંહ	,,	,,
૧૫	બટુકસીંહ નવલસીંહ	,,	,,

INDEX

પરીશીષ્ટ ક

ચેકલિષ્ટ કામની સંપણી

ક્રમ	કામદારનું નામ	પ્રોસેસીંગ વીભાગ	ચેકલિષ્ટ કામનુ આવું
૧	૨	૩	૪
૧	જેન્તી રાણા	બ્લીચીંગ	રીંગફ્રેમ બી
૨	શીવશંકર અચની	,,	રીંગફ્રેમ એ
૩	બેચા જેરામ	ફીનીશીંગ	બીર્રીંગફ્રેમ
૪	દીલાંવરખાં અબ્દુલખાં	પ્રિન્ટીંગ	ફ્રેમ બી
૫	આણંદ મોહન	,,	રીંગફ્રેમ એ
૬	ભીખુ કેશુ	,,	ફ્રમ બી
૭	રમેશચંદ્ર બાબુલાલ	,,	બીલડીંગ
૮	કાળુ હરી	,,	રીંગફ્રેમ બી
૯	ચુનીલાલ હીરજી	,,	રીંગફ્રેમ એ
૧૦	પરબતસીંહ નારુભા	લેબોરેટરી	ફ્રેમ બી
૧૧	રામા બાપા	ચીક કાર્ડીંગ	વાર્પન્ડીંગ એ
૧૨	બેચા રૂપા	કાર્ડીંગ	રીંગફ્રેમ એ

INDEX

૧૩	ભનુ મોહન	,,	,, બી
૧૪	એહમદ અલી	,,	ફ્રેમ બી
૧૫	ગોપીદ આપા	,,	રીંગફ્રેમ એ મહીનાદાર
૧૬	પરમાર્થિલ છગન	,,	શાળ બી
૧૭	ભાવા જસમત	,,	શાળ એ
૧૮	ભાણુ ભગવાન	,,	રીંગફ્રેમ એ
૧૯	ઘનશ્યામસીહ કનુભા	,,	,, બી
૨૦	ભાણુ બીજલ	,,	,, બી
૨૧	રસીક કાનજી	,,	શાળ એ

શ્રી કે બી કરમટીયા
મંત્રી શ્રી

પી આર શાહ
જનરલ મેનેજર

ભાવનગર તા. ૨૩-૧-૬૨

૨ વ ઉદેશી
ઔધોગીક અદાલત

અમદાવાદ તા. ૨૧-૫-૬૨

આર કે પરમાર
સહાયક સચ નિમંધક

INDEX

સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમ અન્વયેના અદાયક
સંબંધ નિમયક દવારા

ક્રમાંક અ થમક ૨૮૭૪૮ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું મેદી ટેક્ષટાઈલ અકલેશ્વર અને ઠાકોરભાઈ રામજીભાઇ પટેલ સુરતની વચ્ચે ઔદ્યોગીક વીવાદ માં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નચે મુજબના નિવેડાની સને ૧૯૬૨ ના જુન માસના ૧ માં દીને આથા નોંધ કરું છું.

ગુજરાતના માનનીય સબ્યશ્રી ચં અ,

ભોગણીની ઔદ્યોગીક અદાલત વડોદરા સમક્ષ

અપીલ (આઈસી) ન ૨/૬૧

મેદી ટેક્ષટાઇલ — અરજદાર
પંચાયત બજાર
પાંજરા પોળ
અકલેશ્વર

વિ.

ઠાકોરભાઇ રામજીભાઇ પટેલ — સામાવાળા
સી ઓ અખીલ ગુજરાત કામદાર
એસોસીએશન કે ઓ ભવન સોની ફળીયા
સુરત

અરજદાર તરફે એડવોકેટ

શ્રી એ કે શાહ હાજર રહ્યા

હુકમ

૧ મજકુર અપીલની હકીકતમાં હકીકત એવી છે કે તા. ૩૦-૧-૮૬ ના રોજ ઠાકોરભાઇ રામજીભાઇ પટેલે હાલના અરજદાર મોદી ટેક્ષટાઇલ વિરુધ્ધ એક ટી અરજી દાખલ કરેલી તે અરજી વડોદરાની મજુર અદાલતમાં દાખલ કરવામાં આવેલી ત્યારબાદ તે અરજી ભરૂચમાં મજુર અદાલત સ્થપાતા ત્યાં તબદીલ કરવામાં આવેલી વડોદરામ ટી અ જીનો ન ૮/૮૬ નો હતો જ્યારે ભરૂચમાં નવો ન ટી અરજી ૫૭/૮૭ કરવામાં આવેલ ને અરજી મજકુર અરજદાર ના લાભમાં વીધ્વાન ન્યાયધીશ શ્રી પ ચાલે તા. ૧-૬ ૯૦ ના ઠરાવ આંક ૧૮ થી ઠરાવેલ છે કે તે કામના અરજદાર કામદાર ઠાકોરભાઈ રામજીભાઈ પટેલને તા ૫ ૧૨-૮૫ ના રોજ તે નોકરીમાંથી છુટા કરવાનુ કંપનીનુ પગલુ ગેરકાયદેસર અને ગેરન્યાજબી છે અને સામાવાળા કંપનીએ હુકમ મળેથી ૩૦ દીવસની અંદર તે કામદારને પુનસ્થાપીત કરવા અને તા ૫ ૧૨-૮૫ ના રોજથી તેમને છુટા કર્યા તે વખતે જે છેલ્લો પગાર હતો તે પગાર પ્રમાણે પડેલા દીવસોનો પુરે પુરો જ પગાર અને અન્ય લાભો ચુકવી આપવા

તદ ઉપ ંત અરજદારના રુા ૧૦૦ અરજીના ખર્ચ પેટે આપવાનો હુકમ પણ કરેલો

૨ અરજદારનુ કથન એવુ હતું કે સામાવાળા કંપનીએ તેઓનેતા ૫-૧૨-૮૭ના રોજથી મૌખીક હુકમથી છુટા કરેલ તથાર બાદ તા ૦૯-૧૨ ૮૫ ના રોજ તેમને પીનતી પત્ર (એગ્રેરીયન લેટર) મોકલેલ પરંતુ તેઓને સામાવાળા કંપનીએ નોકરીમાં લીધેલા નહી,

અને કોઈ સમાધાન :કરેલ નહી તેથી તેઓએ તે અરજમાં માંગણી કરેલ સામવાળા કંપનીનું આ કૃરતય ગેર કાયદેસર છે વીગેરે ઠાવી તેઓને નોકરીમા ગણી મુળ જગ્યા ઉપર પુન સ્થાપીત કરવા અને બીજી યોગ્ય તે દાદ તેમજ ખર્ચ અપાવવુ

૩ મજુર અદાલત ભરૂચના ન્યાય પંચાલ ના હુકમથી નારાજ થઈ હોઇના અરજદાર મોટી ટેક્ષ ટાઈલે આ અપીલ કરેલ છે આ અપીલ તા.૨૬-૯૧ ના રોજ દાખલ કરેલ છે

તેઓ તરફથી એવી તકરાર લેવામાં આવેલ છે કે બી આઇ આર એકટ ની જોગવાઇઓ તેઓને લાગુ પડતી નહોવા છતા નીચેની અદાલતે તેઓને જવાબદાર ઠરાવેલ છે અને ઉપરાંત તેઓને પુરવાની પુરે પુરી તક પણ આપવામાં આવેલ ન હતી. તેઓએ જણાવેલ કે અરજીમાં એવી પણ તકરાર હતી કે મજુર કામદાર રાજીનામુ આપી પે તાના હાજો લઇ છુટા થયેલ

૪ મારી સમક્ષ કંપની તરફથી વીધ્વાન એડવોકેટશ્રી બી કે શાહ ઉપસ્થિત રહેલ જ્યારે આ કામના સામાવાળા હાકો ભાઇ રામજીભાઇ પટેલ (કામદાર) તરફથી કોઈ ઉપસ્થિત રહેલ નથી અપીલનુ કામ ચાલતા દરમ્યાન અરજદાર તરફે આંક ૬ નુ લીસ્ટ બતાવેલ અને તે હાજરી પત્રક અંગેનુ છે સાધારણ રીતે અપીલના કામમાં પુરાવા આવી શકે નહી પરંતુ આ કામમાં પહેલેથીજ કંપનીની એવી તકરાર હતી કે તેઓની કંપનીને બી આઈ આર એકટ લાગુ પડતો નથી વિધ્વાન ન્યાયધીશશ્રી પંચાલનો હુકમ વાંચતા તેઓએ અ. બાબતમાં ચર્ચા કરેલ છે તેઓ પોતાના હુકમમા જણાવે છે કે સામાવાળા કંપનીએ તેના આવા બચાવની સાબે કોઇ પુરાવો રજુ કરેલ નથી અને કંપનીને બી આઇ આર એકટ લાગુ પડતો નથી તે અંગેનો કોઇ પુરાવો રજુ કરેલ નથી અને તે અંગેનુ કોઇ સરકારી નોટીફીકેશન રજુ કરેલ નથી તેઓ વધુમાં જણાવેલ છે કે જેથી કંપનીને બી આઇ આર એકટની જોગવાઇ લાગુ પડતી નથી તે વત માની ગલાબ તેમ નથી (પેરા-૬)

૫ કંપનીને બી આઇ આર એકટ લાગુ પડી શકે નહી તે સબંધનો પ્રશ્ન મુળભુત અને પાયાનો છે સાધારણ રીતે કામદાર ઉપર બોજ જે પડે તે તેની અરજીને બી આઇ આર એકટ લાગુ પડી શકે અને તે બી આઈ આર એકટ નીયમો જે છે પરતું આ કેસમાં ઉપરની ચર્ચા જોતા વીદ્વાન ન્યાયધીશીએ કંપનીએ તે સાબીત કરેલ નથી જેવુ માની લીધેલ છે

INDEX

અદાલતને હકુમત છે કે નહી તે પ્રથમ અદાલત સમક્ષ આવનાર પક્ષકારે બતાવવાનુ હોય છે કંપનીના કહેવા મુજબ કંપનીમા આશરે છ આઠ માણસો કામ કરે તે અને આ બતાવવા માટે આંક ૧ ના લીસ્ટથ હાજરી પત્રક બતાવવામા આવેલ છે.

દલીલ કરવામા પીટીશનર એડવોકેટશ્રી બી કે શાહે મારુ પેઢાન બી આઇ આર એકટ એન્ડ રસલ્સ ૧૯૬૧ ના પાન ૪૪૬ ઉપર પ્રસીધ્ધ થયેલ મુબઇ સરકારનુ જાહેરનામુ ન' ૨૮૪૭/૪૭૨ તા ૧૪ માર્ચ ૧૯૬૯ નુ બતાવેલ છે જેમાં પેરા ૨ (એ) માં જણાવેલ છે કે ૨૦ માણસો કરતા વધુ કામદારો રાખવામાં આપેલ અને ઉર્જા વાપરવામાં આવતી રીગેરે જગ્યોમાં આ કાયદો લાગુ પડે આ કીસ્સામાં કેટલાને નોકરીમા રાખવામા આવેલ છે તે અંગે કામદારની જુબાની વાચતા પણ સ્પષ્ટ થતુ નથી

અલબત્તતે વખતના સામાવાળા કંપની તરફથી કામદારની કોઇ ઉલટ તપાસ લેવામાં આવેલ નથી એટલુ જ નહી પણ કંપની તરફથી પણ કોઈ પુરાવો આપવામાં આવેલ નથી પરંતુ જ્યારે હકુમતનો મુળભુત સવાલ હોય ત્યારે અદાલતની પણ ફરજ બની રહે છે

જે પોતાને હકુમત છે કે નહી તે અંગે સ્પસ્ટી કરણ માંગવુ અને પોતાનાં હુકમમાં કરવુ ઉપર કહ્યુ તેમ હકુમતનો બોજ સામાપક્ષ ઉપર લાદવામાં આવેલ તે ઉચીત નથી

૧ મજુર અદાલત સમક્ષનુ રોજકામ ઝીણવટ પુર્વક વાંચેલ છે અવારનવાર પક્ષકારો ગેર હાજર રહેતા અલબત્ત હાલના વીવાદી કંપની પણ ગેર હાજર રહેલ અને તેઓને કામદારનો ઉલટ પાસ કરવાની પુરતી તક આપવામાં આવેલ તદ ઉપરાંત કંપનીએ પણ પુરાવો આપેલ નથી પરંતુ અરજદાર ગેર હાજર રહેવામાં સામેલ હતા અને ઘણી વખત તેઓ પણ ગેર હાજર રહેલ એકંદર સંજોગોજોતા મને એમ લાગે છે કે ન્યાયનો હેતુ વધુ સરળ રીતે સચવાશે જો હુ નીચે મુજબનો આખરી હુકમ કરુ તો ન્યાયના નીચે મુજબ હુકમ કરવામા આવે છે,

INDEX

હુ ક મ

મજુર અદાલત ભરૂચેનાટી અરજી ન ૫૭-૮૭ના ઉપરોકત ઠરાવને રદ કરવામાં આવે છે અને મજુર અદાલત ભરૂચે બન્ને પક્ષોને પુરાવાની પુરેપુરી તક આપવી અને બધી તકરારોનુ અને ખાસ કરીને હકુમત અંગેની તકરારનો કાયદેસર રીતે નીકાલ લાવવો અરજદારની કાયદેસરની ઉલટ પાસ ચાલુ કરવી અને ત્યાર બાદ સામાવાળી કંપનીને પુરાવા આપવાની તક આપવી અને કાયદેસર રીતે નીકાલ કરવો એ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી

(સી એ બોરાણી)
ઔધોગીક અદાલત ગુજરાત રાજય
વડોદરા

વડોદરા તા ૨૧-૧ ૯૨

(આર. કે પરમાર)
સહાયક શ્રમ નિબંધક
મુંબઇ ઔધોગિક સબંધક અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૧ -૬ ૯૨

સને ૧૯૪૭ ના મુંબઇ ઔધોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક શ્રમ નિબંધક દવાર

ક્રમાંક એ હુમક ૨૮૭૪૯ આરયુ સને ૧૯૪૭ ના મુબઇ ઔધોગીક સબધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૧૧ ના મુબઇ ઔધોગીક સંબધક ગુજરાત નિયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હુ ટેક્ષ ટાઇલ લેબર ઓસોસી શન અને ન્યુ માણેક ચોક ટેક્ષટાઇલ મીલ્સ અમદાવાદની વચ્ચે ઔધોગીક વિવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબ ના નિવેદાની સને ૧૯૯૨ ના જુન માસના ૧૦ મા દીને આથી નોધ કરૂ છુ

ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન એ ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં ૧૧૧ ૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પ્રથમ પક્ષકાર
અમ વ૬

વીરૂધ્ધ

ન્યુ માણેક ચોક ટેક્ષ ટાઈલ બીજા પક્ષકાર
મીલ્સ અમદાવાદ

ઉદ્યોગ કોહન ટેક્ષટાઈલ

મીલના ચોપડા ખાતામા બોનસ ચોકવવા માટે રોકેલા કામદારોને મીલ કંપની ના કામદારો ગણવા અ ગે

ચુકાદો

૧ હાલનો રેફરન્સ મુંબઇ ઔદ્યોગીક સબંધ અધીનીયમ ૧૯૪૭ની કલમ ૭૩ ક મુજબ પ્રથમ પ્રથમ પક્ષકાર સાંધે કરેલ છે સાથે મીલ કંપનીને ક મ ૪૨ ૨ મુજબની ફેરફારની સુચના તા ૧૨-૨ ૮૬ના રોજ આપેલી જે અ ગે સમાધાન કાર પક્ષકારો વચ્ચે સમજુતી કરાવવામાં નીષ્ફળ ગયેલ હોઇ તેમની પાસેથી નીષ્ફળ વાનુ પ્રમાણ પત્ર લઇને સાંધે હાલનો રેફરન્સ દાખલ કરેલી છે,

૨ ત્યાર બાદ આ રેફરન્સમાં સાથે આંક-૧૫ની પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપનીની આંક ૧૩ની પુરસીસ મુજબ માગણી સંતોષાઇ ગયેલ હોઈ તેઓ કેસ આગળ ચલાવવા માગતા ન હોઈ પાછો ખેચવા બાબતની આપવા સાંધની સદરહું પુરસીસની બીગતે તેમને રેફરન્સ પાછો ખેચવાની પરવાનગી આપવામાં કોઇ હરકત જણાતી નથી પરિણામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

INDEX

હુ ક મ

૩ સંધને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને આગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(આર કે પરમાર)
સહાયક મંત્રી નિબંધક
અમદાવાદ તા. ૧૩-૧-૬૨ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ-૧૯૪૭
અમદાવાદ

સને ૧૯૪૭ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયેના
સહાયક સંઘ

ક્રમાંક ખ ઔમક ૨૮૭૫૦ આર યુ સને ૧૯૪૭ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હુ મજુર મહાજન મંડળ વડોદરા અને ગોકાક વડોદરા રપીનીગ મીલસ લી વડોદરા ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૨ ના (જુન) માસના દરમા દીને આથી નોધ કરુ છું,

ગુજરાતના માનનીય સભ્યશ્રી ય અ ભોળાણીની

ઔદ્યોગીક અદાલત વડોદરા સમક્ષ

રેફરન્સ (આઇસી) -૧-૬૧

INDEX

" ૮ ૬૧

" ૬૦૬૧

મજુર મહાજન મંડળ – પ્રથમ પક્ષકાર
મજદુર ભવન પીનોખા
ભાવે માર્ગ વડોદરા

વી રૂધ્ધ

ગોકાક વડોદરા – બીજા પક્ષકાર
સ્પીનીગ મીલ્સ લી
જેતલપુર રોડ
વડોદરા

ચુ કા દો

૧ ઉકત રેફરન્સ નં ૬ ૮ ૬ ૬૧ ના બનને પક્ષકારો એક જ છે અને તેથી તેઓએ મજદુર ત્રણે રેફરન્સનો ચુકાદો એકત્રીત આપવા વીનંતી કરતા તે પ્રમાને લક્ષ જણે રેરન્સનો ચુકાદો આ નીચે એકત્રીત આપવામાં આવેલ છે

૨ ઉકત રેફરન્સ નં ૬ ૬૧ માં તકરાર એવી છે કે ગોકાક મીલ્સે તેના કામદારોને લીવ ટ્રાવેલ્સ એ ાઉન્સ આ વુ અને રેફરનસ નં ૮ ૬૧ તથા ૬૬૧માં તકરાર એવી છે કે ગોકાક મીલ્સે તેના ટેકનીકલ સુપરવાઇઝરી સ્ટાફ તેમજ સ્ટાફ કનવેયન્સ એલાઉન્સ આપવુ

આ માંગણીઓ ગોકાક મીલ્સ તરફથી ન સંતોષતા પ્રથમ પક્ષકારે કન્સીલી-એશને ઈન્ડસ્ટીયલ રીલેશન એકટ વડોદરાના કાયદાની કલમ ૩ મુજબ તા. ૨૦-૮-૬૦ ના રોજ અરજી કરેલી મજદુર અધીકારીએ ચર્ચા વીચારણા કરી અને ત્યારબાદ તેઓને એમ જણાયેલ કે આ તકરારનુ સમાધાન થઇ સકે તેમ નથી તેથી તે મતલબનુ સર્ટીફીકેટ આપેલ તે અત્રે રજુ કરેલ રેફરનસ સાથે રજુ કરેલ છે ઉપર જણાવ્યુ તેમ ઉકત રેફરનસોમાં લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ અને કનવેયન્સ એલાઉન્સની માંગણી કરેલ છે.

INDEX

૩ રેફરનસ દાખલ થયા બાદ બંને પક્ષોએ નોટીશ કાઢેલ અને કેસ ચલાવવાની પ્રક્રીયા દરમીયાન પક્ષકારો તરફથી અંક ૮ નુ સમાધાન રજૂ થયેલ તે સમાધાનમાં અન્ય બાબતોએ અગે પણ સમાધાન થયેલ છે.

સબબ રેફરનસનો નિકાલ કરવા પક્ષકારો તરફથી વીનતી કરેલ છે આ સમાધાનમાં લીવ ટાવેલ્સ એસોસીએટ્સ તથા કનવેયન્સ એસોસીએટ્સની જે મુખ્ય બાબતોએ હતી તે અગે પણ આ કાયેના અંક ૮ માં જણાવ્યા મુજબ સમાધાન થઈ ગયેલ છે સમાધાન જોતા એકંદર કામદારોના હીતમાં છે અને સમાધાનથી ઔધોગીક શાંતી જળવાઇ રહે છે તેથી અંક ૮ નુ સમાધાન માન્ય રાખી અંક ૮ ને આ હુકમનો ભાગ ગણી આ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે

હુકમ

આથી રેફરનસ (આઇસી) નં ૧ ૬૧ ૮ ૬૧ અને ૯ ૬૧ આ સાથે સામેલ અંક ૮ ના સમાધાન અનવયે ફેસલ કરવામાં આવે છે બધું અગે કોઈ હુકમ કરવામા આવતો નથી

(જાર કે, પરમાર)
સહાયક સંધ નિબંધક
મુખ્ય ઔધોગીકસંબધ અધિનીયમ૧૯૪૭
અમદાવાદ

તા ૧૦-૬-૬૨ અમદાવાદ

સને ૧૯૪૬ ના મુબઈ ઔદ્યોગીક સંબધક અધીનિયમ અન્વયેના સહાયક મજુર નિબંધક દવારા

ક્રમાંક (ખ) શમક ૨૮૭૫૧ આર. યુ સને ૧૯૪૬ ના મુબઈ ઔદ્યોગીક સબંધક અધીનીયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુબઈ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નીયમ ૭૦થી ૭૬ને આપવામાં આવેલી સતાની રૂએ હુ મજુર મહાજન મંડળ વડોદરા અને સુનીલ મીલ્સ લી વડોદરાની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૬૨ના જુન માસના ૧૦ મા દીને આથી નોધ કરૂ છુ.

ગુજરાતના માનનીય સભ્યશ્રી સી એ ભોજાણીની

ઔદ્યોગીક અદાલત વડોદરા સમક્ષ

રેફરન્સ (આઇસી) નં ૧/૬૨

મજુર મહાજન મંડળ — પ્રથમ પક્ષકાર
મજદુર ભવન વીનોબા
ભાવે માર્ગ વડોદરા

વિરુધ્ધ

સુનીલ મીલ્સ લી. — બીજા પક્ષકાર
કે. અલીકા મીલ્સ કમ્પાઉન્ડ
રોડ વડોદરા

રેફરન્સ (આઇસી) નં ૨/૬૨

મજુર મહાજન મંડળ — પ્રથમ પક્ષકાર
મજદુર ભવન વીનોબા
ભાવે માર્ગ વડોદરા

વિરૂધ્ધ

સુનીલ મીલ્સ લી. બીજા પક્ષકાર
હે. અખીલા મીલ્સ સ્ટેશન
રોડ વડોદરા

રેફરન્સ (આઈસી) ન ૭/૬૧

મજુર મહાજન મંડળ પ્રથમ પક્ષકાર
મઝદુર ભવન પીનોબા
ભાથે માર્ગ વડોદરા

વીરૂધ્ધ

સુનીલ મીલ્સ લી - બીજા પક્ષકાર
હે.- અખીલા મીલ્સ લી.
સ્ટેશન રોડ વડોદરા

ચુકાદો

૧ આ કામનાં ઉકત બન્ને પક્ષકારોએ રેફરન્સ નં ૧ ૬૧ ૨ ૬૧ અને ૩ ૬૧નો ચુકાદો એકત્રીત આપવાની વીનંતી કરતા તે મુજબ રેફરન્સનો ચુકાદો આ નીચે એકત્રીત આપવામાં આવેલ છે,

૨ ઉકત રેફરન્સ નં ૧-૬૧માં તકરાર છે કે સુનીલ મીલ્સે તેના બધા કર્મચારીઓને પુરતું લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ દર વર્ષે તા ૧-૧ ૮૯ થી આપવું તથા રેફરન્સ ૨ ૬૧ અને ૩ ૬૧ માં એવા તકરાર છે કે સુનીલ મીલ્સ તેના બધા ટેકનીકલ સુપર વાઈઝરી અને ઓફીસરો તથા બધા કલેરીકલ સ્ટાફને પુરતું કન્વીની યન્સ એલાઉન્સ માસીક તા ૧-૧ ૮૯ થી આપવુ આ માંગણીઓ સુનીલ મીલ્સ તરફથી ન સ્વીકારાતા પ્રથમ પક્ષકારે કન્સીલી એટર ઓફ્સે ઇન્ડસ્ટ્રીયલ રીલેશન એકટ વડોદરાના કાયદાની કલમ ૩ મુજબ તા ૨૦ ૮-૯૦ના રોજ અરજી કરેલ મજકુર અધીકારીએ બંધાં રીચારણા કરી અને ત્યાર બાદ તેઓને એમ જણાવેલ કે આ તકરારનુ સમાધાન થઇ શકે તેમ નથી તેથી મતલબનુ સર્ટીફીકેટ આપેલ તે અત્રે રજુ કરવામાં આવેલ છે. ત્યાર બાદ મજુર મહાજન મંડળ વડોદરાએ

અત્રેની અદાલતમાં રેફરન્સ કરેલછે અને ઉપર જણાવ્યુ તેમ જુદા જુદા રેફરન્સમાં લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ અને કનવેયન્સ એલાઉન્સની માંગણી કરેલ છે.

૩ ત્યાર બાદ બન્ને પક્ષોને નોટીસ કાઢેલ અને કેસ ચલાવવાની પ્રક્રીયા દરમ્યાન પક્ષકારો ત રફથી આંક ૯નુ સમાધાન રજુ થયેલ તે સમાધાનમા અન્ય માંગણીઓ અંગે પણ સમાધાન થયેલ છે તેથી રેફરનસનો નીકાલ કરવા જણાવેલ છે આ સમાધાનમાં લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ તથ કનવેયન્સ એલાવન્સ જે મુખ્ય માંગણીઓ હતી તે અંગે પણ આ સાથેના આંક ૯ માં જણાવ્યા મુજબનુ સમાધાન થઈ ગયેલ છે સમાધાન જોતા એકંદર કામદારોના હીતમાં છે અને સમાધાનથી ઔધોગીક શાંતી પણ જળવાઈ રહે છે તેથી આંક-૯નુ સમાધાન ગ્રાહય રાખી આંક ૯ ને આ હુકમનો ભાગ ગણી આ રેફરનસ ફેસલ કરવામા આવે છે.

હુ ક મ

આથી રેફરનસ (આઈ સી) નં ૧/૯૧ ૨ ૯૧ અને ૭ ૯૧ આનુસાથે સામેલ આંક ૯ ના સમાધાન અનવયે ફેસલ કરવામા આવે છે ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિયામક
મુંબઈ ઔધોગિક સબંધક અધીનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૧૦-૧-૯૨

સને ૧૯૪૧ના મુબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ
નિબંધક દ્વારા

ક્રમાંક બ શમક ૨૮૭૫૨ આર યુ સને ૧૯૪૧ના મુબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૧ ૨ અને સને ૧૯૪૧ના મુબઈ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હુ પ્રિયલક્ષ્મી મીલ્સ લી વડોદ । અને શ્રી રૂપપાલ પી શીતલ વડોદરા તથા અન્ય મુ કામદારોની વચ્ચે ઔદ્યોગીક વીવાદમા ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૨ ના જુન માસના ૧૦ દીને આથી નોંધકરૂ છુ',

ગુજરાત માનનીય સભ્યશ્રી સી એ. ભોજાણીની

ઔદ્યોગીક અદાલત વડોદરા સમક્ષ

રીવીઝન અરજી (આઈસી) નં ૨/૯૧ થી ૪૪/૯૧ મા

જનરલ મેનેજરશ્રી
પ્રિયલક્ષ્મી મીલ્સ લી.
વડોદરા — અરજદાર

વિ.

રીવીઝન અરજી આઈસી નં ૨/૯૧
એ રૂપપાલ પી શીતલ — (મજુર અદાલત વડોદરા ફોજદારી કેસ નં ૧૧/૯૧ (નોંધ દરેક રીવીઝન અરજી સામે કોસમાં ફોજદારી કેસ નબર લખેલ છે

રીવીજન અરજી આઈસી નં ૩/૯૧
કેસ નં ૩૩/૯૧

INDEX

અખીલભાઇ હરીપ્રસાદ ભટ્ટ
રીવીજન અરજી આઇસી નં ૪/૬૧
કેસ નં ૩૪/૬૧

પ્રકાશભાઇ અમતરાવ પરમાર
રીવિજન અરજી આઇસી નં ૫/૬૧
કેસ નં ૩૫/૬૧

નારાયણભાઇ રૂપસીંગ ચૌહાણ
રીવીજન અરજી આઇસી નં ૬/૬૧
કેસ નં ૩૬/૬૧

ભાઇલાલ કાલીદાસ રાજપુત
રીવીજન અરજી આઇસી નં ૭/૬૧
કેસ નં ૩૭/૬૧

બીપીનભાઈ બાબુભાઈ મકવાણા
રીવીજન અરજી આઈસી નં ૮/૬૧
કેસ નં ૩૮/૬૧

મનાસીંગ માલસીંગ
રીવીજન અરજી આઇસી નં ૯/૬૧
કેસ નં ૨૫/૬૧

હીરાલાલ ભગવાનદીન મોર્ય
રીવીજન અરજી આઈસી નં ૧૦/૬૧
કેસ નં ૨૪/૬૧

નરેન્દ્રભાઈ અંબાલાલ પટેલ
રીવીજન અરજી આઇસી નં ૧૧/૬૧
કેસ નં ૨૩/૬૧

INDEX

પ્રકાશભાઇ બાબુભાઇ બત્રી
રીવીજન અરજી આઇસી નં ૧૨/૬૧
કેસ નં ૨૧-૬૧

ડાહ્યાભાઇ બાપાલાલ રાણા
રીવીજન અરજી આઇસી નં ૧૩-૬૧
કેસ ન ૨૦-૬૧

પટીયાર ખોડાભાઇ પુનાભાઇ
રીવીજન અરજી આઇસી નં ૧૪-૬૧
કેસ નં ૨૨-૬૧

જગદીશભાઇ ગેનાભાઇ ગોહીલ
રીવીજન અરજી આઇસી નં ૧૫=.૧
કેસ ન ૩૨ ૬૧

પુરસોતમસીંગ બહાપનસીંગ રાજપુત
રીવીજન આઇસી નં ૧૬-૬૧
કેસ નં ૩૧-૬૧

ધુળાભાઇ ભીખાભાઇ
રીવીજન અરજી આઇસી નં ૧૭ ૬૧
કેસ નં ૪૦-૬૧

પીપરાજીત રામચંદ
રીવીજન અરજી આઇસી નં ૧૮-૬૧
કેસ નં ૪૩-૬૧

મણીલાલ રામજીભાઇ મારવાડી
રીવીજન અરજી આઇસિ નં ૧૯-૬૧
કેસ નં ૨૬-૬૧

INDEX

ગેમલસીગ ગંભીરસીગ
રીવીજન અરજી આઈસી નં ૨૦ ૬૧
કેસ નં ૧૭-૬૧

જયતીભાઇ પુન્નભાઇ ગોહીલ
રીવીજન અરજી આઇસી નં ૨૧-૬૧
કેસ નં ૧૮-૬૧

રામજીભાઈ પુન્નભાઇ ગોરી
રીવીજન અરજી આઇસી નં ૨૨-૬૧
કેસ નં ૧૬-૬૧

જયતીભાઇ છગનાભાઇ રાઠોડ
રીવીજન અરજી આઇસી નં ૨૩-૬૧
કેસ નં ૨૮ ૬૧

મહેન્દ્રભાઈ ચંદુભાઇ પટેલ
રીવીજન અરજી આઇસી નં ૨૪-૬૧
કેસ નં ૨૭-૬૧

રાજુભાઈ મનહરભાઈ યાદવ
રીવીજન અરજી આઈસી નં ૨૫-૬૧
કેસ નં ૨૬-૬૧

રામચંદ્ર શાંતારામ મરાઠ
રીવીજન અરજી આઇસી નં ૨૬ ૬૧
કેસ નં ૪૨-૬૧

ભીમસીહ હીરાસીહ
રીવીજન અરજી આઇસી નં ૨૭-૬૧
કેસ નં ૩૬-૬૧

કાલીદાસ છેટાભાઈ રાવલ
રીવીઝન અરજી આઈસી નં ૨૮-૬૧
કેસ નં ૪૦ ૬૧

રાજુભાઇ વસંતભાઈ શાહ
રીવીજન અરજી આઈસી નં ૨૬ ૬૧
કેસ નં ૪૧-૬૧

જીતેન્દ્ર નરસીહરામ ભટ
રીવીજન અરજી આઈસી નં ૩૦ ૬૧
કેસ નં ૧૩-૬૧

શ્રી અનીલ બાલકુષ્ન શાહ
રીવીજન અરજી આઇસી નં ૩૧ ૬૧
કેસ નં ૧૦-૬૧

શ્રી ચુનાસીંગ ગેનસીંગ ચૌહાણ
રીવીજન અરજી આઇસી નં ૩૨ ૬૧
કેસ નં ૪-૬૧

શ્રી ગોપાલભાઈ ખીમરાજભાઇ ગઢવી
રીવીજન અરજી આઈસી નં ૩૩ ૬૧

કેસ નં ૫-૬૧

શ્રી મહેન્દ્ર ગીરજાશંકર જાની
રીવીઝન અરજી આઈસી નં ૩૪-૬૧
કેસ નં ૧ ૬૧

રીવીઝન અરજી (આઈ સી) નં ૩૫/૧

કેસ નં. ૨-૬૧

INDEX

શ્રી જયેન્દ્ર હીરાલાલ પટેલ
રીવીઝને અરજી (આઈ સી) નં ૩૬-૬૧
કેસ નં ૯-૬૧

શ્રી હર્ષદ પી રાવલ
રીવીજન અરજી (આઇ સી) નં ૩૭-૬૧
કેસ નં. ૮-૬૧

શ્રી ઓમબહાદુર ભીમબહાદુર ટેલર
રીવિઝન અરજી (આઇ સી) ન ૩૮-૬૧
કેસ નં. ૬-૬૧

શ્રી ચીમનલાલ છોટાલાલ પુરોહીત
રીવીજન અરજી (આઈ સી) નં ૩૯ ૬૧
કેસ નં. ૭ ૬૧

શ્રી અરવીંદભાઈ હરીભાઈ વાળંદ
રીવીજન અરજી (આઇ સી) નં ૪૦-૬૧
કેસ નં ૩-૬૧

શ્રી યોગેશ મથુરસીંગ રાજપુત
રીવીજન અરજી (આઇ સી)નં ૪૧-૬૧
કેસ નં, ૧૧ ૬૧

શ્રી નાગજીભાઈ મગનલાલ પટેલ
રીવીજન અરજી (આઇ સી) ન ૪૨-૬૧
કેસ નં ૧૪-૬૧

શ્રી વીજય ચાંદીલાલભટ્ટ બહમભટ
રીવીજન અરજી (આઇ સી) નં ૪૩ ૬૧
કેસ નં. ૧૨-૬૧

INDEX

શ્રી કાંતીલાલ મોહનલાલ પટેલ
રીવીજન અરજી (આઇ સી) નં ૪૪ ૬૧
કેસ નં ૧૪-૬૧

શ્રી રણજીત ચંદ્રશીંગ રાણા

ઉપરોકત રીવીઝન અરજી નં ૨-૬૧ - સામાવાળા
થી ૪૪-૬૧ ના સામા વાળા વતી
અખીલ ભારતીય મજદુર યુનિયન
મકરપુરા વડોદરા

ચુકાદો

૧ ઉપરોકત રીવીજન અરજી ન ૨ ૬૧ થી ૪૪-૬૧ સુધીના કામમાં હકીકતો અને કાયદાના પ્રશ્નોબીકસરખા હોઇ આંક ૭ ની પુરસીસ મુજબ એકત્રીત કરી એકજ ચુકાદાથી નિર્ણય આપવામાં આવે છે અને આ ચુકાદો રીવીઝન અરજી (આઇ સી) નં ૨ ૬૧ થી ૪૪-૬૧ અને મજુર અદાલત વડોદરાના ફોજ દારી કેસ ન ૧-૬૧ થી ૪૩ ૬૧ સુધીનાને લગતો છે

૨ વડોદરાની મજુર અદાલતમાં ઉપર જણાવેલ સામાવાળાઓ ફરીયાદીઓ હતા તેમણે ફરીયાદ નં ૧ ૬૧ થી ૪૩-૬૧ સુધીની દાખલ કરેલ અને તે મજુર અદાલતના વીદ્વાન ન્યાયધીશ કે કે પંડયા સમક્ષ ફરીયાદ તા ૨૨-૨ ૬૧ના રોજ દાખલ થઇ તે દીવસે દાખલ થયેલ છે

વીદ્વાન ન્યાયધીશશ્રીએ આરોપી સામે બી આઇ આર એકહની કલમ ૧૦૬ અને ૧૦૯ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરેલ અને તે મુજબ સમન્સ નીકળેલ તે કામમાં આરોપી નં ૧ તરીકે જોડાયેલ પ્રિયલક્ષ્મી મીલના જનરલ મેનેજર હાજર થયેલા અને તેમના વતી વકીલશ્રી મહેન્દ્રકુમાર ત્યાર બાદ એમ જણાય છે કે અમુક ફરીયાદમાં ફરીયાદીઓની જુબાની શરૂ કરવામાં આવેલી

૩ અત્રેની અદાલતમાં રીવીજન અરજી નં ૨ ૬૧ થી ૪૪ ૬૧ સુધીની દાખલ કરવામાં આવેલ છે તેમાં એમ જણાવવામાં આવેલ છે કે જનરલ મેનેજરશ્રી

INDEX

સામે જે ફરીયાદો કરવામાં આવેલ છે તે ફરીયાદ ચાલી શકે નહી બીજો એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે કેમજુર અદાલતના વીદ્વાન ન્યાયધીશશ્રીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઇઓનો અમલ કરેલ નથી અને એ રીતે કે ફરીયાદ રજુ કરવામાં આવેલ.

ત્યારે ફરીયાદની સેશ્ન્ડ ઉપર જુબાની લીધેલ નથી એક હકીકત નીર્વીવાદ જણાય છે કે જયારે ફરીયાદ દાખલ કરવામાં આવેલ તયારે આ ફરીયાદનેક્રીમીનલ પ્રોસીજર કોડ પણ લાગુ પડે અને તે મુજબની કાર્યવાહી થઇ છે ફરીયાદ બીઆઈ એકટની કલમ ૧૮ અને ૧૦૮ મુજબ છે બી અઇ આર એકટની કલમ ૧૦૬ ગેરકાયદેસર થયેલ ફેર માટે સજાની છે

જયારે બી આઇ આર એકટની કલમ ૧૦૬ અન્વયે જોગવાઈ ન કરી હોય તેવા ગુના માટે સજા માટેની છે બી આઇ આર એકટની કલમ ૧૦૬ માં ત્રણ મહીના સુધીની કેદ અથવા તો ગુનો ચાલુ રહે તયાં સુધી દરેક દીવસ માટે રૂા ૫૦૦૦ સુધી ના દંડની અથવા બંને સજાને પાત્ર કસુરદાર છે બી આઇ આર એકટ કલમ ૧૦૬ તથા ૧૯૦ નીચે મુજબ છે

કલમ ૧૦૬

ગેર કાયદેસર ફેરફાર માટે સજા

જો કોઇ મલીક ગેરકાયદેસર ફેરફાર કરે અને ગુનેગાર ઠરે તો રૂા ૫૦૦૦ સુધીની દંડની સજાને પાત્ર છે જો કોઈ મલીક કલમ ૪૭ માં જણાવ્યા મુજબ ગેર કાયદેસર ફેરફાર પાછો ના ખેચી લે તો તે ત્રણ મહીના સુધીની કેદની અથવા તો ગુનો ચાલુ રહે તયાં સુધી દરેક દીવસ માટે રૂા ૫૦૦૦ સુધીનો દંડની અથવા બંને સજાને પાત્ર છે

દંડની રકમમાંથી ગેર કાયદેસર ફેરફારથી જેને સીધી અસર થઇ છે તેવા કામદારને વળતર આપવાનો પણ અદાલત હુકમકરી શકે છે

કલમ ૧૯૦

અન્વયે જોગવાઇના કરી હોય તેવા ગુનાઓ માટે સજા

જે કોઇ આ કાયદાનાં અથવા આ કાયદા હેઠળ ઘડવામાં આવેલા નિયમોની જોગવાઇઓના ભંગ કરે અને એણે સજાની અન્ય જોગવાઇના કરવામાં આવી હોય તો તે આવા ભંગ માટે રૂા ૧૦૦ સુધીના દંડની સજાને પાત્ર છે અને આવી વ્યકતીને આ કાયદા અથવા આ કાયદા હેઠળ ઘડવામાં આવેલા નિયમોના હેઠળ જો પહેલા સજા થયેલી હોય તો તે રૂા ૨૦૦ સુધી ના દંડની સજા ને પાત્ર છે.

૪ આ ફરીયાદમાં વીદ્વાન ન્યાયધીશશ્રી એ જે સમન્સો કાઢેલ છે તે સામે વાંધો લેતી રીવીજન અરજીઓ દાખલ કરવામાં આવેલ છે સાધારણ રીતે ફરીયાદી જનરલ મેનેજર શ્રી સામે અને અગર ફેકટરી મેનેજરની સામે કરી શકાય નહી પરંતુ જે વ્યકત જયારે તે જનરલ મેનેજર હોય કે મેનેજીંગ ડીરેકટર હોય કે ચેરમેન હોય જેને ગેર કાયદેસર કૃત્ય કયું હોય તેની સામે નામજોગ કરવી જોઇએ આ મુજબની દલીલ વીદ્વાન એડવોકેટ ત્રિવેદીએ કરેલ છે વીદ્વાન એડવોકેટ ત્રિવેદીએ એમ પણ કહેલ કે મેનેજરો અવાર નવાર બદલાય જાય અને જો તેમ થાય તો નવા આવેલ મેનેજર કાંઈપણ અકૃત્ય કરેલ ન હોય તેને પણ સજા કરવામાં આવે જે કાયદેસર અને વ્યાજબી પણ નથી

તેઓના કહેવા મુજબ ફોજદારી જવાબદારી લાદવામાં આવે ત્યારે અમુક ચોકકસ શબ્દો ઉપર લંદી શકાય અને તે પણ હેતુ સાથે પણ હર્યાનતી શકય ફરીયાદી પક્ષે ઉપસ્થિત કેસ સીધએ પણ ગુણદોષ ઉપર દલીલ કરેલ છે તેઓના કહેવા મુજબ બદલી કામદારોને કામ મળતા નથી તેઓ વધુમાં જણાવે છે કે કંપનીમાં જનરલ મેનેજર કામ અપવા અથવા ન આપવા માટે જવાબદાર હોય છે તેઓ વધુમા એમ પણ જણાવેલ કે જનરલ મેનેજર ભટે નોટીસો સ્વીકારી છે.

વધુમાં તેઓએ એવી દલીલ કરેલ કે ત્રણ કામદારોની જુબાની થયેલ છે બીજે વીદ્વાન એડવોકેટ ત્રિવેદીએ મારી પાસે અમદાવાદ કોટન મીલ્સ કંપની લી અમદાવાદ વી મોહન અરજણ અને બીજાઓને ચુકાદો ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ મુંબઇનો રજુ કરેલ.

INDEX

જે ચુકાદો ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ રીપોર્ટર ૧૯૫૪ ના પાન ૧૧૩ ઉપર પ્રસીધ્ધ કરવામાં આવેલ છે તે ચુકાદો ઓધોગીક અદાલતે તે કાયદાની કલમ ૮૧ મુજબ ની સુપ્રીન્ટેન્ડન્ટની સત્તા એ અગેના છે શ્રી ત્રિવેદીએ નામદાર કર્ણાટક હાઇકોર્ટનો ચુકાદો જે ૧૯૬૧ ૧૧ જીએલએ પાન ૧૦૬ ઉપર ડી એ મહેતા અને બીજા વીરુધ્ધ એસ્સોસીએટેડ સ્ટેટ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન મેંગ્લોર ઉપર આધાર રાખેલ છે તે ચુકાદો સમન્સ કઢવા અગેનો છે.

૫ સૌથી પ્રથમ હુ વીધ્વાન ન્યાયધીશશ્રીએ આરોપી સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે તેની કાયદેસરતા બાબે ચર્ચા કરીશ વીદ્વાન ન્યાયધીશ સમક્ષ પ્રતીજ્ઞા લેખ લખવામાં આવેલ છે અને ત્યારબાદ તેઓશ્રીએ સમંશ કાઢવાનો હુકમ કરેલ છે આ જોતા ક્રીમીનલ પ્રોસજર કોડની જોગવાઇનો અમલ થયેલ છે અને તેથી તે રીતે તેટલા પુરતો સમંશ કાઢવાનો હુકમ ગેરકાયદેસર છે તે કહી શકાય નહી

૬ બીજો સવાલ એ થાય છે કે જે જનરલ મેનેજર તથા ફેક્ટરી મેનેજર સામે જે સમંશ કાઢેલ છે તે હોદાની રુએ સમંશ કાયદેસર રીતે કાઢી શકાય કે નહી તે છે.

ઉપર કહયુ તેમ ફોજદારી જવાબદારી અમલત રીતે હોઇ શકે નહી કે હોદા કે દરજજાની રુએ તે સંજોગોમા કાયદાની સ્થિતી જોતાં એમ કહી શકાય કે અમુક નામનો શખ્સ જેણે ગુન્હો કરેલ છે તેની સામે જ ફરીયાદ થવી જોઇતી હતી અને આ રીતની હોદા પ્રમાણે સમંશ કાઢવાથી ભવીષ્યમા તે હોદો ધરાવનાર બોટી હોતે મુસ્કેલીમાં મુકાઈ જાય અને સાચા ગુનેગાર હવે તે હોદા ઉપર નથી તેમ કહીને છટકી જવાનો પ્રશ્ન ઉદભવે.

આ બધા સંજોગો લક્ષમાં લેતા એમ કહી શકાય કે જે સમંશ કાઢવામાં આવેલ છે તે હોદાની રુએ કાઢેલ હોઇ ગેરકાયદેસર છે અને આ અદાલતને તેવા હુકમો રદ કરવા વધુ યોગ્ય અને ન્યાયી છે

૭ ઉપરના કારણોસર હુ આ રીવીજન અરજીઓ મંજુર કરૂ છુ અને એમ કરાવુ છુ કે જે સમનસો હોદા ની રુએ કાઢવામા આવેલા છે તે કાયદેસર નથી અને આ રીતે કાયદાની આગળ ચલાવી શકે નહી

INDEX

તેથી નીચે મુજબ હુકમ કરું છું

હુકમ

આથી રીવીઝન અરજી (આઈસી) નં ૨ ૬૧ થી ૪૪ ૬૧ મંજુર કરવામાં આવે છે અને નામદાર મજૂર અદાલતના ન્યાયધીશીએ કાઢેલ સમનસ રદ કરવામાં આવે છે અને તે સમનસની રૂએ આગળની કોઈ કાર્યવાહી કરવી નહી

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

(આર કે પરમાર)
સહાયક શ્રમ નીબંધક
મુબઈ ઔધોગીક સબંધ અધીનીયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ ૧૦ ૧ ૬૨

સને ૧૯૪૬ નાં મુબ્બઈ ઔધોગીક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંધ નિબંધક દવારા

ક્રમાંક બ શમક ૨૮૭૫૩ આર યુ સને ૧૯૪૬ ના મુબ્બઈ ઔધોગીક સબંધક અધીનિયમના કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૨ ના મુબ્બઈ ઔધોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું રેક્ષટાઈલ લેબર યુનીયન ભાવનગર અને મહાલક્ષમી રેક્ષટાઈલ મીલ્સ ભાવનગરની વચ્ચે ઔધોગીક વીવાદ નાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૨ ના જુન માસના ૧૦માં દીને આથી નોંધ કરું છું.

શ્રી એચ વી ઉદેશી સબ્યશ્રી
ઔધોગીક અદાલત ઓફ ૨૨ સ ક્ષુ

INDEX

(રેફરન્સ આઇ સી)

(એ૨મેં ઈન્ડસ્ટીઅલ રીસેશન એકટ ૧૯૪૧ કલમ ૭૩ બી હેઠળ

અમદાવાદનો જુનો નંબર	રાજકોટનો જુનો નંબર	ભાવનગરનો નવો નંબર
૧	૨	૩
૪૭૪-૮૧	૧૧-૮૪	૧-૬૧
—	૨૮ ૮૫	૧૦ ૬૧
—	૨૯-૮૫	૧૧-૬૧
૦	૩૦-૮૫	૧૨-૬૧
૦	૩૧-૮૫	૧૩-૬૧
૦	૩૩ ૮૫	૧૪-૬૧
૦	૩૪-૮૫	૧૫-૬૧
૦	૩૧-૮૫	૧૭-૬૧
૦	૪૮-૮૫	૧૮-૬૧
૦	૧-૮૧	૨૦ ૬૧
૦	૭-૮૧	૨૧-૬૧
૦	૮-૮૧	૨૨-૬૧
૦	૯-૮૧	૨૩-૬૧

INDEX

•	૧૦-૮૬	૨૪-૬૧
•	૧૨-૮૬	૨૫ ૬૧
•	૧૭-૮૬	૨૬-૬૧
•	૨૨-૮૬	૨૭-૬૧
•	૨૩-૭૬	૨૮-૬૧
•	૨૯-૮૬	૨૯ ૬૧
•	૩૨-૮૬	૩૦-૬૧
•	૧-૮૭	૩૪-૬૧
•	૨ ૮૭	૩૫ ૬૧
•	૩-૮૭	૩૬-૬૧
•	૪ ૮૭	૩૭-૬૧

ટેક્ષટાઇલ લેબર યુનિયન
મજુર મહાજન ભાવનગર
વી૩૫૬

પ્રથમ પક્ષકાર

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ
મીલ્સ ભાવનગર

બીજા પક્ષકાર

(ગ્રેન ટી સી ગુજરાત લીનુ યુનીટ)

મંત્રી નિધી : (૧) લેબર યુનિયન વતી
તેમના મંત્રીશ્રી કે બી કરમટીયા

(૨) મીલવતી તેમના ફેક્ટરી મેનેજર
શ્રી પટેલ

વિષય મીલ તરફથી નોટીસ એ ફ ચેષ્ઠનજ આપવામાં આવેલ તે બાબત કોન્સીલી એટર ફ્રેન્ડ સમાધા નિષ્ફળ જતાં આ ઔધોગીક વીવાદ છે કે

મીલના વીવીંગ ખાતામાં પહેલી પાળીમાં હાલમા સારીવાળાની એક જગા કાયમીક છે છેલ્લા ૫ વરસથી કામદાર નકરીની બાબતો પ્રથમીક ધોરણે ચલાવવા મા આવતો નથી આથી મીલ આથી વાંધો એક જગ્યા કમી કરવાનો ધરાદો રાખે છે,

એવેાડ

ઉપર (માર્ક) કરેલ નંબર વાળો આં ઔધોગીક વિવાદ આ અદાલત સમક્ષ નયાય નિર્ણય માટે મુકવામાં આવેલ છે આ કામે પક્ષકારોનો પુરાવો હજુનોંધવામાં આવેલો નથી તે તબ્કકે ટેક્ષટાઇલ લેબર યુનીયન વતી તેમના મંત્રીશ્રીએ આંક વાળી અરજી આપી પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોઇ તેઓએ આ રેફરનસ પાછો ખેચેલ છે તે સમાધાનમાં જણાવ્યા પ્રમાણે મીલ વતી ફેક્ટરી મેનેજરશ્રીએ પણ નોટીસ ઓફ ચેષ્ઠનજ પાછી ખેચી લીધેલ છે તે રીતે આ રેફરનસ પાછો ખેચાઇ જતા અને તે રીતે ફેસલ થતા તેમને ફાઈલે કરવામાં આવે છે.

આ રેફરનસનો ખર્ચ દરેક પક્ષકારે પોતે પોતાનો ભોગવવો

(આર કે પરમાર)
સહાયક શ્રમ નિયંત્રક
મુંબઇ ઔધોગિક સબંધ અધીનિયમ ૧૯૪૭

અમદાવાદ તા ૧૭ ૧ ૯૨ અમદાવાદ

સને ૧૯૪૭ ના મુબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયેના સહાયક સંધ નીબંધક દવારા

ક્રમાંક બ શમક ૨૮૭૫૪ આર યુ સને ૧૯૪૭ ના મુબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૧૧ ના મુબઇ ઔદ્યોગીક સબધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂ એ હું ટેક્ષટાઇલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષમી ટેક્ષટાઈલ મીલ્સ ભાવનગર ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૨ના જુન માસના ૧૦ દીને આથી નોંધ કરૂ છુ

શ્રી એચ વી ઉદેશી સભવશ્રી

ઔદ્યોગીક અદાલત ભાવનગર સમક્ષ

રેફરન્સ (અદસી)

(બોમ્બે ઇનડસ્ટીયલ રીલેશન એક્ટ ૧૯૪૭ કલમ ૭૩ એ હેઠળ

અમદાવાદનો જુનો નંબર	રાજકોટનો જુનો નંબર	ભાવનગરનો નવો નંબર
૧	૨	૩
૪૭૯-૮૧	૧૧ ૬૪	૧-૬૧
૦	૨૮-૬૫	૧૦ ૬૧
૦	૨૯-૬૫	૧૧-૬૧
૦	૩૦ ૬૫	૧૨ ૬૧
૦	૩૧-૬૫	૧૩-૬૧

INDEX

૦	૪૪-૮૪	૧૪ ૬૧
૦	૪૪-૮૪	૧૫ ૬૧
૦	૪૬-૮૪	૧૭-૬૧
૦	૪૮-૮૪	૧૮-૬૧
૦	૬ ૮૬	૨૦ ૬૧
૦	૭-૮૬	૨૧-૬૧
૦	૮-૮૬	૨૨-૬૧
૦	૯-૮૬	૨૩-૬૧
૦	૧૦-૮૬	૨૪-૬૧
૦	૧૨-૮૬	૨૫-૬૧
૦	૧૭-૮૬	૨૧-૬૧
૦	૨૨-૮૬	૨૭ ૬૧
૦	૨૪ ૮૬	૨૮-૬૧
૦	૨૬ ૮૬	૪૯-૬૧
૦	૩૨ ૮૬	૩૦-૬૧
૦	૧-૮૭	૩૧-૬૧
૦	૨-૮૭	૩૫-૬૧

INDEX

•	૩-. ૭	૩૧ ૬૧
•	૪-૮૭	૩૭ ૬૧

ટેક્ષટાઇલ લેબર યુનિયન (મજુર મહાજન ભાવનગર) વીરુધ્ધ — પ્રથમ પક્ષકાર

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મી સ ભાવનગર (એન્ટીસી ગુજરાત લી નુ યુનિટ) — બીજા પક્ષકાર

પ્રતીનીધી

(૧) લેબર યુનીયન વતી, તેમના મંત્રીશ્રી કે બી કરમટીયા

(૨) મીલ વતી, તેમના ફેકટરી મેનેજરશ્રી પટેલ

વિષય :- મીલ તરફથી નોટીસ ઓફ ચેઇ જ આપવામાં આવેલ તે બાબત કોંનસીલીએટ રૂબરૂ સમાધાન નિષ્ફળ જતાં આ ઔધોગીક વીવાદ છે કે

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરે તા ૨ ૬ ૮૬ ના રોજ લેબર ટેક્ષટાઇલ યુનીયન ભાવનગરને ફોર્મ કે માં નોટીસ ઓફ ચેંજ આપી મીલના વ્લીચીંગ ખાતામા પાઇલરની જગ્યા કમી કરવા ઇરાદો રાખે છે વગેરે ફેરફાર કરવા નોટીમ ઓફ ચે જ આપેલ છે તે બાબત

એ વે. ડે

ઉપર (માર્ક) કરેલ નંબરવાળો આ ઔધે ગીક વીવાદ આ અદાલત સમક્ષ

INDEX

નયાય નિર્ણય માટે મુકવામાં આવેલ છે આ કામે પક્ષકારોનો પુરાવો હજુ નોંધવા માં આવેલો નથી તે તબકકે ટેક્ષટાઈલ લેબર યુનીયન વતી તેમના મંત્રીશ્રીએ અરજી આપી પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય તેઓએ આ રેફરનસ પાછો ખેચેલ છે તે સમાધાનમાં જણાવ્યા પ્રમાણે મીલ વતી ફેકટરી મેનેજરશ્રીએ પણ નોટીસ ઓફ ચેજ પાછી ખેચી લીધેલ છે તે રીતે આ રેફરનસ પાછો ખેચાઇ જતા અને તે રીતે ફેસલ થતા તેમને ફાઈલે કરવામાં આવેલ છે.

આ રેફરનસનો ખર્ચ દરેક પક્ષકારોએ પોત પોતાનો ભોગવવો.

(આર કે પરમાર)
સહાયક સંધ નિબંધક
મુંબઈ ઔધોગીક સબંધ અધિનિયમ ૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા. ૧૭-૬-૬૨

સને ૧૯૪૭ ના મુબઈ ઔધોગીક સંબધક અધીનિયમ અન્વયેના સહાયક સબ નિબંધક દવારા

ક્રમાંક (ખ) રામક ૨૮૭૫૫ આર. યુ સને ૧૯૪૭ ના મુબઈ ઔધોગીક સબંધક અધીનીયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુબઈ ઔધોગીક સબંધક ગુજરાત નિયમોના નીયમ ૬૦થી ૬ને આપવામાં આવેલી સતાની રૂએ હુ ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને ન્યુ જહાંગીર વર્કીંગ મીલ્સ ભાવનગર ની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેદાની સને ૧૯૬૨ના જુન માસના ૧૦ મા દીને આથી નોધ કરૂ છુ.

ઔધોગીક અદાલત ભાવનગર, સમક્ષ

શ્રી એચ વી ઉદેશી સહ શ્રી

રેફરનશ (આઈ સી) નવો નંબર ભાવનગર ૪૯-૯૧

જુનો નંબર રાજકોટ ૮-૯૦

નવો નંબર ભાવનગર ૫૧-૯૧

જુનો નંબરરાજકોટ ૧૦-૯૦

પ્રથમ પક્ષકાર - ટેક્ષટાઈલ લેબર યુનીયન
(મજુર મહાજન)
ભાવનગર.

વીરુદ્ધ

બીજા પક્ષકાર - ન્યુ જહાંગીર વકીલ
મીલ્સ (જી એસ
ટી સી નું યુનિટ)
ભાવનગર

હુકમ

(૬૪-૯ એવોર્ડ નંબર ૧)

૧ ધ્રુબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમ ૧૯૪૭ ની કલમ ૭૮એ અન્વયે આ બંછે એ દ્યોગીક વીવાદો ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગરે આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરેલ છે તે બંને વીવાદોમા મીલના કર્મચારીઓએ ટાવેલીંગ એલાઉન્સ વગેરે મેળવવા માટે જુદી જુદી માગણીઓ કરેલછે આ બંનં વીવાદો પહેલા શીયુત એદ્યોગીક અદાલત રાજકોટ સમક્ષરજુ કરવામાં આવેલ પરંતુ ત્યાર બાદ જુલાઇ ૧ માં અત્રે એદ્યોગીક અદાલતની સ્થાપના થતાં આ બંને ઔદ્યોગીક વીવાદોતેના ન્યાય નિર્ણય માટે અત્રે તબદીલ કરવામાં આવેલ છે

બંને ઔદ્યોગીક વીવાદ કલમ ની માંગણી હોવાના કારણે બંને પક્ષ

INDEX

કારોએ અંક ૪ વાળી અરજી આપી આ બંને વીવાદોનો નીણય એક સાથેકરવા આ કોર્ટ સમક્ષ માંગણી કરેલ છે અને બંને પક્ષકારોની તે વીનતી અંક ૫ હેઠળ થયેલ હુકમ પ્રમાણે આ કોર્ટ મંજુર રાખી આ બંને રેફરન્સનો નીર્ણય આથે કરવા હુકમ કરેલો છે

એમ જણાય છે કે આ બંને ઔધોગીક વીવાદમાં અગાઉ પણ પક્ષકારો એ અમુક માંગણીઓ બાબતે સમાધાન કરેલુ અને જે આધારે તા ૨૭-૧ ૬૧ ના હુકમથી પાર્ટ એવોર્ડ નંબર ૧ કરવામાં આવેલો બાકીની માંગણીઓ બાબતે આ બંને વિવાદો અત્રે નિણય માટે નિકળતા બને પક્ષકારો એ અંકપ વાળુસમાધાન રજુ કરેલુ છે

બન્ને પક્ષકારોએ તે સમાધાન કબુ કરેલ છે બંને પક્ષોને તે સમાધાન કબુલ મજુર છે અને તે સમાધાનની શરતો પ્રમાણે વર્તવાનુ બને પક્ષોએ આ કોર્ટ રૂબરૂ કબુલ કરેલુ છે અંક ૫ ના સમાધાનની શરતો વાંચતા લીવ ટ્રાવેલ એલાઉન્સ બાબતે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલુ છેતે સમાધાન વ્યાજબી અને યોગ્યસમાધાન પક્ષકારોએ કરેલુ છે

તેમ જણાય છે અંક ૫ ના સમાધાનમાં બને પક્ષોએ તે સમાધાન પ્રમાણે છેવટનો એવોર્ડ કરી આપવા વીનતી કરેલ અંકપ હેઠળ તા ૨૦-૧૨-૬૧ નાહુકમ પ્રમાણે કોર્ટ તે સમાધાન રેકોર્ડ કરેલું છે અનેતે પ્રમાણે સમાધાન મુજબ એવોર્ડ કરી આપવો યોગ્ય જણાય છે

૨ ટેક્સટાઇલ લેબર યુનિયન ભાવનગરવતી તેમના મત્રી શ્રી ક મટીયાએચુનિ. ને અર્થ અપાવવો જોઇએ તેવી માંગણી કરેલ છે પરતુ એમ જણાય છે કે પાર્ટ એવોર્ડ નબર જે તા ૨૭-૩-૬૧ ના રોજ આપવામાં આવેલ છે તે સમાધાનમા પારા ૫ એ માં લીવ ટ્રાવેલ કન્સેશન આપવાનુ મીલે કબુલ કરેલછે પરંતુ એ કેટલુ અને કઇ રીતે આપવુ તે બાબતે પક્ષકારો ચર્ચા કરી તે બાબતે પાછળથી કરાર કરવો તેમ તેમા જણાવેલુ છે

અને તે અનુસધાને પક્ષકારે એ અંક ૫ વાળુ સમાધાન કરેલુ હોય તેમજણાય છે પક્ષકારો વચ્ચે અંક ૫ વાળુ સમાધાન આ કામે કોઇ પુરવો લેવામાં આવે તે

INDEX

જ થયુ છે તે રીતે જયા પક્ષકારો વચ્ચે અગાઉના સમાધાનના અનુસધાનમાં આ સમાધાન આ કામે પુરાવો લેવાય તે પહેલા થઈ ગયુ ત્યાં યુનિયનને કોઇ ખર્ચ અપાવવાની શ્રી કરમટીયાની દલીલ સ્વિકારી શકાય તેમ નથી આંક ૫ વાળા સમાધાનમાં પણ યુનિયન ને બીજા કપનીએ ખર્ચ આપવો તેવુ પક્ષકારોએ કોઇસમાધાન કરેલુ નથી.

શ્રી કરમટીયા દલીલમાં જણાવે છે કે રૂા ૫૦૦ ખર્ચના અગાવા જે ઈએ રતુ યુનિયનના ખર્ચ બાબતે રેકોર્ડ પર કોઇ પુરાવો આવેલ નથી એમ જયા પક્ષકારો વચ્ચે આ કામે પુરાવો લેવાય તે પહેલા સમાધાન થઈ ગયુ ત્યા યુનિયનના શ્રી કરમટીયાની દલીલ પ્રમાણે ખર્ચ અપાવવો મને યોગ્ય લાગતો નથી અને જયા પક્ષકારોએ સમાધાન જ કરેલું છે ત્યાં ખર્ચ બાબતે પણ મને નીચે પ્રમાણે હુકમ કરવો યોગ્ય લાગે છે

૬ તે રીતે આ કામે નીચે પ્રમાણે ફાઇનલ એવોર્ડ નંબર ૨ નોકરી આપવામાં આવે છે

હુકમ

૪ આંક ૫ વાળો સમાધાન પત્ર અન્વયે આ કામમાં ફાઇનલ એવોર્ડ નંબર ૨ નોકરી આપવામાં આવે છે આંક ૫ ના સમાધાનને આ એવોર્ડના અતરગત ભાગ ગણવાનો છે

આ રેફરન્સનો પક્ષકારોનો ખર્ચ જે તે પક્ષકારોએ પોતે ભોગવવો

(એચ વી ઉદેશી)
ન્યાય,
ઔધોગીક અદાલત
ભાવનગર,

ભાવનગર તા ૧-૧ ૬૨

(આર કે પરમાર)
સહાયક મંત્ર નિબંધક
મુંબઈ ઔધોગીક સબંધક અધિનિયમ-૧૯૪૭
અમદાવાદ

અમદાવાદ તા ૧૭ ૧-૬૨

સને ૧૯૪૭ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ
નિબંધક દ્વારા

ક્રમાંક એ શમક ૨ ૭૫૬ આજરોજ સને ૧૯૪૭ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગીક સબંધક ગુજરાત નીયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રુ એ ફ્રે ટેક્ષટાઇલ લેબર યુનીયન ભાવનગર અને ન્યુ જહાંગીર વકીલ મીલ ભાવનગર ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલનીચે મુજબના નીવેદાતી સને ૧૯૬૨ ના ૬ માસના ૦મા ઠીને આથી નોંધ કરૂ છુ.

શ્રી એચ વી ઉદેશી સભ્યશ્રી

ઔદ્યોગીક અદાલત ભાવનગર સમક્ષ

રેફરન્સ (આઈસી) નં નવો નંબર ભાવનગર ૪૫-૬૧

જુનો નંબર રાજકોટ ૫-૬૮

ટેક્ષટાઇલ લેબર યુનિયન પ્રથમ પક્ષકાર
મજુર મહાજન
ભાવનગર

વીરુધ્ધ

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ બીજા પક્ષકાર
યુનિટ ઓફ જી એસ ટી સી
ભાવનગર

હુકમ (એવોર્ડ)

મુંબઇ ઔદ્યોગીક સબંધ અધીનીયમ ૧૯૪૭ ની કલમ ૭૪ એ અન્વયેના આ ઔદ્યોગીક વીવાદ લી ટેક્ષટાઇલ લેબર યુનિયન મજુર મહાજન ભાવનગરે ઉપસ્થિત કરેલ છે આ રેફરન્સ શરુઆતમાં યુનિયને શ્રીયુત ઔદ્યોગીક અદાલત

રાજકોટમાં તા. ૪ ૭ ૮૮ ના રોજ દાખલ કરેલ અને અત્રે ભાવનગરમાં ઔદ્યોગીક અદાલતની સ્થાપના થતા આ વીવાદ અત્રે ભાવનગરમાં તબદીલ કરવામા આવેલ છે આ વિવાદ અત્રે તબદીલ થયા બાદ બન્ને પક્ષકારોને નોટીસ કઢવામાં આવેલ આ કામે હજુ પક્ષકારોનો પુરાવો લેવામાં આવેલ નથી ટેક્ષટાઈલ લેબર યુનિયન મીલ કંપનીના જનરલ મેનેજર શ્રી કાન્તીભાઇ પટેલને દુર કરવા વગેરે બાટ ફેરફાર નેટીસ આપેલ અને તે બાબતે કોન્સીલીએટર સમક્ષ સમાધાન નિષ્ફળ ગયેલ તે પ્રમાણે આ વિવાદ ઉપસ્થિત થયેલો છે પરંતુ આ વિવાદમાં પક્ષકારોનો પુરાવો લેવાનુ શરૂ થાય એ પહેલા જ ટેક્ષટાઇલ લેબર યુનિયન વતી તેમનાં સેક્રેટરી શ્રી કરશનભાઈ બી કરમટીયાએ આજ રજા ચીઠ્ઠી આપી આ વિવાદ તેઓ પાછો ખેચવામાગે છે તેવી માંગણી કરેલ છે આધારમાં જણાવેલુ છે કે શ્રી કાન્તીભાઇ પટેલને બીજી મીલમાં ફેરવી નાખેલ છે એટલે હવે આ રેફરન્સમાં કાંઇ કરવાનુ રહેતુ નથી તે કારણે આ રેફરન્સ પાછો ખેચ્યો તે બાબતે મીલ પક્ષે વાંધો નથી તેવો શેરે આજ રજા મીલ વતી તેમની સેક્રેટરી મેનેજર શ્રી પટેલે કરેલો છે એમ જણાય છે કે મીલ કંપનીના કર્મચારીઓની માંગણી પ્રમાણે શ્રી કાન્તીભાઇ પટેલ મે જનરલ મેનેજરને બીજી મીલમાં ફેરવી નાખેલ છે અને તે કારણે હવે પક્ષકારો વચ્ચે વિવાદનો અંત આવે છે તેમ જણાય છે અને તે કારણે આ ઔદ્યોગીક વિવાદમાં જયાં પક્ષકારો વચ્ચે કોર્ટની બહાર જ સમાધાન થઇ ગયુ છે અને કર્મચારીની માંગણી સંતોષાઇ ગયેલ છે ત્યા શ્રી કરમટીયાની માગણી પ્રમાણે આ રેફરન્સ પાછો ખેચવા પરવાનગી આપવી યોગ્ય જણાય છે અને તે રીતે આ રેફરન્સ પાછો ખેચાઇ જતાં તેને ફેસલ કરવો રહે છે યુનિયન વતી તેમના સેક્રેટરી શ્રી કરમટીયાએ યુનિયનને રૂા ૫૦૦ આપવા માંગણી કરેલ છે

પરંતુ એમ જણાવે છે કે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયુ છે અને કર્મચારીની માંગણી પ્રમાણે શ્રી કાન્તીભાઇ પટેલ જનરલ મેનેજરને બીજી મીલમા ફેરવી નાખેલ છે હજુ આ કામે પુરાવો લેવાયેલ નથી તે રીતે યુનિયનને ખર્ચ અપાવવા બાબતે રેકર્ડ ઉપર સ્થિતકારી શકાય તેવો કોઇ પુરાવો નથી યુનિયનને ખર્ચ અપાવવા બાબતે પક્ષકારો વચ્ચે કોઇ સમજુતી થઇ હોય તેમ જણાતુ નથી તે સંજોગોમાં યુનિયનને ખર્ચ અપાવવો યોગ્ય જણાતું નથી તે કારણે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ ઔદ્યોગીક વિવાદ પાછો ખેંચાઈ જતા તેને ફેસલો કરવા હુકમ કરવામાં આવે છે આ ઔદ્યોગીક વિવાદનો ખર્ચ દરેક પક્ષકારે પોતે પોતાનો ભોગવવો.

(આર કે પરમાર)
સહાયક સંધ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ ૧૯૪૭

અમદાવાદ તા. ૧૯-૬-૯૨ અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયેના
સહાયક સંધ

કમાંક એ ગ્રામક ૨૮૭૬૭ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગીક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હું ટેક્ષ ટાઈલ લેબર યુનિયન ભરૂચ અને શ્રી પુથરી કોટન મીલસ લી ભરૂચ ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમા ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૬૨ ના (જુન) માસના કલમા દીને આથી નોધ કરૂ છું,

ગુજરાત માનનીય સી એ ભોજણીની
ઔદ્યોગીક અદાલત વડોદરા સમક્ષ
રેફરન્સ (આઈસી) નં ૧૧ ૬૧
ટેક્ષટાઇલ લેબર યુનીયન પ્રથમ પક્ષકાર
ભરૂચ પાંચ બંત્તી
ભરૂચ ૧

ચીફ્ઝ

શ્રી પુથવી કોટન મીલ્સ ... બીજા પક્ષકાર
અરૂચ

ચુકાદો

૧ પ્રથમ પક્ષકાર ટેક્ષટાઇલ લેબર યુનિયન અરૂચે બી આઇ આર એકટની કલમ ૭૮ મુજબ રેફરન્સ અત્રેની અદાલતમાં કરેલ છે આ રેફરન્સ કરતા પહેલાં પુથવી કોટન મીલ્સ લી અરૂચ પાસે તેઓએ બી આઈ આર એકટ ફોમ એલમાં માંગણી મુકેલી અને તે એ મતલબની હતી કે કામદારોને મીલ્સ કંપનીએ પગાર વધારો મુળભુત ધોરણે આપવો તે માંગણીઓનુ સમાધાન ન થતા કન્સીલેટર ઓફીસે ઈન્ડસ્ટીયલ રીલેશન એકટ અરૂચે તા ૭-૧-૬૧ થી એવો કંસલા આપેલ છે કે સમાધાન થઇ નથી ત્યાર બાદ આ રેફરન્સ યુનીયને અત્રે કરેલ છે પુથવી કોટન મીલ્સ લી અરૂચને નોટીસ કાઢવામાં આવેલ અને યુનીયન તરફથી પોતાનું માંગણી નું નીવેદન રજુ પણ કરવામાં આવેલ છે તેનો ટુકાણુમાં સારાંશ ઉપર મુજબછે.

૨ પુથવી કોટન મીલ્સે પોતાનો જવાબ રજુ કરેલ છે ત્યાર બાદ તા ૩૧ ૩ ૬૨ની મુદતે પ્રથમ પક્ષકારે આ ૭ થી નીચે મુજબ પુરસીસ આપેલ છે.

ઉપરોકત રેફરનસના પ્રથમ પક્ષકારની નામદાર અદા તને નરમ અરજ છે કે અમો ઉ રોકત રેફરન્સ હાલ આગળ ચલાવવા માંગતા નથી ને ભવીષ્યમાં જરૂરપડે આજ માંગણી ફરીથી ઉભી કરવાના અમારા હકકને કાયમી રાખીઉપરોકત રેફરન્સ પાછો ખેચીએ છીએ જેથી રેફરન્સ પાછો ખેચવાની પરવાનગી આપવા તથા આ રેફરન્સનો નીકાલને તે મુજબ કરવા નામદાર અદાલતને નરમ અરજ છે

૩ ઉપરોકત આ ૭ની પુરસીસમાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર આ રેફરન્સ હાલ ચલાવવા માગતા નથી અને આજ માંગણી ફરીથી ઉભી કરવાના હકક અબાધીત રાખી રેફરન્સ પરત ખેચે છે જે મુજબ મંજુરી આપવામાં આવે છે અને આ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે

INDEX

હુ ક મ

આથી રેફરન્સ (આઈ સી) ન. ૧૦/૬૧ ફેસલ કરવામાં આવે છે ખર્ચ અંગે કોઈ કરવામાં આવતો નથી.

(આર કે, પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુબઇ ઔદ્યોગીકસબંધ અધિનીયમ ૧૯૪૬
અમદાવાદ

તા ૧૦-૧ ૬૨ અમદાવાદ

સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ અન્વયેના સહાયક સંઘ નિબંધક દવારા

ક્રમાંક બ શ્રમક ૨૮૭૪૮ આન્યુ સને ૧૯૪૬ ના મુબઇ ઔદ્યોગીક સબંધક અધીનિયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ ના મુબઇ ઔદ્યોગીક સંબંધક ગુજરાત નિયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલી સતાની રૂએ હુ ટેક્ષ ટાઇલ લેબર યુનીયન ભરૂચ અને બી ભરૂચ ટેક્ષટાઇલ મીલ્સ લીમીટેડ ભરૂચની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયાલય આપેલ નીચે મુજબ ના નિવેદાની સને ૧૯૬૨ ના જુન માસના ૧૦ મા દીને આથી નોધ કરૂ છુ

ગુજરાતના માનનીય સભ્યશ્રી ય અ ભોજાણીની

ઔદ્યોગીક અદાલત વડોદરા સમક્ષ

રેફરન્સ (આઇસી ન ૧૦/૬૧

ટેક્ષટાઇલ લેબર યુનીયન — પ્રથમ પક્ષકાર
ભરૂચ

INDEX

રીટ૫

ધી ભરૂચ ટેક્ષટાઇલ - બીજા પક્ષકાર
લી ભરુચ

હુ ક મ

૧ પ્રથમ પક્ષકાર લેબર યુનીયન ભરૂચે બી આઇ આર એકટની કલમ ૭૩ મુજબ રેફરનસ અત્રેની અદાલતમાં કરેલ છે આ રેફરનસ કરતા પહેલા ભરૂચ ટેક્ષટાઇલ મીલ વાસે તેઓએ બી આઇ આર એકટ ફોમ એલ માં માગણી મુકેલી અને તે એ મતલબની હતી કે કામદારોને મીલસ કંપનીએ પગાર વધારો મુબઇ બોનસ આપવા તે માગણી સમાધાન ન થતા કનસીલીયેટર બોમ્બે ઇન્ડસ્ટીયલ રીલેશન એકટ ભરૂચે તા ૭ ૨ ૬૧ થી એવો હાખલો આપેલ છે કે સમાધાન થયુ નથી

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજૂર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એમ.સી./૨૭૭/૯૨/એજે/આ.ડી.આર.-શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હીમશન ટેક્ષટાઈલ, સુરત અને કામદારશ્રી બાલચંદ્ર રોહીત વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨-૪૬૧૮ (૧)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. (૩)ની અને અનુસૂચિ-૩ની આઈટમ નં. (૧૦) સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનર તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુમ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) કલમ ૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ હું શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક ૩૨૭૦/આઇ.ડી.એ./૧૦૯૧/૧૦૮૨ મ.(૨) અન્વયે મજુર અદાલત, નં. ૩ સુરતને સદરહુ તકરાર અને તેના નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી બાલચંદ્ર રોહીતને તેમના પડેલા દિવસોનો પગાર મોંઘવારી ભથ્થા સહિત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એમ.સી./૨૮૧/૯૨/એજે/આ.ડી.આર.-શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રોડ, ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, સુરત અને કામદારશ્રી બાબુભાઈ જાનીયાભાઈ વસાવા વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ./૩૬૭૩/આઈ.ડી.એ./૧૦૭૨-૪૬૧૮ (૧)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. (૩)ની અને અનુસૂચિ-૩ની આઈટમ નં. (૧૦) સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનર તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) કલમ ૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ હુ શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે,૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક ૨૨૭૩/એ/ આઈ.ડી.એ./ ૧૦૯૧/૧૦૮૨ મ.(૨) અન્વયે મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના નિર્ણય માટે લખી મોકલું છુ.

અનુસૂચિ

શ્રી બાબુભાઈ જાનીયાભાઈ વસાવાને તેમના પડેલા દિવસોનો પગાર મોંઘવારી ભથ્થા સહિત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એમ.સી./૨૮૩/૯૨/એજે/આ.ડી.આર.-શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હોમશન ટેક્ષટાઈલ, સુરત અને કામદારશ્રી રૂદ્રપ્રતાપ ભગવાનદીન વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨-૪૬૧૮ (૧)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. (૩)ની અને અનુસૂચિ-૩ની આઈટમ નં. (૧૦) સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનર તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) કલમ ૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) મહેલ સત્તાની રૂએ હુ શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે,૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક ૨૭૬૬/એ/ આઈ.ડી.એ./ ૧૦૯૧/૧૦૮૨ મ.(૨) અન્વયે મજુર અદાલત, નં. ૨ સુરતને સદરહુ તકરાર અને તેના નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રૂદ્રપ્રતાપ ભગવાનદીનને તેમના પડેલા દિવસોનો પગાર મોંઘવારી ભથ્થા સહિત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?'

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એમ.સી./૨૮૪/૯૨/એજે/આ.ડી.આર.-શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રોડ, ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, સુરત અને કામદારશ્રી ભાણાભાઈ નાથાભાઈ ચૌધરી વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨-૪૬૧૮ (૧)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. (૩)ની અને અનુસૂચિ-૩ની આઈટમ નં. (૧૦) સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનર તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુમ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) કલમ ૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) મબેલ સત્તાની રૂએ હુ શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે,૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક ૨૨૭૩/એ/ આઈ.ડી.એ./ ૧૦૯૧/૧૦૮૨ મ.(૨) અન્વયે મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભાણાભાઈ નાથાભાઈ ચૌધરીને તેમના પડેલા દિવસોનો પગાર બોંધવારી ભથ્થા સહિત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એમ.સી./૨૮૬/૯૨/એજે/આ.ડી.આર.-શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજૂર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રોડ, ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, સુરત અને કામદારશ્રી અંબર ગુલાલ ઘારોટ વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ./૩૬૭/આઇ.ડી.એ./૧૦૭૨-૪૬૧૮ (૧)ઝ થી સદર ઘારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ઘારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. (૩)ની અને અનુસૂચિ-૩ની આઇટમ નં. (૧૦) સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજૂર કમિશનર તેમના સોપેંલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) કલમ ૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ હુ શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજૂર કમિશનર, સુરત આથી મજૂર અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક ૨૨૭૩/એ/ આઇ.ડી.એ./ ૧૦૯૧/૧૦૮૨ મ.(૨) અન્વયે મજૂર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અંબર ગુલાલ ઘારોટને તેમના પડેલા દિવસોનો પગાર મોંઘવારી ભથ્થા સહિત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજૂર કમિશનર,
સુરત.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કે.એચ./એસ.એમ.સી./૨૧૫/૯૨/એજે/આ.ડી.આર.-શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરતનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. કોર્પોરેશન, સુરત અને કામદારશ્રી રતિલાલ ડાહયાભાઈ જાંબુ વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ./૩૬૭/આઈ.ડી.એ./૧૦૭૨-૪૬૧૮ (૧)ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. (૩)ની અને અનુસૂચિ-૩ની આઈટમ નં. (૧૦) સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનર તેમના સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪માંની) કલમ ૧૦ની પેટા કલમ (૧) પેટા વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ હુ શ્રી હ. દા. ગામીત, મદદનીશ મજુર કમિશનર, સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક / / આઈ.ડી.એ./ ૧૦૯૧/૧૦૮૨ મ.(૨) અન્વયે મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર અને તેના નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રતિલાલ ડાહયાભાઈ જાંબુને તેમના પડેલા દિવસોનો પગાર મોંઘવારી ભથ્થા સહિત અસલ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

સુરત, ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૨.

હ. દા. ગામીત,
મદદનીશ મજુર કમિશનર,
સુરત.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, AUG. 12, 1993/SRAVANA 21, 1915 [No. 32

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I-D IV-A. IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત, સુરત દ્વારા

આંક ૧૮

સુરતની ઔદ્યોગિક અદાલતના સભ્ય શ્રી ઈ. બી. ડુમસીયા સમક્ષ
અપીલ આઈ. સી. નં. ૯/૯૩

ચીફ એક્ઝીક્યુટીવ,
ધી સુરત ઈલેકટ્રીસીટી કંપની લી.
ઈલેકટ્રીસીટી હાઉસ, સ્ટેશન રોડ, સુરત ... એપેલન્ટ;

વિરુદ્ધ

નરેન્દ્રકુમાર રતિલાલ જરીવાલા
૨/૯૨૩, હીરામોદી શેરી, સગરામપુરા, સુરત ... રીસ્પોન્ડન્ટ.

નોંધ. —અપીલ ચાલુ દરમ્યાન આંક-૮ ની લેખીત પુરસીસથી કામદારો રીપ્રેઝન્ટેટીવ યુનીયન ધી સુરત ઈલેકટ્રીસીટી કંપનીઝ સ્ટાફ યુનીયન કામદારોનું પ્રતિનિધિ તરીકે આ અપીલના કામે

INDEX

હાજર થયા છે. અપેલન્ટ તરફે વિધ્વાન વકીલ શ્રી વી. જી. વકીલ, મુળ રીસ્પોન્ડન્ટ શ્રી એમ. આર. જરીવાલા તરફે વિધ્વાન વકીલ શ્રી વસંતભાઈ દલાલ અને યુનીયન તરફે વિધ્વાન વકીલ શ્રી એન. વી ભટ્ટ, હાજર રહયા.

બાબત : બી. આઈ. આર. એકટની કલમ ૮૪ નીચે અપીલ.

ચુકાદો

હાલના અપીલના એપલન્ટ કંપનીએ ત્રીજા અદાલત, સુરતના ન્યાયાધિશે (શ્રી અમ. વી. કાઝી) ઓ ઓ. ટી. અરજી નં. ૫/૯૩ ના કામમાં આંક-૨ ના વચગાળાના મનાઈ હુકમની અરજી હેઠળ કરેલ તારીખ ૬ ઠ્ઠી મે ૧૯૯૩ના હુકમને બી. આઈ. આર. એકટ, ૧૯૪૬ ની કલમ ૮૪ અન્વયે અપીલ કરી પડકારેલ છે.

(૨) નીચલી અદાલતમાં ઓ. ટી. અરજી નં. ૫/૯૩ ની કરનાર અરજદાર શ્રી નરેન્દ્ર રતીલાલ જરીવાલાને હવે પછી અરજદાર તરીકે અને તે કામે સામાવાળા સુરત ઈલેકટ્રીસીટી કંપની લી. એ ટુંકમાં કંપની તરીકે અને ધી સુરત ઈલેકટ્રીસીટી કંપનીઝ સ્ટાફ યુનીયનને સદરહુ યુનીયન તરીકે સંબોધવામાં આવશે.

(૩) અરજદારે સદરહુ અરજી ઓ. ટી. નં. ૫/૯૩ ના કામે તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૩ના દિને મુળ અરજી કરી સદરહુ કંપનીને તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના દિનથી સદરહુ કામદાર પર મીટર રીડીંગ ઉપરાંત વિજળીનું જોડાણ કામવાનું અને પુન: જોડાણ કાર્યભાજ લાદી દાખલ કરેલ છે. અને નવી પદ્ધતિ ને ગેરકાયદેસરની ફેરફાર જાહેર કરવાની દાદ, તથા સદરહું ફેરફાર તાત્કાલિક પાછળ ખેંચી લે તે પ્રકારની કંપનીને આદેશ આપવાનો દાદ, તથા ખર્ચની દાદ માંગી છે.

(૪) આ કામે ટૂંકમાં હકિકત નીચે મુજબ છે. સદરહું અરજદારે પોતાની આંક ૧ ની અરજીમાં એવી હકિકત જાહેર કરી છે કે તેઓ સદરહું કંપનીમાં મીટર રીડીંગ ડીપાર્ટમેન્ટમાં મીટર રીડર તરીકે છેલ્લા ૬ વર્ષથી કાયમી કર્મચારી તરીકે કામ કરતા આવેલા છે. સદરહુ કંપની સદરહુ અધિનિયમની જોગવાઈ હેઠળ નોંધાયેલ અને અંડરટેકીંગ છે. મીટર રીડર હેસીયતમાં એમણે ફકત મીટર રીડીંગનું કામ કરવાનું હોય છે. અને આ પ્રથા સદરહું કંપનીમાં વર્ષોથી ચાલી આવેલ છે. તેમ છતાં સદરહું કંપનીએ ફેબ્રુઆરી-૧૯૯૨ માં એમણે મીટર રીડીંગનું કામ ઉપરાંત ગ્રાહકોના વિજળી જોડાણો કાપવાનું તથા તેનું પુન: જોડાણ કરવાનું વધારાનું કામ સોંપેલ હતું. તેને વિરોધ કરવામાં આવેલ, અને કંપનીના ચીફ એન્જીનીયર (ટેકનીકલ) નાએ સદરહું વધારાનું કામ હંગામી ધોરણે હોવાનું જણાવેલ અને કંપનીના કામમાં મદદ કરવાના હેતુથી તથા અન્ય મીટર રીડરોએ સદરહું વધારાનું કામ કામચલાઉ રીતે કરવાનું સ્વીકારેલ, જે એપ્રીલ-૧૯૯૨ ના અરસામાં બંધ કરી દીધેલ, ત્યારબાદ ફરીથી કંપનીએ એમને તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજથી સદરહુ વધારાનું કામ ફરીથી સોંપેલું અને આમ વરસોથી ચાલી આવતી પ્રથામાં ફેરફાર કરેલ, અને વધારાનું કામ સોંપી વધારાનો કાર્યભાજ લાદી કાર્યક્ષમતામાં વધારો કરેલ, અને સદરહુ ફેરફાર ગેરકાયદેસર ફેરફાર હોવાની જાહેરાત કરવાનો દાદ માંગતી અરજી કરવામાં આવેલ છે. વધુમાં એવી હકિકત જાહેર કરવામાં આવેલ છે કે, જે મીટર રીડરો સદરહુ વધારાનું કામ કરવાનો ઈન્કાર કરે તો કંપ-

INDEX

તરફથી શીસ્તભંગના પગલાં ભરવાની ધમકી આપવામાં આવેલ છે. જે કૃત્ય સદરહુ ગેરકાયદેસર ફેરફારનો અમલ કરવા અંગેનું છે. કંપનીને પોતે તથા અન્ય મીટર રીડરોએ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના રોજ પત્ર લખી સદરહુ ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચી લેવા વિનંતી કરેલ, તેનો સદરહુ કંપનીએ તારીખ ૩જી માર્ચ ૧૯૯૩ ના રોજ ખોટો અને ઉડાઉ જવાબ આપેલ, અને આથી હાલની અરજી કરી સદરહુ દાદ માંગવામાં આવેલ છે.

(૫) સદરહુ અરજદારે પોતાની આંક-૧ ની અરજી સાથે વચગાળાના મનાઈ હુકમની આંક-૨ની અરજીથી સદરહુ આંક-૧ ની અરજીનો છેવટનો નિકાલ ન થાય ત્યાં સુધી કંપની તેમને સદરહુ વધારાનું કામ સોંપશે નહિ એવો વચગાળાનો મનાઈ હુકમની દાદ માંગેલ છે.

(૬) સદરહુ અરજદારે પોતાની આંક-૨ ની અરજીના ટેકામાં પોતાનું સોગંદનામું રજુ કરેલ છે. અને નિ. ૧૧/૧ થી શ્રી વી. ડી. કાપડીયા નું ૧૧/૨થી આર. એફ. દીઘેલી નં. ૧૧/૩ એસ. બી. જબ્બરનું ૧૧/૪ થી એસ. જે. પરમારનું ૧૧/૫ થી એન. ડી. રાણાનું ૧૧/૬ શ્રી આઈ. એ. મહીડાનું ૧૧/૭ થી એ. આર. પવારનું સોગંદનામું રજુ કરેલ છે. સદરહુ ફરીયાદીએ પોતાનું વળતું સોગંદનામું (રીજોઈન્ડર) આંક-૧૧ થી રજુ કરેલ છે. સદરહુ અરજદારે દસ્તાવેજી લીસ્ટ આંક-૪ સહીત કંપનીને લખેલ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના કાગળોની નકલો નિ. ૪/૧ થી તથા કંપનીએ આપેલ તારીખ ૩જી માર્ચ ૧૯૯૩ નો જવાબની નકલ નિ. ૪/૨ થી રજુ કરેલ છે. ઉપરાંત આંક-૧૨ ના દસ્તાવેજી લીસ્ટ સાથે નિ. ૧૨/૧ થી ૧૨/૭ ના કુલ ૭ નિમણુંક પત્રોની નકલો નિ. ૧૨/૮ થી ૧૨/૧૨ ના કુલ ૪ કારણદર્શક નોટીસની નકલો નિ. ૧૨/૧૨ થી ૧૨/૧૪ ના કુલ ૩ ચાર્જશીટ સસ્પેન્શન હુકમની નકલો નિ. ૧૨/૧૫ થી કંપનીએ પ્રગટ કરેલ નાણાકીય સ્થિતિ દર્શાવતી જાહેરાતની નકલો, અને નિ. ૧૨/૬ થી કંપનીના વાર્ષિક અહેવાલો અને હિસાબો રજુ કરેલ છે. ઉપરાંત આંક-૧૫ ના દરસ્તાવેજી લીસ્ટ નિ. ૧૫/૧ થી અને૧૫/૨થી કુલ-૨ પ્રમોશન લેટરની નકલો અને નિ. ૧૫/૩ થી ચાર્જશીટની નકલો રજુ કરેલ છે.

(૭) સદરહુ કંપનીએ પોતાના આંક-૯ ના લેખીત જવાબ રજુ કરી અરજદારની અરજી સામે વાંધાઓ રજું કરેલા છે. શરૂઆતમાં કેટલાક ટેકનીકલ વાંધાઓ જેવો કે અરજદાર લીગલ એન્ટીટી ન હોવાનું ઔદ્યોગિક તકરાર નિવારના સમુહસોદા (કલેકટીવ બારગેઈન) રીપ્રેઝન્ટેટીવ યુનીયન મારફતે થતા હોવાનું ઘણાબધા મીટર રીડરોનું હીત સમાયેલું હોવાનું અને એ અર્થે સદરહુ અરજદાર વ્યકિતગત હેસીયતમાં કરેલ અરજી ટકી શકે તેમ ન હોવાનું વાંધો લીધેલ છે. આ ઉપરાંત સદરહુ આંક-૧ ની અરજીને મુદતનો બાધ નહતો હોવાનો વાંધો લીધેલ છે. હકિકતની એવી વિગતો જાહેર કરેલ છે કે, સદરહુ અરજદારે તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ફેરફાર થયેલ હોવાનું જણાવેલ છે, તે વિગતો સાચી નથી. પરંતુ હકિકતે એકતરફે મેનેજમેન્ટ અને બીજે તરફે મીટર રીડરોના પ્રતિનિધિઓ તથા પ્રતિનિધિ માન્ય યુનીયન પ્રતિનિધિ વચ્ચે તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના દિને મીટીંગ થયેલ અને લેખીત કરાર થયેલ તેનાં મેનેજમેન્ટના સક્ષમ અધિકારી અને યુનીયનના પ્રતિનિધિઓએ સહી કરેલ છે. અને તેમાં મીટર રીડરોને વધારાનું કામ સોંપવાનું નક્કી થયેલ, અને સદરહુ વધારાનું કામગીરી માટે વધારાનું વેતન આપવા માટે ત્યારબાદ તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૨ ના કરારથી નક્કી થયેલ, જે કરાર પર પણ સદરહું ત્રણેય પક્ષના એ સહી કરેલ છે. અને જણાવ્યા પ્રમાણે વધારાનું કામનું વેતન ચુકવવામાં આવતું હતું. સદરહુ કામ ચાલુ હતું તે દરમ્યાન કંપની સામે દિવાની દાવા નં. ૯૦૮/૯૨ નો માંડવામાં આવેલ, જેમાં ગ્રહકોના કનેકશન કાપવા માટે મનાઈ આપવામાં આવેલ અને છેવટે ડીસ્ટ્રીકટ કોર્ટના સીવીલ અપીલ નં. ૧૯૯/૯૨ ના કામે કંપની

INDEX

તરફે નિર્ણય આવતાં કોર્ટના હુકમમાં દર્શાવેલ, વીધિ કરી કનેકશન કાપવાનું કામ શરૂ કરવામાં આવેલ, અને આથી જુલાઈ ૧૯૯૨ થી જાન્યુઆરી ૧૯૯૩ નો જે ગેપ પડયો છે તે ગેપ કોર્ટના સદરહુ હુકમને અધિન કંપનીની સત્તા મર્યાદા બહારને કારણે થયેલ છે. અને આથી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી શરૂ થયેલ કામ જલાઈ ૧૯૯૨ માં કોર્ટના હુકમના કારણે મોકુફ રાખવામાં આવેલ, અને ત્યારબાદ મનાઈ હુકમના કારણે જાન્યુઆરી ૧૯૯૩ માં ફરીથી ચાલુ કરવામાં આવેલ. સદરહુ વધારાની કામની સોંપણી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી થયેલ છે. અને અરજદારના કહેવા પ્રમાણે એપ્રિલ ૧૯૯૨ માં તે કામ કંપનીએ સ્વેચ્છાએ બંધ કરી ફરીથી તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ થી શરૂ કરવામાં આવેલ નથી. વધુમાં એવી હકિકત જાહેર કરેલા છે કે, સદરહુ વધારાનો કામકાજનો બોજો હોય તો પણ તે સંમતીથી શરૂ કરવામાં આવેલ અને તે અંગેનું વળતર પણ ચુકવવામાં આવેલ છે. જે સદરહુ કામ હંગામી ધોરણનું છે. ઉપરાંત ફરીથી જોડાણ કરવાનું કામ સ્વૈચ્છીક છે. જો અરજદારની તરફેણમાં નિર્ણય આવે તો અરજદારને સદરહુ કામગીરી સોંપાય નહિ પરંતુ અન્ય કામદારોને કામગીરી સોંપાય, આથી કામદારો કામદારો વચ્ચે કામગીરી અંગે સમાનતા રહે નહિ. કામદારોમાં અસંતોષ રહે અને મેનેજમેન્ટ અને કામદારોના સંબંધો બગડે છે. અને બખેડો થાય અને ઔદ્યોગિક શાંતિનો ભંગ થાય. સદરહુ વધારાનું કામ ગેરકાયદેસર ફેરફાર હોવાનું કંપનીએ ઈન્કાર કરેલ છે. અને તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના દિને અરજદારો કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોવાનું જણાવી સદરહુ અરજદારની આંક-૧ ની મુળ અરજી તથા વચગાળાના મનાઈ હુકમ માંગતી આંક-૨ ની વચગાળાની અરજી ખર્ચ સહીત રદ કરવાની દાદ માંગી છે.

(૮) કંપનીના આંક-૯ ના લેખીત જવાબમાં ટેકામાં જવાબ હેઠળ કપનીના ચીફ એન્જીનીયર (ટેકનીકલ) શ્રી વી. વી. દેસાઈનું સોગંદનામું કરવામાં આવેલ છે. ઉપરાંત કંપનીના અધિકારી શ્રી એચ. એસ. દેસાઈનું સોગંદનામું આંક-૧૪ થી ૨જુ કરવામાં આવેલ છે. કંપનીએ પોતાનું દસ્તાવેજી લીસ્ટ આંક-૧૦ સહીત નિ. ૧૦/૧ થી તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના પહેલા એગ્રીમેન્ટની નકલ નિ. ૧૦/૨ થી તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૨ ના બીજા એગ્રીમેન્ટની નકલ નિ. ૧૦/૩ થી મીટર રીડરોના તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના પત્રની નકલો નિ. ૧૦/૪ થી તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૩ ના કંપનીના જવાબની નકલો અને નિ. ૧૦/૫ અને ૧૦/૬ થી સદરહુ જવાબને તથા અપીલના કામનો કોર્ટનો હુકમ ૨જુ કરેલ છે. ઉપરાંત આંક-૧૭ ના દસ્તાવેજી લીસ્ટ સહીત નિ. ૧૭/૧ થી ૧૭/૧૦ ની કલ ૧૦ ખુલાસાની નકલો ૨જુ કરેલ છે. આ અરજીની સુનાવણી વખતે સદરહુ યુનીયયનના સેક્રેટરી શ્રી એમ. કે. બાબરીયાએ પોતાનું આંક-૧૩ નું સોગંદનામું ૨જ કરેલ છે. અને સદરહુ ફેરફારની વિગતો જણાવેલ છે.

(૯) મનાઈ હુકમના આંક-૨ ની અરજીમાં અરજદારે નાણાની ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પોતાની તરફેણમાં પડતું હોવાનું જણાવેલ છે, જેનો કંપની એ આંક-૯ ના લેખીત જવાબમાં ઈન્કાર કરી તે કંપનીની તરફેણમાં પડતું હોવાનું જણાવેલ છે.

(૧૦) નીચલી અદાલતે સદરહુ અધિકારોના પ્લીડીંગ્સ અને દસ્તાવેજી પુરાવાઓ, સોગંદનામુ વિગેરે એના વિદ્વાન વકીલશ્રીઓની દલીલ ધ્યાનમાં લઈ આંક-૨ ના વચગાળાના મનાઈ હુકમની અરજીનો સદરહુ અરજદારની તરફેણમાં નિર્ણય કરી મુળ અરજીનો છેવટનો નિકાલ ન થાય ત્યાં સુધી કંપની સદરહુ વધારાનું કામ સદરહુ અરજદારને સોંપવું નહિ તે મતલબનું તારીખ ૬/૪/૧૯૯૩ ના દિને આદેશ આપેલ છે. તે હુકમને આ અપીલના કામે પડકારવામાં આવેલ છે.

INDEX

(૧૦ અ) નોંધવા બાબત બીના એવી છે કે, આ અપીલના ચાલુ કામે સદરહુ યુનીયન તરફથી આંક-૮ ના લેખીત પુરસીસથી સદરહુ અધિનિયમની કલમ ૩૩(૧) ની જોગવાઈ હેઠળ કામદારોના પ્રતિનિધિ તરીકે હાજરી રજુ કરેલ છે. સાથો સાથ યુનીયનના વિદ્વાન વકીલ શ્રા એન. પી. ભટ્ટનું વકીલાતપત્ર રજુ કરેલ છે. આથી સદરહુ અધિનિયમની કલમ ૨૩ (એ) ૩૨ અને ૩૩ ની જોગવાઈ અન્વયે આ અપીલના કામે યુનીયન એ હાજરી રજુ કરેલ હોવાના આવેલ ન હોય તો બદલાયેલા સંજોગોમાં સદરહુ અરજદારને અપીલના કામે હક્ક અને હિત રજુ કરવાની તથા સોંપવાની તક રહે તો નહી થતી હોય સદરહુ અરજદારે આંક-૧૨ ની અરજી આપી અપીલના કામે પોતાને હાજર રાખવા તથા પોતાના હીતની રજુઆત કરવા અને સાંભળવાની તક આપવાની દાદ માંગી છે. જેના તારીખ ૨૩મી જુન ૧૯૯૩ ના દિને રદ કરેલ છે (૧૦ અ) આ કામના કાગળો જોયા અને કંપનીના વિદ્વાન વકીલ શ્રી જી. એમ. વકીલ તથા એન. વી. ભટ્ટને સાંભળ્યા.

(૧૧) આ કામમાં મારા નિર્ણય માટે નીચેના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.
(૧) શું મુળ અરજદાર પ્રથમ દર્શનીય કેસ સાબિત કરે છે ?
(૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કોના લાભમાં છે ?
(૩) વચગાળાનો મનાઈ આપવાથી યા ન આપવાથી નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ કયા પક્ષકારને થાય છે ?
(૪) પડકારવામાં આવેલ હુકમ ન્યાયી અને યોગ્ય છે.
(૫) છેવટનો શું હુકમ ?

નીચેના કારણોસર મારા નિર્ણય નિચે મુજબ છે.

(૧) હકારમાં.
(૨) મુળ અરજદારની તરફેણમાં.
(૩) મુળ અરજદારોનો
(૫) આખરી હુકમ મુજબ.

કારણો મુદ્દા નં. ૧

(૧૨) અરજદારે આંક-૧ ની રજા ફેબ્રુઆરી ૧૯૯૨થી સદરહુ વધારાનું કામકાજ સોંપેલ હોવાનું અને એપ્રીલથી બંધ કરેલ હોવાનું અને ફરીથી તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ થી શરૂ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ કયા કારણોસર વચ્ચે ગેપ પડયો છે તે દર્શાવેલ નથી. કંપનીનું સોગંદ ઉપરનું આંક-૯ નં. રીટન સ્ટેટમેન્ટ લેખીત જવાબની વિગતો યુનીયનના જનરલ સેક્રેટરી શ્રી એમ. કે. બાબરીયાના સોગંદનામાની વિગતો કંપનીના અધિકારી શ્રી એસ. એચ. દેસાઈનું આંક-૧૪ નું સોગંદનામું વિગતો અને નિ. ૪/૧ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૩ના લેખીત કરાર અને નિ. ૪/૨ ની તારીખ ૩જી માર્ચ ૧૯૯૩ના લેખીત કરારની વિગતો ધ્યાનમાં લેતાં પ્રથમ દર્શનીય એવું માલમ પડે છે કે સમુહમાં ગ્રાહકોના બીલના નાણાં સમયસર ભરવામાં કસુર કરતાં નાણાંકીય પરિસ્થિતિ ધ્યાનમાં લઈ કંપની તરફથી મીટર રીડરોને રીડીંગનું કામ ઉપરાંત કસુર કરતાં ગ્રાહકોના વીજળીના જોડાણો કાપવાનું તથા પુનઃ જોડાણ કરવાનું કામની દરખાસ્ત કરેલ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ના દિને મીટર રીડરોના

INDEX

પ્રતિનિધિ, મેનેજમેન્ટના સક્ષમ અધિકારી અને યુનીયન પ્રતિનિધિ વચ્ચે મીટીંગ થયેલ અને નિ. ૧૦—૧નું એગ્રીમેન્ટ થયેલ, તે પર યુનીયન પ્રતિનિધિ તથા કંપનીના અધિકારીઓ સહીઓ કરેલ અને તેના આધારે તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી સદરહુ વધારાનું કામ મીટર રીડરોએ કરવાનું શરૂ કરેલ પરંતુ સદરહુ પહેલા એગ્રીમેન્ટના ક્લોઝ નં. ૧૦ ની જોગવાઈ અનુસાર તે વખતે મહેનતાણું નકકી થયેલું નહીં અને સદરહુ મહેનતાણું નક્કી કરવા માટે તથા ૨૮મી એપ્રિલ ૧૯૯૨ ના દિન ત્રણેય પક્ષકારોની મીટીંગમાં નિ. ૧૦/૨ નં. એગ્રીમેન્ટ થયેલ અને મહેનતાણું તેમાં દર્શાવવામાં આવેલ અને એગ્રીમેન્ટમાં ત્રણેય પક્ષકારોએ નહી કરેલ છે. આમ પ્રથમ દર્શાનીય માલમ પડે છે કે એગ્રીમેન્ટના આધારે સદરહુ વધારાનું કામ મીટર રીડરોને કરવાનું સુપ્રત કરવામાં આવેલ અને તેઓએ તે કામ કરવાનું શરૂ કરેલ, નિ. ૪/૫ અને ૪/૬ ના દીવાની દાવા નં. ૯૦૮/૯૨ તથા દીવાની અપીલ નંબર ૧૯૯/૯૨ ના કામના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ અને તારીખ ૨૨મી ઓકટોમબર ૧૯૯૨ના હુકમની નકલો પરથી પ્રથમ દર્શનીય માલમ પડે છે કે કોર્ટ શરૂઆતમાં ગ્રાહકોના કનેકશન કાપવા સામે મનાઈ આપેલ જે આખરી ઉઠી ગયેલ અને કોર્ટના આખરી હુકમમાં કેટલાક કાર્યવાહી કરી કનેકશન કાપવાનું સૂચના આપવામાં આવેલ, જે કાર્યવાહી કરી કર સદરહુ કંપનીને ફરીથી જાન્યુઆરી ૧૯૯૩થી વધારાનું કામ સોંપેલ આમ જે જુલાઈ ૧૯૯૨ થી જાન્યુઆરી ૧૯૯૩ સુધીની ગેમ પડેલ છે. તે પ્રથમ દર્શાને એવું માલમ પડે છે કે કંપનીના સત્તા બહારના કારણે પડેલ છે આમ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી શરૂ થયેલ કામ જુલાઈ ૧૯૯૨ માં મોકુફ રાખવામાં આવેલ, અને જાન્યુઆરી ૧૯૯૩ માં કામ ચાલુ રહેલ,

ઉપરના વિગતો ઉપરથી એવું પ્રથમ દર્શનીય માલમ પડે છે કે સદરહુ વધારાનું કામની શરૂઆત તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૨ થી થઈ છે અને તે તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના નિ. ૧૦/૧ ના લેખીત એગ્રીમેન્ટના અનુસંધાનમાં સોંપવામાં આવેલ છે. સવાલ એ રહે છે કે આ વધારાનું સોંપવામાં આવેલ કામ એ ફેરફાર છે કે કેમ? અને તેનાથી કાર્યબોજ વધે છે કે કેમ? કાર્યક્ષમતાની બધી પધ્ધતિ દાખલ થાય છે કે કેમ? રેશનાલીઝમ દાખલ થાય છે કે કેમ અને આ ફેરફાર કાયદેસરના છે કે કેમ.

(૧૩) મીટર રીડરોની ફરજ તફરતા મીટર રીડીંગ કરવાની હતી, અને મીટર રીડીંગ ઉપરાંત ગ્રાહકોના કનેકશન કાપવાનું અને પુનઃ જોડાણ કરવાનું કામ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી શરૂ કરવામાં આવેલ હોવાનું રેકોર્ડ પરથી પ્રથમ દર્શાનીય માલુમ પડે છે એટલે સદરહુ વધારાનું કામ તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી શરૂ થયેલુ છે સદરહું અધિનિયમની કલમ-૩ (૧૫) માં ગેરકાયદેસર ફેરફારની વ્યાખ્યા આપેલ છે અને તે અન્વયે કલમ-૪૬ના પેટા કલમ (૪) અથવા (૫) ના અર્થ મુજબ કોઈ ગેરકાયદેસર ફેરફાર થાય છે. સદરહું નિયમોની કલમ ૪૬ (૨) ની જોગવાઈ અનુસાર કોઈ માલિકએ અનુસૂચિ-૨માં જણાવેલ ઔદ્યોગિક બાબતમાં કોઈ ફેરફાર કલમ-૪૨ની પેટા કલમ (૧) ની જોગવાઈઓથી ફરમાવ્યા ફેરફાર કર્યા પ્રમાણે ફેરફારની નોટીસ આપતા પહેલા કરી શકાય નહીં. કલમ ૪૬ (૪) અન્વયે ની જોગવાઈઓ અનુસાર પેટા કલમ (૧) અથવા (૨) અથવા (૩) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કરેલ કોઈપણ ફેરફાર ગેરકાનુની ગણાય છે. કલમ ૪૨ (૧) ની જોગવાઈ મુજબ કોઈપણ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક બાબતના સંબંધમાં કોઇ ફેરફાર કરવાનો ઈરાદો રાખતા હોય તેવા માલિકે એવા ઈરાદાની નોટીસ કામદારોના પ્રતિનિધિને ઠરાવેલ નમૂનામાં આપવાની રહે છે બીજી અનુસૂચિની આઈટેમ નં. ૪ કાર્યક્ષમતાના વધારા અંગેની છે. મીટર રીડરોએ મીટર રીડીંગનું કામ ઉપરાંત સદરહુ

INDEX

વધારાનું કામ કરવાનું રહે છે. હકિકતે કંપનીએ ફેરફારના ઈરાદાની કોઈ નોટીસ આપેલ નથી. અને આમ કલમ-૪૬ (૨) ની જોગવાઈનું ઉલ્લંઘન થાય છે. કલમ-૪૬ (૪) ની જોગવાઈ અન્વયે સદરહુ ફેરફાર પ્રથમ દર્શને ગેરકાયદેસર માલમ પડે છે.

(૧૪) ઉપર દર્શાવેલ સદરહુ કલમોની જોગવાઈ ધ્યાનમાં લેતાં ફેરફાર કામદારોની સંમતીથી અગર એગ્રીમેન્ટની અનુસંધાને કરેલ હોય તે વિગત અસ્થાને છે. આ કલમોની જોગવાઈઓનું હાર્દ એટલું જ છે કે જોગવાઈઓમાં દર્શાવેલ પ્રમાણે પાલન ન થતું હોય તો સદરહુ ફેરફાર ગેરકાનુની ફેરફાર બની જાય છે.

ઉપરની વિગતો અન્વયે પ્રથમ દર્શનીય એવું માલમ પડે છે કે, કંપની તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી અમલમાં મુકેલ સદરહુ ફેરફાર ગેરકાયદેસર ફેરફાર છે. સવાલ એ રહે છે કે, તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨થી શરૂ થયેલ ને જુલાઈ ૧૯૯૨થી જાન્યુઆરી ૧૯૯૩ના સમય માટે મોકુફ રહે અને ત્યારબાદ ચાલુ રહેલ સદરહુ ફેરફારોની સદરહુ અધિનિયમની કલમ ૭૯ (૪) પર શું અસર થાય છે.

(૧૫) કલમ ૭૯ (૪) ની જોગવાઈ અન્વયે ફેરફાર કર્યાના ૬ માસની અંદર અરજી કરવાની રહે છે. ફેરફાર તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨થી શરૂ થયો હોય તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૨ સુધીનો સમયગાળો દરમ્યાન અરજી કરી દેવી જોઈએ. પરંતુ તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ના ફેરફાર ગેરકાનુની ફેરફાર હોવાના નાતે ત્યારપછીના દરેક દિને અમલમાં રહેલ ફેરફાર ગેરકાનુની રહે છે. અને આથી સદરહુ અરજદાર નામો આંક-૧ ની અરજીમાં તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના દિનથી શરૂ થયેલ ફેરફારની વિગતો જણાવેલ છે. તે ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના દીનનો ફેરફાર પણ ગેરકાનુની છે. ટુંકમાં તારીખ ૧૨મી. ફેબ્રુઆરી ૧૯૯૨ થી શરૂ થયેલ ગેરકાનુની ફેરફારને પડકારવા કરવામાં આવતી અરજી અંગેનું કારણ ગેરકાયદેસર ફેરફાર રોજેરોજ થતો હોય તે રીતે રોજ રોજ ઉત્પન્ન થાય છે આથી સદરહુ અરજદારે તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ફેરફારને પડકારતી તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૩ ના દિને કરેલ આંક-૧ ની અરજીનું કારણ તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના દિનથી ઉત્પન્ન થયેલ હોય કલમ-૭૯ (૪) ના સમય મર્યાદાનો બાધ નડતો નથી (રિફરન્સ ધી ટેક્ષટાઈલ્સ લેબર એસોસીએશન વિ. અશોક મીલ્સ લી. અમદાવાદના કેસ જે-૧૮ (-જીએલઆર-પાનું ૨૪૧ પર રીપોર્ટ થયેલ છે.)

(૧૬) ઉપરના સંજોગોમાં સદરહુ અરજદારે પોતાની તરફેણમાં પ્રથમ દર્શનીય કેસ સાબીત કરેલ હોવાનું પ્રથમ દર્શને માલમ પડે છે.

(૧૭) કંપની તરફથી એવો પણ વાંધો ઉઠાવવામાં આવેલ છે કે, ઔદ્યોગિક તકરાર નિવારવા માટે સમુહ સોદા (કલેકટીવ ગેઈન યુનીયન તરફથી થાય) આથી ઔદ્યોગિક તકરારનું નિવારણ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર યુનયીનના પ્રતિનિધિઓ કરે તે જ્યારે ઘણાં બધા મીટર રીડરોનું હીત સમાયેલું હોય ત્યારે અરજદારે અંગત હેશીયતમાં કરેલ અરજી ટકી શકે નહી. પરંતુ તેના જવાબમાં સદરહુ અધિનિયમની કલમ-૭૯ (૧) ની જોગવાઈ અન્વયે ઔદ્યોગિક તકરારના પક્ષકારોમાંના કોઈ એક પક્ષકારની અરજી ટકી શકે છે.

(૧૮) અપીલનાં કામે કંપની તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના દિનથી ચાલી આવતી કસ્ટમ એટલે કે રીવાજ અન્વયે આ વધારાની

INDEX

કામગીરી કરવામાં આવે છે અને આથી આ ફેરફાર કહી શકાય નહી અને ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય નહી ઉપર ચર્ચા પ્રમાણે આ પ્રકારનું વાંધો પ્રથમ દર્શનીય ટકી શકતો નથી કસ્ટમ એટલે કે રીવાજ એ એક વસ્તુ છે અને લેખીત કરાર અન્વયે કે તેના અમલ રૂપ કરવામાં આવતું કામ બીજી વસ્તુ છે અને કરારના અમલ રૂપે યા રીવાજ શરૂ કરવાના હરકોઈ ફેરફાર કરવામાં આવે તો ઉપર દર્શાવેલ કાનુની જોગવાઈઓનું અમલ કરવો પડે અને જો તેમ કરવામાં ન આવે તો ફેરફાર ગેર કાનુની ગણાય કંપની તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે જ્યારે ફેરફાર તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી શરૂ થઈ ગયો હોય ત્યારે તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ ના દિનનો ફેરફાર અંગે સદરહું જોગવાઈની કોઈ નોટીસ આપવાની રહેતી નથી. કારણ કે તે દિને કંપની કોઈ ફેરફાર કરવાની ઈરાદો રાખતીનથી આ વાતનો જવાબ ઉપર કાનુની જોગવાઈઓનું જે વિવેચન કરવામાં આવેલ છે તેમાં આવી જાય છે.

(૧૯) નિ. ૧૦/૧ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ ના પહેલા કરારના કલોઝ નં. ૮ પ્રમાણે પુનઃ જોડાણ કરવાનું કામ ફરજીયાત નથી પણ સ્વેચ્છીક છે કંપની તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે સ્વૈચ્છિક કામ અંગે ફેરફાર અંગેની કોઈ નોટીસ આપવાની જરૂરીયાત રહેતી નથી પરંતુ ઉપર ખર્ચેલ કાનુની જોગવાઈ અનુસાર પ્રથમદર્શનીય આ વાંધો ટકી શકે નહી સ્વૈચ્છિક યા ફરજીયાત ગૌણ વસ્તુ બને છે જ્યારે ફેરફાર કરવામાં આવે છે ત્યારે ફેરફાર કરવા અંગેની કાનુની જોગવાઈઓનો અમલ કરવોજ પડે છે.

(૨૦) ઉપર વિગતવાર જણાવેલ કારણોનુસાર આ કામ પ્રથમ દર્શનીય માલુમ પડેલ છે કે સદરહુ અરજદારે પોતાની પ્રથમ દર્શનીય કેસ સાબીત કર્યા છે આથી પ્રશ્ન-૧ નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે.

(૨૧) પ્રશ્ન નં. ૨ અને ૩;

પ્રથમ દર્શનીય ફેરફાર ગેરકાનુની માલુમ પડે છે. અને આમ જ્યારે ગેરકાનુની ફેરફાર હોય તો ફેરફાર અંગેનું કામ કરવા કામદારો બંધાયેલા ન હોય છતાં પણ મનાઈના અભાવે તે કામ કરવાની તેને ફરજ પડે ત્યારે કંપનીને આવા કામદારોના કાનુની હિતના ભોગે ગેરકાનુની લાભ થાય આ સંજોગોમાં સદરહુ કામદારોને જે નુકશાન થાય તે નાણાંકીય રીતે માપી શકાય નહી અને આમ નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય સગવડ અગવડની વિગતો ધ્યાનમાં લેવામાં આવે તો ગેરકાનુની ફેરફારનું કામ કંપની તરફથી કરાવતા કામદારોને સંપૂર્ણ અગવડતા ભોગવવી પડે અને આથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ એ બન્ને પ્રશ્ન કંપની વિરૂધ્ધ અને અરજદારની તરફેણમાં જાય છે આથી પ્રશ્ન નં. ૨ અને ૩ નો જવાબ આ રીતે આપવામાં આવે છે.

(૨૨) નીચલી અદાલતે પોતાના સદરહું પડકારવામાં આવેલ હુકમમાં સદરહું ત્રણેય પ્રશ્નોના આખરી નિર્ણય જાહેર કરેલ છે તે તમામ નિર્ણય ઉપરના કારણોસર સાચા ન્યાયી અને યોગ્ય છે માટે પ્રશ્ન નં. ૪નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

INDEX

(૨૩) આથી અપીલ રદ કરવાની રહે છે અને નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હાલની અપીલ રદ કરવામાં આવે છે.

ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૯મી જુલાઈ ૧૯૯૩.

ઈ. બી. ડુમસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, AUG. 19, 1993/SRAVANA 28, 1915 [No. 33

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત સુરત દ્વારા

આંક—૧૫

શ્રી ઈ. બી. ડુમસીયા, સભ્ય ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

અપીલ (આઈ. સી) નં. ૧૮ સને ૧૯૮૯

(૧) સુપર સરોજ સિલ્ક મીલ્સ,
ઠે. મુગટ ડાઈનીંગ ગલીમાં, હરિનગર કોલોની સામે, ઉધના (જિ. સુરત) } એપેલન્ટ ;

વિરૂધ્ધ

(૧) શ્રી મધુકર ભાકરુ બેવલકર,
ઠે. વાનખેડે બિલ્ડીંગ, ભીમનગર, નવાગામ, ડીંડોલી રોડ, ઉધના,
જિ. સુરત.

INDEX

(૨) શ્રી કુશનાં ધોન્ડુ ખાંતડકર,
ઠે. જોગેશ્વર નગર, મીઠી ખાડી, લીંબાયત, ઉધના, જિ. સુરત.

(૩) શ્રી નુશા કેશવ,
ઠે. રુમ નં. ૧૩, જીવેશ્વરનગર, મીઠી ખાંડી, લીબાયત, ઉધના,
(જિ. સરત).

(૪) શ્રી પુંડલીક કિશન જોડે,
ઠે. ગજરાતી સ્કુલની પાછળ, દો ભાઈ કિરાણા સ્ટોરની પાસે લીંબાયત,
ઉધના, (જિ. સુરત).

(૫) શ્રી બાબુરાવ કવડુ લીમજે,
ઠે. પ્લોટ નં. ૨૨૮, સર્વે નં. ૩૫/૩૬, મારુતીનગર, ઉધના યાર્ડ,
ઉધના (જિ. સુરત).

(૬) શ્રી હરિશચંદ્ર લક્ષ્મણ નગરધને,
ઠે. પાણીની ટાંકી પાસે, વિઠોબાનગર, ઉધના (જિ. સુરત).

(૭) શ્રી કમલેશ સોમા પીપરીકર,
ઠે. રુમ નં. ૧૧, જુની કોલોની, વેશ્વરનગર, મીઠી ખાડી, લીંબાયત,
ઉધના, (જિ. સુરત).

(૮) શ્રી ગંગાધર કવડુ લીમજે,
ઠે. પારડી, પ્લોટ નં. ૨૨૮, સર્વે નં. ૩૫, ૩૬, ઉધના યાર્ડ,
ઉધના, (જિ. સુરત.)

(૯) શ્રી દિનેશ ચિંતામણ મરાઠે,
ઠે. ઝુપડપટ્ટી, નટવરલાલ દેસાઈની પાસે, રોડ નં. ૯, ઉધના ઉદ્યોગનગર,
ઉધના, (જિ. સુરત.)

(૧૦) શ્રી નિલકંઠ એકનાથ બોકડે,
ઠે. સંજયનગર રોડ નંબર ઝીરો, ઉધના ઉદ્યોગનગર, ઉધના (જિ. સુરત)

(૧૧) શ્રી રામુ ચિંતામન મરાઠે,
ઠે. ઝુપડપટ્ટી, નટવરલાલ દેસાઈની બાજુમાં, રોડ નં. ૯, ઉધના
ઉદ્યોગનગર, (જિ. સુરત).

(૧૨) લક્ષ્મણ ભાદુ શીંદે,
ગલી નં. ૧૦, મદનપુરા, બીજી નહેર પાસે,
લીંબાયત, ઉધના, (જિ. સુરત.)

INDEX

રિસ્પોંડન્ટસ.

(૧૩) શાંબા સુકા નંદનકર,
ઠે. રૂમ નં. ૨૯, અંજના સોસાયટી, મીઠી ખાડી,
ઉધના, જિ. સુરત.

હાજર રહયા :—શ્રી એમ. ડી. પારેખ વિ. વકીલ એપેલન્ટ તરફે
શ્રી આર. યુ. ખાન વિદ્વાન વકીલ રિસ્પોન્ડન્ટસ તરફે

બાબત.—મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૮૪ અન્વયે સુરતની પ્રથમ મજૂર અદાલતના ન્યાયાધીશશ્રીના અરજી (ટી) નં. ૧૪૬/૮૬ થી ૧૫૮/૮૬ ના કામે આપેલ તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૮૯ ના ચૂકાદા સામે અપીલ.

હુકમ

હાલના એપેલેટે સુરતની પ્રથમ મજૂર અદાલતના ન્યાયધીશ સાહેબશ્રીએ અરજી (ટી) નં. ૧૪૬/૮૬ થી ૧૫૮/૮૬ ના કામે તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૮૯ ના રોજ આપેલ એક સામાન્ય (કોમન) ચૂકાદાના હુકમ વિરૂદ્ધ મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૮૪ અન્વયે હાલની અપીલ છે.

૨. આ અપીલના કામે ટુંકમાં વિગત નીચે મુજબ છે.
આ અપીલના એપેલટ સુપર સરોજ સિલ્ક મીલ્સમાં આ અપીલના તમામ રિસ્પોન્ડન્ટસ નં. ૧ થી ૧૩ ના કામદારો તરીકે કામ કરતા હતા, જેમનું માસિક વેતન આશરે રૂ. ૯૦૦ થી રૂ. ૧,૦૦૦ હતું અને આમ બંને પક્ષકારો વચ્ચે કાયદેસરનો માલિક-કામદારનો સબંધ બંધાયેલો. તમામ રિસ્પોન્ડન્ટસનો એવો કેસ છે કે તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ ના દિવસે સુમારે ૧૨.૦૦ વાગ્યાના અરસામાં એપેલટ મીલ્સના શેઠ શ્રી શુભકરણે કામદારોને ચૂકવવામાં આવતા ભાવ બાબત રિસ્પોન્ડન્ટસ કામદારો સાથે ખોટો ઝઘડો કરી કેબીનમાં બોલાવી બિભત્સ શબ્દો બોલી તેઓના કોઈપણ વાંકગુના વગર નોકરીમાંથી કાઢી મુકેલા અને તે કૃત્ય માટે કાયદેસરની કાર્યવાહી કરેલ નથી અને આથી તમામ તરફથી તારીખ ૩૭ી ફેબ્રુઆરી ૧૯૮૬ ની વકીલ શ્રી મારફતે કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલવામાં આવેલ હતી, તે એપેલટ મીલ્સને મળવા છતાં તેઓ તરફથી તેનો અમલ કરેલ નથી. તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરેલ નહીં અને આથી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૬ ના દિને નોકરીમાંથી કાઢી મુકી, છટા કરવાનું મીલ્સનું સદરહુ કૃત્ય ગેરકાયદેસરનું કામદારોના હિત વિરૂદ્ધનું, કદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનું હોઈ તમામ કામદારોએ નીચલી અદાલતમાં તેઓ નોકરીમાં પુન:સ્થાપિત થવા અને પડેલા દિવસોના પગારની માંગણી કરતી અરજી કરેલ.

૩. નીચલી અદાલતમાં મિલ તરફે તમામ અરજીઓના કામે લેખીત જવાબ રજુ કરી સદરહુ રિસ્પોન્ડન્ટસ કામદારોના આક્ષેપો જેવા કે ભાવ અંગે ખોટી તકરાર કરી, બિભ-સ શબ્દો ઉચ્ચારી, તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ ના દિને બપોરે ૧૨.૦૦ વાગ્યે નોકરી ઉપરથી કાઢી મુકી છુટા કરેલ હોવાના તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને એવો કેસ આગળ કરેલ છે કે તે દિવસે ઉલટના આ કામદારોએ થતા કામના વેતનમાં ગેરકાનૂની રીતે વધારો માંગી, તેનો શેઠ શ્રી શુભકરણ તરફથી ન પોષવાના કારણે ઈન્કાર થતાં ખોટી તકરાર કરી કામદારો પોતે કામ ઉપર

INDEX

આવેલ નથી. કામ છોડી જતા રહેલ છે અને અન્ય ઠેકાણે કામ ઉપર લાગી ગયા છે. ડીમાન્ડ નોટીસ વકીલ શ્રી મારફતે આવેલ હોવાથી તે કાયદેસરની એપ્રોચ નોટીસ નહીં હોવાની તકરાર લીધેલ છે. મીલ્સે ત્રણ, ત્રણ વખત લેખીત નોટીસથી કામ ઉપર ચઢી જવા માટે તમામ કામદારોને જણાવવા છતાં તે તેઓને મળવા છતાં તેઓ કમ ઉપર આવેલ નથી અને આમ તેઓ પોતેજ કામ છોડી જતા રહેલ હોઈ પુનઃસ્થાપિત કરવાનો પ્રશ્ન રહેતો નથી. તમામ અરજીઓ રદ કરવા મીલ્સ તરફથી વિનંતી કરવામાં આવેલ.

૪. તમામ રિસ્પોન્ડન્ટ કામદારોએ નીચલી અદાલતમાં અરજી (ટી) નં. ૧૪૬/૮૬ થી ૧૫૮/૮૬ કરેલી જેમાં નીચલી અદાલતમાં જરૂરી હુકમથી એ તમામ અરજીઓ નં. ૧૪૬/૮૬ ના કામે સમાવી દેવામાં આવેલ (કોન્સોલીડેટ) અને તે કામે બંને પક્ષકારોના પુરાવા નોંધી બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૮૯ના રોજ પ્રથમ મજુર અદાલત, સુરતના ન્યાયધીશશ્રીએ આંક-૨૫ ના સામાન્ય (કોમન) ચૂકાદાથી તે તમામ અરજી નં. ૧૪૬/૮૬ થી ૧૫૮/૮૬ મંજુર કરેલ અને સદરહુ કામદારોને હુકમ મળ્યાની તારીખથી એપેલટ મીલ્સે પડેલા દિવસોના તમામ પગાર તેમ જ આનુસંગિક લાભો સહિત તેમની મુળ જગ્યાએ ખર્ચના રૂા. ૧૦૦- ચૂકવી પુનઃસ્થાપિત કરવા સામાન્ય હુકમ કરેલ. તમામ અરજીઓ એકત્રિત કરીને સામાન્ય પુરાવો નોંધી સામાન્ય ચૂકાદાથી નીચલી અદાલતે નિર્ણય આપેલ હોઈ તે નિર્ણય સામે હાલની આ એક અપીલ કરવામાં આવેલ છે.

૫. આ અપીલના કામે કામદારો તરફે વિધ્વાન વકીલ શ્રી આર. યુ. ખાને આંક-૯ થી લેખીત દલીલો રજુ કરેલ છે. એપેલટ મીલ્સના વિધ્વાન વકીલ શ્રી એમ. ડી. પારેખે મીલ્સ તરફે દલીલો કરેલ છે જે બંને દલીલો ધ્યાનમાં લીધી, કેસ પેપરો વાંચ્યા અને ધ્યાને લીધાં.

આ કામે કેટલીક તકરાર વગરની હકિકતો એવી છે કે તમામ રિસ્પોડન્ટ કામદારો એપેલટ મીલ્સમાં કામદારો હતા અને ડી-ચાઈના ક્વોલીટીનું કામ ચાલતું હતું જેનો ભાવ મીટર દિઠ આપવામાં આવતો હતો. તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ ના બપોરના ૧૨-૦૦ વાગ્યા બાદ કામદારો કામ ઉપર આવ્યા નથી. રિસ્પોડન્ટસ કામદારોનો એવો કેસ છે કે શ્રી શુભકરણ શેઠે જે તે વખતે અપાતા ભાવમાં ઘટાડો કરવા જણાવી ખોટી તકરાર કરી ઘટાડો નહીં સ્વીકારતા કામદારોને બિભત્સ શબ્દો વાપરી નોકરીમાંથી છુટા કરેલ છે. જ્યારે એપેલટ મીલ્સનો એવો કેસ છે કે કામદારોએ પોતે અપાતા વેતનમાં ગેરકાનૂની રીતે વધારો માંગી તે નહીં પોષાતું હોવાથી ઈન્કાર કરતાં પોતે જ અપશબ્દોનો ઉપયોગ કરી કામ ઉપરથી જતા રહેલ છે અને કામ ઉપર આવ્યા નથી. રિસ્પોડન્ટસ કામદારોનો વધુમાં એવો કેસ છે કે એપ્રોચ નોટીસ મીલ્સને મળવા છતાં તેનો અમલ કરેલ નથી અને નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ નથી, તે સામે એપેલટ મીલ્સનો એવો કેસ છે કે ત્રણ વખત લેખીત નોટીસથી જાણ કર્યા છતાં કામદારો કામ ઉપર આવેલ નથી અને અન્ય સ્થળે કામ ઉપર લાગી ગયેલ છે.

૭. ઉપરના સંજોગોમાં આ અપીલના કામે નીચેના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૧) શું તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ના દિવસે એપેલટ મીલ્સના શેઠ શ્રી શુભકરણે રિસ્પોડન્ટસ કામદારોને ગેરકાનૂની રીતે નોકરીમાંથી કાઢી મૂકી છુટા કરેલ છે કે પછી કામદારો પોતે નોકરી છોડી ગયેલ છે ?

INDEX

(૨) આખરી હુકમ શું ?

૮. ઉપરના સવાલ ૭ (૧) અને ૭ (૨) ના જવાબો નીચેના કારણોસર નીચે મુજબ છે:—

(૧) રિસ્પોન્ડન્ટસ કામદારો નોકરી છોડી ગયેલ છે.

(૨) આખરી હુકમ આખરી હુકમ મુજબ.

કારણો.—તમામ રિસ્પોન્ડન્ટસ કામદારો તરફે અરજી નં. ૧૫૩/૮૬ના અરજદાર કામદાર શ્રી ગંગાધર કવડુએ જુબાની આંક-૮થી આપેલ છે. જેમાં શરતપાસમાં તેમણે જણાવેલ છે કે તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ની રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યાના સુમારે શુભકરણ શેઠે ભાવ બાબત તકરાર કરેલ, ઝગડો કરેલો, ગાળો આપેલી અને નોકરી ઉપરથી કાઢી મુકેલા. વકીલ શ્રી મારફતે તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ નોટીસ આપેલ જેનો ઉડાઉ જવાબ આપેલ, નોકરી ઉપર રાખેલ નથી. અન્ય નોકરી શોધવાના શકય તમામ પ્રયાસો કરેલા. પરંતુ મીલ્સ તરફથી નોકરીના સ્થળે ખબર કરી દેતાં નોકરી મળી શકેલ નહીં. ઉલટ તપાસમાં કબૂલ કરેલ છે કે ડી-ચાઈનાની કવોલીટી ચાલુ હતી અને જે તે વખતે વેતનનો ભાવ પંચાસી પૈસા મીટરનો હતો. તેમણે ઉલટ તપાસમાં વધુમાં જણાવેલ છે કે તારીખ ૩૦ મી જાન્યુઆરી, ૧૯૮૬ના દિને આ સોળ કામદારો શેઠને મળ્યા હતા. શેઠે ભાવ ઘટાડવા માટે કહેલ તે વાત કેસ દાખલ કરતી વખતે વકીલ સાહેબને કરેલ નહીં. ઉલટ તપાસમાં તેમણે મીલ્સનાં સદરહુ કેસનો ઈન્કાર કરેલ છે. ઉલટ તપાસમાં તેમણે કબૂલ કરેલ છે કે જે દિવસે નોકરીમાંથી છુટા કરેલ તે દિવસે સરકારી મજૂર અધિકારી સમક્ષ કોઈ ફરિયાદ કરેલ નથી. ઉલટ તપાસમાં તેમણે એમ પણ કબૂલ કરેલ છે કે અપ્રોચ નોટીસ આપ્યા બાદ મીલ્સ તરફથી આવેલ ત્રણ નોટીસો તેમને મળેલ પરંતુ તેઓ કામ ઉપર ગયેલ નથી. ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે નોકરીમાંથી છુટા થયા બાદ તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ પછી કામદારોએ પાંચ દિવસ ઉધના ઉદ્યોગનગર નં. ૧ની આવેલ અન્ય સંસ્થામાં કામ કરેલ. પછી મીલ્સના માણસે આવીને નોકરી ઉપરથી કઢાવી મૂકેલા. ઉલટ તપાસમાં વધુમાં જણાવેલ છે કે નોકરી ઉપરથી કાઢી મુક્યા તે દિવસે શેઠે ધમકી આપેલ કે ફરી તમો આવશો તો તમને દફનાવી દેવામાં આવશે. પરંતુ તે અંગે તેમણે કોઈ ફરિયાદ પોલીસમાં કરેલ નહીં.

૯. મીલ્સ તરફે શ્રી શુભકરણ પન્નાલાલે આંક-૧૪થી પોતાની જુબાની આપેલ છે અને સરતપાસમાં મીલ્સને સદરહુ કેસ રજુ કરેલ છે. ઉલટ તપાસમાં તેમણે કામદારોના સદરહુ કેસનો ઈન્કાર કરેલ છે અને વધુમાં ઉલટ તપાસમાં આ તમામ કામદારોને બિનશરતી નોકરી પર રાખી લેવા તૈયાર હોવાનું જણાવેલ છે. પરંતુ પડેલા દિવસોના પગાર સાથે નોકરી ઉપર રાખવા તૈયાર નહી હોવાનું જણાવેલ છે.

૧૦. મીલ્સ તરફે મીલ્સના એકાઉન્ટન્ટ શ્રી મુરલીધર મોટુમલ જયસીંગને આંક-૨૦થી મીલ્સની તરફેણમાં જુબાની આપેલ છે. જેમની સરતપાસમાં મીલ્સના કેસને મળતી ઝુલતી જુબાની આપેલ છે. અને ઉલટ તપાસમાં સદરહુ કામદારોનાં કેસનો ઈન્કાર કરેલ છે.

૧૧. ઉપરની જુબાનીઓ પરથી નક્કી કરવાનું રહે છે કે સાચી બનેલ વિગત શું છે ? શબ્દોની વિરૂદ્ધ શબ્દો છે. આથી પ્રિપોન્ડસ ઓફ પ્રોબેબીલીટી (સંભવીત શકયતા) કોના તરફે ઢળે છે તે જોવાનું રહે.

INDEX

૧૨. મીલ્સને એપ્રોચ નોટીસ મળ્યા બાદ કામદારોને કેટલા વખત લેખીત રીતે કામ ઉપર બોલાવવામાં આવેલ અને છતાં તેઓ કામ ઉપર ગયેલ નહીં તે સંજોગોમાં કામ પર નહીં જવાનું કારણ સ્પષ્ટ અને માનવાપાત્ર હોવું જોઈએ. શ્રી ગંગાધર કવડુની સરતપાસ અને ઉલટ તપાસ ધ્યાનમાં લેતા આ અંગે કોઈ ચોક્કસ કારણો આગળ ધરવામાં આવેલ નથી. ઉલટ તપાસમાં ફક્ત એવું કહેવામાં આવેલ છે કે શેઠે કાઢી મુકેલ એ વખતે ધમકી આપેલ કે ફરી આવશો તો દફનાવી દેવામાં આવશે. આ સાહેદનું કહેવું નથી કે આ ધમકીના કારણે તેઓ કામ ઉપર ગયા નથી. ફક્ત ઉલટ તપાસમાં પાછળના તબક્કે તેમણે આમ જણાવ્યું છે. જો સાચે જ ધમકી આપવામાં આવી હોય તો પણ નોટીસના જવાબમાં તેવી વાત રજૂ કરી શકયા હોત કે દફનાવી દેવાની ધમકીના કારણે તેઓ કામ ઉપર આવી શકતા નથી. સાચે જ આવી ધમકી અપાયેલ હોત તો પોલીસમાં ફરિયાદ, કરવામાં આવે, જે પણ ઉલટ તપાસમાં કબૂલ કર્યા મુજબ કરેલ નથી એટલે કે પોલીસ ફરિયાદ કરેલ નથી. જો સાચેજ તેઓને નોકરી ઉપરથી કાઢી મુકયા હોય તો સરકારી મજૂર અધિકારીશ્રીનો સંપર્ક સાધવામાં આવે, જેનો પણ આ કામે ઉલટ તપાસમાં કબૂલ કર્યા પ્રમાણે અભાવ છે. ઉલટ તપાસમાં કબૂલ કર્યા પ્રમાણે તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૮૬ પછી પાંચ દિવસ અન્ય સંસ્થામાં કામદારોએ કામ કરેલ છે. એ વિગત ઉપરથી એવું માલુમ પડે છે કે તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૮૬ પછી તુર્તજ કામદારો અન્ય સંસ્થામાં કામે લાગી ગયા છે. શ્રી ગંગાધર કવડુ આંક-૯ની ઉલટ તપાસમાં વધુમાં જણાવે છે કે પાંચ દિવસ બાદ મીલ્સના માણસે આવીને તેઓને નોકરી ઉપરથી ઉઠાવી ગયેલ .જો સાચે જ મીલ્સના શેઠે તેમના કામદારોને નોકરીમાંથી કાઢી મુકેલ હોય અને તેઓ તુર્તજ બીજા દિવસે અન્ય સંસ્થામાં કામે લાગે તો તે સંજોગોમાં અન્ય મીલ્સમાંથી પણ કામદારોને કઢાવી મુકે તે વિગત સત્ય માનવા લાયક નથી. ઉલટ તપાસની એ વિગત પરથી એવું માનવાને કારણ રહે છે કે કામદારો બીજી સંસ્થામાં બીજા જ દિવસે કામે લાગી ગયેલ છે.

૧૩. ઉપરના તમામ સંજોગોમાં પડેલા પુરાવા પરથી એવું ફલિત થાય છે કે કામદારો પોતે મીલ્સની નોકરી છોડી જતા રહયા છે અને એપ્રોચ નોટીસના જવાબ રૂપે ત્રણ ત્રણ વખત લેખીત રીતે કામ ઉપર ચઢી જવા મીલ્સે જણાવ્યા છતાં કામ ઉપર ગયા નથી અને આમ તેઓ સ્વેચ્છાએ મીલ્સની નોકરી છોડી ગયેલ છે.

૧૪. નીચલી અદાલતે પોતાના ચૂકાદામાં મીલ્સ કામદારોને કાઢી મૂકેલ હોવાનું ડીમાન્ડ નોટીસ મળ્યા બાદ ત્રણ ત્રણ વખત લેખીત રીતે બોલાવ્યા છતાં કામદારો અગાઉ દફનાવી દેવાની ધમકીના કારણે કામ ઉપર નહીં ગયેલા હોવાનું જે ઠરાવે છે તે પગલું કાયદેસર અને ન્યાયી તેમજ યોગ્ય નથી.

૧૫. મીલ્સ સંસ્થા તરફથી વધુમ એવો કેસ રજુ કરવામાં આવેલ છે કે કામદારો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ, શેઠ વિરૂદ્ધ મીલ્સની દિવાલ ઉપર બિભત્સ સૂત્રો લખેલા જે અંગે તેઓએ કેટલાક ફોટા રજૂ કરેલ છે પરંતુ અન્ય કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી આથી એ પુરાવા ઉપર ન્યાય કરવા માટે આધાર રાખવામાં આવેલ નથી.

૧૬. મીલ્સના વિધ્વાન વકીલ શ્રી એમ. ડી. પારેખે એપ્રોચ નોટીસ વકીલ મારફતે મોકલેલ હોઈ, કામદારોના સ્વહસ્તાક્ષરમાં નહીં હોઈ તે કાનૂની જોગવાઈઓ મુજબની નહીં હોવાની દલીલ કરેલ છે અને તે અંગે જરૂરી કલમો તથા કેટલીક ઓથોરીટી ઉપર આધાર રાખેલ છે,

INDEX

પરંતુ ખૂબ જ માન સહિત તેમની આ દલીલો નીચલી અદાલતે સ્વીકારેલ નથી અને અપીલના કામે પણ સ્વીકારવાપાત્ર રહેતી નથી.

૧૭. ઉપરના સંજોગોમાં હાલની અપીલ મંજુર કરવાની રહે છે માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ અપીલ (આઈ સી.) નં. ૧૮/૮૯ મંજુર કરવામાં આવે છે અને પ્રથમ મજુર અદાલત, સુરતના ન્યાયધીશશ્રીએ તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૮૯ ના રોજ તેમની અદાલત સમક્ષ અરજી (ટી) નં. ૧૪૬/૮૬ થી ૧૫૮/૮૬ ના કામે આંક-૨૫ નો સામાન્ય (કોમન) ચૂકાદો આપી તમામ અરજીઓ મંજુરી કરી તમામ અરજીના અરજદારોને પડેલા દિવસોના પગાર તેમ જ આનુસંગીક લાભો સહિત તેમની મૂળ જગ્યાએ ખર્ચના રૂા. ૧૦૦ ચૂકવી પુનઃસ્થાપિત કરવા એપેલેટ સુપર સરોજ સિલ્ક મીલ્સને આદેશ આપતો હુકમ કરેલ છે તે આથી રદ કરવામાં આવે છે. તમામ અરજી (ટી) નં. ૧૪૬/૮૬ થી ૧૫૮/૮૬ આથી રદ કરવામાં આવે છે.

૨. નીચલી મજુર અદાલત સમક્ષની તમામ (ટી) અરજીઓનો અને આ અદાલત સમક્ષની અપીલ (આઈ. સી.) નં. ૧૮/૮૯ નો ખર્ચ જે તે પક્ષકારોને પોતે ભોગવવાનો રહેશે. તેવો હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ છઠ્ઠી જુલાઈ ૧૯૯૩.

ઈ. બી. હુમસીયા
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

(છઠ્ઠી જુલાઈ ઓગણીસો ત્રાણું)

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-i

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, AUG. 26, 1993/BHADRA, 4, 1915 [No. 34

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I–L

Notifications, Orders and Awards (other than those published in Part I IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાયલય, ગાંધીનગર, ૨૬મી જુલાઇ ૧૯૯૩
ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૫૧-એજેવી-૧૦૯૧-એફ.આર.-૨૩૭-મ(૨) .—વી.એકસ.એલ. ઈન્ડીયા લી. જામનગર અને તેમાં કામ કરતા કામદારો વતી ગુજરાત રાજય કામદાર સભા વચ્ચે આ સાથે જોડેલ અનુસૂચિમાં દર્શાવેલ માંગણીઓ અંગે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થયેલ છે. આ ઔદ્યોગિક તકરારને એ સમાધાન અધિકારી તરીકે સમાધાન કાર્યવાહીમાં દાખલ કરેલ હતી. આ સમાધાન કાર્યવાહી દરમ્યાન પક્ષકાર વચ્ચે સમાધાન થઇ શકેલ નથી. અને તે નિષ્ફળ-

INDEX

તામાં પરિણમેલ હોઈ, સમાધાન અધિકારીએ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૨ (૪) અન્વયે નિષ્ફળતાનો અહેવાલ રાજ્ય સરકારને સાદર કરેલ છે. રાજ્ય સરકારે ઉકત નિષ્ફળતા અહેવાલ ઉપર તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૧ થી કરેલ હુકમ સંદર્ભે નામદાર હાઈકોર્ટ દ્વારા સ્પે. સી. એ. ૭૬૯૯/૯૨ અન્વયે તારીખ ૨૩મી ફેબ્રુ આરી ૧૯૯૩ના રોજ આપેલ ચુકાદા અન્વયે રાજ્ય સરકારે ફેર વિચારણા કરી છે. અને વિચારણાને અંતે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના ખંડ (ઘ) થી રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ વાદગ્રસ્ત ઔદ્યોગિક તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે રાજકોટની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને જણાવે છે.

અનુસૂચિ

આ સાથેનાં લીસ્ટ મુજબના કામદારોને તેમની નિમણુંક બાદ ૨૪૦ દિવસ પુરા કર્યા તારીખથી જે તે જગ્યાએ જે તે ખાતામાં કાયમી કરવાં જોઈએ તેમજ તે તારીખથી તેને કાયમી તરીકે મળવાપાત્ર લાભો ચુકવવા કે કેમ ?

પરિશિષ્ટ

ક્રમ નંબર	નામ	દાખલ નંબર	ખાતું	હોદ્દો
(૧)	યુનુસ હાસમ	૧-૭-૧૯૮૪	કોમ્બીંગ	કુલિ
(૨)	નિલેશ બી.	૧૨-૨-૧૯૮૪	પ્રોપરેટરી	કલિ.
(૩)	કાસમ આમદ	૨૬-૪-૧૯૮૨	વિવિંગ	કુલિ.
(૪)	સુલેમાન હુશેન	૨૫-૪-૧૯૮૫	કોમ્બીંગ	કુલિ.
(૫)	પ્રકાશ એમ. ઠાકર	૨૭-૮-૧૯૮૨	વિવિંગ	કુલિ.
(૬)	હરીશચંદ્ર રામજી	૧૯-૧-૧૯૮૬	પ્રોપરેટરી	કુલિ.
(૭)	વિશ્વાસ રામચંદ્ર	૨૨-૧૨-૧૯૮૩	ડબલીંગ	કુલિ.
(૮)	સુખરામ તીકારામ	૧૯-૬-૧૯૭૯	વિવિંગ	કુલિ.
(૯)	ધર્મેન્દ્રસિંહ ઝાલા	૮-૭-૧૯૮૪	વિવિંગ	કુલિ.
(૧૦)	લક્ષ્મીકાંત એસ.	૧૮-૧૧-૧૯૮૦	વિવિંગ	વિવિર
(૧૧)	શંકર દયાલ	૨૫-૫-૧૯૮૧	વિવિંગ	કુલિ.
(૧૨)	કમલસિંગ સત્યદેવસિંહ	૨૯-૮-૧૯૮૬	વિવિંગ	વિવર
(૧૩)	અમૃતલાલ પી.	૫-૬-૧૯૮૪	ન્યુ સ્પીનીંગ	કુલિ.
(૧૪)	પંકજ રતીલાલ	૩૦-૧૨-૧૯૮૫	ડબલીંગ	,,
(૧૫)	બંસલહાદર ગૌરીશંકર	૨૪-૭-૧૯૮૨	ડબલીંગ	,,
(૧૬)	ભીમું દેવશી	૧-૭-૧૯૮૪	કોમ્બીંગ	,,
(૧૭)	વસંતલાલ પ્રભુલાલ	૨૨-૬-૧૯૮૬	વિવિંગ	,,
(૧૮)	જયંતિલાલ એ.	૭-૪-૧૯૮૬	પ્રીપરેટરી	,,
(૧૯)	રાજેન્દ્રસિંહ સોઢા	૧૧-૩-૧૯૮૯	,,	,,

INDEX

ક્રમ નંબર	નામ	દાખલ તારીખ	ખાતું	હોદ્દો
(૨૦)	મહમદ વલીમામદ	૨-૧-૧૯૮૫	વિવિંગ	કુલિ.
(૨૧)	અભિમન્યુ છત્રપાલ	૧૯-૧૨-૧૯૮૩	વર્કસ સેાપ	ટર્નર
(૨૨)	દિલિપ બચુભાઈ	૨૪-૪-૧૯૭૯	વેરહાઉસ	કુલિ
(૨૩)	ચંદ્રેશ રશીકલાલ	૨૭-૧૧-૧૯૮૫	વિવિંગ	,,
(૨૪)	તારાચંદ્ર આર.	૨-૩-૧૯૮૪	,,	,,
(૨૫)	ધીરજલાલ	૩-૬-૧૯૮૪	ફીનીસીંગ	,,
(૨૬)	માંડલીયા ભરત	૨૮-૧૧-૧૯૮૩	વિવિંગ	,,
(૨૭)	હીરામણી રામપતિ	૨૨-૧૨-૧૯૮૩	ડબલીંગ	,,
(૨૮)	હીરાલાલ મહેશ્વરી	૧૦-૧૧-૧૯૮૨	,,	,,
(૨૯)	સેાભનસીંગ લચ્છુસીંગ	૮-૭-૧૯૮૪	ડાઈંગ	,,
(૩૦)	કાન્તીલાલ જીવરાજ	૯-૪-૧૯૮૫	,,	,,
(૩૧)	અનીશ ઈબ્રાહીમ	૧૨-૮-૧૯૮૫	,,	,,
(૩૨)	મુળજી મેઘજી	૮-૭-૧૯૮૪	,,	,,
(૩૩)	અબ્દુલ સતાર ઈબ્રાહીમ	૮-૭-૧૯૮૭	,,	,,
(૩૪)	ગીરધર લક્ષ્મણ	૮-૭-૧૯૮૪	ડાઈંગ	,,
(૩૫)	ભગવતસિંહ કેશરી	૨૫-૪-૧૯૮૮	સલઝર	,,
(૩૬)	માધવ રત્ના	૧૩-૯-૧૯૮૩	ડાઈંગ	,,
(૩૭)	હીરાલાલ રાઠોડ	૧૩-૮-૧૯૮૫	,,	,,
(૩૮)	રાયસમુજ ભેાલારામ	૨૪-૮-૧૯૮૪	વિવીંગ	વીવર
(૩૯)	ગજાનન સિંહ	૯-૨-૧૯૮૫	સલ્ઝર	વાઈ
(૪૦)	બાબુલાલ દેવજી યાદવ	૪-૭-૧૯૮૪	ઈન્જીનીયરીંગ	કુલિ
(૪૧)	રાજ એમ. ડી.	૨૨-૮-૧૯૮૬	,,	,,
(૪૨)	નાથાલાલ પુંજા	૧-૮-૧૯૭૭	ન્યુ સ્પીનીંગ	,,
(૪૩)	રાજેશકુમાર	૨૯-૧-૧૯૮૩	પ્રોપરેટરી	,,
(૪૪)	રામધન ભેાલારામ	૨-૩-૧૯૮૪	માઈસ	,,
(૪૫)	રામકુમાર	૧-૮-૧૯૭૬	ન્યુસ્પીનીંગ	,,
(૪૬)	મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ	૨૮-૧-૧૯૮૪	પ્રોપરેટરી	,,
(૪૭)	રામપ્યારે રામદુલન	૨૬-૮-૧૯૮૨	માઈસ	,,
(૪૮)	લાલજી પુંજી	૧૯-૧૧-૧૯૯૧	,,	,,
(૪૯)	તુપાર શુકલ	૭-૨-૧૯૮૭	વર્કશેાપ	,,
(૫૦)	કમલેશકુમાર જી.	૩૧-૩-૧૯૮૪	પ્રોપરેટરી	,,
(૫૧)	બ્રીજેશકુમાર ત્રીભોવન	૧૯-૧૧-૧૯૮૪	માઈસ	,,
(૫૨)	યદુનંદન વલ્લભ ત્રીવેદી	૨૧-૪-૧૯૮૫	વીવીંગ	,,
(૫૩)	સુરેશસીંગ રામનાથ	૧-૬-૧૯૮૬	ફીનીસીંગ	,,

INDEX

૧	૨	૩	૪	૫
(૫૪)	જગદીશ નારાયણ	૧૬-૧૦-૧૯૮૫	ફીનીસીંગ	કુલી
(૫૫)	અ. રશીદ ઈબ્રાહીમ	૧૬-૧૦-૧૯૮૫	ફીનીસીંગ	,,
(૫૬)	અ. હમીદ હસન	૧૯-૮-૧૯૮૪	ફીનીસીંગ	,,
(૫૭)	રફીક કાસમ	૧૮-૩-૧૯૮૫	ફીનીસીંગ	,,
(૫૮)	જેસુખ ધરમસી	૧૬-૧૦-૧૯૮૫	ફીનીસીંગ	,,
(૫૯)	રામ સરોય દુબે	૧૮-૩-૧૯૮૫	ફીસનીસીંગ	,,
(૬૦)	જયેશ ડી.	૧૬-૧૦-૧૯૮૫	ફીનીસીંગ	,,
(૬૧)	સતવીસીંહ કાલુસીંહ	૧૬-૩-૧૯૮૫	ફીનીસીંગ	,,
(૬૨)	જયપ્રકાશ કે.	૨૫-૭-૧૯૮૫	ફીનીસીંગ	,,
(૬૩)	અંકુશકુમાર ભાગવજી	૧૩-૧-૧૯૮૨	ફીનીસીંગ	,,
(૬૪)	પ્રેમશંકર રામપાલ	૩-૬-૧૯૮૪	ફીનીસીંગ	,,
(૬૫)	રાઠોડ પ્રદીપસીંહ વજુભા	૨૮-૭-૧૯૮૪	વર્કશોપ	,,
(૬૬)	મહમદ હનીફ ઈબ્રાહીમ	૧-૮-૧૯૭૬	ન્યુ સ્પીનીંગ	કુલી (બદલી)
(૬૭)	અબ્દુલ હમીદ હાસમ	૧૪-૮-૧૯૮૪	ફીનીસીંગ	કુલી(બદલી)
(૬૮)	દ્વારકાપ્રસાદ રામસદન	૧૯-૧-૧૯૯૬	વીવીંગ	વીવર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ ૧૯૯૩.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૫૨-એજેવી-૧૦૯૧-એફઆર-૨૩૪-મ(૨) .—વીએકસએલ ઈન્ડીયા લી., જામનગર અને તેમાં કામ કરતાં કામદારો વતી ગુજરાત રાજ્ય કામદાર સભા વચ્ચે આ સાથે જોડેલ અનુસૂચિમાં દર્શાવેલ માંગણીઓ અંગે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થયેલ છે. આ ઔદ્યોગિક તકરારને સમાધાન અધિકારી તરીકે સમાધાન કાર્યવાહીમાં દાખલ કરેલ હતી, સમાધાન કાર્યવાહી દરમ્યાન પક્ષકાર વચ્ચે સમાધાન થઈ શકેલ નથી અને તે નિષ્ફળતામાં પરિણમેલ હોઈ સમાધાન અધિકારીએ ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૨ (૪) અન્વયે નિષ્ફળતાનો અહેવાલ રાજ્ય સરકારને સાદર કરેલ છે. રાજ્ય સરકારે ઉકત નિષ્ફળતા અહેવાલ ઉપર તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૧થી કરેલ હુકમ સંદર્ભે નામદાર હાઈકોર્ટ

INDEX

ટ્રારા એસસીએ-૭૬૯૯-૯૨-અન્વયે તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ આપેલ ચુકાદા અન્વયે રાજ્ય સરકારે ફેર વિચારણા કરી છે અને વિચારણાને અંતે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ પેટા કલમ (૧) ના ખંડ (ઘ) થી રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ વાદગ્રસ્ત ઔદ્યોગિક તકરારનો ન્યાયનિર્ણય કરવા માટે રાજકોટની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને જણાવે છે.

અનુસૂચિ

જે કામદારોનું ઈએસઆઈસીનું કોન્ટ્રીબ્યુશન કાપવામાં આવતું હોય તેને વાર્ષિક ૧૦ રજા માંદગીની તેમજ સ્ટાફને આપવામાં આવતી આર્થીક સહાય આપવી કે કેમ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેક્શન અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુલાઈ ૧૯૯૩

ક્રમાંક કેએચઆર-૧૫૪-આઈડીએ-૧૦૯૩-૫૦૨-મ(૨).—ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) હેઠળનો રેફ. આઈટી નં. ૩૦૬/૯૨ તે ધી ચારૂતર આરોગ્ય મંડળ તથા ખેડા જિલ્લા ફેકટરી કામદાર યુનિયનો વચ્ચેના વિવાદ અંગેનો છે. આરે. ફ. આઈ. ટી. નં. ૩૦૬/૯૨ હાલ અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ સમક્ષ અનિર્ણિત છે. પક્ષકારોને ઘર આંગણે ઝડપી ન્યાય મળી રહે તે હેતુસર સદરહુ કેસની અનિર્ણિત કાર્યવાહીઓ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદના ન્યાયપંચ નં. ૬ને તબદીલ કરવી જોઈએ એવો રાજ્ય સરકારનો અભિપ્રાય થાય છે.

તેથી ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૩૩(ખ) ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી સદરહું કેસની અનિર્ણિત કાર્યવાહીઓ અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ પાસેથી પાછી ખેંચે છે. અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૬ (જેનું સીટીંગ ખેડા જીલ્લામાં રાખવામાં આવે છે) ને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેક્શન અધિકારી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-SA-II B

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPT. 2, 1993/BHADRA 11, 1915 [No. 35

Seperate paging is given to this Part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other then these published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રી ડી. કે. પટેલ, સમાધાન અધિકારી દ્વારા

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ વલસાડ સમક્ષ

મી. સે. અરજી ક્રમાંક આઈડીસી-૩૩(એ)/૭/૧૯૯૩

અરજદાર : શ્રી સંજય રતિલાલ ચૌહાણ તથા અન્ય ૨૫ કામદારો
C/o. દક્ષિણ ગુજરાત શ્રમિક સભા, નવસારી.

વિરૂધ્ધ

સામાવાળા : સભાપતિશ્રી ગીતાબેન નાયક, નગર પંચાયત, વિજલપોર, તા. નવસારી.

INDEX

વિષય : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૩(૧) (એ) નો ભંગ બાબત

હુકમ

ઉપરોકત સર્વશ્રી સંજય રતીલાલ ચૌહાણ તથા અન્ય ૨૫ કામદારો (જેઓ હવે પછી આ કામના "અરજદારો" તરીકે ઓળખાશે) એ ઉપરોકત સંસ્થા (જે હવેપછી આ કામના "સામાવાળા" તરીકે ઓળખાશે) સમક્ષ કન્સી કેસ નં. ૧૧૭/૯૨ની કાર્યવાળી અત્રેની કચેરીમાં ચાલુ હતી તે દરમ્યાન નોકરીમાંથી તારીખ ૧લી જુલાઈ ૧૯૯૩થી બરતરફ કરવાના પગલાને આઈડીએકટ-૧૯૪૭ની કલમ ૩૩-(૧)(એ) ના ભંગ બરાબર ગણી તારીખ ૨જી જુલાઈ ૧૯૯૩ના રોજ ફરીયાદ આપી બરતરફીના પગલાને પડકારતા આ કેસ ઉપસ્થિત થાય છે.

પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઉપરોકત વિવાદના સર્વસ્વીકૃત સમાધાન માટે પક્ષકારો વચ્ચે તારીખ ૮મી જુલાઈ ૧૯૯૩ થી તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૩ સુધી વખતો વખત સુનાવણી રાખવામાં આવેલ પક્ષકારો વચ્ચે રાખેલ સમાધાન ચર્ચાની મુદતો દરમ્યાન આ કામના સામાવાળા તરફથી સભાપતિશ્રી ગીતાબેન નાયક માત્ર તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૩ના રોજની મુદતમાં હાજર રહેલ, જ્યારે અરજદાર કામદારો તમામ મુદતમાં હાજર રહેલ છે.

તારીખ ૮મી જુલાઈ ૧૯૯૩ના રોજની પ્રથમ ચર્ચામાં તમામ કામદારોએ તેમની ફરીયાદના સમર્થનમાં વ્યકિતગત રીતે જવાબ રજુ કરેલ છે જેની નકલ આ કામના સામાવાળાને મોકલી આપેલ છે. આજ મુદતમાં આ કામના અરજદારો તરફથી સ્પે. સી. એ. નં. ૭૭૭૪/૯૨ના કામે ના. ગુજરાત હાઈકોર્ટ તરફથી કરવામાં આવેલ મૌખીક હકમની નકલ (તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૨) તથા તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૨ ના રોજ સદરહુ સ્પે. સી. એ.પ્લો. ના પીટીશનર તરફથી નામદાર હાઈકોર્ટને રજુ કરેલ બાહેધરી પત્રકની નકલ રજુ કરેલ.

તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૩ના રોજની ચર્ચામાં અરજદારો તરફથી તેમની ફરીયાદના સમર્થનમાં વધુ જવાબ રજુ કરવામાં આવેલ તેજ દિવસે સામાવાળા સંસ્થાએ લેખીતમાં જણાવેલ કે લલીયા ઓકટ્રોય કંપની સાથે કરવામાં આવેલ કરારની શરત નં. ૧૩ અને ૧૪ મુજબ સદર કંપનીનો સ્ટાફ નગર પંચાયતનો નથી. કરારની ઉપરોકત શરત અનુસાર સદર સ્ટાફની નગર પંચાયતની કોઈ જવાબદારી નથી. આ સિવાય પક્ષકારો તરફથી લેખીતમાં કોઈ વધુ રજુઆત થયેલ નથી.

અરજદારોએ વ્યકિતગત રીતે કરેલ રજુઅતમાં જણાવેલ કે તેઓ વિજલપોર નગરપંચાયત હેઠળ નાકાકારકુન તરીકે ફરજ બજાવતાં હતા અને વિજલપોર નગરપંચાયત તરફથી માસિક વેતન ચુકવવામાં આવતું હતું આ વેતન તેઓ લલીયા ઓકટ્રોય કંપની નામના એજન્ટ મારફતે ચુકવતા હતા. તેઓનો કામનો પ્રકાર એવો હતો કે નાકાકારકુન તરીકે વિજલપોર નગર-પંચાયતની હદમાં પ્રવેશતા વેપારી સંસ્થાના વાહનો તથા અન્ય રીતે નગર પંચાયતની હદમાં પ્રવેશતા બહાર ગામથી આવતા માલ પર જકાત વસુલ લેવાનું કામ કરતા હતા. આ પ્રકારનું કામ સવારથી તેઓ મોડી સાંજ સુધી કરતા હતા. તેમને કોઈ વીકલી ઓફ ઓવરટાઈમ કે લઘુતમ વેતન ધારા હેઠળનું વેતન ચુકવવામાં આવતું ન હતું વિજલપોર નગરપંચાયતને નોકરીમાં રાખેલ પરંતુ નિમણુંકના હુકમનો આપવામાં આવેલ નથી. વિજલપોર નગરપંચાયતની સંસ્થા

INDEX

૩. કામદાર સદરહુ કંપનીમાં મીટર રીડર તરીકે નોકરી કરે છે. જે નોકરી દરમિયાન કંપની તરફથી તેમને ડીપ્લોમાં ઈન ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગનો કોર્ષ કરવા પરવાનગી આપેલ અને જેના કુલ આઠ સેમીસ્ટરો પૈકી સાત સેમીસ્ટરોની પરીક્ષામાં બેસવાના કારણે પ્રિવિલેજ લીવ મંજર કરેલ પરંતુ છેલ્લા અને આઠમાં સેમીસ્ટરની પરીક્ષામાં બેસવાના કારણે કામદારે કરેલ તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૮૦ની નિશાની ૧૦/૧ની, તારીખ ૧લી મે, ૧૯૮૦થી ૧૨મી મે, ૧૯૮૦ સુધીની પ્રિવિલેજ લીવની રજા મંજુર કરવા માટેની અરજી કંપનીએ નિ. ૧૦/૨ના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૦ના પત્રથી રદ કરેલ અને ઉપરાંત કામદારની નિશાની ૧૦/૩ની તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૮૦ની તારીખ ૧લી મે, ૧૯૮૦થી તારીખ ૧૧મી મે, ૧૯૮૦ સુધીની પ્રિવિલેજ લીવની અરજી કંપનીએ નિ. ૧૦/૪ના તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૮૦ના પત્રથી નામંજુર કરેલ. છેલ્લા સેમીસ્ટરની પરીક્ષાની અગત્યતા અને પરીક્ષામાં નહીં બેસવાથી ઉપસ્થિત થતાં પરિણામો ધ્યાનમાં લેતાં પોતાની રજાની અરજી શુધ્ધ બુધ્ધિપૂર્વકની અને સાચી અને સબળ કારણ અન્વયે હોવા છતાં માંગેલ રજાની અરજી રદ કર્યા છતાં કામદાર તારીખ ૧લી મે, ૧૯૮૦ થી તારીખ ૧૧મી મે, ૧૯૮૦ સુધી રજા ઉપર ઉતરી ગયેલ અને ત્યારબાદ તારીખ ૧૨મી મે, ૧૯૮૦ અને તારીખ ૧૩મી મે, ૧૯૮૦ની બે દિવસની રજા લંબાવવાની અરજી ટપાલ દ્વારા મોકલેલ. તારીખ ૧૩મી મે, ૧૯૮૦ની સાંજે તારીખ ૧૪મી મે, ૧૯૮૦થી ફરજ બજાવવા અંગે મીટર રીડીંગ કરવા માટેના લોટની જાણકારી અર્થે કામદારે કંપનીમાં રિપોર્ટ કરતાં ફરજની સોંપણી કરવામાં આવેલ નહીં, રજા મંજુર કરાવ્યા વગર ગેરહાજર રહેવા માટે લેખીત ખુલાસો માંગેલ. જેનો કામદારે નિ. ૧૦/૬ મુજબનો તારીખ ૧૫મી મે, ૧૯૮૦નો ખુલાસો કરેલ. મૌખિક હુકમથી કામદારને તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી સસ્પેન્ડ કરવામાં આવેલ. ત્યારબાદ નિ. ૧૦/૭ની તારીખ ૨૦મી મે, ૧૯૮૦ની શોકોઝ નોટીસ આપી કંપનીએ કામદારને સ્ટેન્ડીંગ ઓર્ડરના ઓર્ડર નં. ૨૨ના ક્લોઝ એ. અને કે. મુજબની ગેરવર્તણુક અંગે દિન-૨માં ખુલાસો કરવા જણાવેલ, જેના જવાબમાં કામદારે પોતાનો નિ. ૧૦/૮થી તારીખ ૨૩મી મે, ૧૯૮૦નો ખુલાસો આપેલ અને પોતાનો સદરહુ કેસ રજુ કરેલ છતાં કંપનીએ કામદારને નિ. ૧૦/૯નો સજાનો હુકમ દર્શાવતો તારીખ ૩૦મી મે, ૧૯૮૦નો નં. ૧૪૩૦નો મેમો આપી સદરહુ ગેરવર્તણુક માટે તારીખ ૩૧મી મે, ૧૯૮૦થી ૧લી જુન, ૧૯૮૦ના બે દિવસના સસ્પેન્શનની સજા ફરમાવેલ, ઉપરાંત તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી તારીખ ૩૦મી મે, ૧૯૮૦ સુધીના સમય માટે સસ્પેન્શનમાં રાખી ફકત સબસીટન્સ એલાઉન્સ (નિવાર્હ ભથ્થું) ચૂકવી પગારની બાકી રકમ તથા મળતા

INDEX

ગ્રાહકોની રકમ ચૂકવેલ નહીં અને આમ કંપનીએ સદરહુ શિક્ષા કરતો હુકમ તથા સદરહુ વેતનની પુરેપુરી રકમ ન ચૂકવવાના નિર્ણયનો હુકમ ગેરકાનૂની, ગેરઈન્સાફી, ગેરવાજબી, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ, હર કોઈ તપાસ કર્યા વગર કરેલ હોઈ તે હુકમને રદ કરવા દાદ માંગતી નીચલી અદાલતમાં અરજી નં. ૧૨૬/૮૦ની કરેલ.

૪. નીચલી અદાલતમાં કંપનીએ આંક-૬થી લેખીત જવાબ રજુ કરી કામદારના સદરહુ આક્ષેપો જેવા કે શુધ્ધિબુધ્ધિપૂર્વકની, મંજૂર કરવા પાત્ર અરજીને વાજબી કારણ વગર ના-મંજૂર કરવાનું કૃત્ય તથા સદરહુ રજાનો ઓર્ડર તથા સસ્પેન્શન દરમિયાન સબસીટન્સ એલાઉન્સ ચૂકવવાનો હુકમ વગેરે ગેરકાનૂની, ગેરવાજબી, કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો વગેરે વગેરે હોવાનો ઈન્કાર કરેલ. કંપનીએ એવો કેસ રજૂ કરેલ છે કે મીટર રીડીંગ વિભાગમાં અન્ય કામદારોએ અગાઉથી રજા મંજૂર કરાવેલ હોઈ, કામનો બોજો ધ્યાનમાં લેતાં કામદારને સ્પેર (ફાજલ) નહીં કરી શકાતો હોઈ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ મુજબ પ્રિવિલેજ લીવ મંજૂર કરવી કે ના-મંજૂર કરવાની અબાધિત સત્તાનો, કંપનીનું હિત ધ્યાનમાં રાખી, શુધ્ધબુધ્ધિપૂર્વક, ન્યાયીક અને વાજબી રીતે ઉપયોગ કરી કામદારની રજાની અરજી ના-મંજૂર કરેલ. વધુમાં કામદારના કહ્યા પ્રમાણેની તારીખ ૧૨મી મે, ૧૯૮૦ અને તારીખ ૧૩મી મે, ૧૯૮૦ની રજા લંબાવવાની અરજીનો કોઈ પ્રશ્ન હતો નહીં અને તેવી રજા લંબાવતી કામદારે કહ્યા પ્રમાણેની કોઈ અરજી તેમને મળેલ નહીં. કંપનીનો એવો કેસ છે કે લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓને આધીન કામદારને તારીખ ૩૧મી મે, ૧૯૮૦થી તારીખ ૧લી જૂન, ૧૯૮૦ના બે દિવસનાં સમયગાળા માટે સસ્પેન્શનની શિક્ષા સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ (૧) (સી) મુજબ કરવામાં આવેલ અને તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી તારીખ ૩૦મી મે, ૧૯૮૦ના સમયગાળા દરમિયાન સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ (૫)ની જોગવાઈઓ અન્વયે સસ્પેન્શનમાં રાખી સબસીટન્સ એલાઉન્સ ચૂકવવામાં આવેલ જે સમયગાળા માટે કામદાર પૂરેપૂરું વેતન મેળવવા હક્કદાર નથી, ફકત સબસીટન્સ એલાઉન્સ મેળવવા હક્કદાર છે. અરજદારની આંક-૧ની અરજી ખર્ચ સહિત રદ કરવા કંપનીએ દાદ માંગેલ.

૫. નીચલી અદાલતમાં કામદારે પોતાને આંક-૧૪થી તપાસી મૌખિક જુબાની રજુ કરેલ અને આંક-૧૩ના દસ્તાવેજી લીસ્ટ સહિત નિ. ૧૩/૧થી વિનંતી પત્રથી નકલ નિ. ૧૩/૨થી માર્કશીટની નકલ અને નિ. ૧૩/૩થી સદરહું ડીપ્લોમા કોર્ષમાં ફર્સ્ટ કલાસ પાસ થયાના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે.

૬. કંપનીએ પોતાના સાહેદ નં. ૧ શ્રી એમ. કે. કંથારીયાને આંક-૨૦થી તપાસી કામદારનું આઠમા સેમીસ્ટર અંગેનું ફોર્મ આંક-૨૨થી રજૂ કરાવેલ છે. સાહેદ નં. ૨ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી તૈયબ બારભાઈવાલાને આંક-૨૫થી તપાસેલ છે તથા સાહેદ નં. ૩ મીટર સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી કે. ટી. ખાંટીવાળાને આંક-૩૩થી તપાસેલ છે અને દસ્તાવેજી લીસ્ટ આંક-૧૦થી કામદારની સદરહુ રજાની બે અરજી, તે બંને અરજી રદ કરતાં કંપનીના પત્રો, કામદાર તારીખ ૧લી મે, ૧૯૮૦એ ફરજ પર હાજર નહીં રહેલ તે અંગેનો રિપોર્ટ, કામદારનો તારીખ ૧૫મી મે, ૧૯૮૦ નો લેખીત ખુલાસો, કંપનીની શોકોઝ નોટીસ, કામદારે તે અંગે આપેલ ખુલાસો, સજાનો મેમો અને સ્ટેન્ડીંગ ઓર્ડરની બુક આંક-૧૦/૧ થી ૧૦/૧૦થી રજૂ કરેલ છે. ઉપરાંત દસ્તાવેજી લીસ્ટ આંક-૨૭ સહિત નં. ૨૭/૧ થી ૨૭/૩ ના કેટલાક કાગળો રજૂ કરેલ છે.

INDEX

૭. નીચલી અદાલતે રેકર્ડ પર આવેલ મૌખિક જુબાની તથા રજૂ થયેલ લેખીત દસ્તાવેજી પુરાવા અને રજુ થયેલ બંને પક્ષકારોના વિદ્વાન વકીલ / પ્રતિનિધિશ્રીની દલીલો સાંભળી આંક-૩પનો તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના ચૂકાદાથી સદરહુ હુકમ કરેલ છે જે આ અપીલના કામે પડકારવામાં આવેલ છે.

૮. કેસના કાગળો જોયા, કંપનીના વિદ્વાન વકીલ શ્રી જી. એમ. વકીલ તથા કામદારના પ્રતિનિધિશ્રી કેદારનાથ ત્રિવેદીને સાંભળ્યા.

૯. આ અપીલના કામે નીચે મુજબના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૧) શું કામદારને નિ. ૧૦/૯ના તારીખ ૩૦મી મે, ૧૯૮૦ના મેમોથી તારીખ ૩૧મી મે, ૧૯૮૦થી ૧લી જુન, ૧૯૮૦ સુધી દિન-૨ની સસ્પેન્શનની કરવામાં આવેલ શિક્ષા અરજદારે મુળ અરજી આંક-૧માં કરેલ આક્ષેપ પ્રમાણે ગેરકાનૂની, ગેરવાજબી, સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ અને કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરૂધ્ધની છે ?

(૨) શું અરજદારને તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી તારીખ ૩૦મી મે, ૧૯૮૦ સુધી કુલ-૧૯ દિવસના સમયગાળા માટે સસ્પેન્શન ઉપર રાખેલ તે કૃત્ય અને તે સમયગાળા દરમિયાન પૂરેપૂરૂ વેતન આપવાના બદલે ફકત સબસીટન્સ એલાઉન્સ ચૂકવવાનું કૃત્ય, કામદારે મુળ આંક-૧માં કરેલ આક્ષેપ પ્રમાણે પુરેપુરા ૧૯ દિવસના સસ્પેન્શન માટે શિક્ષાત્મક હુકમ અને ગેરકાનૂની, ગેરવાજબી, સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે ?

(૩) શું નીચલી અદાલતનો આંક-૩પનો તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૯નો હુકમ કંપનીએ અપીલ મેમો આંક-૧માં કરેલ રજૂઆત પ્રમાણે રદ કરવા પાત્ર છે ?

(૪) આખરી હુકમ શું છે ?

૧૦. નીચે દર્શાવેલ કારણોસર ઉપરના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે. —

જવાબ :

(૧) નકારમાં.

(૨) તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસ માટે નકારમાં અને તે સિવાયના સમય તારીખ ૧૨મી મે, ૧૯૮૦ થી ૨૦મી મે, ૧૯૮૦ તથા ૨૩મી મે, ૧૯૮૦ થી ૩૦મી મે, ૧૯૮૦ માટે હકારમાં.

(૩) (અ) તારીખ ૩૧મી મે, ૧૯૮૦ અને તારીખ ૧લી જૂન, ૧૯૮૦ના સસ્પેન્શનના શિક્ષાના હુકમ માટે હકારમાં.

(બ) તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસના સસ્પેન્શન માટે અને તે સમય માટે સબસીટન્સ એલાઉન્સ ચૂકવવાના કૃત્ય માટે હકારમાં.

INDEX

(ક) તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી ૨૦મી મે, ૧૯૮૦ અને ૨૩મી મે, ૧૯૮૦થી ૩૦મી મે, ૧૯૮૦ના સમયગાળા માટે સસ્પેન્શનમાં રાખવાનું કૃત્ય અને તે સમય માટે સબસીટન્સ એલાઉન્સ ચૂકવવાના કૃત્ય માટે નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

૧૧. કારણો :—

પ્રશ્ન-૧ તથા ૨ના કારણો :

નામદાર સુપ્રિમ કોર્ટે બકીનગમ અને કાયનેટીક કું. લી.—વિરૂધ્ધ—વૈકંટયનો કેસ જે એઆઈઆર ૧૯૬૪ સુપ્રિમ કોર્ટ ૧૨૭૨માં રિપોર્ટ થયેલ છે તેમાં અવું ઠરાવેલ છે કે સ્ટેન્ડીંગ ઓર્ડરમાં નોકરીની દર્શાવેલ શરતો કામદાર તથા કંપની બંનેને બંધનકર્તા રહે છે.

(૨) લેખક શ્રી કે. ડી. શ્રીવાસ્તવના પુસ્તક ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ (સ્ટેન્ડીંગ ઓર્ડર્સ) એકટ ૧૯૪૬ કે જે અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલ છે તેની બીજી આવૃત્તિમાં પાન નં. ૮૮ થી ૯૩ પર સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ કામદાર તથા કંપનીને બંધનકર્તા રહે તે અન્વયે કેટલીક ઓથોરીટીઓ પર આધાર રાખી વિગતવાર ચર્ચા કરેલ છે અને આ તમામ ઓથોરીટીઓમાંથી તથા સદરહું વિવેચન ઉપરથી એવું ફલિત થાય છે કે લાગુ પડતાં સ્ટેન્ડીંગ ઓર્ડર કામદાર અને કંપનીને બંધનકર્તા રહે છે અને લાગુ પડતાં સ્ટેન્ડીંગ ઓર્ડરનો અમલ સરકારે બહાર પાડેલ કાનૂની જોગવાઈઓ જેમ કરવાનો રહે છે.

(૩) કાનૂની જોગવાઈઓનું અર્થઘટન કરવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટે કનૈયાલાલ સુર વિરૂધ્ધ પરમાનિધિ સાધુખાન જે કેસ એઆઈઆ-૧૯૫૭ સુપ્રિમ કોર્ટ પાન નં. ૯૦૭માં રિપોર્ટ થયેલ છે તેમાં એવું ઠરાવેલ છે કે કાનૂની જોગવાઈઓના અર્થઘટનનો પહેલો અને મુખ્ય નિયમ એ છે કે વિધાનમંડળે (લેસીસલેચરે) ઉપયોગમાં લીધેલ શબ્દોમાંથી વિધાનમંડળનો ઈરાદો શોધવાનો રહે.

(૪) ઉપર દર્શાવ્યું તેમ લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ કંપની તથા કામદાર બંનેને બંધનકર્તા રહેતી હોઈ પ્રિવિલેજ લીવ અંગેની જોગવાઈઓ તપાસવાની રહે.

(૫) કંપનીએ નિ. ૧૦/૧૦થી લાગુ પડતાં સ્ટેન્ડીંગ ઓર્ડર રજુ કરેલ છે, જેનો ઓર્ડર નં. ૧૪ (૧) નીચે પ્રમાણે છે.

Grant of leave except sick leave to an employee shall depend on the exigencies of the undertaking and shall be at the discretion of the Manager or the offices autorised in that behalf.

આમ સદર સ્ટેન્ડીંગ ઓર્ડર પ્રમાણે માંદગીની રજા સિવાયની તમામ રજાઓ મંજૂર કરવા માટે સંસ્થાની સગવડતા (એકસીજન્સીઝ) ઉપર આધાર છે અને તે મંજુર કરવાની કંપનીના મેનેજર કે કંપનીએ નિયુકત કરેલ સક્ષમ અધિકારીને અબાધિત હક્ક છે.

(૬) સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૧૪ (૨) (એ) પ્રિવિલેજ લીવ અંગેનો છે જેમાં પહેલા ભાગમાં રજાની સંખ્યા વગેરેની જોગવાઈ છે, બીજા ભાગમાં સામાન્ય રીતે પ્રિવિલેજ લીવની અરજી પંદર દિવસ અગાઉથી કરવાની જોગવાઈ છે, ત્રીજા ભાગમાં એક સામટી પ્રિવિલેજ લીવ કેટલા સમયની ભોગવી શકાય તે જોગવાઈ છે અને ઓર્ડર નં. ૧૪ (૩) ની જોગવાઈ પ્રમાણે

INDEX

રજાની આવેલ અરજીઓ ઉપર ત્રણ દિવસની અંદર હુકમ કરવાની જોગવાઈ છે. સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૧૪ (૬) પ્રમાણે રજાની અરજી ઉપરના હુકમથી સંતોષ ન હોય તો કામદારે તેમાં દર્શાવેલ અધિકારીશ્રીને અપીલ કરવાની જોગવાઈ છે.

(૭) સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૨ (ઈ) પ્રમાણે એકસાથે દશ દિવસથી વધુ સમયગાળા માટે રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેવાનું કૃત્ય ગેરવર્તણૂક બને છે. ઓર્ડર નં. ૨૨ (કે) અન્વયે કંપનીના પ્રિમાઈસીસમાં શિસ્તથી વિરૂધ્ધનું કે સારી ચાલચલગત વિરૂદ્ધનું કૃત્ય ગેરવર્તણૂક બને છે તેવી જોગવાઈ છે.

(૮) કામદારને કંપનીએ સદરહું કોર્સ કરવાની પરવાનગી આપવા અંગે સાત સેમીસ્ટર સુધી પરીક્ષા માટે કામદારે માંગેલ રજા મંજુર કરવા માટે કોઈ તકરાર નથી. આઠમાં સેમીસ્ટરની પરીક્ષામાં બેસવાના કારણે કામદારે નિ. ૧૦/૧ અને ૧૦/૨ની કરેલ અરજી અંગે પણ મહદ-અંશે કોઈ તકરાર નથી. કામદારે નિ. ૧૦/૧ની તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૮૦ની તારીખ ૧લી મે, ૧૯૮૦થી ૧૨મી મે, ૧૯૮૦ સુધી પ્રિવિલેજ લીવ માંગતી અરજી કરેલ., જે નિ. ૧૦/૨ના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૦ના પત્રથી રદ કરવા અંગે તથા કામદારે નિ. ૧૦/૩ થી તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૮૦ની અરજીથી તા. તારીખ ૧લી મે, ૧૯૮૦થી તારીખ ૧૧મી મે, ૧૯૮૦ સુધીની પ્રિવિલેજ લીવની અરજી કંપનીએ નિ. ૧૦/૪ના તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૮૦ના પત્રથી ના-મંજૂર કરેલ જે અંગે કોઈ તકરાર નથી. પક્ષકારો વચ્ચે જે તકરાર છે તે એ પ્રકારની છે કે કામદારની રજા માંગતી અરજીઓ રદ કરવાનું કૃત્ય શુધ્ધબુધ્ધિપૂર્વકનું અને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ મુજબનું છે કે કેમ ? કામદારે પોતે પોતાની આંક-૧૪ની મૌખિક જુબાનીમાં જણાવેલ છે કે મીટર રીડીંગ વિભાગમાં કુલ ૩૫ કામદારો પૈકી તપાસ કરતાં માલુમ પડેલ કે તેમણે અરજી કરી તે વખતે પાંચથી સાત કર્મચારી પ્રિવિલેજ લીવ ઉપર હતા પરંતુ તેમનું માનવું છે કે અગિયાર કામદારો રજા ઉપર હોવા છતાં પણ કંપની તેમને પોતાને સ્પેર કરી શકે. ઉલટ તપાસ પેરા નં. ૭માં એમણે કુલ -૧૨ કામદારોના નામ જણાવ્યા છે અને તેમણે કબૂલ કરેલ છે કે અમણે માંગેલ રજાના કેટલાક સમયગાળા દરમિયાન તે તમામ બાર કામદારો રજા ઉપર હતા એટલે એમની આ જુબાની ઉપરથી માલુમ પડે છે કે સાત કામદારો પ્રિવિલેજ લીવ ઉપર અને બાકીના પાંચ કામદારો અન્ય પ્રકારની રજા ઉપર હતાં. કંપનીના સાહેદ શ્રી બારભાઈવાળાએ કંપનીમાં તે વખતે આસી. ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટનો હોદા ધરાવતાં હતાં તેમણે પોતાની જુબાની આંક-૨૫માં જણાવેલ છે કે વિભાગના વડા કામનો બોજો ધ્યાનમાં લઈને રજા ઉપર જવા ઈરાદો રાખતાં કામદારોને સ્પેર કરે છે અને અરજદારની બંને અરજી નિ. ૧૦/૧ અને ૧૦/૩ ઉપર સક્ષમ અધિકારીના ફાજલ પાડી નહીં શકયા હોવાના શેરા અન્વયે રજાની અરજી ના-મંજૂર કરવામાં આવેલ. નિ. ૧૦/૧ની અરજી ઉપર ડિપાર્ટમેન્ટ હેડનો ફાજલ પાડી શકાય નહીં તેવો શેરો છે. નિ. ૧૦/૧ની અરજી ઉપર ફાજલ નહીં પાડવાનું કારણ છ કામદારો અગાઉથી રજા ઉપર ગયેલ હોવાનું જણાવેલ છે. નિ. ૧૦/૩ની અરજી ઉપર અરજી રદ કરવાના વધારાના કારણ તરીકે સમય મર્યાદામાં અરજી નહીં હોવાનું જણાવેલ છે. શ્રી બારભાઈવાળાએ આંક-૨૫ની પોતાની જુબાનીમાં જણાવેલ છે કે કામદાર ગેરહાજર રહેવાના કારણે લોડ ફાળવવાનો પ્રોગ્રામ ખોરવાઈ ગયેલ અને તે કારણે મીટર રીડીંગનું કામકાજ થઈ શકેલ નહીં. એમણે એમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે એમણે હોદ્દાની રૂએ રજા મંજૂર કરવાની સત્તા હતી અને સક્ષમ અધિકારીના ફાજલ નહીં પાડી શકવાના શેરા અન્વયે તેમણે રજા ના-મંજર કરેલ.

INDEX

(૯) કંપનીના સાહેદ શ્રી કાંતીલાલ ઠાકોરદાસ આંક-૩૩ની પોતાની જુબાનીમાં જણાવે છે કે સદરહુ રજાની અરજી આ સમયગાળા દરમિયાન તેઓ મીટર સુપ્રિન્ટેન્ડન્ટના હોદો ધરાવતા હતા અને તેમના મીટર ડિપાર્ટમેન્ટમાં સદરહુ કામદાર મીટર રીડર તરીકે ફરજ બજાવતા હતા. એમના વિભાગમાં કામ કરતા કામદારોની રજાની અરજી ઉપર ભલામણ નોંધવી પડે. અરજદારે કરેલ રજાની અરજીના સમયગાળા દરમિયાન બીજા સાત સભ્યો રજા ઉપર હતાં. મીટર રીડીંગનું કામ તારીખ પ્રમાણે રોજે રોજ કરવાનું હોય છે. વધુ કામદારો એટલે કે છ થી સાતની સંખ્યામાં કામદારોની રજા મંજૂર થયેલ હોય તો તે પછી અરજદારની અરજી મંજૂર થઈ શકે નહીં. તેમણે વધુમાં જણાવેલ છે કે સદરહુ સમયગાળા દરમિયાન બીજા સાત સભ્યો રજા ઉપર હોઈ કામદારની રજાની અરજી ના-મંજૂર કરવામાં આવેલ.

(૧૦) ઉપરની જુબાની ઉપરથી એવું સ્પષ્ટ માલુમ પડે છે કે કામદારે રજાની અરજી કરી તે અગાઉ સાત સભ્યોની રજાની અરજી મંજૂર થઈ ગયેલ. કામદારે ઉપર જણાવ્યું તેમ ઉલટ તપાસમાં કબૂલ કર્યા પ્રમાણે કામદારે માંગેલી રજાના સમયગાળા દરમિયાન કુલ ૧૨ કામદારો રજા ઉપર હતા એટલે કે સાત કામદારો પ્રિવિલેજ લીવ ઉપર અને બાકીના પાંચ કામદારો અન્ય પ્રકારની રજા ઉપર હતા.

(૧૧) કંપનીના હરકોઈ વિભાગમાં કામકાજ અંગે વધુમાં વધુ કેટલા કામદારોની, કંપનીની સગવડતા સાચવવાની વિગતો ધ્યાનમાં લઈ રજા મંજૂર કરી શકાય તેનો નિર્ણય કંપનીના સક્ષમ અધિકારીશ્રી કરી શકે. કંપનીની સગવડતા સાચવવા અંગેનો ખ્યાલ તેમને હોય અને આથી જ સક્ષમ અધિકારીને વિભાગના કર્મચારીને ફાજલ પાડી શકાય કે નહીં તે અંગેનો શેરો કરવાની સત્તા છે. સંસ્થાના બંને સદરહુ સક્ષમ અધિકારીશ્રીઓએ ઉપર જણાવ્યા મુજબ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે કામદારે માંગેલી રજાની અરજી તે વખતે સાત કામદારો અગાઉથી રજા ઉપર હોઈ મંજૂર થઈ શકેલ નહીં અને તે કારણે તેમને સ્પેર કરી શકાય નહીં. આ સરતપાસમાં જણાવેલી વિગતોને ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી જેનો અર્થ એ થાય કે તે સ્વીકારી લીધેલ છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે સદરહુ સમયગાળા દરમિયાન કુલ-૧૨ સભ્યો રજા ઉપર હતા. આમ કંપનીના સક્ષમ અધિકારીશ્રીઓ પ્રિવિલેજ લીવ અંગે સભ્યોને સ્પેર કરવા માટે અગાઉથી પ્રિવિલેજ લીવની અરજી મંજૂર થયાની વિગતો તથા ભવિષ્યમાં અન્ય સભ્યો રજા ઉપર જવાની શકયતાઓ ધ્યાનમાં લેતાં હોવાનું માલુમ પડે છે. કુલ ૩૫ સભ્યોમાંથી સાત સભ્યો પ્રિવિલેજ લીવ ઉપર અને પાંચ સભ્યો અન્ય રજા ઉપર જવાની શકયતા હોઈ તે સંજોગોમાં કંપનીના કામના બોજાને ધ્યાનમાં લઈ કંપનીની સગવડતા સાચવવા બાબતમાં સક્ષમ અધિકારી કામદારને સ્પેર નહી કરવાનો નિર્ણય યે તે સંપૂર્ણ અને વાજબી અને યોગ્ય માલુમ પડે છે. કામદારે પોતે પોતાની જુબાનીમાં ઉપર જણાવેલ તમામ હકિકત હોવા છતાં જણાવેલ છે કે કુલ-૩૫ માંથી અગિયાર સભ્યો રજા ઉપર હોય તો પણ તેને પોતાને ફાજલ પાડી શકાય, તેવું તેમનું માનવું છે. આમ કામદારે પોતાને ફાજલ પાડી શકાય તે મ હોવા અંગે કોઈ સબળ કારણ રજુ કરેલ નથી પરંતુ ફકત માન્યતાનો આધાર લીધેલ છે, જે માન્યતાને આધીન રજા મળી શકે નહીં. કંપનીના બંને સક્ષમ સક્ષમ અધિકારીશ્રીઓની જુબાની ઉપરથી વધુમાં અમ માલુમ પડે છે કે કામદાર ગેરહાજર રહ્યા હોવાથી કામની ફાળવણીનું અને મીટર રીડીંગનું કામ ખોરવાઈ ગયેલ. આ જુબાની પણ ઉલટ તપાસમાં પડકાર્યા વગરની રહી છે અને આ ઉપરથી પણ કંપનીના સક્ષમ અધિકારીનું અવું કહેવું છે કે સાત સભ્યો અગાઉથી રજા મંજૂર કરાવી ગયેલ હોય તો ત્યારબાદ કામદારને સ્પેર કરી શકાય નહીં. જે વિગતને સંપૂર્ણ પણે ટેકો મળી રહે છે.

INDEX

(૧૨) ઉપરના ચર્ચેલ કારણો અનુસાર પડેલ પુરાવા પરથી સ્પષ્ટ ફલિત થાય છે કે કામદારોની અરજી મંજૂર કરવા માટે કંપની કામદારોને ફાજલ પાડી શકતી હતી નહીં અને આથી સ્ટેન્ડીંગ ઓર્ડર્સ નં. ૧૪(૧)ની જોગવાઈ અંગેની સંબધીત સતાનો વ્યાપક રીતે ઉપયોગ કરી અરજીઓ ના-મંજૂર કરેલ અને આમ અરજી ના-મંજૂર કરવાનું કૃત્ય સંપૂર્ણપણે શુદ્ધ બુધ્ધિપૂર્વકનું, વાજબી અને યોગ્ય છે.

(૧૩) ઉપર જણાવેલ છે તેમ સ્ટેન્ડીંગ આર્ડરની જોગવાઈઓ મુજબ જ રજાની અરજી ઉપર મંજૂર/ના-મંજૂરીનો નિર્ણય લેવાનો રહે છે. કામદારને અમૂક પ્રકારનો કોર્સ કરવા પરવાનગી આપી હોય તો તે કારણે કામદારને પરીક્ષામાં બેસવા આપોઆપ રજા મળી જતી નથી. એમ કહી શકાય કે પ્રિવિલેજ લીવની માંગણી માટેનું પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું કારણ વાજબી છે, પરંતુ એથી કામદાર હક્કની રૂએ રજા માંગી શકે નહીં. કોર્સ પુરો કર્યા બાદ પરીક્ષામાં સફળ થયેથી જ હેતુ સરે અથવા હેતુ ન સરે એ વિગત પણ કામદાર કંપની પાસે રજા મેળવવા માટે હક્કદાર હોવા માટે અપ્રસ્તુત છે. અમુક પ્રકારનો કોર્સ કરવો અને તે માટે પરીક્ષા આપવી એ બંને વસ્તુઓ ભિન્ન છે કે નહીં એ વિગત પણ રજા મંજૂર કરાવવા માટે અપ્રસ્તુત (ઈરીલેવન્ટ) છે. બહુ બહુ તો જ્યારે એકથી વધુ કામદારો રજાની અરજી કરે ત્યારે તે પૈકી અમુકને જો ફાજલ પાડી શકાય તેમ હોય તો તે સંજોગોમાં રજાના કારણોને આધીન અરજદાર કામદાર પ્રાધાન્ય માંગી શકે અને તેવા સંજોગોમાં પરીક્ષામાં બેસવા અંગેનું કારણ અન્ય કામદારોની અરજીમાં જણાવેલ કારણો ઉપર પ્રાધાન્ય પામી શકે કે કેમ તે નક્કી કરવાની સત્તા સક્ષમ અધિકારીને રહે. આજ પ્રમાણે પરીક્ષા આપવી, ઉચ્ચ કક્ષાએ પાસ કરવી કે પરીક્ષા પાસ કરવાથી બઢતી અંગે લાયક બનવા અંગેની વિગતો પણ રજાની અરજી મંજૂર કરવા માટે અપ્રસ્તુત રહે છે. સબબ ઉપર દર્શાવેલ તમામ વિગતો રજાની અરજી મંજૂર કરવા માટે અપ્રસ્તુત (ઈરીલેવન્ટ) છે.

(૧૪) કામદારે પોતાની જુબાની આંક-૧૪માં સરતપાસમાં એવું જણાવેલ છે કે સંસ્થાના એક અધિકારીશ્રી કે. ટી. ખાંટીવાલા, ચાર વર્ષ અગાઉના એક બનાવ માટે તેમના ઉપર કિન્નાખોરી રાખતા હતા અને તે કારણે એમની અરજી ઉપરની ભલામણ એમની વિરુધ્ધમાં કરવામાં આવેલ છે. આમ અરજી રદ કરવાનું કારણ કિન્નાખોરી હોવાનું દર્શાવવાની કોશિષ કરવામાં આવેલ છે. પરંતુ તેમણે કબૂલ કરેલ છે કે છેલ્લા આઠમાં સેમીસ્ટર અગાઉ તમામ સાત સેમીસ્ટરોમાં પરીક્ષામાં બેસવા માટે તેમની તમામ રજાની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. રજાની અરજી કર્યા તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૮૦ પહેલાં તેમને અધિકારીશ્રી સાથે સંબંધો સારા હતા અન્ય કામદારોએ પણ તે જ સમય દરમિયાન પરીક્ષા આપેલી પરંતુ તેઓની અરજી પણ મંજૂર થયેલ નહીં. કામદારની આ જુબાની તેમના પ્રત્યે કિન્નાખોરી રાખી હોવાનો કેસ રજુ કરવા કરેલ કોશિષને પુરેપુરી રીતે નસ્ત કરે છે. જો ચાર વર્ષ અગાઉ કોઈ બનાવ અંગે કિન્નાખોરી રાખવાની હોય તો સાત, સાત સેમીસ્ટરોની પરીક્ષામાં બેસવા રજાની અરજી મંજૂર કરવામાં આવે ખરી ? વધુમાં તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૮૦ પહેલા સારા સંબંધો રહ્યાની, આજ કારણે અન્ય કામદારોની અરજી ના-મંજૂર થયેલ વગેરે પુરાવા ઉપરથી એવું સ્પષ્ટ માલુમ પડે છે કે કામદારનો કિન્નાખોરી રાખી હોવા અંગેનો કેસ રજુ કરવાનો પ્રયત્ન શુધ્ધબુધ્ધિપૂર્વકનો નથી અને ફકત ખોટો આક્ષેપ કરી સફળ થવાનો બિન-સફળ પ્રયત્ન છે.

(૧૫) ઉપરના કારણોસર, પડેલા પુરાવા ઉપરથી અવું સ્પષ્ટ માલુમ પડે છે કે અરજદારની બંને અરજીઓ મંજૂર ન કરવાનું કંપનીનું કૃત્ય સંપૂર્ણ શુધ્ધબુધ્ધિપૂર્વકનું, ન્યાયી અને યોગ્ય છે.

INDEX

(૧૬) ઉપર પેરા (૭)માં જણાવ્યું તેમ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૨(ઈ) પ્રમાણે એક સાથે ૧૦થી વધુ દિવસના સમયગાળા માટે રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેવાનું કૃત્ય ગેરવર્તણૂક બને છે. કામદાર તારીખ ૧લી મે, ૧૯૮૦ થી ૧૪મી મે, ૧૯૮૦ સુધી અટલે કે ૧૦ દિવસથી વધુ સમય માટે રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેલ છે જે કૃત્ય ગેરવર્તણૂક બની રહે. સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૧) ની જોગવાઈઓ અન્વયે કામદારની ગેરવર્તણૂક માટે.....

(અ) તેમને ચેતવણી અથવા ઠપકો આપી શકાય છે.
(બી) પેમેન્ટ ઑફ વેજીસ એકટ ૧૯૩૬ની જોગવાઈઓ પ્રમાણે દંડ કરી શકાય છે અથવા
(સી) મેનેજર અથવા હરકોઈ સત્તા સુપ્રત કરેલ અધિકારીની સહીવાળી લેખીત હુકમથી ચાર દિવસથી વધુ નહીં એટલી દિવસ માટે સસ્પેન્ડ કરી શકાય છે અથવા નોટીસ વગર નોકરીમાંથી ડીસમીસ કરી શકાય છે.

(૧૭) આમ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૧) (સી) પ્રમાણે સસ્પેન્શનની સજા કરવાની જોગવાઈ છે.

(૧૮) સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૨) ની જોગવાઈઓ અન્વયે કામદાર વિરુદ્ધના આક્ષેપ અંગે કામદારને ખુલાસો કરવાની તક આપ્યા વગર સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૧)(એ) મુજબની ચેતવણી કે ઠપકો આપવાની શિક્ષાનો હુકમ થઈ શકે નહીં. ઉપરાંત લાગતા વળગતા કામદારને એમની આક્ષેપિત ગેરવર્તણૂંકની પણ લેખીતમાં જાણ કર્યા વગર સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૧)(બી)ની દંડની સજા અને ૨૩ (૧) (સી) ની સસ્પેન્સનની સજા આ નોકરીમાંથી ડીસમીસ કરવાની સજાનો હુકમ થઈ શકે નહીં.

(૧૯) સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૫) નો પહેલો ભાગ અંગ્રેજી ભાષામાં નીચે મુજબ છે.

An employee against whom any action is proposed to be taken under sub clause (b) or (c) of clause (1) of this standing order may be suspended, pending he holding and completion of an enquiry or for the period if any, allowed to him for giving his explanations.

ઉપરની જોગવાઈઓનું ગુજરાતી ભાષામાં રૂપાંતર નીચે મુજબ છે.—

"જે કામદાર વિરુદ્ધ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ અન્વયે ક્લોઝ(૧) સબ ક્લોઝ (બી) અથવા (સી) ની જોગવાઈઓ મુજબ હરકોઈ પગલું (એકશન) ભરવાનું વિચારણા હેઠળ હોય (પ્રપોઝડ) તે કામદાર સામે ઈન્કવાયરી કરતાં કાર્યવાહી કર્યાથી ચાલુ રહે (પેન્ડીંગ થી હોલ્ડીંગ) ત્યારથી અને કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધીના સમય દરમિયાન સસ્પેન્શનમાં કદાચ (May) મુકી શકાય અથવા તે કામદારને ખુલાસો રજૂ કરવા માટે આપેલ સમયગાળા દરમિયાન સસ્પેન્શનમાં કદાચ (May) મુકી શકાય.

(૨૦) ઉપરની જોગવાઈઓ ઉપરથી કંપનીની સસ્પેન્શનની સજા સિવાયના સસ્પેન્શન ઉપર કામદારને રાખવાની સત્તા શું છે તે જોવાનું રહે. અને મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ જોગવાઈ

INDEX

મુજબ આવા પ્રકારના સસ્પેન્શનમાં રાખવાનો સમયગાળો ચોક્કસ રીતનો નક્કી કરવામાં આવેલ છે એટલે કે જો કામદાર વિરૂધ્ધ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ અન્વયે ક્લોઝ(૧) સબ ક્લોઝ (બી) અથવા (સી) ની જોગવાઈઓ મુજબ હરકોઈ પગલું ભરવાનું વિચારણા હેઠળ હોય તો તે સંજોગોમાં બે કારણો અન્વયે સસ્પેન્શનમાં મુકી શકાય તે પૈકી એક કારણ ઈન્કવાયરી કરવાનું છે અને તે કારણ અન્વયે તપાસ કરતા કાર્યવાહી શરૂ થતાંના સમયથી તે કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન સસ્પેન્શનમાં મુકી શકાય. એનો અર્થ એ થાય કે આ કારણે સસ્પેન્શનમાં મુકવા માટે ઈન્કવાયરીની કાર્યવાહી કરવાનું ફરજિયાત છે. અન્ય રીતે કહીએ તો સદરહું પગલું વિચારણા હેઠળ હોય છતાં તપાસ કરવામાં આવે નહીં તો તે સંજોગોમાં આ કારણે કામદારને હરકોઈ સમય માટે સસ્પેન્શન મુકી શકાય નહીં.

(૨૧) સ્ટેડીંગ ઓર્ડર નં. ૨૩(૨) અને સ્ટેડીંગ ઓર્ડર નં. ૨૩(૫) નો પહેલો ભાગ ભિન્ન રીતે નહીં પણ એકત્રિત રીતે વાંચતાં કામદારને સસ્પેન્શન ઉપર ઉતારવાનું બીજું કારણ એ છે કે કામદારને આક્ષેપિત ગેરવર્તણૂંક માટે ખુલાસો આપવાની તક આપવામાં આવી હોય તો સસ્પેન્શન ઉપર ઉતારવાનો સમયગાળો ખુલાસાની તક આપવાના સમયગાળા પુરતો જ છે. બીજી રીતે કહીએ તો તપાસની કાર્યવાહી કરવામાં આવ્યા સિવાય સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૧) માં દર્શાવેલ શિક્ષાનો હુકમ કરવામાં આવેલ સંજોગોમાં જેટલા સમય માટે ખુલાસો કરવા સમય આપવામાં આવ્યો હોય તેટલા સમયગાળા દરમિયાન કામદારને સસ્પેશનમાં મુકી શકાય.

(૨૨) ઉપર જણાવ્યું તેમ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૨(ઈ) ની જોગવાઈ મુજબ કામદાર એક સાથે દશ દિવસથી વધુ સમયગાળા માટે રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેલ હોય એ કૃત્યા ગેર-વર્તણૂંક બને છે. આ કૃત્ય માટે કંપનીએ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩(૨) ની અબાધીત સત્તાનો ઉપયોગ કરી આક્ષેપિત ગેરવર્તણૂક અંગે ખુલાસો મેળવી સક્ષમ અધિકારીની સહીવાળા લેખીત હુકમથી એ દિવસના સસ્પેન્શન ઉપર ઉતારવાની સજા કરેલ છે. હકિકતે કામદારની ગેરવર્તણૂંકનો પ્રકાર ધ્યાનમાં લેતાં આ સજા તદ્દન મામુલી પ્રકારની છે. કામદારે ભોગવેલ બિનઅધિકૃત રજાનું વર્તન અને કામદારે આપેલ નિ. ૧૦/૮ના ખુલાસામાં કામદારનું વર્તન ધ્યાનમાં લેવામાં આવે તો એમને આથી વધુ શિક્ષા કરવા પાત્રનો આ કેસ હોવાનું માલુમ પડે છે. સદરહુ ખુલાસામાં પોતે રજા મંજૂર કરાવ્યા વગર રજા ઉપર ઉતરી જવાના પગલા અંગે કોઈ દિલસોજી દર્શાવેલ નથી. આથી ઉલટું કામદારે પોતે કામદારની હેસિયતમાં અને સક્ષમ અધિકારીની હેસિયતમાં વર્તન કરેલ છે. એક બાજુ તેમણે કામદારની હેસિયતમાં રજાની અરજી કરી છે જે ના-મંજુર થયાં છતાં પોતાની મેળે મંજૂર કરી દઈ રજા ઉપર ઉતરી ગયા છે. આમ રજા મંજુર કરવાની સક્ષમ અધિકારીની સત્તા પોતાને નહીં હોવા છતાં તેને તેમણે ઉપયોગ કરેલ છે અને સદરહું ખુલાસામાં પણ આ રીતનું વર્તન દર્શાવેલ છે. કામદારનું એવું વર્તન છે કે પરીક્ષામાં બેસવાના કારણે રજા માંગેલ હોઈ કંપની પાસે રજા મંજુર કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ જ હતો નહીં અને આથી કંપનીએ રજા ના-મંજુર કરેલ છતાં તેમને રજા પર ઉતરી જવાનો હક્ક છે અને તેવો હક્ક હોય તેમ ભોગવેલ છે. આ પ્રકારનું વર્તન હરકોઈ સંસ્થા સાંખી શકે નહીં કે તેને ઉત્તેજન આપી શકે નહીં. સંસ્થામાં શિસ્તનું સબળ અને સફળતાપૂર્વક આચરણ કરવા માટે આ રીતનું હરકોઈ કામદારનું વર્તન ઘાતક સ્થિતિ ઉપસ્થિત કરે અને તે હરકોઈ સંજોગોમાં સંસ્થાના હિત વિરૂધ્ધ જાય. અને આમ સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૧૪(૧) ની જોગવાઈઓ મુજબ

INDEX

રજા મંજુર કરવાના કંપનીના અબાધીત હક્કનો / સત્તાનો છેદ ઉડી જતો હોઈ, કામદારનું સદરહું વર્તન સ્ટેન્ડીંગ ઓર્ડરની ઉપર ચર્ચેલ જોગવાઈ વિરૂધ્ધનું થયેલ છે. સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૧૪ (૬) ની જોગવાઈઓ મુજબ હરકોઈ કામદારને રજાની અરજી ઉપરના હુકમથી અસંતોષ થયો હોય તો તેમાં જણાવ્યા પ્રમાણે સક્ષમ અધિકારીને અપીલ કરવાની જોગવાઈ છે. હકીકતે કામદારની નિ. ૧૦/૧ની તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૮૦ની અરજી ના-મંજુર થઈ તેની સામે કામદારે આ રીતનું પગલું ભરવાનો એટલે કે અપીલ કરવાનો ઉપાય કામદાર પાસે હતો તે અજમાવવાના બદલે કામદાર સીધેસીધા રજા ઉપર ઉતરી ગયા છે તે વર્તણૂક ઉપર જણાવ્યા પ્રમાણે સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ વિરૂધ્ધ છે.

(૨૩) કામદાર તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૧૪ (૩) ની જોગવાઈઓ મુજબ ત્રણ દિવસની અંદર કંપનીએ અરજી ઉપર હુકમ કરેલ નથી પરંતુ ત્રણ દિવસમાં હુકમ કરવાની જોગવાઈની કારણે કામદાર રજા ભોગવવાનો હક્ક માણી શકે નહીં. આ જોગવાઈ અન્વયે હુકમ જોઈતો હોય તો સક્ષમ અધિકારીને મળીને હુકમ મેળવી શકે. કંપનીના સદરહું સક્ષમ અધિકારીની જુબાની ઉપરથી એવું ફલિત થાય છે કે કામદારને જણાવવામાં આવેલ કે આગાઉથી અન્ય કામદારો રજા મંજુર કરાવી ગયા છે તે પૈકી હરકોઈ એકને સમજાવવામાં આવે અને તે પોતાની રજા રદ કરાવે તો આ કામદારની રજા મંજર થઈ શકે. આ કારણે પણ રજાની અરજી ઉપર ત્રણ દિવસમાં હુકમ થયો નહીં હોય તે નકારી શકાય નહીં. આમ ત્રણ દિવસમાં હુકમ ન કરવાની વિગત કામદારને ગેરકાનૂની રીતે બિનઅધિકૃત રજા ઉપર ઉતરી જવાના કૃત્યમાં હરકોઈ રીતે મદદરૂપ રહેતી નથી.

(૨૪) કામદાર તરફે દલીલ દરમિયાન એવો કેસ રજુ કરવામાં આવેલ છે કે નિ. ૧૦/૧૦ સ્ટેન્ડીંગ ઓર્ડર પ્રમાણિત સ્ટેન્ડીંગ ઓર્ડર નથી. આ રીતના કોઈ વાંધા નીચલી અદાલતમાં લેવામાં આવેલ નથી. ઉલટાનું કામદારે પોતે પોતાની ઉલટ તપાસમાં કબૂલ કરેલ છે કે આ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ મુજબ તેમણે રજાની અરજી કરવાની રહે છે. આથી દલીલ દરમિયાન રજુ કરવામાં આવેલ સદરહું વાંધો કામદારના પ્રતિનિધિ માટે ખૂબ માન સહિત સ્વીકારવો મુશ્કેલ છે, જેથી સ્વીકારવામાં આવતો નથી.

(૨૫) ઉપરના સંજોગોમાં કામદારના સદરહું ગેરવર્તન માટે કંપનીએ બે દિવસની સસ્પેન્શનની કરેલ સજાનો હુકમ સંપૂર્ણપણે શુધ્ધબુધ્ધિપૂર્વકનો અને યોગ્ય છે એટલું જ નહીં પણ ગેરવર્તણૂક માટે પ્રમાણસરતાનો સિધ્ધાંત જોવામાં આવે તો અતિશય મામુલી અને હળવી પ્રકારની શિક્ષાનો છે.

(૨૬) સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ (૫) નો છેવટનો ભાગ અંગ્રેજી ભાષામાં નીચે મુજબ છે.

If as a result of the enquiry held or explanation tendered it is decided not to take any action under clause (1), the employee shall be deemed to have been on duty and shall be entlitled to fall wages and all priveleges for the fall period of the suspension.

જેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર (રૂપાંતર) નીચે મુજબ છે.

"જો કરવામાં આવેલ તપાસની કાર્યવાહીના પરિણામરૂપે અથવા ખુલાસો રજુ થયેથી સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ના ક્લોઝ (૧) ની જોગવાઈઓ પ્રમાણે હરકોઈ પગલું નહીં ભરવાનું નક્કી કરવામાં આવે તો તે કામદારને ફરજ ઉપર ગણવાનું રહે અને સસ્પેન્શનના પુરેપુરા સમયગાળા માટે તે કામદાર પુરેપુરો પગાર અને તમામ પ્રકારના લાભો મેળવવા હક્કદાર રહે."

INDEX

(૨૭) ઉપર સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ (૫) ની પહેલી જોગવાઈની ચર્ચા કર્યા પ્રમાણે કામદારને સસ્પેન્શન પર ઉતારવા માટે તપાસ કરવામાં આવે તો જ ઈન્કવાયરી શરૂ થયેથી પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે કામદારને સસ્પેન્શન ઉપર ઉતારી શકાય. હાલના કેસમાં ઈન્કવાયરી કરવામાં આવેલ નથી અને આથી તે કારણે કોઈ સમયગાળા દરમિયાન કામદારને સસ્પેન્શન ઉપર ઉતારી શકાય નહીં અને તેવી સત્તા કંપનીને નથી.

(૨૮) ઉપર ચર્ચેલ સદરહુ બીજા કારણ અનુસાર કંપનીને કામદારને કેટલા સમયગાળા માટે સસ્પેન્શન ઉપર ઉતારવાની સત્તા છે એ ધ્યાનમાં લેવાનું રહે. ઉપર વિગતવાર ચર્ચાયા પ્રમાણે સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ (૫) ની જોગવાઈ અન્વયે કામદારના વિરૂધ્ધના આક્ષેપિત સંજોગોનો ખુલાસો માંગવામાં આવે તે સંજોગોમાં ખુલાસો માંગવામાં આવેલ સમયગાળા પુરતા સમય માટે કામદારને સસ્પેન્શન પર રાખી શકાય.

(૨૯) કામદારને નિ. ૧૦/૭ની તારીખ ૨૦મી મે, ૧૯૮૦ની કારણદર્શક નોટીસથી દિન-૨માં આક્ષેપીત સંજોગોનો ખુલાસો રજૂ કરવા તક આપવામાં આવેલ છે. કામદારે પોતાના નિ. ૧૦/૮ના તારીખ ૨૩મી મે, ૧૯૮૦ના લેખીત ખુલાસામાં જણાવ્યા પ્રમાણે તેમને કારણદર્શક નોટીસ તારીખ ૨૧મી મે, ૧૯૮૦ના દિને મળેલ છે એટલે કે ૨ દિવસના સમયગાળામાં ખુલાસો આપવાની વિગત ધ્યાનમાં લઈએ તો કંપનીને કામદારને તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસના સમયગાળા પુરતા જ સસ્પેન્શન ઉપર ઉતારવાની સત્તા છે.

(૩૦) કંપનીની નિ. ૧૦/૭ની કારણદર્શક નોટીસમાં છેક નીચે દર્શાવ્યા પ્રમાણે કામદારને મૌખિક હુકમથી તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી સસ્પેન્શનમાં મૂકવામાં આવેલ છે અને કંપનીના શિક્ષા ફરમાવતા નિ. ૧૦/૯ના મેમોમાં તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી તારીખ ૩૦મી મે, ૧૯૮૦ ના સમયગાળાને ખુલાસો રજુ કરવા માટે આપવામાં આવેલ સમયગાળા તરીકે દર્શાવી તે તારીખોના સમયગાળા માટે કામદારને સસ્પેન્શનમાં રાખવાનો અને તે સમય પૂરતું સબસીટવન્સ એલાઉન્સ ચૂકવવાનો હુકમ કરેલ છે. હકિકતે ઉપર દર્શાવ્યુ તેમ કામદારને ખુલાસો આપવાની તક માટે ફકત બે દિવસ એટલે કે તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ નો સમયગાળો ફાળવવામાં આવેલ છે. આમ કંપનીને કામદારને સસ્પેન્શનમાં ઉતારવા માટે જે સત્તા છે તે અન્વયે કંપની કામદારને તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને તારીખ ૨૨મી મે ૧૯૮૦ એમ બે દિવસ પુરતા જ સસ્પેન્શનમાં રાખી શકે અને તેટલા દિવસના સમયગાળા માટે સબસીટવન્સ એલાઉન્સ ચૂકવી શકે. આમ તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસ પૂરતા સસ્પેન્શનમાં રાખવાનું તથા તે સમયગાળા માટે સબસીટવન્સ એલાઉન્સ ચૂકવવાનું કૃત્ય સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૨૩ (૫) ની જોગવાઈ અનુસાર છે, પરંતુ તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી તારીખ ૨૦મી મે, ૧૯૮૦ ઉપરાંત તારીખ ૨૩મી મે, ૧૯૮૦થી ૩૦મી મે, ૧૯૮૦ના સમયગાળા માટે સસ્પેન્શનમાં રાખી ફકત સબસીટવન્સ એલાઉન્સ ચૂકવવાનું કૃત્ય સદરહું જોગવાઈને સુસંગત નથી અને જોગવાઈ વિરૂધ્ધનું છે.

(૩૧) ઉપર સંજોગોમાં કામદારને તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને તારીખ ૧લી જૂન, ૧૯૮૦ બે દિવસની કરવામાં આવેલ સસ્પેન્શનની શિક્ષા કાનૂની, વાજબી, લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબની અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબની છે માટે પ્રશ્ન નં. ૧નો જવાબ ઉપર મુજબ છે.

INDEX

(૩૨) ઉપર વિગતવાર ચર્ચા કર્યા પ્રમાણે કંપનીનું કામદારને તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસ માટે સસ્પેન્શન પર રાખી સબસીટવન્સ એલાઉન્સ ચૂકવવાનું કૃત્ય કાનૂની, વાજબી અને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબનું છે, પરંતુ તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી ૨૦મી મે, ૧૯૮૦ અને ૨૩મી મે, ૧૯૮૦ થી ૩૦મી મે, ૧૯૮૦ના સમયગાળા દરમિયાન પણ સસ્પેન્શનમાં રાખી તે સમયગાળાનું ફકત સબસીટવન્સ એલાઉન્સ ચૂકવવાનું કંપનીનું કૃત્ય સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ વિરૂધ્ધનું છે. આ રીતે પ્રશ્ન નં. ૨નો જવાબ આપવામાં આવે છે.

પ્રશ્ન નં. ૩ના કારણો :

નીચલી અદાલતે પોતાના આંક ૩૫ના ચૂકવામાં જણાવેલ કારણો અન્વયે દિન-૨ની શિક્ષાનો હુકમ તથા તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસના સસ્પેન્શન ઉપર રાખી સબસીટવન્સ એલાઉન્સ ચૂકવવાનો હુકમ ગેરકાનુની, ગેરવાજબી અને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ વિરૂધ્ધ હોવાનું ઠરાવ્યું છે તે ઉપર વિગતવાર ચર્ચેલ કારણોસર ટકી શકે તેમ નથી અને તે માટે તેટલા પુરતો રદ કરવા પાત્ર બને છે.

પ્રશ્ન નં. ૩નો જવાબ ઉપર મુજબ છે.

પ્રશ્ન નં. ૪ના કારણો :

ઉપરના સંજોગોમાં હાલની અપીલ કંઈક અંશે મંજુર અને કંઈક અંશે ના-મંજુર કરવાની રહે છે, અને આ સંજોગોમાં બંને પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવાનો હુકમ કરવામાં આવે તે ન્યાયી, યોગ્ય અને વાંજબી રહેશે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

હાલની અપીલ કંઈક અંશે મંજુર રાખવામાં આવે છે અને કંઈક અંશે ના-મંજુર રાખવામાં આવે છે.

(૧) સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ અરજી (ઓ. ટી.) નં. ૧૨૬/૮૦ના કામે આંક-૩૫ના ચૂકાદાથી નિ. ૧૦/૯ના તારીખ ૩૦મી મે, ૧૯૮૦ના નં. ૧૪૩૦ના ધી સુરત ઈલેકટ્રીસીટી કંપની લીમીટેડના શિક્ષા ફરમાવતા મેમોથી તારીખ ૩૦મી મે, ૧૯૮૦થી ૧લી જુન, ૧૯૮૦ સુધીની કરવામાં આવેલ ફરજ મોકુફીની શિક્ષાને રદ કરતો જે હુકમ કરેલ છે તે નીચલી મજુર અદાલતનો હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૨) તારીખ ૨૧મી મે, ૧૯૮૦ અને ૨૨મી મે, ૧૯૮૦ના બે દિવસના સસ્પેન્શન ઉપર કામદારને ઉતારી તે સમયનું સબસીટવન્સ એલાઉન્સ (નિર્વાહભથ્થું) આપવાનું કંપનીનું કૃત્ય રદ કરતો નીચલી અદાલતનો હુકમ પણ આ હુકમથી રદ કરવામાં આવે છે, પરંતુ તારીખ ૧૨મી મે, ૧૯૮૦થી તારીખ ૨૦મી મે, ૧૯૮૦ અને તારીખ ૨૩મી મે, ૧૯૮૦થી ૩૦મી મે, ૧૯૮૦ના સમયગાળા દરમિયાન સસ્પેન્શન ઉપર ઉતારી ફકત સબસીટવન્સ એલાઉન્સ

INDEX

ચૂકવવાના કંપનીના કૃત્યને રદ કરતો નીચલી અદાલતના હુકમને આથી મંજુર રાખવામાં આવે છે, પરંતુ તે સમયગાળાને જે પ્રિવિલેજ લીવ ગણવાનો હુકમ કરવામાં આવેલ છે તે નીચલી અદાલતનો હુકમ રદ કરી તે સમયગાળા દરમિયાન કામદારને ફરજ ઉપર ગણવાનો હુકમ કરવામાં આવે છે અને તે રીતે તે સમયનું વેતન અને મળવાપાત્ર લાભો પૈકી સબસીટવન્સ એલાઉન્સ રૂપે ચૂકવેલ રકમ બાદ જતાં બાકી રહેતી રકમ ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) નીચલી અદાલતે કંપનીએ અરજદારને રૂા. ૨૦૦ અરજીના ખર્ચ પેટે ચૂકવવા કરેલ હુકમ પણ રદ કરવામાં આવે છે અને તેના બદલે હુકમ કરવામાં આવે છે કે નીચલી અદાલત સમક્ષની અરજી (ઓ. ટી.) નં. ૧૨૬/૮૦ના કામે અને હાલની અપીલના કામે પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

સુરત, તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૩.

ઈ. બી. ડુમસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-A

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPT. 16, 1993/BHADRA 25, 1915 [No. 37

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Parts I-L IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત, સુરત દ્વારા

આંક-૧૧

સુરતની ઔદ્યોગિક અદાલતના ન્યાયાધિશશ્રી ઈ. બી. ડુમસીયા સાહેબની કોર્ટમાં
અપીલ (આઈ.સી.) નં. ૧૦/૮૯

(૧) સુમનબેન મગનભાઈ
(૨) રમીલાબેન ડાહ્યાભાઈ
(૩) રેવાબેન નારાયણ
(૪) હસુબેન મોહનભાઈ
(૫) મધુબેન કેશવભાઈ

અરજદાર ;

INDEX

તમામ રહેવાસી.....કામદાર મિત્ર મંડળ, ૧૮, કદમપલ્લી સોસાયટી, ટીમલીયા-વાડ, નાનપુરા, સુરત.

વિરૂધ્ધ

મેનેજર,
સુપર સરોજ સીલ્ક મીલ,
રોડ નં. ૯, ઉધના ઉદ્યોગ નગર, સુરત. } સામાવાળા.

બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન એકટની કલમ-૮૪ અન્વયે અપીલ

હાજર રહ્યા : શ્રી દિનેકરભાઈ જી. દેસાઈ ... અરજદાર તરફે
શ્રી એમ. ડી. પારેખ ... સામાવાળા તરફે

અપીલ (આઈ.સી.) ૧૧/૮૯

શાંતાબેન શક્કરભાઈ
C/o. કામદાર મિત્ર મંડળ, ૧૮ કદમપલ્લી સોસાયટી, નાનપુરા, સુરત. } અરજદાર :

વિરૂધ્ધ

મેનેજર,
સુપર સરોજ, સીલ્ક મીલ્સ,
રોડ નં. ૯, ઉધના ઉદ્યોગ નગર, સુરત. } સામાવાળા.

બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન એકટની કલમ-૮૪ અન્વયેની અપીલ

હાજર રહ્યા : શ્રી દિનકરભાઈ જી. દેસાઈ ... અરજદાર તરફે
શ્રી એમ. ડી. પારેખ ... સામાવાળા તરફે

સામાન્ય ચુકાદો

અપીલ નં. (આઈ.સી.) ૧૦/૮૯ તથા અપીલ નં. (આઈ.સી.) ૧૧/૮૯ના કામમાં હકીકતોની વિગતો તથા લાગુ પડતા કાયદાની જોગવાઈઓ એક જ પ્રકારની હોય આ બંને અપીલોનો નિર્ણય આ સામાન્ય ચુકાદાથી કરવામાં આવેલ છે.

(૨) અપીલ આઈ.સી. નં. ૧૦/૮૯, સુરતના બીજી મજુર અદાલતના ન્યાયાધિશશ્રીએ ટી. અરજી નં. ૩૫૪/૮૧ના કામમાં તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૯ના રોજ આપેલ આંક-૨૬ ના ચુકાદાને પડકારતી કરવામાં આવેલ છે અને અપીલ (આઈ.સી.) નં. ૧૧/૮૯ના સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધિશશ્રીએ તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૯ના રોજ ટી. અરજી નં. ૩૮૨/૮૧ના કામમાં આંક-૨૨થી આપેલ ચુકાદાને પડકારતી કરવામાં આવેલ છે.

INDEX

(૩) નીચલી અદાલતના બંને કામો અરજદારની તથા સામાવાળાની હકીકતો એક સરખી જ છે.

(૪) નીચલી અદાલતમાં બંને અરજીઓના અરજદારોએ પોતાની આંક-૧ની જે તે અરજીમાં એવી વિગતો રજુ કરેલ છે કે અરજદારો વાઈન્ડર તરીકે સામાવાળા મીલમાં અરજીમાં જણાવેલ તારીખથી (એક વર્ષ કરતાં વધુ સમયથી) કામ કરતા હતા. પરંતુ શેઠ તરફથી ઓવરટાઈમ અને અઠવાડિક રજાના રોજનો પગાર આપવામાં આવતો નહીં હોવાથી તેઓએ તેની માંગણી કરેલ, આથી શેઠે નોટીસ આપ્યા વગર તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૮૧થી વાર્ષિક ૧૫ દિવસનો પગાર તથા નોકરીનો બાકી પગાર ચુકવી નોકરીમાંથી છુટા કરેલ છે. આથી તારીખ ૧૬મી જુલાઈ, ૧૯૮૧ના રોજનો વિનંતી પત્ર લખેલ, જેની કોઈ દાદ આપેલ નહીં. અને આથી બી.આઈ.આર. એકટની કલમ-૭૮ સાથે વાંચતા કલમ-૭૯ અન્વયે કુલ ૫ કામદારોએ ટી. અરજી નં. ૩૫૪/૮૧ની કરેલી, અને બાકીના કામદારે ટી. અરજી નં. ૩૮૨/૮૧ની કરેલી. અને દરેક અરજદારોએ નીચલી અદાલતમાં નોકરીમાંથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર જાહેર કરવાની તથા તેઓને તેમની અસલ જગ્યાએ ફરી નોકરી ઉપર રાખી અને ત્યાં સુધીનો પડેલા તમામ દિવસોનો પગાર પુરેપુરો ભરપાઈ કરી આપે તેવી દાદ માંગેલ છે.

(૫) ટી. અરજી નં. ૩૫૪/૮૧ના કામમાં સદરહુ સામાવાળા મીલ કંપનીએ આંક-૩ થી અને ટી. અરજી નં. ૩૮૨/૮૩ના કામમાં સામાવાળા મીલ કંપનીએ આંક-૪ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે. અને એવા વાંધા જણાવેલ છે કે આ તમામ કામદારો પોતાની સ્વેચ્છાએ નોકરી છોડી ગયા છે. અને હવે આ કામદારો ગણાય નહી. કામદારોને ઓવરટાઈમ અને અઠવાડિક રજાના રોજના પગારની માંગણી કરી અને તેઓને નોકરીમાંથી છુટા કરેલાના આક્ષેપનો ઈન્કાર કરેલ છે. અને તારીખ ૧૬મી જુલાઈ, ૧૯૮૧નાં વિનંતી પત્ર અંગે એવી રજુઆત કરેલ છે કે તેમને છુટા કર્યાનો ખોટો ડોળ કરેલ છે. મુળ એવો કેસ રજુ કરેલ છે કે તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૮૧ના દિને આ તમામ કામદારો મેનેજરને મળેલા, અને નોકરી કરવા માંગતા નથી, બીજે નોકરી શોધી લીધી છે. એવું જણાવી મીલની નોકરીમાંથી ફારેક કરવા મેનેજરને ફોર્મમાં જણાવ્યું અને બાકી પગાર હક્ક રજાના નાણાં તથા મહેરબાની રાહે રીટ્રેન્ચમેન્ટ કોમ્પેન્શેશનના નાણાં ચુકવી આપવા વિનંતી કરી. સામાવાળા પોતાના સદરહુ લેખીત જવાબમાં પાછળથી સુધારો કરી એવો કેસ આગળ ધરેલ છે કે ત્યારબાદ કામદારો છાપેલા ફોર્મમાં લેખીત રાજીનામું આપેલ, કામદાર હસુબેને તે ઉપર સહી કરેલ, બાકીના કામદારોએ પોતાનો અંગુઠો કરેલ છે. આમ તમામ કામદાર સ્વેચ્છાએ નોકરી છોડી ચાલી ગયેલા, તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૮૧ના દિને તેઓને બાકી પગાર ના નાણા, હક્કરજાના નાણા, તથા મહેરબાની રાહે રીટ્રેન્ચમેન્ટ કોમ્પેન્શેશનના નાણા ચુકવી દેવામાં આવેલ છે. અને તેની કાયદેસરની પહોંચ લેવામાં આવેલ છે. સામાવાળા મીલ તરફે સદરહુ લેખીત જવાબમાં લેબર કોર્ટને અરજી ચલાવવાને હકુમત ન હોવાની તથા બી. આઈ. આર. એકટની જોગવાઈઓ હેઠળ આ અરજી ચાલી શકે નહી એવી તકરાર લીધેલ છે. અંતમાં બંને અરજીઓ ખર્ચ સહિત રદ કરવાની દાદ માંગેલ છે.

(૬) ટી. અરજી નં. ૩૫૪/૮૧ના કામમાં અરજદારો તરફે આંક-૧૦ થી દસ્તાવેજો લીસ્ટ સાથે ૩ દસ્તાવેજો રજુ કરેલ છે અને તમામ અરજદારો તરફે અરજદાર નં. ૨ રમીલાબેને આંક-૧૩ થી અને અરજદાર નં. ૪ હસુબેને આંક-૧૫ થી જુબાની આપેલ છે. જે કામે સામાવાળા મીલે આંક-૯ના

INDEX

દસ્તાવેજી લીસ્ટ સાથે કુલ-૮ કાગળો તથા આંક-૧૨ના દસ્તાવેજી લીસ્ટ સાથે કુલ-૮ કાગળો રજૂ કરેલ છે. મેનેજર શ્રી પ્રભાકરને આંક-૧૮ થી તપાસેલ છે.

(૭) ટી. અરજી નં. ૩૮૨/૮૧ના કામમાં અરજદારે આંક-૯ના દસ્તાવેજી લીસ્ટથી ૪ કાગળો રજુ કરેલ છે અને પોતાને આંક-૧૦થી તપાસેલ છે. સામાવાળાં મીલ તરફે આંક-૮ ના દસ્તાવેજી લીસ્ટ સાથે કુલ ૪ કાગળો અને આંક-૧૪ ના દસ્તાવેજી લીસ્ટ સાથે એક કાગળ રજુ કરેલ છે. સામાવાળા મીલ મેનેજરશ્રી પ્રભાકરને આંક-૧૫ થી તપાસેલ છે.

(૮) બંને અરજીઓના કામે મજૂર અદાલતે પડેલ પુરાવા ધ્યાનમા લઈ બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલ ધ્યાનમાં લઈ અરજી નં. ૩૫૪/૮૧ ના કામે આંક-૨૬ થી અને ટી. અરજી નં. ૩૮૨/૮૧ ના કામે આંક-૨૨ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૯ના રોજ ચુકાદો જાહેર કરી કરી બંને અરજીઓ રદ કરેલી. અને બંને ચુકાદાઓ હાલના અપીલના કામથી અટકાવવામાં આવેલ છે.

(૯) બંને કામના કાગળો જોયા, બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા, બંને કામોમા મારા નિર્ણય માટે નીચેના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

પ્રશ્નો

(૧) શું કામદારોએ આક્ષેપ કર્યા પ્રમાણે સામાવાળા મીલના શેઠે તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

(૨) શું સામાવાળા મીલના કહેવા પ્રમાણે કામદારો સ્વેચ્છાએ નોકરી છોડી દીધેલ છે?

(૩) શું મજૂર અદાલતનો અરજી રદ કરતો ચુકાદો ગેરકાનુની, અન્યાયી અને અયોગ્ય છે?

(૪) શું આખરી હુકમ.

નીચે જણાવેલા કારણોસર મારા ઉપરોકત પ્રશ્નોના જવાબ નીચે. મુજબના છે :—

(૧) હકારાત્મક.
(૨) નકારાત્મક.
(૩) હકારાત્મક.
(૪) આખરી હુકમ પ્રમાણે.

કારણો

(૧૦) પ્રશ્ન નં. ૧ તથા ૨.—ટી. અરજી નં. ૩૫૪/૮૧ ના કામે અરજદાર નં. ૨ ના રમીલાબેન એ આંક-૧૩ થી મૌખિક જુબાની આપી જણાવેલ છે કે કામદારોએ પગાર વધારો અને ઓવરટાઇમની માંગણી કર્યેથી શેઠે તેઓને કાઢી મુકેલ છે. હિસાબ લઈ જાઓ. તેવું કહી

INDEX

હિસાબ આપી છુટા કરેલ છે. ઉલટ તપાસમાં તેણીએ કબુલ કરેલ છે કે, પગાર વધારો, ઓવર-ટાઈમ કે કાઢી મુકયાની સરકારી મજૂર અધિકારીને કે યુનિયનને ફરીયાદ કરેલ નથી. એ જ પ્રમાણે હસુબેન આંક-૧૫ની સરતપાસમાં જણાવેલ છે કે પગાર વધારો, ઓ. ટી. માંગણી કરેલ, આથી તેઓને હિસાબ કરીને કાઢી મુકેલા છે. ઉલટ તપાસમાં ઓવરટાઈમ કે પગાર વધારા માટે યુનિયનમાં કે સરકારી મજૂર અધિકારીને ફરીયાદ નહીં કર્યાનું જણાવે છે. ટી. અરજી નં. ૩૮૨/૮૧ના કામમાં અરજદાર શાંતાબેન એ આંક-૧૦ ની મૌખિક જુબાનીમાં જણાવે છે કે દૈનિક મજૂરીના નાણાં વધાર-વાની માંગણી કરતા શેઠે કામ પર રાખવાની ના પાડી અને છુટા કર્યા. ઉલટ તપાસમાં તેણીએ કબુલ કરેલ છે કે ઓવરટાઈમ અંગે સરકારી મજૂર અધિકારીને કે યુનિયનને ફરીયાદ કરેલ નથી. આ તમામ અરજદારો પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે શેઠે કાઠી મુકયા તે અંગે લેખીત માંગણી કરેલ નથી. પગાર ચુકવ્યા અને હિસાબ માટે પુછયું નથી. કેટલો પગાર વધારો માંગેલ તે જણાવેલ નથી.

(૧૧) ટી. અરજી નં. ૩૫૪/૮૧ના કામે આંક-૧૮ થી અને ટી. અરજી નં. ૩૮૨/૮૧ ના કામમાં આંક-૧૫ થી મીલના મેનેજરશ્રી પ્રભાકરને તપાસેલ છે. આ બંને કામોમાં તેમની જુબાની એક સરખી જ છે. જેમાં તેમણે જણાવેલ છે કે, તેઓ ગુજરાતી સમજી શકે છે પણ લખી શકતા નથી કારણ કે તેઓ મલાયલમ છે. તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૮૧ ના રોજ આ તમામ કામદારો તેમની પાસે આવેલા, અને જણાવેલ કે બીજી જગ્યાએ નોકરી મળી ગયેલ છે. અને હિસાબ આપો, આથી તેમણે જણાવેલ કે રાજીનામુ લખી આપો, તેના જવાબમાં કામદારોએ જણાવેલ કે લખતા આવડતુ નથી. તમો પોતે લખી આપો, સહી કરીશ. આથી મેનેજરે પોતે તૈયાર કાગળની ઉપર સહી/અંગુઠો લીધેલ, જેમાં બાકી પગાર, હક્કરજાના પગારના નાણા ઉપરાંત રીટ્રેન્ચમેન્ટ કોમ્પેન્સેશનની વિગત જણાવેલ છે. ઉલટ તપાસમાં એપ્રોચ લેટર મળ્યો છતા જવાબ આપેલ નહીં હોવાનું જણાવે છે અને અરજદારોનો સદરહુ કેસનો ઈન્કાર કરે છે.

(૧૨) ઉપર મુજબની મૌખિક જુબાની રેકર્ડ ઉપર છે. કયા પક્ષકારની મૌખિક જુબાની સાચી છે તે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોની વિગત તપાસી નક્કી કરવાનું રહે.

(૧૩) સામાવાળા મીલ તરફથી ટી. અરજી નં. ૩૫૪/૮૧ ના કામમાં લખાણના કાગળો નિ. ૯/૧ થી ૯/૫ થી રજુ કરવામાં આવેલ છે અને અસલ લખાણ નિ. ૧૨/૧ થી ૧૫/૫ થી રજુ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે ટી. અરજી નં. ૩૮૨/૮૯ ના કામમાં નિ. ૮/૧ થી લખાણની નકલો અને નિ. ૧૪/૧ થી અસલ લખાણ રજુ કરવામાં આવેલ છે. આ તમામ લખાણ છાપેલ ફોર્મમાં છે. અને એક સરખાજ લખાણવાળુ છે. જે નીચે મુજબ છે.

"હું નીચે સહી કરનાર કામદારનું જણાવવાનુ કે આજરોજ આપની સંસ્થા, ફેકટરીમાંથી છુટા થતા મને મારા કાયદેસરના બધાજ હક્કો લાભો તેમજ સવલતોના નાણા ચુકતે હિસાબે મળી ચુકેલ છે જેનો કોઈપણ જાતના વાંધા વિરોધ વગર સ્વેચ્છાએ સ્વીકાર કરેલ છે.

ઉપર પ્રમાણે કાયદાની જોગવાઈઓ મુજબના મારા અધિકારનો ચુકતે હિસાબ સમાધાનની રાહે મળી ચુકયો હોય, હવે પછી આપની સંસ્થા, ફેકટરી સાથે મારી કોઈપણ પ્રકારની કાયદેસરની કે અન્ય લેવડદેવડ બાકી રહેતી નથી. જેની ચુકતે હિસાબની પહોંચ આ સાથે હું મારા સાક્ષીની રૂંબરૂમાં લખી આપું છું."

તેમ નથી. મેનેજરની જુબાની કે કામદારોની જુબાની ઉપરથી કઈ વિગત પુરવાર થાય છે તે અંગે સામાવાળા મીલના વિદ્વાન વકીલશ્રી એમ. ડી. પારેખ ૧૯૮૮(૪) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં. ૩૦૨ ઉપર આધાર રાખે છે, પરંતુ તે કામની હકીકત અને આ કામની હકીકત અલગ અલગ પ્રકારની છે. અને સામાવાળા મીલને તે ઓથોરીટી મદદરૂપ થઈ શકતી નથી.

(૨૧) ઉપરના કારણોસર અરજીઓનું લખાણ સ્વેચ્છાએ આપેલ રાજીનામુ નથી પરંતુ સદરહુ લખાણથી સામાવાળા મીલે કામદારોની ગેરકાયદેસર રીતે અન્યાયી રીતે અને અયોગ્ય રીતે નોકરી માંથી છુટા કરેલ હોવાનુ લખાણ હોવાનું ફલીત થાય છે. આથી પ્રશ્ન નં. ૧નો જવાબ હકારમાં અને પ્રશ્ન નં. ૨નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૨૨) પ્રશ્ન નં. ૩ :
મજુર અદાલતના ન્યાયાધિશશ્રીએ પોતાના બંને ચુકાદામાં તકરારી લખાણની વિગતોએ પડેલા મૌખિક પુરાવાની વિગત ધ્યાનમાં લઈ સદરહુ તકરારી લખાણ સ્વૈચ્છિક રાજીનામું હોવાનું જાહેર કરેલ છે તે ઉપર કારણો જણાવ્યા અનુસાર ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અયોગ્ય છે. અને આથી પ્રશ્ન નં. ૩નો જવાબ હકારમાં આપવામાં આવે છે

પ્રશ્ન નં. ૪ ઉપરના કારણોસર બંને અપીલ મંજુર કરીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધિશશ્રીએ ટી. અરજી નં. ૩૫૪/૮૧ના કામમાં આંક-૨૬થી તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૯ના ચુકાદામાં અરજી નામંજુર કરતો કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે. તેવી જ રીતે સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધિશશ્રીએ ટી. અરજી નં. ૩૮૨/૮૧ના કામમાં આંક-૨૨થી તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૯ના ચુકાદમાં અરજી નામંજુર કરતો હુકમ આથી રદ કરવામાં આવે છે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે અરજદારોને તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૮૯ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર, અન્યાયી અને ગેરવ્યાજબી છે.

આથી વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે સામાવાળા મીલ સુપર સરોજ સીલ્ક મીલે ટી. અરજી નં. ૩૫૪/૮૧ના કામદાર (૧) સુમનબેન મગનભાઈ, (૨) રમીલાબેન ડાહ્યાભાઈ, (૩) રેવાબેન નારાયણ (૪) હસુબેન મોહનભાઈ તથા (૫) મધુબેન કેશવભાઈ તથા ટી. અરજી નં. ૩૮૨/૮૧ ના કામદાર શાંતાબેન શુકરભાઈને પોતપોતાની અસલ જગ્યાએ ફરી કામ ઉપર રાખી લઈ અને તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૮૧થી કામ ઉપર રાખી લે તે તારીખ સુધીનો તેઓનો પડેલા દિવસોનો તમામ પગાર પુરેપુરો ભરપાઈ કરી આપવો.

સદરહુ બીજી અરજીમાં સામાવાળા મીલે પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને દરેક અરજદાર એટલે કે ટી. અરજી નં. ૩૫૪/૮૧નાં પાંચ અરજદારોને અને ટી. અરજી નં. ૩૮૨/૮૧ના એક અરજદારને, દરેકને રૂા. ૫૦૦ ખર્ચના ચૂકવવા.

INDEX

મુળ ચુકાદો અપીલ નં. (આઈ. ટી.) ૧૦/૮૯ તથા તેની એક પ્રત (અપીલ નં. આઈ.સી.) ૧૧/૮૯ના કામમાં મુકવી.

સુરત, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૩.

ઈ. બી. ડુમસીયા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

I-L—642

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-18 E

C

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPT. 23, 1993/ASVINA 1, 1915 [No. 38

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other then those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Guiarat Industrial Relations Act

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 29th July, 1993

No. KH-R-93-153/SIA 1088-4696-M(3).—In exercise of the powers conferred by section 90 (read with section 91(*A*) of the Employees State Insurance Act, 1948 (34 of 1948) the Government of Gujarat hereby exempts the Gujarat State Export Corporation Limited, Ahmedabad from the operation of the said Act, for a period of one year with effect from 14th January, 1990 to 13th January, 1994.

2. The above exemption is subject to the following conditions namely :—

(1) The aforesaid Corporation when in he employees are employed shall maintain a register showing the names, and designations of the exempted employees ;

(2) Notwithstanding this exemption, the employees shall continue to receive such benefits under the said Act to which they might have become entitled to on the basis of the contributions paid prior to the date from which exemption granted by this notification operates.

(3) The contributions for the exempted period, if already paid shall not be refunded ;

(4) The employer of the said Corporation shall submit in respect of the period during which that factory was subject to the operation of the said Act (hereinafter referred to as the said period), such retrurns in such form and containing such particulars as were due from it in respect of the said period under the Employee's State Insurance (General) Regulations, 1960.

3. Any inspector appointed by the Corporation under sub-section (*1*) of section 45 of the said Act, or other official of the Corporation authorised in this behalf shall, for the purpose of.–

(i) Verifying the particulars contained in any return submitted under sub-section (*1*) of section 44 of the said period or,

(ii) ascertaining whether registers and records were maintained as required by the State Employees State Insurance (General) Regulations, 1950 for the said period ; or

(iii) ascertaining whether the employees continue to be entitled to benefits provided by the employer in cash and kind being benefits in consideration of which exemption is being under this notification or

(iv) ascertaining whether any of the provisions of the Act has been complied with during the period when such provisions were in force in relation to the said Corporation be empowered to.–

(a) require the principal or immediate employer to furnish to him such information as he may consider necessary ; or

(b) enter any factory, establishment, office or other premises occupies by such principal or immediate employer at any reasonable time and require any person found incharge thereof the produce to such Inspector or other official and allow him to examine such documents, books and other documents relating to the employment of person

INDEX

and payments of wages or to furnish to him such information as he may consider necessary ; or

(c) Examine the principal or immediate employer, his agent or servant, or any person found in such factory establishment, office or other premises or any person whom the said Inspector or other official has reasonable cause to believe to have been an employee ; or

(d) make copies of or take extracts from any register account book or other document maintained in such factory establishment, office or other premises.

By order and in the name of the Government of Gujarat,

(Sd.) Illegible,
Section Officer,
Labour and Employment Department.

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૩

સુધારો

ક્રમાંક કેએચઆર/૧૬૦/આઈડીએ-૧૦૯૩-૫૦૨-મ-(૨).—આ વિભાગના તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૩ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૫૪-આઈડીએ-૧૦૯૩-૫૦૨-મ(૨) થી બહાર પાડેલ જાહેરનામામાં રેફરન્સ (આઈ.ટી.) ૩૦૬/૯૨ લખાયેલ છે જે રેફરન્સ (આઈ.ટી.) ૩૦૬/૯૨ ને બદલે રેફરન્સ (આઈ.ટી.) ૩૦૬/૯૦ વાંચવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી,

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ,

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગસ્ટ ૧૯૯૩.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૬૪/એજેએન-૧૦૯૩-એફઆર-૪૩૬-મ-(૨).—ગુજરાત નર્મદા ઓટો લી., વાલીયા અને તેમા કામ કરતાં કામદારો વતી નર્મદા એપ્લોઇઝ યુનિયન વચ્ચે આ સાથે જોડેલ અનુસુચિમાં દર્શાવેલ માંગણીઓ અંગે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થયેલ છે. આ ઔદ્યોગિક તકરારને સમાધાન અધિકારીએ સમાધાન કાર્યવાહીમાં (કન્સી. કેસ નં. ૪/૯૨), દાખલ કરેલ આ સમાધાન દરમ્યાન પક્ષકાર વચ્ચે સમાધાન થઈ શકેલ નથી. અને તે નિષ્ફળતામાં પરિણમેલ હોઈ, સમાધાન અધિકારીએ ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૨(૪) અન્વયે નિષ્ફળતાનો અહેવાલ રાજ્ય સરકારને સાદર કરેલ છે. રાજ્ય સરકારે ઉકત નિષ્ફળતા અહેવાલ ઉપર વિચારણા કરી છે. અને વિચારણાને અંતે ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ (સને ૧૯૪૭ન ૧૪માં)ની કલમ-૧૦ પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી રાજ્ય સકારને મળેલ સત્તાની રૂએ વાદગ્રસ્ત ઔદ્યોગિક તકરારને ન્યાય-નિર્ણય કરવા માટે વડોદરાની ૧ નંબરની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને જણાવે છે.

માંગણી નં. ૧.—આ સાથે બીડેલ યાદી મુજબના કામદારોને કંપનીમાં તેઓ જોડાયા તે દિવસથી કાયમી કામદાર તરીકે માન્યતા આપવામાં આવે કે કેમ ?

માંગણી નં, ૨.—કામદારો નોકરીમાં જોડાયા તે દિવસથી પૂરા થયેલ આ કોન્ટ્રાકટના સમય બાદ તેઓને કાયમી કામદારો જેટલો પગાર તથા અન્ય લાભો ચુકવી આપવા જોઈએ કે કેમ ?

ક્રમ	પી. સી. નં.	નામ	કેટેગરી	ખાતું	છેલ્લી તારીખ
૧	૧૪૫૨	શ્રી પી.આઈ. પટેલ	વર્કમેન	સીવીલ મેઈન્ટેનન્સ	૧૬/૪/૯૨
૨	૧૬૧૫	શ્રી ડી. એસ. મોદી	વર્કમેન	એડમિનિસ્ટ્રેટીવ	૧/૬/૧૯૯૨
૩	૧૬૧૬	શ્રીમતી એલ. એ. દત્તા	સ્ટાફ	મેડીકલ	૪/૬/૧૯૯૨
૪	૧૬૧૯	શ્રી જે. બી. માટીએડા	વર્કમેન	પ્લાનીંગ	૧૧/૧૨/૧૯૯૧
૫	૧૬૩૮	શ્રી એન. એન. રાવલ,	વર્કમેન	ઈલે. મેઈન્ટેનન્સ	૩૧/૦૩/૧૯૯૨
૬	૧૬૫૮	શ્રી બી. એસ. નીઝામા	સ્ટાફ	એકસાઈઝ	૯/૧૨/૧૯૯૧
૭	૧૬૫૯	શ્રી ડી. જી. ડોડીયા	સ્ટાફ	એડમિનિસ્ટ્રેટીવ	૧૧/૧૨/૧૯૯૧
૮	૧૬૯૧	શ્રી જે. બી. બોરાધરા	વર્કમેન	મીકે. મેઈન્ટેનન્સ	૨૧/૦૧/૧૯૯૨
૯	૧૬૯૫	શ્રી કે. કે. અટોદરીયા	વર્કમેન	મીકે. મેઈન્ટેનન્સ	૨૪/૦૧/૯૨
૧૦	૧૭૯૭	શ્રી જે. કે. ખેર	વર્કમેન	મીકે. મેઈન્ટેનન્સ	૩૧/૦૧/૧૯૯૨

INDEX

૧	૨	૩	૪	૫
૧૧	૧૮૦૨ શ્રી કે. એલ. વસાવા	વર્કમેન	મીકે. મેઇન્ટેનન્સ	૧૩/૦૨/૧૯૯૨
૧૨	૧૭૦૬ શ્રી એસ. બી. વાડીવાલા	વર્કમેન	એડમિનિસ્ટ્રેટીવ	૦૧/૦૩/૧૯૯૨
૧૩	૧૭૦૭ શ્રી એસ. આર. પટેલ	વર્કમેન	એડમિનિસ્ટ્રેટીવ	૦૧/૦૩/૧૯૯૨
૧૪	૧૬૦૭ શ્રી એમ. પી. જોષી	સ્ટાફ	ફાઈનાન્સ	૨૩/૦૧/૧૯૯૨
૧૫	૧૬૦૯ શ્રી પી. એ. ધોડા	સ્ટાફ	ફાઈનાન્સ	૨૪/૦૧/૧૯૯૨
૧૬	૧૫૨૨ શ્રી આર. એફ. વસાવા,	વર્કમેન	માર્કેટીંગ -ભરૂચ.	૧૧/૦૨/૧૯૯૨
૧૭	૧૬૨૦ શ્રીમતી વી. એન. જોષી	સ્ટાફ	માર્કેટીંગ-ભરૂચ	૦૭/૦૬/૧૯૯૨

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી.

I-L—644

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

ફીડીંગ (ફ્રાઇલીંગ માટે)

REGISTERED No.G—BA-14E

©

૨૦૬૪-૩૮૪૬૬૪૨
૧૯૫૮

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPT. 30, 1993/ASVINA 8,1915 [No. 39

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/૧૦૭૩૯/એજે/આઈડીઆર/૩૪૨૧/૯૨.- મદદનીશ મજૂર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભારત સીન્થેટીકસ, અમદાવાદ અને તેના કામદાર શ્રી કૃષ્ણા મોતીલાલ યાદવ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ-કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી

I-L- 645 (39-1)

INDEX

માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/ એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨ /૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા- કલમ (૧)ની સાથે પેટા-વિભાગ (૧)ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ ૨ની આઈટમ નંબર ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નંબર ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એમ.વી.જાડેજા, મદદનીશ મજુર કમિશનર,અમદાવાદ, આથી મજુર, સમાજ-કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ---------- ના જાહેરનામાં ક્રમાંક કેએચ/ એસએચ--------થી રચાયેલ કોર્ટ નં. ૧ ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કૃષ્ણા મોતીલાલ યાદવ ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૨.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

